આશાબૈન

શુદ્ધાદ્વૈત વેદાંત

PHILOSOPHICAL ASPECTS OF SHUDDHADVAIT-VEDANT

(ભાગ-૨)

મુંબઈ યુનિવર્સિટીના
વલ્લભ વેદાંત - સર્ટિફિકેટ કોર્સ આધારિત સંકલન



સંકલન અને આલેખન :- શ્રી જયેન્દ્ર સોની (શુદ્ધાદ્વૈત વિશારદ)

પ્રસ્તાવના :- પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી

આશાબેન . વસાણી

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

શુદ્ધાદ્વૈત વેદાંત

PHILOSOPHICAL ASPECTS OF SHUDDHADVAIT-VEDANT - II

ભાગ-૨

PHILOSOPHICAL ASPECTS OF
SHUDDHADVAIT-VEDANT PART II

© પ્રકાશક / મુદ્રક :
શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ,
'વ્રજવિહાર' વૈષ્ણવ હવેલી, આશાનગર,
કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧.
ટે. ૨૮૫૪૨૩૦૦

મુદ્રણ : વિજયા એકાદશી, ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૭
મૂલ્ય : રૂા.૨૦૦/-

પ્રાપ્તિ સ્થાન :
શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ,
'વ્રજવિહાર' વૈષ્ણવ હવેલી, આશાનગર, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧.
ટે. ૨૮૫૪૨૩૦૦

॥ શ્રી વલ્લભ ॥

॥ શ્રી દ્વારકેશોજયતિ ॥

આચાર્ય ચરણ દ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જ ભાસ્કરમ્ ।
નમસ્યામિ મન : કર્મ વાગ્ભિરન્તસ્તમોડપહામ્ ॥

'અંતઃકરણના અંધકારને દૂર કરનાર, ભક્તિથી
પ્રાપ્ત થતા ભગવજ્જ્ઞાનરૂપ કમલને ખીલવનાર
સૂર્યરૂપ,
શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં બે ચરણોને હું મન-કર્મ
અને વાણીથી નમસ્કાર કરું છું.'

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદભુત કર્મણે ।
રૂપનામવિભેદેન જગત ક્રીડતિ યા યતઃ ॥

જે રૂપ અને નામના ભેદ વડે ક્રીડા કરે છે, જે જગદ્રુપ છે, જેમથી (જગત છે), તે અદ્ભુત કર્મવાળા ભગવાન શ્રીકૃષ્ણને નમન હો.'

વાક્પતિ જગદ્ગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી જેમના દિવ્ય સિદ્ધાંત માનવજીવનના ઉત્કર્ષ માટે સર્વતોધિક ઉપયુક્ત છે, જેના દ્વારા મનુષ્ય આત્મકલ્યાણના માર્ગે પ્રશસ્ત થઈ પરમોચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે, તેમનાં યુગ્મ ચરણકમલોમાં સાદર સમર્પણ.

ઋણસ્વીકાર

આ પુસ્તકના સંકલનમાં નીચેના ગ્રંથ સાહિત્યમાંથી સંદર્ભ લેવામાં આવેલા હોઈ તેમના લેખકોનો આલેખક વિનમ્રભાવે આભાર વ્યક્ત કરે છે

સંદર્ભ ગ્રંથો

(૧)	Shrimad Vallabhacharya- His Philosophy and Religion	Prof. J.G.Shah
(૨)	સમર્પણનો સિદ્ધાંત	ડો. કૃષ્ણ જીવન ગાંધી
(૩)	શ્રાવણ સ્યામલે પક્ષે	ગો.શ્રી. દ્વારિકેશલાલજી મહારાજ સુરત - કામવન
(૪)	નિવેદન મંત્ર નિરૂપણ	લલ્લુભાઈ છગનલાલ દેસાઈ
(૫)	ષોડશ ગ્રંથ પરિચય	ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી
(૬)	ષોડશ ગ્રંથ	રમેશભાઈ પરીખ
(૭)	આશ્રય માસિક	
(૮)	વૈષ્ણવ સંપ્રદાય	મરાઠી પુસ્તક
(૯)	શ્રીમદ વલ્લભાચાર્ય	
(૧૦)	વ્યક્તિત્વ, સિદ્ધાંત ઔર સંદેશ	ડો. ગજાનન શર્મા

એવમ્ Class Lectures delivered by Dr.S.G.Nigal, Prof.Purnima Dave, of Mumbai University, Dr.Mariano Iturbe, Goswami Sharadbawa and Reverend Goswami Shri Shyam Manoharji Maharaj.

આશીર્વચન

શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રાયોજિત અને મુંબઈ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત, વલ્લભ વેદાંતના સર્ટિફિકેટ કોર્સમાં એક વરસ દરમિયાન જે ભણાવવામાં આવ્યું તેની કલાસનોટ્સ, તેમ જ નિર્ધારિત થયેલ કોર્સની વિષયસૂચિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહેલી પુસ્તિકા આવતા વરસમાં આ અભ્યાસક્રમમાં સામેલ થનાર અભ્યાસાર્થીઓને ઉપકારક થશે. એના પ્રકાશન માટે લેખક અને પ્રકાશક બન્નેને મારાં અભિનંદન!

જે કોર્સના અધ્યયન પછી ડિગ્રી મળતાં નોકરીમાં વધારે પગાર મળવાનો નથી કે નથી ધંધામાં વધારે કમાણી થવાની, તેવાં ડિગ્રીકોર્સમાં લોકો આટલી સારી સંખ્યામાં પોતાનાં નામો નોંધાવવા લાગ્યા! આ આજે ચાલી રહેલ ફેશનના પ્રદૂષિત વાયુથી નોખી ભાત પાડતા સ્વસ્થ વાયરા વાવાનાં એંધાણ છે. વિદ્યોપાર્જન ભૌતિક જીવનમાં ફક્ત સુખ-સમૃદ્ધિ પ્રદાન કરનારી કમાણી માટે જ નહીં બલ્કે સદ્વાણી, સદ્વિચાર અને શાશ્વત મૂલ્યોને જીવનમાં હાંસલ કરવા માટે પણ હોવું જોઈએ!

ઘણાં વર્ષોથી પુષ્ટિમાર્ગમાં ફક્ત નયનોને ગમતી ઝાંખીઓના ધંધાકીય મનોરથોથી બંધાણી વૈષ્ણવ જનતાને બનાવી રાખીને આપણે જોઈ લીધું કે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યને ગમે તેવા પુષ્ટિમાર્ગ પર નથી આપણે પોતે આગળ વધી શક્યા કે નથી સર્વસાધારણ જનતામાં પુષ્ટિમાર્ગ માટે સારી છાપ ઊભી કરી શક્યા. હવે સમયની માગણી છે કે એક વખત જનતાને મહાપ્રભુનાં ધર્મ અને દર્શનની સાચી સમજ જે રીતે આપી શકાતી હોય તે રીતે આપીને પોતે મહાપ્રભુને ગમે તેવી દિશા તરફ થોડાક પણ અગ્રસર થવાનો પ્રયાસ આપણે કરી જોઈએ.

ગોસ્વામી શ્યામ મનોહર

ગોસ્વામી શ્યામ મનોહર

૬૩, સ્વસ્તિક સોસાયટી, ૪થો રસ્તો,
જુહુસ્કીમ, પારલે, મુંબઈ-૪૦૦ ૦૫૬.

આમુખ

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો ઉપર આધારિત વિદ્વાનો અને નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલા વલ્લભવેદાંત અને વૈષ્ણવિઝમના સર્ટિફિકેટ તથા અનુસ્નાતક ડિપ્લોમા કોર્સ મુંબઈ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગ અંતર્ગત શરૂ થયા છે અને એમાં વૈષ્ણવસંપ્રદાય અને વિદ્યાર્થીવિશ્વનો ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો છે એથી મહાપ્રભુજીની અસીમ કૃપાની અમને અનુભૂતિ થાય છે.

કોલકતા અને ચેન્નાઈ યુનિવર્સિટીના સકારાત્મક પ્રતિસાદથી અમારો ઉત્સાહ વધ્યો છે અને હવે દેશની અન્ય યુનિવર્સિટીમાં આ અભ્યાસક્રમ તથા અનુસ્નાતક તેમ જ સંશોધન માટેના વિવિધ ઉપક્રમોની યોજના વિચારાધીન છે.

વૈષ્ણવસંપ્રદાય અને અન્યો આ શૈક્ષણિક અભ્યાસક્રમ દ્વારા શ્રીમદ્ મહાપ્રભુજીના સિદ્ધાંતો અને તત્ત્વદર્શનનું અધ્યયન કરી ધર્મ વિષે સમ્યક દૃષ્ટિ કેળવી શકશે એવી શ્રદ્ધા છે.

સમગ્ર ગોસ્વામી પરિવારો અને વિશેષતઃ પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજીના અમૂલ્ય માર્ગદર્શન અને દિશાસૂચન બદલ ઋણસ્વીકારની ભાવના વ્યક્ત કરતા અમે કૃતજ્ઞતાની લાગણી અનુભવીએ છીએ.

શ્રી જયેન્દ્ર સોની દ્વારા અગાઉ 'શુદ્ધાદ્વૈત વેદાંત' ભાગ-૧ સંકલિત કરવામાં આવેલો. તેના અનુસંધાનમાં સંકલિત આ પુસ્તક 'શુદ્ધાદ્વૈત વેદાંત ભાગ-૨' સર્વને ઉપયોગી થશે એવા વિશ્વાસ સહ-

અવિનાશ બી. પારેખ

પ્રમુખ ટ્રસ્ટી :

શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ

સ્થાપક :

વલ્લભવેદાંત એકેડમી અને રિસર્ચ સેન્ટર

યુનિવર્સિટી ઓફ મુંબઈ / સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પ્રસ્તાવના

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો પટ વિવિધરંગી છે. એમાં અનેક ધર્મપરંપરાઓના રંગ ભળેલા છે, તે પૈકી શ્રમણ પરંપરા અને વૈદિક પરંપરા એ બે મુખ્ય છે. ધર્મપરંપરાનાં આંતર (તત્ત્વજ્ઞાન) અને બાહ્ય (ધર્મ) એ બે પાસાં છે. જેટલું ભારતીય જીવન ભાતીગળ છે એટલું તેનું તત્ત્વજ્ઞાન પણ વૈવિધ્યપૂર્ણ છે. આપણી સંસ્કૃતિમાં ધર્મનો અર્થ ચોક્કસ પૂજાપદ્ધતિ નથી પણ જીવનશૈલી કે આચારસિદ્ધાંત છે. ધર્મ એ તાત્ત્વિક સિદ્ધાંતોની આધારશીલા પર રચાયેલો વૈયક્તિક તેમ જ સામૂહિક જીવનવ્યવહાર છે. તેથી ધર્મને સમજવા માટે તત્ત્વજ્ઞાનના પાયાના સિદ્ધાંતો સમજવા અત્યંત જરૂરી છે.

મુંબઈ વિદ્યાપીઠમાં જૈન અને બૌદ્ધ એ બે શ્રમણ પરંપરાનો અભ્યાસક્રમ ચાલતો હતો. શ્રીજીબાવાની કૃપા, ધર્માચાર્યોની પ્રેરણા અને વલ્લભવેદાંત એકેડમી અને રિસર્ચ સેન્ટરના પ્રણેતા શ્રી અવિનાશભાઈ પારેખ અને સહયોગીઓના ભગીરથ પ્રયાસથી વલ્લભવેદાંત અને વૈષ્ણવ પરંપરાનો અભ્યાસક્રમ ગત વર્ષથી શરૂ થયો. શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા પ્રસ્થાપિત વલ્લભવેદાંતનો વૈદિક પરંપરામાં સમાવેશ છે. ભારત દેશમાં દાર્શનિક આચાર્યોએ જ્ઞાનની ગંગા વહેતી મૂકી અને સંતોએ ભક્તિની ગંગા વહાવી હતી. આચાર્યો અને સંતોએ સમાજને ભક્તિ-ધર્મના તાંતણે બાંધી સુદૃઢ અને એકત્રિત રાખ્યો. પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા અસમર્થ અને સાધનહીન માટે પરમાનંદનો માર્ગ સુલભ કર્યો. વૈષ્ણવ પરંપરાએ ઉત્તમ સંતકવિઓની ભેટ સમાજના ચરણે ધરી. ભારતના ચારે ખૂણે આ સંતકવિઓએ જાતિ, વર્ણ, રંગ, લિંગ વગેરે ભેદભાવ મિટાવી લોકોને શ્રીકૃષ્ણની ભક્તિમાં નિમગ્ન કર્યા. બિનસાંપ્રદાયિકતાના અધૂરા ખ્યાલોમાં અને ભૌતિક પ્રલોભનોમાં અટવાયેલી આપણી ઊછરતી પેઢીને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની સમજ આપવી જરૂરી છે. તત્ત્વજ્ઞાન, ધર્મ, સાહિત્ય, સંગીત, કલા જેવાં વિવિધ પાસાંને આવરી લેતા આ વલ્લભવેદાંતના અભ્યાસક્રમ દ્વારા મુંબઈ વિદ્યાપીઠમાં જિજ્ઞાસુ વિદ્યાર્થી માટે તુલનાત્મક અભ્યાસ, આંતર્ધર્મ સંવાદ અને એ દિશામાં સંશોધન માટે એક સુંદર પ્લેટફોર્મ તૈયાર થયું છે. ગત વર્ષે પૂજ્યપાદ શ્યામ મનોહર ગોસ્વામીજીના વિદ્વત્પૂર્ણ વક્તવ્યનો

તથા પૂજ્યપાદ શરદ ગોસ્વામીજીના તલસ્પર્શી જ્ઞાનનો વિદ્યાર્થીઓને લાભ મળ્યો. વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈને જેમને D. Lit. ઉપાધિથી નવાજ્યા છે. એવા પૂજ્યપાદ ગોસ્વામીજી ગોકુળોત્સવ મહારાજના સામવેદ સંગીતે વિદ્યાર્થીઓને દિવ્યનાદનો આસ્વાદ કરાવ્યો.

આ અભ્યાસક્રમને મૂર્ત સ્વરૂપ આપવામાં જેમણે જહેમત ઉઠાવી એ **પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજી, પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શરદબાવા ગોસ્વામી,** ડો. શુભદા જોશી, પૂનાના વિદ્વાન ડો. તલઘટ્ટી, સ્પેનની નવેરા યુનિવર્સિટીના રિસર્ચ સ્કોલર પ્રો. મારીઆનો ઈતુર્બે, ડો. નિગળ અને પ્રો. પૂર્ણિમા દવેએ વિવિધ વિષયો પર વક્તવ્ય આપ્યાં તેને આ પુસ્તકના સંકલનકાર શ્રી જયેન્દ્રભાઈ સોનીના પ્રયત્નોથી પુસ્તકરૂપે પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ. મુંબઈ વિદ્યાપીઠના ઉપકુલપતિ, તત્ત્વજ્ઞાન વિભાગ અને તત્ત્વજ્ઞાન વિભાગનાં અધ્યક્ષા ડો. કંચના મહાદેવન તથા સહુના સહકારથી આ કાર્યક્રમે સફળતાપૂર્વક એક વર્ષ પૂરું કર્યું.અત્રે એ સહુનો આભાર.

ડો. એસ. જી. નિગળ
રિટાયર્ડ રીડર, અધ્યક્ષ,
તત્ત્વજ્ઞાન વિભાગ,
બી. એન. એન. કોલેજ, ભિવંડી,
અધ્યાપક, વલ્લભવેદાંત અને
વૈષ્ણવિઝમ કોર્સ યુનિવર્સિટી ઓફ મુંબઈ

પ્રો. પૂર્ણિમા મ. દવે
અધ્યક્ષ, તત્ત્વજ્ઞાન વિભાગ,
સાઠયે કોલેજ ઓફ આર્ટ્સ, સાયન્સ
એન્ડ કોમર્સ, વિલે પાર્લા (પૂર્વ)
સંયોજક, વલ્લભવેદાંત અને
વૈષ્ણવિઝમ કોર્સ યુનિવર્સિટી ઓફ મુંબઈ

પાક્ કથન

આચાર્યચરણ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીની પ્રેરણાથી પરમ મિત્ર શ્રી અવિનાશ પારેખના પ્રયત્નોથી તેમના શ્રીમતિ ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મુંબઈ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગ અંતર્ગત 'વલ્લભવેદાંત એકેડેમી અને રિસર્ચ સેન્ટર'ની સ્થાપના કરવામાં આવેલ છે. આ વિભાગ દ્વારા ગત વર્ષે 'વલ્લભવેદાંત અને વૈષ્ણવિઝમ'નો સર્ટિફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હતો અને આ વર્ષે તેનો ડિપ્લોમા કોર્સ શરૂ થયેલ છે.

સર્ટિફિકેટ કોર્સમાં સામેલ કરવામાં આવેલ અભ્યાસક્રમના વિષયનો વ્યવસ્થિત અભ્યાસ કરવામાં ઉપયોગી થઈ શકે તે હેતુથી જે તે વિષયોનાં પ્રાપ્ત પુસ્તકો તેમ જ ડિપાર્ટમેન્ટના પ્રાધ્યાપકોએ કરાવેલ અભ્યાસની નોટ્સના આધારે પ્રશ્નપત્ર-૧ને અનુરૂપ પુસ્તક 'શુદ્ધાદ્વૈત વેદાંત - ભાગ-૧' ગત વર્ષે તૈયાર કરવામાં આવેલું. તદ્નુસાર આ બીજું પુસ્તક 'શુદ્ધાદ્વૈત વેદાંત - ભાગ-૨' ઉપરોક્ત સર્ટિફિકેટ કોર્સના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર-૨ના વિષયોને આવરી લઈ તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તક પણ પ્રાધ્યાપકોની નોટ્સ એવમ્ સંબંધિત પુસ્તકોના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. જેથી 'વલ્લભવેદાંત'ના અભ્યાસાર્થીઓને અભ્યાસ કરવામાં સરળતા રહે. પૂ.પા.ગો.૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજ શ્રીએ આવશ્યક સુચનો તથા સુધારાવધારા કરી પુસ્તકને ઉપયુક્ત બનાવ્યું છે તે માટે આપશ્રી પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરું છું. મુંબઇ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ગણ- ડો. નીગલ, પ્રા. પૂર્ણિમાબહેન ઈત્યાદિના માર્ગદર્શનથી આ લેખન-સંકલનનું કાર્ય સંભવ બન્યું છે. પરિશિષ્ટમાં ઉલ્લેખ કરવામાં આવેલ પુસ્તકોના લેખકોનો દૈત્યભાવે ઋણસ્વીકાર કરું છું. પ્રમાણિત ગ્રંથોના આધારે સંકલન કરવા છતાં મારી મર્યાદાઓને કારણે ત્રૂટીઓ રહી જવા સંભવ છે, જે માટે વાચકવૃંદનો ક્ષમાપ્રાર્થી છું.

આશા રાખું છું કે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોનો તત્ત્વદર્શીય

દૃષ્ટિકોણ જાણવા ઇચ્છુક 'વલ્લભવેદાંત' અભ્યાસક્રમમાં જોડાનાર તેમ જ જિજ્ઞાસુ વૈષ્ણવોને આ પુસ્તકો ઉપયોગી નીવડશે.

આ લેખનકાર્યનું સામર્થ્ય આપનાર ગુરુદેવનાં ચરણકમળોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ સહ-

જયેન્દ્ર સોની

શુદ્ધાદ્વૈત વેદાંત - ભાગ-૨
(Philosophical Aspects of Vallabh Vedant and Vaishnavism)

વિષય સૂચિ

૧. પુષ્ટિમાર્ગીય ગ્રંથ સાહિત્ય (Literature in Pushtimarg)

વિહંગાવલોકન- વર્ગીકરણ- ગ્રંથનો પરિચય- તત્ત્વાર્થદીપ નિબંધ- અણુભાષ્ય- શ્રી સુબોધિની જૈમિની સૂત્રભાષ્ય- પત્રાવલંબન- ષોડશગ્રંથો- પ્રકીર્ણ ગ્રંથો- વર્ગીકરણનો વિશિષ્ટ પહેલુ પ્રમાણ ગ્રંથો.

૨. ષોડશ ગ્રંથોનો પરિચય (Introduction to Shodash Granth)

ભૂમિકા- ષોડશગ્રંથોની યાદી- ષોડશગ્રંથોની ક્રમ સંગતિ- ષોડશગ્રંથોમાં શ્રી વલ્લભાચાર્યજીના વિવિધ અંગોની ભાવના- ષોડશગ્રંથોમાંથી ઊપસતું પુષ્ટિભક્તિનું સ્વરૂપ.

૩. ષોડશ ગ્રંથમાંના કેટલાક ગ્રંથો (સંક્ષિપ્ત વિવરણ) (Synopsis of some Granths)

શ્રી યમુનાષ્ટક- બાલબોધ- પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ- કૃષ્ણાશ્રય

૪. સેવાનો સિદ્ધાંત (Notion of Seva)

વિચાર અને આચાર- શુદ્ધાદ્વૈત વિચાર- પુષ્ટિમાર્ગીય આચાર (ભગવદ્ સેવા)- સેવા એટલે શું?- સિદ્ધાંત મુક્તાવલી- સેવાનું કાર્યલક્ષણ- સેવાનું ફળ- પુષ્ટિમાર્ગીય વિચાર- સેવાના સિદ્ધાંતની સંક્ષિપ્ત સમજ- પૂજા અને સેવામાં ભેદ-સેવા અને પૂજામાં તફાવત.

106

૫. બ્રહ્મસંબંધ અને તેનું તાત્પર્ય (Brahm Sambandh and its implication)

ભૂમિકા- પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધનું તાત્પર્ય- પુષ્ટિમાર્ગીય દીક્ષા અને તેના પ્રકાર- બ્રહ્મસંબંધ મંત્રનું સંક્ષિપ્ત વિવરણ- બ્રહ્મસંબંધ અંગે વેદશાસ્ત્રનાં પ્રમાણો- બ્રહ્મસંબંધની વિશેષતાઓ- સિદ્ધાંત રહસ્ય ગ્રંથ- બ્રહ્મસંબંધ વિશે ટીકાકારોનું મંતવ્ય- બ્રહ્મસંબંધનો સંક્ષિપ્ત સાર.

139

૬. ચોર્યાશી વૈષ્ણવો (Eighty four Vaishanavas)

વાર્તાસાહિત્યનું મહત્ત્વ- વાર્તાસાહિત્યમાં સમાયેલું પુષ્ટિમાર્ગનું હાર્દ દામોદરદાસ હરસાનીજીના જીવન પ્રસંગો

૭. અષ્ટ છાપ (Ashta Chhap Poets) **સુરદાસજી**

૮. પુષ્ટિમાર્ગીય ઉત્સવો. (Festivals in Pustimarg) 187

ભૂમિકા- ઉત્સવના પ્રકાર- પુષ્ટિમાર્ગમાં મનાવાતા મુખ્ય ઉત્સવો- વિશિષ્ટ ઉત્સવો.

૯. પુષ્ટિમાર્ગીય કલા (Arts in pushtimarg)

ભૂમિકા- રાગ- ભોગ- શૃંગાર- અન્ય કલાઓ.

૧૦. વૈષ્ણવ સંપ્રદાય (Vaishnavism)

ભૂમિકા- વૈષ્ણવ સંપ્રદાયનો વિકાસ- વૈદિક સંહિતામાં વિષ્ણુનું વર્ણન- વૈષ્ણવ સંપ્રદાયના મુખ્યાધાર ગ્રંથ- વૈષ્ણવ સિદ્ધાંત- વૈષ્ણવિઝમની ઐતિહાસિક એવમ્ સાંસ્કૃતિ પૃષ્ઠભૂમિ

૧૧. ભારતના સંતો (Saints Of India)

ભૂમિકા- સંતોએ કયાં કામ કર્યાં છે?- હિન્દુ સમાજ- હિન્દુ ધર્મ માટે સંતોનું યોગદાન

૧૨. ગુજરાતમાં વૈષ્ણવવાદ (Vaishnavism in Gujarat)

ભૂમિકા- વૈષ્ણવ સંપ્રદાય- સંત કવિઓનું મહત્ત્વ- નરસિંહ મહેતા- મીરાંબાઈ- દયારામ- સ્વામીનારાયણ સંત કવિઓ.

૧૩. આસામમાં વૈષ્ણવવાદ - શંકર દેવ (Vaishnavism in Aasaam - Shankardev)

ભૂમિકા- શંકરદેવ- આસામમાં વૈષ્ણવિઝમના વિકાસમાં શંકરદેવનું પ્રદાન- મહાપુરુષિયા પંથ.

૧૪. બંગાળમાં વૈષ્ણવવાદ (Vaishnavism in Bengal)

શ્રીકૃષ્ણચૈતન્ય- ગૌડીય સંપ્રદાયના દાર્શનિક સિદ્ધાંત- શ્રીકૃષ્ણ ચૈતન્યના તત્ત્વદર્શનનાં મુખ્ય સૂત્ર.

૧૫. વૈષ્ણવિઝમની સામે આધુનિક પડકાર (Modern challanges before Vaishnavism)

ધર્મ અને રિલિજિયનનો મર્મ- માનવ- ધાર્મિક પ્રાણી- ધર્મ અને પૌરાણિક કથાઓ- પાપની સમસ્યા- સ્વસ્થ અને અસ્વસ્થ ધર્મનિરપેક્ષતા- વર્તમાન ભારતમાં પ્રવર્તતી સ્થિતિ- Allogory of Cavesનું ચિત્રણ.

૧

પુષ્ટિમાર્ગીય ગ્રંથ-સાહિત્ય

(Literature of Pushtimarg)

વિહંગાવલોકન

જે વ્યક્તિ સંવેદનશીલ હોય તે બીજાને ડૂબતો ન જોઈ શકે. અન્યને બચાવવા માટે સર્વપ્રથમ તેનો 'અભ્યાસ' કરવો પડે, તે પછી તે 'પ્રબોધન' (પ્રકર્ષેણ બોધ) કરે, અને ત્યાર પછી 'પરિવર્તન' કરે (one has to study, renaissance and then follows reformation). પ્રત્યેક આચાર્યે સમાજની શિક્ષા માટે આ ત્રણ તબક્કા અપનાવવા પડતા હોય છે. શ્રી વલ્લભાચાર્યજીએ પણ ભારતની પદયાત્રાઓ આના સંદર્ભમાં જ કરી હતી. પ્રબોધન અને પરિવર્તન તેમનું ધ્યેય હતું.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે- **'લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્કર્તુમર્હસિ'** લોકોના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે લોકોને એકઠા કરવાની અહીં ભગવાને વાત કરી છે, લોકોને સાચો રસ્તો બતાડવાની અહીં વાત છે (It is spiritual upliftment and betterment of the mankind, of the people at large). શ્રી વલ્લભાચાર્યજીની પદયાત્રાઓનો હેતુ હતો અભ્યાસ, શાસ્ત્રાર્થ, પ્રબોધન અને પરિવર્તન. (study, debate, enlightenment, and reformation). પદયાત્રા પાછળ તેમનો ઉદ્દેશ્ય આ હતો. પરિવર્તન- તે એક આસાન પ્રક્રિયા નથી. તેના પહેલાં અભ્યાસ અને પ્રબોધન આવશ્યક હોય છે. બાળ ગંગાધર તિલક પણ કહે છે- લોકસંગ્રહ આવશ્યક છે. આ કાર્ય આચાર્યે કરવું જ પડે તેવો તેમનો મત હતો. શ્રી વલ્લભાચાર્યે જોયું કે લોકો ભવસાગરમાં ડૂબી રહ્યા હતા. તેમાંથી તેમણે લોકોને બહાર કાઢવા, ઉગારવા ઉપાય કર્યા. સંતલોકો માતાની માફક ફરજ બજાવતાં હોય છે. તેઓ લોકોનું કલ્યાણ ઇચ્છે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ તેમના સમયની સ્થિતિનું વર્ણન પોતાના **'કૃષ્ણાશ્રય'** નામક લઘુ ગ્રંથમાં સુરેખ રીતે કર્યું છે. તેમના પ્રાગટ્યના અનેક ઉદ્દેશ્યોમાંનો એક દૈવીજીવોનો ઉદ્ધાર હતો. તે માટે તેમણે શાસ્ત્રોનું દોહન કરી **'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'**નો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો અને તદંતર્ગત્ પ્રભુપ્રાપ્તિના સરળતમ

માર્ગ તરીકે 'પુષ્ટિમાર્ગ'ની સંસ્થાપના કરી સંસારમાં ભટકી રહેલા જીવોને સાચો રાહ બતાવ્યો. પોતાના વિચારો- સિદ્ધાંતોની અભિવ્યક્તિ માટે તેમણે કેટલાક સાહિત્યની રચના કરી, જેના ઉપર વિશેષ પ્રકાશ પાડવા તેમના અનુગામી આચાર્યો- શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી હરિરાયજી, શ્રી પુરુષોત્તમજી ઈત્યાદિ મહાનુભાવોએ ટીકાઓ અને લઘુગ્રંથો લખ્યા છે.

શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી ભાગવત ઉપર **'સુબોધિની'** નામની ટીકાની રચના કરી છે. તેના પ્રારંભમાં તેમણે પોતાનો પરિચય આપ્યો છે. અન્ય ગ્રંથોમાં તેમણે પોતાનો પરિચય ક્યારેક કેવળ **'વલ્લભ'** શબ્દથી આપ્યો છે તો ક્યારેક **'શ્રી હરિના વ્હાલા' (વલ્લભઃ શ્રી હરેઃ)** એ રીતે આપ્યો છે, તો ક્યાંક **'કૃષ્ણદાસ'** તરીકે આપ્યો છે; પરંતુ 'સુબોધિની'માં તેમણે પોતાનો પરિચય પોતાના મૂળ સ્વરૂપને ધ્યાનમાં રાખીને આપ્યો છે. ત્યાં તેઓ બતાવે છે કે તેઓ **'વૈશ્વાનર'** સ્વરૂપ છે. વૈશ્વાનર એટલે **'અલૌકિક અગ્નિ.'**

જેમ દરેક વસ્તુનાં આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એમ ત્રણ સ્વરૂપો છે, તેમ અગ્નિનાં પણ ત્રણ સ્વરૂપો છે. લાકડાં, કોલસા વગેરેમાંથી સળગાવવામાં આવતો અગ્નિ એ તેનું આધિભૌતિક સ્વરૂપ છે, અગ્નિનું માહાત્મ્ય સ્વરૂપ એ આધ્યાત્મિક સ્વરૂપ છે, જ્યારે અગ્નિનું અલૌકિક સાક્ષાત સ્વરૂપ એ આધિદૈવિક સ્વરૂપ છે. વેદોએ બતાવ્યું છે કે ભગવાનના મુખારવિંદમાં અગ્નિનું આધિદૈવિક સ્વરૂપ રહેલ છે. તેથી અગ્નિ ભગવાનના મુખારવિંદરૂપ છે. આથી યજ્ઞ કરનારાઓ અગ્નિમાં આહુતિ આપે છે; જેથી તે આહુતિ ભગવન્મુખારવિંદને પ્રાપ્ત થાય. આમ, 'અલૌકિક અગ્નિ' ભગવાનના મુખારવિંદરૂપ છે.

શ્રી વલ્લભાચાર્યજી વૈશ્વાનર હોવાથી તેઓ ભગવન્ મુખારવિંદસ્વરૂપ છે. ભગવન્ મુખારવિંદમાંથી વાણીનું પ્રાકટ્ય થયેલું છે, તેથી તેઓ ભગવન્-મુખારવિંદ, વાણીના સ્વામી તરીકે ઓળખાય છે. ભગવન્ મુખારવિંદ સ્વરૂપ શ્રી વલ્લભાચાર્યજી **'વાક્પતિ'** અર્થાત્ વાણીના પતિ છે. આથી 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં વિઠ્ઠલનાથજીએ શ્રી વલ્લભાચાર્યજીનું એક નામ **'શ્રીકૃષ્ણાસ્ય'** (કૃષ્ણનું મુખાર્વિંદ) કહ્યું છે, જ્યારે બીજું નામ છે **'વાક્પતિઃ'** કહ્યું છે.

જેમ વેદ ભગવાનના મુખારવિંદમાંથી પ્રકટ થયા છે માટે તે અલૌકિક

'શબ્દસ્વરૂપ' છે, તેમ શ્રી વલ્લભાચાર્યજીએ રચેલા ગ્રંથો પણ તેમના મુખારવિંદની વાણી હોઈ તેમના રચેલા ગ્રંથો પણ 'વેદ' સમાન ગણાય છે.

આજે શ્રી વલ્લભાચાર્યજી પ્રત્યક્ષ સ્વરૂપે ભૂતલ પર બિરાજતા નથી, પરંતુ વિવિધ પરોક્ષ સ્વરૂપોથી તેઓ વિદ્યમાન છે. શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથો એ તેમનું પરોક્ષ સ્વરૂપ છે, કારણ કે તેઓ જેમ 'તત્ત્વાર્થદીપનિબંધ' ગ્રંથના મંગલાચરણમાં બતાવે છે કે જગતમાં પ્રભુ પોતાનાં વિવિધ નામ-રૂપથી ક્રીડા કરે છે; આધિભૌતિક જગતના બધા પદાર્થોમાં પ્રભુનાં નામ અને રૂપ જેમ વિદ્યમાન છે, તેમ શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથોમાં તેઓ જ વિદ્યમાન છે.

'સુબોધિની'માં એક સ્થળે શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જ્યારે ભગવાન સાક્ષાત બિરાજતા હોય છે ત્યારે તેઓ પોતાના સ્વરૂપથી જીવોનો ઉદ્ધાર કરે છે, પરંતુ જ્યારે તેઓ સાક્ષાત બિરાજતા હોતા નથી ત્યારે તેમના નામથી જીવોનો ઉદ્ધાર થાય છે. તે જ રીતે વલ્લભાચાર્યજી આજે પ્રત્યક્ષ સ્વરૂપે બિરાજતા નથી ત્યારે જીવોનો ઉદ્ધાર તેમના ગ્રંથો દ્વારા જ થઈ શકે છે.

શ્રી હરિરાય મહાપ્રભુએ સમજાવ્યું છે કે શ્રી વલ્લભાચાર્યજીની વાણી તેમની જેમ જ સ્વરૂપાત્મક છે. તેઓ પણ અલૌકિક રસઘન આનંદસ્વરૂપ છે. જેમ ભગવાનની કૃપાશક્તિ શ્રી યમુનાજી અલૌકિક રસસ્વરૂપ છે, તેમ શ્રી વલ્લભાચાર્યના મુખારવિંદમાંથી પ્રકટ થયેલી અલૌકિક વાણી પણ દ્રવીભૂત અલૌકિક રસસ્વરૂપ છે. જેમ શક્તિ અને શક્તિમાન એક જ છે, તેમ તેઓ અને તેમની વાણી પણ એકરૂપ છે. તેથી શ્રી વલ્લભાચાર્યજીની વાણીના પઠનથી જીવનો ઉદ્ધાર થઇ શકે છે.

આનંદસ્વરૂપ શ્રી વલ્લભાચાર્યજીના અલૌકિક આનંદને પ્રાપ્ત કરવાનો આપણી પાસે એક જ માર્ગ છે, અને તે છે તેમના મૂળ ગ્રંથોનો પાઠ કરવો, તે ગ્રંથોનો સત્સંગ અને સ્વાધ્યાય કરવો, તે ગ્રંથોનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું. તે ગ્રંથોને શક્તિ પ્રમાણે અનુસરવા તત્પર રહેવું જોઈએ.

શ્રી વલ્લભાચાર્યજીએ ૧૪ વર્ષની વયથી ગ્રંથલેખનનો પ્રારંભ કર્યો હોય એમ સમજાય છે. તેઓ જ્યારે પ્રથમ ભારતયાત્રા કરતાં વ્રજમાં ગોકુળમાં પધાર્યા ત્યારે સંવત ૧૫૪૯ના શ્રાવણ સુદ ત્રીજને દિવસે શ્રી યમુનાજીના કિનારે શ્રી યમુનાજીનાં સાક્ષાત દર્શન કરી, તેમણે સૌ પ્રથમ 'શ્રી યમુનાષ્ટક'

ગાઈ શ્રી યમુનાજીની સ્તુતિ કરી હતી. શ્રી વલ્લભાચાર્યજીએ રચેલો આ તેમનો પ્રથમ ગ્રંથ છે. 'શ્રી યમુનાષ્ટક' દ્વારા તેમણે ગ્રંથલેખનનું મંગલાચરણ કર્યું છે.

શ્રી વલ્લભાચાર્યએ વિવિધ હેતુઓથી વિવિધ ગ્રંથોની રચના કરી હોય એમ સમજાય છે. તેમના પ્રાકટ્યના જે હેતુઓ હતા તે જ હેતુઓ ગ્રંથરચના માટેના પણ જણાય છે. શ્રી વલ્લભાચાર્યજી માયાવાદનું ખંડન કરી, 'સાકાર બ્રહ્મવાદ' એવા 'શુદ્ધાદ્વૈત' સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા પ્રકટ થયા હતા. તેમની પૂર્વે પ્રકટ થયેલા આચાર્યો દ્વારા વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર વગેરેનું યથાર્થ નિરૂપણ થયેલ નહતું. એ કાર્ય શ્રી વલ્લભાચાર્યજીએ કર્યું હતું. તેમણે સર્વ પ્રમાણોમાં 'શબ્દપ્રમાણ'ને મુખ્ય ગણ્યું. અને વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવતને ચાર મુખ્ય શબ્દપ્રમાણો તરીકે સ્વીકાર્યાં અને કહ્યું કે આ ચારેય પ્રમાણોમાં જે કંઈ કહેવાયું છે તે બધું જ સત્ય છે. તેમાં જે કંઈ વિરોધાભાસ જણાય છે તે ખરેખર વિરોધ નથી, તે પણ સત્ય છે. બ્રહ્મ સાકાર પણ છે અને નિરાકાર પણ છે, તે સગુણ પણ છે અને નિર્ગુણ પણ છે. આવા જે જે વિરોધાભાસો હતા તે વિરોધાભાસ નથી પણ સત્ય છે એવું પ્રતિપાદન શ્રી વલ્લભાચાર્યજીએ કર્યું છે. તેઓએ એમ પણ કહ્યું કે આ ચાર પ્રમાણોમાં જે કંઈ સિદ્ધાંતો રજૂ થયા છે એ સિદ્ધાંતો સાથે સંમતિ સાધનારાં અન્ય પુરાણો પણ તે તે બાબતમાં પ્રમાણરૂપ છે. આમ, શ્રી વલ્લભાચાર્યજીએ આપ્ત વાક્યને મુખ્ય પ્રમાણ તરીકે સ્વીકાર્યાં છે. તેમણે માયાવાદનું ખંડન કરી, 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું સ્થાપન કરવા માટે વિવિધ ગ્રંથોની રચના કરી છે.

શ્રી વલ્લભાચાર્યજીના પ્રાકટ્યનો એક બીજો હેતુ દૈવી જીવોનો ઉદ્ધાર કરી, તેમને ભગવદ્પ્રાપ્તિ કરાવવાનો હતો. તેમના શરણે આવેલા અનેક જીવોને શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે જીવન જીવતા કરવાનો આપે આદેશ અને ઉપદેશ આપ્યો. તેમણે તે જીવોને પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ બતાવ્યો. આ માર્ગને તેમણે 'પુષ્ટિમાર્ગ'નું નામ આપ્યું. આ માર્ગે ચાલતાં ચાલતાં અનેક ભક્તોને ક્યાંક મૂંઝવણ આવતી, કેટલાક પ્રશ્ન ઉદ્ભવતા. તેઓ પોતાની એ મૂંઝવણો અને પ્રશ્નો શ્રી વલ્લભાચાર્યજી સમક્ષ રજૂ કરતા. અને તેના જવાબમાં તેઓ વિશિષ્ટ ગ્રંથરચના કરી તેમને સમજાવતા. આ ઉપરાંત ભક્તિના માર્ગે ચાલનારા ભક્તોને જીવન જીવવાની યોગ્ય પ્રેરણા મળે તે હેતુથી પણ તેમણે

કેટલાક ગ્રંથની રચના કરી. આમ, શુદ્ધાદ્વૈત દર્શન અને પુષ્ટિ ભક્તિમાર્ગના સિદ્ધાંતોને સારી રીતે સમજાવવા માટે શ્રી વલ્લભાચાર્યજીએ અનેક ગ્રંથોની રચના કરેલી છે.

શ્રી વલ્લભાચાર્યજીના સમયમાં પુસ્તકોના છાપકામની શોધ થયેલી ન હતી. કાગળ ઉપર હાથે લખવાની પદ્ધતિ જ અમલમાં હતી. તેથી ગ્રંથલેખનનું કાર્ય ઘણું મુશ્કેલ હતું. તેમણે પોતાની બાવન વર્ષની વયમાંથી લગભગ ત્રીજા ભાગનો સમય ભારતયાત્રામાં વ્યતીત કર્યો હતો. ૧૮ વર્ષ સુધી તેમણે ભારતયાત્રા કરી. ૧૦ વર્ષની વયથી ભારતયાત્રાની શરૂઆત કરી હતી. તે સમયમાં પ્રવાસ પણ સરળ ન હતો. અનેક મુશ્કેલીઓ ભરેલો પ્રવાસ મનુષ્યને થકવી નાખે એવો બનતો. આવી પરિસ્થિતિમાં પણ તેમણે ગ્રંથલેખનનું કાર્ય ઘણું ઝડપથી કરેલું જણાય છે.

શ્રી વલ્લભાચાર્યજીએ શરૂઆતમાં પોતાના હાથે ગ્રંથ લખ્યા છે. પાછળથી માધવ ભટ્ટ કાશ્મીરી નામના એક વિદ્વાન તેમના સેવક બન્યા. માધવ ભટ્ટ કાશ્મીરીમાં શીઘ્રલેખનની પ્રભુદત્ત શક્તિ હતી. એમ કહેવાય છે કે તેઓ ચાલતાં ચાલતાં પણ લખી શકતા. માધવ ભટ્ટે શ્રી વલ્લભાચાર્યજીના મુખથી બોલાતા ગ્રંથને લિપિબદ્ધ કરવાની સેવા સ્વીકારી હતી, પરંતુ શ્રી વલ્લભાચાર્યજી ભૂતલ પર બિરાજતા હતા ત્યારે જ તેમનો ગોલોકવાસ થયો, એટલે ફરી પાછું ગ્રંથલેખનનું કાર્ય તેમને જાતે જ કરવાનું થયું.

શ્રી વલ્લભાચાર્યજી પોતાના ગ્રંથોમાં જણાવે છે તે પ્રમાણે ભૂતલ પરથી નિત્ય-લીલામાં પાછા પધારવા માટે તેમને ત્રણ-ત્રણ વખત ભગવદ્આજ્ઞા થઈ હતી, પરંતુ ગ્રંથલેખનનું કાર્ય અધૂરું હોઈ, પહેલી બે ભગવદ્આજ્ઞાઓનો તેમણે સ્વીકાર ન કર્યો. જ્યારે ત્રીજી ભગવદ્આજ્ઞા થઈ ત્યારે તેમણે તે આજ્ઞા સ્વીકારી, જેના પરિણામે આપશ્રીના ગ્રંથો અધૂરા રહી ગયા હોય તેમ જણાય છે; જેમ કે 'સુબોધિની.' શ્રી ભાગવતના પ્રથમ ત્રણ સ્કંધ પછી ૧૦મા સ્કંધ પર અને ૧૧મા સ્કંધના થોડાક અધ્યાય પર 'સુબોધિની'ની ટીકા આજે પ્રાપ્ત છે. એવું અનુમાન કરવામાં આવે છે કે પ્રથમ ત્રણ સ્કંધ પર 'સુબોધિની'ની લેખનનું કાર્ય પૂરું થયું ત્યારે નિત્યલીલામાં પધારવાની ભગવદ્આજ્ઞા થતાં તેમણે બાકીના સ્કંધ પરનાં સુબોધિની લખવાનું છોડી દઈ, દશમ સ્કંધનાં સુબોધિની

લખવાનો પ્રારંભ કર્યો હતો.

શ્રી મહાપ્રભુજીના પૌત્ર અને શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજીએ તેમના ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીના ચરિત્રનું વિગતવાર નિરૂપણ કર્યું છે. જેમાં તેઓ બતાવે છે કે શ્રી વલ્લભાચાર્યજીના સેવકો ૮૪ છે, તેમની બેઠકોની સંખ્યા ૮૪ની છે. તેવી જ રીતે તેમના ગ્રંથોની સંખ્યા પણ ૮૪ની છે. જોકે આજે શ્રી વલ્લભાચાર્યજીનું જે સાહિત્ય ઉપલબ્ધ છે તે ૮૪ કરતાં ઘણું જ ઓછું છે. એ માટે એમ કહેવાય છે કે શ્રી ગોપીનાથજી, કે જેઓ શ્રી વલ્લભાચાર્યજીના જ્યેષ્ઠ પુત્ર હતા અને તેમના પછી પુષ્ટિમાર્ગના આચાર્યપદે બિરાજ્યા, તેમના નિત્યલીલા પ્રવેશ પછી તેમના નાના ભાઈ શ્રી ગુસાંઈજી શ્રી વિઠ્ઠલનાથજીએ સંપ્રદાયની જવાબદારી સંભાળી લીધી. કારણ કે શ્રી ગોપીનાથજીના પુત્ર શ્રી પુરુષોત્તમજી તે સમયે નાની વયના હતા. શ્રી પુરુષોત્તમજીએ નાની વયમાં જ લીલા કરી હોવાથી શ્રી ગુસાંઈજી પુષ્ટિમાર્ગના આચાર્યપદે બિરાજ્યા. આ વખતે શ્રી ગોપીનાથજીનાં વહુજી પોતાની પાસે જે કંઈ સાહિત્ય હતું તે લઈને દક્ષિણ ભારતમાં તેમના પિયર ચાલ્યાં ગયાં હતાં. આથી શ્રી ગુસાંઈજીને શ્રી વલ્લભાચાર્યજીનું સાહિત્ય અન્ય વૈષ્ણવો પાસેથી પણ મેળવવું પડ્યું હતું. આના પરિણામે શ્રી વલ્લભાચાર્યજી રચિત ઘણું સાહિત્ય આજે લુપ્ત છે. કેટલાક ગ્રંથો અધૂરા પણ છે; જેમ કે 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ'. કેટલાક ગ્રંથોના ઉલ્લેખ મળે છે, જ્યારે તે ગ્રંથો આજે મળતા નથી.

શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથ-સાહિત્યને બે વિભાગમાં વહેંચી શકાય. (૧) સ્વતંત્ર ગ્રંથો (૨) ભાષ્ય-ટીકા ગ્રંથો. તેમણે કેટલાક વિષયો પર સ્વતંત્ર ગ્રંથો રચ્યા છે. ષોડશ ગ્રંથો તેમણે રચેલા સ્વતંત્ર ગ્રંથો છે, તો કેટલાક ગ્રંથો પર તેમણે ભાષ્ય અથવા ટીકાઓ પણ રચી છે; જેમ કે બ્રહ્મસૂત્રો પર ભાષ્ય રૂપે 'અણુભાષ્ય'ની રચના કરી છે. શ્રી વલ્લભાચાર્યજી સ્પષ્ટ રીતે કહે છે કે 'મેં કોઈ નવો સિદ્ધાંત રજૂ કર્યો નથી. મારો કોઈ વિચાર મૌલિક નથી. વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવતમાં જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે જ મને સ્વીકાર્ય છે, અને તે જ હું સમજાવું છું.' આમ, શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું દર્શન અને પુષ્ટિભક્તિમાર્ગ શ્રી મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના મૌલિક વિચારો નથી, પરંતુ

વેદ આદિ શાસ્ત્રોએ બતાવેલા સિદ્ધાંતો જ છે.

'શ્રી સર્વોત્તમ સ્તોત્ર'માં શ્રી વલ્લભાચાર્યજીનું એક નામ છે **'ભક્ત્યાચારોપદેશાર્થ નાનાવાક્યનિરૂપક'** તેમણે ભક્તિમાર્ગ સમજાવવા માટે જ વિવિધ અધિકારીઓને ધ્યાનમાં રાખીને વિવિધ ગ્રંથોની રચના કરી છે. તેમના દ્વારા રચિત સાહિત્યની રૂપરેખા નીચે પ્રમાણે છે.

શ્રી વલ્લભાચાર્યજીના સાહિત્યનું વર્ગીકરણ


શ્રી વલ્લભાચાર્યજી વિરચિત સાહિત્ય
નિબંધ
ભાષ્ય
ભાગવત વ્યાખ્યા
પ્રકરણ
પ્રકીર્ણ
શાસ્ત્રાર્થ પ્રકરણ
સર્વનિર્ણય પ્રકરણ
ભાગવતાર્થ પ્રકરણ
પૂર્વમીમાંસા જૈમિની સૂત્રો ઉપર ભાષ્ય
બ્રહ્મસૂત્ર ઉપર અણુ ભાષ્ય
ગાયત્રી ભાષ્ય
સૂક્ષ્મટીકા
સુબોધિની
યમુનાષ્ટકથી સેવાફળ સુધીના ષોડશ ગ્રંથ
ભગવન્નામાત્મક
ભગવદ્ભજનાત્મક
વાદાત્મક
ઉપદેશાત્મક
પુરુષોત્તમસહસ્ત્ર નામ આદિ
મધુરાષ્ટક આદિ
પત્રાવલંબન આદિ
શિક્ષાશ્લોકી આદિ

આ વિશાળ સાહિત્યના નિર્માણથી એક વાત સ્પષ્ટ થાય છે કે તેનું નિર્માણ પુનરુક્તિના રૂપમાં નથી કરવામાં આવ્યું. અલબત્ત, તેમાં શૈલીગત

તફાવત અને વિવેચ્ય વસ્તુનો તફાવત તો રહે જ; પરંતુ તે બધું એક વ્યાપક સિદ્ધાંતના ચોકઠામાં મઢાયેલું છે.

શ્રી વલ્લભાચાર્યજીના દાર્શનિક સિદ્ધાંતોનો પાયો 'સાકાર બ્રહ્મવાદ' છે. 'બ્રહ્મવાદ' શબ્દથી શ્રી વલ્લભાચાર્યજી એ બતાવે છે કે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પ્રક્રિયાની વ્યાખ્યા કેવળ બ્રહ્મના આધારે જ કરવી જોઈએ. પ્રકૃતિ, પરમાણુ, માયા અદૃષ્ટ, કર્મવાસના, અભાવ, કાલ, કર્મ, સ્વભાવ જેવા બ્રહ્મથી અલગ કોઈપણ રૂપને વચમાં લાવવું જોઈએ નહીં. તેમના વ્યાપક બ્રહ્મવાદી દૃષ્ટિકોણમાં આ બધાં જ તત્ત્વો બ્રહ્મનાં જ ભિન્ન ભિન્ન રૂપો છે. બ્રહ્મ આ સર્વ પદાર્થરૂપ છે અને છતાં બધાથી વિલક્ષણ પણ છે. બ્રહ્મવાદની સાથે સાકાર વિશેષણ લગાવી, શ્રી મહાપ્રભુજી બ્રહ્મના કૃષ્ણ સ્વરૂપની ઘોષણા કરે છે. વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્રમાં પ્રતિપાદિત બ્રહ્મ અને ગીતા તથા ભાગવતમાં પ્રતિપાદિત શ્રીકૃષ્ણ બે અલગ તત્ત્વ નથી, એક તત્ત્વ છે. આ સાકાર બ્રહ્મવાદનો પાયાનો સિદ્ધાંત છે.

આ સાકાર બ્રહ્મવાદ પ્રમાણે બ્રહ્મને જાણવું, બ્રહ્મને શ્રીકૃષ્ણના મધુર સ્વરૂપે ઓળખવા તે ભગવાનના માહાત્મ્યજ્ઞાનની પ્રાપ્તિનું કાર્ય છે. બ્રહ્મસ્વરૂપ શ્રીકૃષ્ણ પ્રત્યે હૃદયમાં રહેલ સુદૃઢ સર્વતોધિક સ્નેહના બીજને માહાત્મ્યજ્ઞાનરૂપી જલસિંચન કરવા માટે સાકાર બ્રહ્મવાદી દર્શનનું પ્રયોજન છે. બ્રહ્મના માહાત્મ્યને જાણીને જે સ્તબ્ધ બની જાય છે તે જ્ઞાની છે. બ્રહ્મના માહાત્મ્યને જાણીને શ્રીકૃષ્ણના મધુર સ્વરૂપમાં જેમનું મન લાગી જાય છે તે 'ભક્ત' છે. શ્રી વલ્લભાચાર્યજીનું આવું સાકાર બ્રહ્મવાદી દર્શન જીવોના ઉદ્ધાર માટે એક નાનકડી પગદંડી બતાવતું નથી, પરંતુ રાજમાર્ગ બતાવે છે. શ્રી વલ્લભાચાર્યજીના મતે સાંખ્ય અને યોગ દ્વારા મોક્ષ મળી શકે છે. શિવ કે વિષ્ણુની શરણાગતિ અથવા ભક્તિથી મોક્ષ મળી શકે છે. શાસ્ત્રમાં બતાવેલ કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, કે ભક્તિમાર્ગથી પણ મોક્ષ મળી શકે છે. તેઓ શાસ્ત્રે બતાવેલ કોઈપણ માર્ગ કે સિદ્ધાંતને અમાન્ય કરતા નથી, પરંતુ સાથે પુષ્ટિજીવોને માટે શ્રીકૃષ્ણની શરણાગતિ અને ભક્તિની જરૂરિયાતનું પ્રતિપાદન કરે છે. જેઓ શ્રીકૃષ્ણની માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહવાળી ભક્તિ કરવામાં સમર્થ નથી તેમને માટે તેઓ વિવેક, ધૈર્ય અને આશ્રયવાળી શ્રીકૃષ્ણની શરણાગતિનો

ઉપદેશ આપે છે. આ સર્વ ઉપદેશ અને આદેશ ઉપર બતાવેલા વલ્લભાચાર્યજીના સાહિત્યનો પાયો છે.

'તત્ત્વાર્થદીપનિબંધ'ના પ્રારંભમાં શ્રી વલ્લભાચાર્યજી પોતાના બીજા અનેક ગ્રંથોને પ્રકટ કરવાનો ઉલ્લેખ કરે છે. એવું બીજા કોઈ પણ ગ્રંથમાં બતાવવામાં આવ્યું નથી. કેટલાક વિદ્વાનો માને છે કે આ નિબંધમાં બતાવેલ સિદ્ધાંતો અને સાધના મર્યાદામાર્ગીય છે, જ્યારે ષોડશ ગ્રંથોમાં બતાવેલ સિદ્ધાંતો અને સાધના પુષ્ટિમાર્ગીય છે.

શ્રી વલ્લભાચાર્યજીના અનુગામી આચાર્ય શ્રી યોગીગોપેશ્વરજી 'અણુભાષ્ય પ્રકાશ રશ્મિ' નામના પોતાના ટીકા ગ્રંથમાં રજૂ કરેલાં વચનથી ઉપરની ધારણાઓને પોષણ મળે છે. શ્રી વલ્લભાચાર્યજીના સાહિત્યને નીચે પ્રમાણે ચાર વર્ગોમાં વિભાજિત કરે છે. (૧) આધિભૌતિક ગ્રંથ- અણુભાષ્ય, (૨) આધ્યાત્મિક ગ્રંથ- તત્ત્વાર્થદીપનિબંધ, (૩) આધિદૈવિક ગ્રંથ- સુબોધિની, (૪) નિર્ગુણ ગ્રંથ- ષોડશ ગ્રંથ.

શ્રી વલ્લભાચાર્ય રચિત ગ્રંથોનું વર્ગીકરણ નીચે મુજબ કરી શકાય-

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય રચિત સાહિત્ય

- (૧) તત્ત્વાર્થદીપ નિબંધ
- (૨) ભાષ્ય
- (૩) ભાગવત વ્યાખ્યા
- (૪) પ્રકરણ ગ્રંથ
- (૫) પ્રકીર્ણ ગ્રંથ

(૧) તત્ત્વાર્થદીપનિબંધ

- શાસ્ત્રાર્થ પ્રકરણ
- સર્વનિર્ણય પ્રકરણ
- ભાગવતર્થ પ્રકરણ

(૨) ભાષ્ય

- પૂર્વ મીમાંસાભાષ્ય
  - (ક) કારિકાત્મક અને
  - (ખ) ગદ્યાત્મક
- બ્રહ્મસૂત્ર ભાષ્ય
  - (ક) કારિકાત્મક અને
  - (ખ) ગદ્યાત્મક
- ગાયત્રી ભાષ્ય

(૩) ભાગવત વ્યાખ્યા

- સૂક્ષ્મ ટીકા
- સુબોધિની

(૪) પ્રકરણ ગ્રંથ

- ષોડશ ગ્રંથ યમુનાષ્ટકાદિ
- શિક્ષાશ્લોકી તથા પંચશ્લોકી

(૫) પ્રકીર્ણ

- ભક્ત્યંગ
  - (ક) નામપાઠાર્થ
  - (ખ) રૂપવર્ણનાર્થ સ્તુત્યર્થ
  - (ગ) લીલાચિંતનાર્થ
- વાદાંગ
  - પત્રાવલંબન

(ક) પુરુષોત્તમ સહસ્રનામ ત્રિવિધનામાવલિ તથા કૃષ્ણપ્રેમામૃત,

(ખ) પરિવૃઢાષ્ટક, મધુરાષ્ટક, નંદકુમારાષ્ટક, ગિરિરાજધાર્યષ્ટક શ્રી કૃષ્ણાષ્ટક શ્રી ગોપીજનવલ્લભાષ્ટક આદિ

(ગ) દશમસ્કંધાનુક્રમણિકા

શ્રી ગુસાંઈજીએ શ્રી વલ્લભાચાર્યજી માટે સર્વોત્તમ સ્તોત્રમાં 'સાકાર બ્રહ્મવાદૈક સ્થાપકઃ' એવું નામ આપ્યું છે. તેનાં આધારે સ્પષ્ટ રીતે કહી શકાય કે શ્રી વલ્લભાચાર્યજીનો 'સાકાર બ્રહ્મવાદ'નો મત સ્વીકાર્ય છે. 'શુદ્ધાદ્વૈતવાદ' શબ્દનો પ્રયોગ તેમણે પોતે સ્પષ્ટ રીતે કર્યાનો ઉલ્લેખ તેમના ગ્રંથોમાંથી મળતો નથી. 'સાકાર બ્રહ્મવાદ' શબ્દમાં 'સાકાર' વિશેષણ અપ્રાકૃત દિવ્ય આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન છે એ અર્થમાં વપરાયેલું છે. તેમાં વપરાયેલ 'બ્રહ્મ' શબ્દ વિશેષ્ય છે, જેનો અભિપ્રાય એમ છે કે જગતનું અભિન્ન નિમિત્ત અને ઉપાદાન કારણ આત્મરમણશીલ કેવળ બ્રહ્મ જ છે. આ સાકાર બ્રહ્મવાદને કારણે શ્રી વલ્લભાચાર્યજીએ કૃષ્ણભક્તિ ઉપર સર્વથી અધિક ભાર મૂક્યો છે. આ સાકાર બ્રહ્મવાદ ઉપર કૃષ્ણભક્તિ અવલંબિત હોવાને કારણે જ તેમના મતમાં પુષ્ટિભક્તિમાં ક્યારેક માહાત્મ્યજ્ઞાન અનિવાર્ય છે તો ક્યારેક તે અનિવાર્ય નથી. નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં તેમણે આ બાબતનું સ્પષ્ટીકરણ આપ્યું છે કે ભક્તિના બે અંશ છે. પ્રથમ અંશ માહાત્મ્ય જ્ઞાન છે, બીજો અંશ સુદૃઢ સર્વતોધિક સ્નેહ છે. જ્યારે આપણે જે દેવને આપણા આત્માના રૂપે જાણવા કે માનવા લાગીએ ત્યારે તેમનામાં ભાવ ઉત્પન્ન થાય છે. આમાં અધિકારભેદથી માર્ગભેદ અને ફળભેદ જુદાં જુદાં શાસ્ત્રોમાં જોવા મળે છે. પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના આચાર્યસ્વરૂપે શ્રી વલ્લભાચાર્યજીએ બીજા માર્ગોનાં અનુષ્ઠાનોનો ઉપદેશ આપીને પોતાના સેવકોને અનેક સાધનાઓથી મૂંઝવણમાં મૂકવાની ઈચ્છા રાખી નથી. તેથી સ્પષ્ટ શબ્દોમાં ભક્તિની સરખામણીમાં અન્ય સર્વ સાધનોને ગૌણ ગણ્યાં છે. છતાં જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી તેને ધ્યાનમાં રાખીને વેદ વગેરે શાસ્ત્રો દ્વારા બતાવેલા ધર્મોનો ત્યાગ કરવાની છૂટ પણ આપી નથી. વર્ણાશ્રમ વગેરે ધર્મ જે તે અધિકારીઓ માટે છે, જ્યારે ભક્તિ અને શરણ સર્વને માટે છે. આ બધી બાબતોને ધ્યાનમાં લેતાં તેમના સૈદ્ધાંતિક ચિંતનનો આ ગ્રંથો દ્વારા વિચાર કરવો જોઈએ. શ્રી વલ્લભાચાર્યજીના બધા ગ્રંથોમાં બ્રહ્મની જેમ સાકાર બ્રહ્મવાદ વ્યાપ્ત છે.

ગ્રંથોનો પરિચય

ગ્રંથનો સામાન્ય અર્થ થાય કે એવું સાહિત્ય જે મનુષ્યના બંધનની ગ્રંથી (knot) ખોલી તેને મુક્ત કરી શકે. બધા જ ગ્રંથોને ચાર વિભાગમાં વહેંચી

શકાય. (૧) પ્રમાણાત્મક, (૨) પ્રમેયાત્મક, (૩) સાધનાત્મક અને (૪) ફલાત્મક. જે ગ્રંથમાં પ્રમાણનો નિર્દેશ મળતો હોય (Epistemological) તે પ્રમાણ ગ્રંથ કહેવાય. જેમ કે અણુભાષ્ય. જે ગ્રંથમાં 'પ્રમેય' વિશે ચર્ચા કરવામાં આવી હોય. (Ontological) તે પ્રમેય ગ્રંથ કહેવાય જેમાં 'શાસ્ત્રાર્થ પ્રકરણ' ગણાવી શકાય. જે ગ્રંથ પ્રમેયને પ્રાપ્ત કરવાના સાધનોનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તે 'સાધન' ગ્રંથ કહેવાય. જેમકે ષોડ્શ ગ્રંથો (યમુનાષ્ટક સિવાય) અને જે ગ્રંથ સ્વયં ફલાત્મક હોય જેમ 'સુબોધીની' એ ફલા ગ્રંથ કહેવાય.

હવે આપણે આ ગ્રંથોમાં શું સમજાવવામાં આવ્યું છે તે સંક્ષિપ્તમાં જોઈએ.

(૧) 'તત્ત્વાર્થદીપનિબંધ':

શ્રી વલ્લભાચાર્યજીએ રચેલો આ સ્વતંત્ર ગ્રંથ છે. તેમાં ત્રણ પ્રકરણ છે. (૧) શાસ્ત્રાર્થ પ્રકરણ, (૨) સર્વનિર્ણય પ્રકરણ, (૩) ભાગવતાર્થ પ્રકરણ. તત્વ એટલે જીવ, જગત અને ઈશ્વર. આ ત્રણેયનો અર્થ સમજવા માટે આ નિબંધ લખાયો છે. જેમ અંધકારને દૂર કરવા દીવાનો ઉપયોગ કરવામાં આવે છે અને તેના પરિણામે સાચી વસ્તુસ્થિતિ અનુભવી શકાય, તેમ આ નિબંધરૂપી દીવા વડે જીવ, જગત અને ઈશ્વરના સાચા સ્વરૂપને સમજી શકાય. માટે આ ગ્રંથનું નામ **'તત્ત્વાર્થદીપનિબંધ'** આપવામાં આવ્યું છે.

તેનું પહેલું પ્રકરણ **'શાસ્ત્રાર્થ પ્રકરણ'** છે. શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી ભગવદ્‌ગીતા ઉપર સ્વતંત્ર ટીકા લખી નથી, પરંતુ આ પ્રકરણમાં શ્રી ગીતાજીનું તત્ત્વજ્ઞાન સવિસ્તાર સમજાવ્યું છે. બીજું પ્રકરણ **'સર્વનિર્ણય પ્રકરણ'** છે. સનાતન વેદ ધર્મનાં વિવિધ શાસ્ત્રો તેમણે સ્વીકાર્યાં છે. તેમાં જોવા મળતો વિરોધાભાસ સાચો વિરોધ નથી, પરંતુ પરસ્પરને પૂરક છે અને એકબીજાનો સમન્વય કરનાર છે એવો તેમનો દૃઢ મત છે. તેથી ઈશ્વરપ્રાપ્તિ માટેના વિવિધ શાસ્ત્રોએ બતાવેલા સિદ્ધાંતો અને તેની સાધનાના પ્રકારો બતાવીને સૌથી સરળ ભક્તિમાર્ગનું સ્વરૂપ કેવું હોય તે આ પ્રકરણમાં સમજાવ્યું છે. ભક્તિમાર્ગથી પ્રભુની પ્રાપ્તિ કેવી રીતે કરી શકાય, તેનાં સાધન અને ફળ કયાં હોય તે સમજાવવા માટે આ પ્રકરણમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ એવાં ચાર ઉપ-પ્રકરણો આપે આપ્યાં છે. વૈષ્ણવોએ પ્રેમલક્ષણાભક્તિ કરતાં કરતાં કેવી

રીતે જીવન જીવવું જોઈએ એનો સુંદર ઉપદેશ આ પ્રકરણમાં આપવામાં આવ્યો છે.

આ નિબંધનું ત્રીજું પ્રકરણ '**ભાગવતાર્થ પ્રકરણ**' છે. તેમાં શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીમદ્‌ભાગવતના ચાર રીતે અર્થ કર્યા છે- શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ અને અધ્યાય. પ્રત્યેક પાછળ રહેલા અર્થને તેમણે આ પ્રકરણમાં બતાવ્યા છે. આમ વેદ, બ્રહ્મસૂત્રો, ઉપનિષદો, ગીતા અને ભાગવતના સર્વ સિદ્ધાંતોનું દોહન કરીને શ્રી વલ્લભાચાર્યજીએ ભક્તિમાર્ગના સિદ્ધાંતો અને સાધનાનું સુંદર સ્વરૂપ આ નિબંધમાં સમજાવ્યું છે.

આ આખો ગ્રંથ કારિકા સ્વરૂપે લખાયેલો છે. સામાન્ય મનુષ્યને તે સમજવો મુશ્કેલ છે. વિદ્વાનને પણ પોતાની બુદ્ધિથી સમજાય તેવો નથી. તેથી પોતાની વાતને વધુ સરળ અને સ્પષ્ટ બનાવવા તેમણે પોતે આ ગ્રંથ પર '**પ્રકાશ**' નામની ટીકા લખી છે, જે '**નિબંધ પ્રકાશ**'ના નામે પ્રસિદ્ધ છે.

આ ગ્રંથ ઉપર શ્રી મહાપ્રભુજીના વંશજ અન્ય ગોસ્વામી આચાર્યો અને વિદ્વાનોની પણ ટીકાઓ લખાઈ છે, જેમાં ગો. શ્રી પુરુષોત્તમજીએ લખેલી '**આવરણભંગ**' નામની ટીકા છે. ગો. શ્રી કલ્યાણરાયજીની '**ટિપ્પણી**' નામની ટીકા છે. શ્રી લાલુભટ્ટજીની '**યોજના**' નામની ટીકા છે અને પંડિત ગટ્ટુલાલજીની '**સત્‌-સ્નેહભાજન**' નામની ટીકા છે, જે અપૂર્ણ છે. આ ગ્રંથના હિંદી અને ગુજરાતી અનુવાદો પણ થયેલા છે.

(૨) '**અણુભાષ્ય**' :

શ્રી વલ્લભાચાર્યજીએ વેદાદિ શાસ્ત્રોના અભ્યાસથી સમજાયું કે પોતાની પૂર્વે થઈ ગયેલા અન્ય આચાર્યોએ વેદવ્યાસજી રચિત 'બ્રહ્મસૂત્રો'ના કરેલ અર્થ યથાર્થ નથી.

તેમના સમયમાં હિંદુ ધર્મમાં એવી પણ પ્રણાલિકા હતી કે જે કોઈ મહાનુભાવ પોતાના સંપ્રદાયનું પ્રવર્તન કરવા ઈચ્છતા હોય તેઓ વેદવ્યાસજી રચિત બ્રહ્મસૂત્રો પર ભાષ્ય લખીને પોતાનું અર્થઘટન રજૂ કરે. તેમના એ તત્ત્વજ્ઞાનના પાયા પર તેમના સંપ્રદાયનું પ્રવર્તન થાય. બ્રહ્મસૂત્રો પર ભાષ્ય લખનારને 'આચાર્ય' પદવીથી વિભૂષિત કરવામાં આવતા. બ્રહ્મસૂત્રો પર ભાષ્ય લખનાર શ્રી શંકર, શાંકર મતના આચાર્ય બન્યા. તેમણે પોતાના ભાષ્ય દ્વારા

કેવલાદ્વૈત સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. શ્રી નિમ્બાર્ક, શ્રી મધ્વ અને શ્રી રામાનુજ વૈષ્ણવ આચાર્યો થયા. તેમણે પણ બ્રહ્મસૂત્રો પર પોતપોતાનાં ભાષ્ય લખ્યાં, જે અનુક્રમે 'પારિજાત સૌરભ', 'પ્રેજ્ઞપૂર્ણ' અને 'શ્રી ભાષ્ય' નામથી પ્રસિદ્ધ છે. શ્રી રામાનુજનો મત 'વિશિષ્ટાદ્વૈત' તરીકે પ્રચલિત થયો. આ ચાર આચાર્યો પછી બ્રહ્મસૂત્ર પર ભાષ્ય લખનાર પાંચમા અને અંતિમ આચાર્ય શ્રી વલ્લભાચાર્યજી હતા. તેમણે વેદ, ઉપનિષદ અને બ્રહ્મસૂત્રોમાં બતાવેલા બ્રહ્મવાદને તેના મૂળ સ્વરૂપમાં પ્રતિપાદિત કરવા માટે ભાષ્યની રચના કરી અને તેના દ્વારા 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નો સિદ્ધાંત જગત સામે મૂક્યો. જોકે તેમણે પોતે પોતાના સિદ્ધાંત માટે 'સાકાર બ્રહ્મવાદ' શબ્દનો વિશેષ પ્રયોગ કર્યો છે. આ સિદ્ધાંતને પાછળથી 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' તરીકે ઓળખવામાં આવ્યો હોય એવું જણાય છે.

શ્રી વલ્લભાચાર્યજીએ બ્રહ્મસૂત્રો પર રચેલા ભાષ્યને **'અણુભાષ્ય'**ના નામથી ઓળખવામાં આવે છે. વાસ્તવમાં, શ્રી મહાપ્રભુજીએ પોતે પોતાના ભાષ્ય માટે આવું નામ આપેલું નથી. શ્રી ગુસાંઈજી અને શ્રી પુરુષોત્તમજીએ પણ 'અણુભાષ્ય' નામનો ઉલ્લેખ કરેલો નથી. ગો. શ્રી ગિરિધરજી મહારાજ 'અણુભાષ્ય' પરની પોતાની 'વિવરણ' નામની ટીકામાં આ ભાષ્ય માટે સૌપ્રથમ 'અણુભાષ્ય' શબ્દનો પ્રયોગ કરે છે.

'અણુભાષ્ય' નામ માટે બે ખુલાસાઓ પ્રચલિત છે. (૧) શ્રી વલ્લભાચાર્યજીએ બ્રહ્મસૂત્રો પર બે ટીકાઓ લખી હોવી જોઈએ. એક બૃહદ્ ટીકા અને બીજી લઘુ ટીકા. લઘુ ટીકાને માટે 'અણુભાષ્ય' શબ્દનો પ્રયોગ થયો હોવો જોઈએ. (૨) જીવ બ્રહ્મનો અંશ છે એ સિદ્ધાંત તેમણે પોતાના ભાષ્યમાં પ્રતિપાદિત કર્યો હોવાથી અણુ જેવા જીવનું જેમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે 'અણુભાષ્ય'. આ ઉપરાંત એક ત્રીજો વિચાર પણ પ્રચલિત બન્યો છે. આ ભાષ્યમાં શ્રી મહાપ્રભુજીએ બ્રહ્મસૂત્રોનો અર્થ સૂત્રાત્મક શૈલીમાં અતિ સંક્ષિપ્તમાં રજૂ કર્યો છે. તેથી પણ તેને 'અણુભાષ્ય' કહેવાયું હોય.

આ ગ્રંથમાં સૂત્ર ૩-૨-૩ સુધીની રચના શ્રી વલ્લભાચાર્યજીની છે, જ્યારે બાકીનો ભાગ તેમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ પૂરો કર્યો છે. આનાં બે કારણ માનવામાં આવે છે. પહેલું કારણ એમ મનાય છે કે શ્રી વલ્લભાચાર્યજીએ સંપૂર્ણ

ભાષ્ય રચ્યું હશે, પરંતુ આગળ જોઈ ગયા તેમ તેમનું કેટલુંક સાહિત્ય ઉપલબ્ધ ન હોવાના કારણે શ્રી ગુસાંઈજીને તે પ્રાપ્ત થયું નહીં હોય. શ્રી ગુસાંઈજીએ ઘણું સાહિત્ય શ્રી વલ્લભાચાર્યજીના સેવક કનૈયાશાલ ક્ષત્રિય, રાણા વ્યાસ, સંતદાસ આદિ પાસેથી મેળવ્યું હતું. આ ભાષ્ય પૂર્ણ રીતે તેમને પ્રાપ્ત ન થવાથી બાકી રહેલ સૂત્રો પર આપે ટીકા રચીને ભાષ્ય પૂરું કર્યું.

બીજી માન્યતા એવી પણ છે કે નિત્યલીલામાં પાછા પધારવા બબ્બે વખત ભગવદ્આજ્ઞા થવાથી કેટલાક ગ્રંથો અપૂર્ણ રહી ગયેલા. આ ભાષ્ય પણ આ રીતે અપૂર્ણ રહી ગયું હશે, જે શ્રી ગુસાંઈજીએ પૂર્ણ કર્યું. આમ, બ્રહ્મસૂત્રો પર ભાષ્ય રચનારા શ્રી વલ્લભાચાર્યજી અને શ્રી ગુસાંઈજી બંને 'આચાર્ય' પદવીથી વિભૂષિત થયા.

આ ગ્રંથ પર વિવિધ ગોસ્વામી આચાર્યો અને વિદ્વાનો દ્વારા લખાયેલી ૧૪ જેટલી ટીકાઓ પ્રાપ્ય છે.

અણુભાષ્યની રૂપરેખા :

બાદરાયણ વ્યાસે રચેલા બ્રહ્મસૂત્રોની સંખ્યા ૫૫૫ છે, પરંતુ શ્રી વલ્લભાચાર્યજી તેને ૫૫૪ ગણાવે છે જેને તેમણે ચાર પ્રકરણોમાં વહેંચી નાંખ્યા છે. પ્રત્યેકને 'અધ્યાય' કહેવાય છે. આમ અણુભાષ્યમાં ચાર અધ્યાય છે. પ્રત્યેક અધ્યાયમાં ચાર 'પદ' આવે છે અને પ્રત્યેક પદને 'અધિકરણો'માં વહેંચવામાં આવ્યા છે. આમ પ્રત્યેક અધિકરણોમાં સૂત્રોની સંખ્યા એકસરખી નથી.

અણુભાષ્યની રચનામાં નિચે મુજબ મુદ્દા ચર્ચવામાં આવ્યા છે.

(૧) **વિષય** - જે બાબતની ચર્ચા કરવામાં આવી હોય તેની સર્વ પ્રથમ રજૂઆત કરવામાં આવે તેને 'વિષય' કહેવામાં આવે છે.

(૨) **સંશય** - આ વિષય બાબત જે બે વિરોધી મત હોય તેને 'સંશય' કહેવાય.

(૩) **પૂર્વ પક્ષ** - વિરોધી પક્ષોની તે વિષય બાબત રજૂઆત કરવામાં આવે તેને 'પૂર્વ પક્ષ' કહેવાય.

(૪) **ઉત્તર પક્ષ** - વિરોધી પક્ષની રજૂઆતને પોતાના વિચારોની રજૂઆત દ્વારા ખંડન કરવામાં આવે તેને ઉત્તર પક્ષ કહેવાય.

(૫) **સંગતિ** - જ્યારે પોતાના પક્ષના પ્રતિપાદન માટે જે શાસ્ત્ર

વિધાનોનો આધાર લેવામાં આવે (જેમકે ઉપનિષદ વાક્યો વગેરે) તેને સંગતિ કહેવાય.

અણુભાષ્યમાં ચાર અધ્યાયો નીચે મુજબના છે-

અધ્યાય ૧ - આ અધ્યાયને સમન્વય અધ્યાય અથવા પ્રમાણ અધ્યાય કહેવાયછે. આ અધ્યાયમાં બ્રહ્મના વિવિધ નામો - પરબ્રહ્મ, પરમાત્મા, ભગવાન ઈત્યાદી શબ્દોના ઉપનિષદ, સ્મૃતિ ઈત્યાદીના આધારે કેવી રીતે એકરૂપતા (Harmony), સમન્વય (Reconcilation) પ્રગટે છે તે બતાવવામાં આવ્યું છે. પહેલા સૂત્ર 'અથાતો બ્રહ્મ જીજ્ઞાસા' (Curiosity to know the nature of Brahm) સમન્વયાત્મક પહેલુઓનો વિચાર કરવામાં આવ્યો છે.

અધ્યાય ૨ - આને અવિરોધ અધ્યાય અથવા પ્રમેય અધ્યાય કહેવાય છે. આ અધ્યાયમાં અન્ય આચાર્યોના વિચારોના વિશે તેમ જ તે વિચારોના ખંડન આજે શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

અધ્યાય ૩ - આ અધ્યાય સાધન અધ્યાય છે. જે મોક્ષના વિવિધ પાસા અને તેના ઉપાયોનો નિર્દેશ કરે છે.

અધ્યાય ૪ - આ ફલ અધ્યાય છે. આમાં અંતિમ ધ્યેય, જ્ઞાન અને ભક્તિના ફલ વિશેની આ અધ્યાયમાં ચર્ચા કરવામાં આવી છે.

'અણુભાષ્ય' એ શ્રી વલ્લભાચાર્યજીના 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'ના સિદ્ધાંતનો પાયો છે.

(૩) 'શ્રી સુબોધિની' :

શ્રી વલ્લભાચાર્યજીએ શાસ્ત્રીય મતને સમજવા માટે ચાર શાસ્ત્રોને પ્રમાણ તરીકે સ્વીકાર્યાં હતાં. વેદનો અર્થ ન સમજાય તો બ્રહ્મસૂત્રોની મદદ લેવી. બ્રહ્મસૂત્રોથી પણ અર્થ ન સમજાય તો ગીતાની મદદ લેવી. તેમ છતાં પણ ન સમજાય તો ભાગવતની મદદ લેવી. કારણ કે ભાગવતને વેદરૂપી કલ્પવૃક્ષનું રસસભર પાકેલું ફળ કહેવામાં આવેલ છે. ભાગવત પ્રભુનું નામાત્મક સ્વરૂપ હોઈને શ્રી વલ્લભાચાર્યજીને અતિ પ્રિય છે. તેથી તેમણે ભાગવતનો અર્થ સાત પ્રકારે સમજાવવાનો નિશ્ચય કર્યો, જે પૈકીના ચાર અર્થ અગાઉ બતાવ્યું તેમ નિબંધના ભાગવતાર્થ પ્રકરણમાં તેમણે સમજાવ્યા છે. બાકીના ત્રણ પ્રકારના અર્થ સમજવા માટે આપે શ્રી ભાગવત પર 'સુબોધિની' નામની ટીકા રચી.

ભાગવતના શ્લોકો પૈકી પ્રત્યેક શ્લોકનો અર્થ, શ્લોકના દરેક શબ્દનો અર્થ અને શબ્દના દરેક અક્ષરનો અર્થ આપે આ ગ્રંથમાં પ્રગટ કર્યો છે. શ્રી ભાગવત પર આજ સુધીમાં અનેક ટીકાઓ લખાઈ છે. તેમાં 'સુબોધિની'નું સ્થાન વિશિષ્ટ છે:

શ્રી વલ્લભાચાર્યજી વિરચિત 'સુબોધિની' આજે શ્રી ભાગવતના પહેલા, બીજા, ત્રીજા અને દશમા સ્કંધ ઉપર પૂર્ણ સ્વરૂપમાં મળે છે, જ્યારે અગિયારમા સ્કંધનાં અધૂરાં સુબોધિનીજી પ્રાપ્ય છે.

આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ અન્ય ટીકાકારોના સિદ્ધાંત સાથે પોતાના સિદ્ધાંતની વિગતવાર સરખામણી કરી છે. દશમા સ્કંધમાં ભગવલ્લીલાનું વર્ણન કરતાં જાણે તેનો સાક્ષાત્ અનુભવ પોતાને થઈ રહ્યો હોય એવા પૂરેપૂરા ભાવ અને પ્રેમથી તેનું નિરૂપણ કર્યું છે.

આ ગ્રંથ પર પાંચ જેટલી ટીકાઓ પ્રસિદ્ધ છે; જેમાં શ્રી ગુસાંઈજી વિરચિત 'ટિપ્પણી', શ્રી પુરુષોત્તમજી વિરચિત 'પ્રકાશ' ગો. શ્રી વલ્લભજી વિરચિત 'લેખ' શ્રી લાલુ ભટ્ટ વિરચિત 'યોજના' અને શ્રી નિર્ભયરામ ભટ્ટજી વિરચિત 'કારિકા' વિવરણ મુખ્ય છે. આ ઉપરાંત શ્રી હરિરાયજીએ કેટલાક અંશ પર વિશેષ ટિપ્પણ રચ્યાં છે.

શ્રી સુબોધિનીજી માટે શ્રી હરિરાયજી તો એવો આગ્રહ પ્રગટ કરે છે કે વૈષ્ણવ થઈને જેણે શ્રી સુબોધિનીજીનું રસપાન કર્યું નથી, તેનો જન્મ આ પૃથ્વી પર નિરર્થક ગયો છે. શ્રી સુબોધિનીની શૈલી પણ સૂત્રાત્મક હોવાથી સૌને માટે સરળ નથી. તેના હિન્દી અને ગુજરાતી અનુવાદો પ્રકાશિત થયા છે. જે વૈષ્ણવોને સંસ્કૃત ન સમજાય તેમણે આ અનુવાદોની મદદથી સુબોધિનીનું રસપાન અવશ્ય કરવું જોઈએ, કારણ કે શ્રી ગુસાંઈજીએ શ્રી વલ્લભાચાર્યજીના બે નામ આપ્યાં છે. તેમાંનું એક નામ છે **'શ્રી ભાગવત- ગૂઢાર્થપ્રકાશનપરાયણઃ'** અને બીજું નામ છે **'શ્રી ભાગવતપીયૂષ- સમુદ્રમંથનક્ષમઃ'** સુબોધિનીમાં શ્રી મહાપ્રભુજીએ શ્રી ભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કર્યો છે. સાથે સાથે શ્રી ભાગવતરૂપી અમૃતસાગરનું મંથન કરીને એ અમૃતરસ સુબોધિની દ્વારા પીરસ્યો છે.

(૪) 'જૈમિની સૂત્ર ભાષ્ય' :

વેદોને બે ભાગમાં વહેંચવામાં આવેલા છે. પૂર્વમીકાંડ અને ઉત્તરકાંડ.

પૂર્વકાંડના સિદ્ધાંતો ઉપર શ્રી જૈમિની મુનિએ **'જૈમિનીસૂત્ર'** નામનો ગ્રંથ રચેલો છે. ઉત્તરકાંડ ઉપર શ્રી વ્યાસજીએ બ્રહ્મસૂત્રોની રચના કરી છે. શ્રી વલ્લભાચાર્યજીએ જેમ બ્રહ્મસૂત્રો પર ભાષ્ય રચ્યું તેમ જૈમિની સૂત્રો ઉપર પણ ભાષ્યની રચના કરી છે.

આ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીએ જૈમિની મુનિના સૂત્રોનો સાચો અર્થ રજૂ કર્યો છે. તેમાં ભાવાર્થ પાદની ટીકા આજે પ્રાપ્ત છે. ત્યાર પછીનો ગ્રંથ આજે અપ્રાપ્ય છે. આ ગ્રંથ પર ગો. શ્રી પુરુષોત્તમજીની ટીકા છે.

(૫) 'પત્રાવલંબન' :

શ્રી વલ્લભાચાર્યજીએ ત્રણ ભારતયાત્રા પૂર્ણ કરી, કાશીમાં સ્થિરવાસ કરી, ગ્રંથલેખન કરતા હતા ત્યારે ઘણા પંડિતો તેમની પાસે શાસ્ત્રચર્ચા કરવા આવતા. તેમાં આપનો ઘણો સમય જતો. તેથી તે સર્વ પંડિતોને જવાબ આપવા માટે તેમના દ્વારા ઉઠાવવામાં આવતા મુદ્દાઓની ચર્ચા કરી, તેમણે એક પત્રમાં પોતાના સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા હતા. તેમણે પોતાના સેવક કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કેઃ 'આ પત્ર શ્રી કાશી વિશ્વનાથ મહાદેવજીના મંદિરના દ્વાર પર ચોંટાડો.' તેમાં ૩૯॥ શ્લોકો છે અને બાકીની ગદ્ય-રચના છે. ત્યાં આ ગ્રંથ ચોંટાડવામાં આવ્યો. તે વાંચીને સૌ પંડિતો નિરુત્તર થઈ ગયા. પત્રના માધ્યમથી પોતાના સિદ્ધાંતો આ ગ્રંથમાં સ્પષ્ટ કર્યા હોવાથી તેને **'પત્રાવલંબન'** એવું નામ આપવામાં આવેલું જણાય છે.

આ ગ્રંથ પર ગો. શ્રી પુરુષોત્તમજી, શ્રી હરિરાયજી, શ્રી ગિરિધરજી અને શ્રી બાલકૃષ્ણજીની ટીકાઓ વિદ્યમાન છે.

(૬) 'ષોડશ ગ્રંથ' :

પોતાના સેવકોના પ્રશ્નોના ઉત્તર રૂપે મુખ્યત્વે રચાયેલા નાના નાના ગ્રંથોનો આ સમૂહ છે. તેમની સંખ્યા ૧૬ની હોવાથી તે **'ષોડશ ગ્રંથ'** કહેવાય છે. જેમ અર્જુનના પ્રશ્નના જવાબમાં ભગવાન કૃષ્ણે ગીતા દ્વારા નિજ કર્તવ્યનું ભાન કરાવી તેની મનોવ્યથામાંથી બહાર નીકળવાનો સાચો રસ્તો બતાવ્યો હતો તેમ પોતાના સેવકોને મુંઝવતા પ્રશ્નોના ઉકેલ રૂપે આ ગ્રંથ રચાયા હોવાથી ષોડશ ગ્રંથ 'શ્રી વલ્લભ ગીતા'ના નામે પણ પ્રચલિત છે. ષોડશ ગ્રંથ પૈકીના પ્રત્યેક ગ્રંથ પર શ્રી ગોસ્વામી આચાર્યો અને અન્ય વિદ્વાનોની ઘણી ટીકાઓ

છે. કેટલાક ગ્રંથો પર તો ૧૧ કે ૧૩ જેટલી ટીકાઓ પણ પ્રાપ્ય છે; જે આ ગ્રંથોનું મહત્ત્વ સિદ્ધ કરે છે. વૈષ્ણવો માટે જીવન જીવવાના સિદ્ધાંત અને સાધનાનું નિરૂપણ આ ગ્રંથોમાં સુંદર રીતે કરવામાં આવ્યું છે.

ષોડશ ગ્રંથમાં નીચેના ૧૬ ગ્રંથોનો સમાવેશ થાય છે:

(૧) **શ્રી યમુનાષ્ટક** - તેમાં શ્રી યમુનાજીના સ્વરૂપ, ગુણ અને માહાત્મ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં નવ શ્લોકો છે. ષોડશ ગ્રંથ પૈકીનો આ પ્રથમ ગ્રંથ 'ષોડશ ગ્રંથ'ના મંગલાચરણ રૂપે છે.

(૨) **બાલબોધ** - આ ગ્રંથમાં ૧૯ શ્લોકો છે. તત્ત્વજ્ઞાનને સમજવા માગતા મનુષ્યોને પ્રભુપ્રાપ્તિના અન્ય માર્ગોની સરખામણીમાં પુષ્ટિ-ભક્તિમાર્ગની ઉત્તમતા આ ગ્રંથમાં બતાવવામાં આવી છે.

(૩) **સિદ્ધાંત મુક્તાવલિ** - આ ગ્રંથમાં ૨૧ શ્લોકોમાં પુષ્ટિમાર્ગના મહત્ત્વના પાયારૂપ સિદ્ધાંતોનું નિરૂપણ છે. તેમાં પ્રભુનું સ્વરૂપ, સેવાનું સ્વરૂપ તથા સેવા દ્વારા પ્રભુની પ્રાપ્તિની વાત સમજાવી છે.

(૪) **પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ** - આ ગ્રંથમાં ૨૫ શ્લોકો છે. આ ગ્રંથ અપૂર્ણ છે. તેમાં ત્રણ પ્રકારના જીવોનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

(૫) **સિદ્ધાંત રહસ્ય** - બ્રહ્મસંબંધની આજ્ઞા કેવી રીતે થઈ, બ્રહ્મસંબંધ પછી આપણું જીવન કેવું હોય તેનું નિરૂપણ આ ગ્રંથના સાડાઆઠ શ્લોકોમાં કરવામાં આવ્યું છે.

(૬) **નવરત્ન** - નવરત્નો જેવા આ ગ્રંથના નવ શ્લોકોમાં પુષ્ટિપ્રભુને નિવેદિત થયેલ જીવે લૌકિક કે અલૌકિક કોઈ પણ પ્રકારની ચિંતા ન કરવાનો બોધ આપવામાં આવ્યો છે. ચિંતા દૂર કરવા માટે શ્રી અષ્ટાક્ષર મંત્રનો સતત જપ કરવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે.

(૭) **અંતઃકરણપ્રબોધ** - આ ગ્રંથના દસ શ્લોકોમાં શ્રી વલ્લભાચાર્યજી પોતાના મનને સંબોધે છે. બે વખત નિત્યલીલામાં પાછા ફરવા માટે થયેલી ભગવદ્ આજ્ઞા આપે સ્વીકારી ન હતી, તેથી તેઓ પોતાના મનને આજ્ઞા કરે છે કે આપણા સ્વામી પ્રભુની ઇચ્છાને હંમેશાં માન આપવું જોઈએ.

(૮) **વિવેકધૈર્યાશ્રય** - તેમાં કુલ ૧૭ શ્લોકો છે. વિવેક, ધૈર્ય અને આશ્રયનું સ્વરૂપ આ ગ્રંથમાં બતાવવામાં આવ્યું છે.

(૯) **ચતુઃશ્લોકી** - આ નાનકડા ગ્રંથમાં ચાર શ્લોકો છે. તેમાં પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થનું વર્ણન છે.

(૧૦) **કૃષ્ણાશ્રય** - આ ગ્રંથમાં ૧૧ શ્લોકો છે. પૃથ્વી પર પ્રભુપ્રાપ્તિના અન્ય સર્વ માર્ગો કેવી રીતે નાશ પામ્યા છે, તીર્થોની સ્થિતિ કેવી છે, દેવોનું દેવત્વ કેવી રીતે તિરોહિત થયું છે, વિદ્વાનો અને સત્પુરૂષોનાં મન કેવાં બદલાયાં છે વગેરે સ્થિતિનું નિરૂપણ કરી, કેવળ શ્રીકૃષ્ણનો જ આશ્રય રાખવા માટે આ ગ્રંથમાં આજ્ઞા કરી છે.

(૧૧) **ભક્તિવર્ધિની** - ભક્તિ વધારવાના ઉપાય અને ભક્તિનાં ત્રણ સોપાનો- પ્રેમ, આસક્તિ અને વ્યસન આ ગ્રંથના ૧૧ શ્લોકોમાં સમજાવવામાં આવ્યા છે.

(૧૨) **પંચપદ્યાનિ** - નામ પ્રમાણે આ ગ્રંથમાં પાંચ શ્લોકો છે. તેમાં શ્રોતાઓનાં લક્ષણો બતાવી; ઉત્તમ, મધ્યમ અને હીન શ્રોતા કેવા હોય તે કહ્યું છે.

(૧૩) **જલભેદ** - આ ગ્રંથમાં વિવિધ પ્રકારના વક્તાઓનાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે. આ વક્તાઓની સરખામણી જુદા જુદા ૨૦ પ્રકારના જળ સાથે કરવામાં આવી છે. તે દ્વારા કયા વક્તાના મુખથી કહેવાતી કથા સાંભળવી, તે સમજાવવામાં આવ્યું છે.

(૧૪) **સંન્યાસ નિર્ણય** - ૨૨ શ્લોકોમાં ભક્તિમાર્ગીય સંન્યાસનું સ્વરૂપ સમજાવ્યું છે. કેવળ વેષ અને કેશ બદલવાથી સંન્યાસી બની જવાતું નથી. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ત્યાગ અને વૈરાગ્યનું પાલન કેવી રીતે થાય તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૧૫) **નિરોધ લક્ષણ** - આ ગ્રંથના ૨૦ શ્લોકોમાં નિરોધનું સ્વરૂપ અને નિરોધસિદ્ધિનો માર્ગ બતાવવામાં આવ્યો છે.

(૧૬) **સેવાફળ** - આ ગ્રંથમાં નવ શ્લોકો છે. તેમાં સેવાનાં ત્રણ ફળ અને સેવામાં આવતા ત્રણ પ્રકારના પ્રતિબંધો બતાવ્યા છે. આ ગ્રંથ પર શ્રી વલ્લભાચાર્યજીએ પોતે **‘સેવાફલવિવરણ’** નામની ટીકા પણ રચી છે.

આમ, આ ૧૬ ગ્રંથોમાં પુષ્ટિભક્તિ સિદ્ધાંત અને તેની સાધના-પ્રણાલીનું ખૂબ સુંદર રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે. સોળે ગ્રંથનો સાર એક

જ વાક્યમાં આપવો હોય તો એમ કહેવાય કે 'કૃષ્ણસેવા એ જ પુષ્ટિભક્તનું એકમાત્ર કર્તવ્ય છે.'

આ ઉપરાંત શ્રી વલ્લભાચાર્યજીએ રચેલા અન્ય પ્રકીર્ણ ગ્રંથો નીચે પ્રમાણે છે.

(૧) **શિક્ષાશ્લોકી** - શ્રી વલ્લભાચાર્યજીએ આસુરવ્યામોહ લીલા કરી (ગોલોકધામ પધાર્યા) તે પૂર્વે પોતાના પરિવાર અને શિષ્યોને અંતિમ આજ્ઞા આપેલી ત્યારે સાક્ષાત ભગવાને પણ પ્રકટ થઈ તેમની આજ્ઞાને સમર્થન આપેલું. બંને સ્વરૂપોની આજ્ઞાનું આ ગ્રંથમાં નિરૂપણ થયું છે. તેમાં જીવન જીવવા માટેની શિક્ષા હોવાથી તે '**શિક્ષાશ્લોકી**' તરીકે પ્રસિદ્ધ છે.

(૨) **મધુરાષ્ટક** - પવિત્રા એકાદશીની રાત્રિએ સાક્ષાત્ પ્રભુનાં દર્શન થતાં શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી ઠાકોરજીના મધુર સ્વરૂપનું નિરૂપણ કરી, તેમની સ્તુતિ કરેલી તે આ ગ્રંથ છે.

(૩) **શ્રી ગિરિરાજધાર્યષ્ટક** - જ્યારે શ્રી ગિરિરાજજી ઉપર શ્રીનાથજીના મંદિરના નિર્માણનો મનોરથ કરવામાં આવ્યો ત્યારે નિર્માણકાર્ય શરૂ કરતાં પહેલાં શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી ગિરિરાજજીની સ્તુતિ કરી, આજ્ઞા માગી હતી. આ ગ્રંથ દ્વારા શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી ગિરિરાજજીની સ્તુતિ કરી છે. તેમાં પ્રભુની વિવિધ લીલાનું વર્ણન આઠ શ્લોકોમાં કરવામાં આવ્યું છે.

(૪) **પંચશ્લોકી** - આ ગ્રંથના પાંચ શ્લોકોમાં વૈષ્ણવ જીવન જીવવાનો સારો અને સાચો માર્ગ બતાવવામાં આવ્યો છે.

(૫) **શ્રી પુરુષોત્તમ સહસ્રનામ** - આ ગ્રંથમાં શ્રીમદ્ ભાગવતમાંથી પ્રભુનાં એક હજારથી વધુ નામ સંકલિત કરી, પ્રગટ કરવામાં આવ્યાં છે. શ્રી ગોપીનાથજી માટે રચાયેલા આ ગ્રંથ માટે એમ કહેવાય છે કે તેનો પાઠ કરવાથી સમગ્ર શ્રીમદ્ભાગવતના પાઠનું ફળ પ્રાપ્ત થાય છે.

(૬) **ત્રિવિધ નામાવલિ** - શ્રી ગુસાંઈજી માટે આ ગ્રંથ રચાયો હતો. તેમાં શ્રી ભાગવતના દશમ સ્કંધની લીલાનું નિરૂપણ કરતાં પ્રભુનાં નામોનું સંકલન કરવામાં આવ્યું છે; જેમાં બાલલીલા, રાજલીલા અને પ્રૌઢલીલા એમ ત્રણ પ્રકરણમાં આ ગ્રંથ રચાયેલો છે.

આ ઉપરાંત **પરિવૃઢાષ્ટક, નંદકુમારાષ્ટક, શ્રીકૃષ્ણાષ્ટક** અને શ્રી

ગોપીજનવલ્લભાષ્ટક ગ્રંથોમાં શ્રી ઠાકોરજીનાં રૂપ અને લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રી વલ્લભાચાર્યજીએ સુરદાસજીને શરણે લીધા ત્યારે **દશમસ્કંધાનુક્રમણિકા** નામનો ગ્રંથ રચી, સુરદાસજીને સંભળાવ્યો હતો. તેનાથી સુરદાસના હૃદયમાં દશમ સ્કંધની સર્વ લીલાઓનો સાક્ષાત અનુભવ થયો. સુરદાસજીની જેમ આ ગ્રંથ પરમાનંદદાસજીને પણ શરણે લીધા બાદ શ્રી વલ્લભાચાર્યજીએ સમજાવ્યો હતો. આ ગ્રંથમાં દશમ સ્કંધની સર્વ લીલાઓનું નિરૂપણ અનુક્રમે કરવામાં આવેલું છે.

જેમ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી ભાગવત પર સુબોધિનીની રચના કરી છે તેમ સૂક્ષ્મ ટીકા નામે એક અન્ય ગ્રંથની પણ રચના કરી છે. આ સૂક્ષ્મ ટીકાના થોડા અંશ આજે પ્રાપ્ય છે.

એમ પણ કહેવાય છે કે **'શ્રીકૃષ્ણ પ્રેમામૃત ગ્રંથ'** શ્રી ગિરિરાજજી પરથી શ્રી વલ્લભાચાર્યજીને પ્રાપ્ત થયો હતો.

તેમણે ગાયત્રી મંત્રનું સ્વરૂપ અને અર્થ સમજાવતો **'ગાયત્રી ભાષ્ય'** નામનો ગ્રંથ પણ રચ્યો છે; જેમાં આપશ્રીએ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે આ મંત્ર કોઈ દેવી સ્વરૂપનો મંત્ર નથી, પરંતુ સાક્ષાત રસઘન પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું નિરૂપણ કરતો મંત્ર છે.

બૃહદ આરણ્યક ઉપનિષદમાં આત્મદર્શનના ઉપાયરૂપે શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાનું વિધાન છે. તે પ્રમાણે શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો સમજવા માટે શાસ્ત્રાર્થ પ્રકરણનું શ્રવણ, સર્વનિર્ણય પ્રકરણનું મનન અને ભાગવતાર્થ પ્રકરણનું નિદિધ્યાસન કરવું અતિ આવશ્યક છે.

શ્રી હરિરાયજીએ શિક્ષાપત્રમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે પુષ્ટિમાર્ગમાં આપણી નિષ્ઠા થાય અને સુદૃઢ બને તે માટે શ્રી વલ્લભાચાર્યજીના મૂળ ગ્રંથોનો જ સતત સત્સંગ- સ્વાધ્યાય કરવો જોઈએ. તેમના ગ્રંથોનો સ્વાધ્યાય આપણી બુદ્ધિથી ન કરતાં તેના પર મહાનુભાવોએ રચેલી ટીકાઓ દ્વારા તે ગ્રંથોનો અર્થ સમજવો જરૂરી છે.

શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથોના વર્ગીકરણનો વિશિષ્ટ પહેલુ-

ગ્રંથોના ઘણા પ્રકાર હોઈ શકે છે. સૂત્ર, ભાષ્ય, વાર્તિક, સંગ્રહ, વ્યાખ્યા,

પ્રકરણ, પ્રકીર્ણ વગેરે. કોઈ ગ્રંથ પોતાની વિષયવસ્તુ (subject matter) ને કેવી રીતે વર્ણવે છે, (deal કરે છે) તેની સ્ટાઈલ ઉપરથી તેનો પ્રકાર નક્કી થાય. તે સ્ટાઈલના આધારે તે ગ્રંથનું વર્ગીકરણ (classification) કરવામાં આવે છે.

સામાન્યતઃ ક્યાંય લખાણમાં કદાચ ઉપલબ્ધ નહીં હોય પરંતુ શ્રી વલ્લભાચાર્યજી સ્વયંને જે પ્રકારે વર્ગીકરણ ગમે છે તેવું વર્ગીકરણ **પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળના** નિરૂપણના આધારે કરવામાં પણ આવ્યું છે. અલગ અલગ ગ્રંથો આ ચાર બાબતોનું નિરૂપણ કરે છે અને તે મુજબ તે ગ્રંથની ઓળખ થાય છે. આમ ગ્રંથોને આ ચાર પ્રકારમાં વિભાજિત કરી શકાય. કોઈ ગ્રંથ પોતાના વિષયવસ્તુને પ્રસ્તુત કરે છે ત્યારે તે કેવી રીતે તેને 'પ્રમાણિત' કરે છે- તેવા ગ્રંથો **'પ્રમાણ ગ્રંથો'** કહેવાય. જ્યારે કોઈ ગ્રંથમાં વિષયવસ્તુ કેવી રીતે પ્રમાણિત થાય છે તે ન જોતાં, તેના સ્વરૂપ પ્રયોજનની ચર્ચા કરે છે અર્થાત્ જેમાં **'પ્રમેય'**નું નિરૂપણ હોય, કારણ કાર્ય સ્વરૂપનું પ્રયોજન જેમાં સમજાવવામાં આવ્યું હોય તેને **'પ્રમેય ગ્રંથો'** કહેવાય. પ્રમેયાત્મક જે ગ્રંથો છે તે 'પ્રમાણ'માં પડતાં નથી. તે સિવાય જે ગ્રંથો પ્રમાણ કે પ્રમેયની ભાંજગડમાં ન પડતાં તે વિષયવસ્તુને પ્રાપ્ત કરવાના **'સાધન'**, તેના ઉપાય બતાવે છે તે **'સાધનાત્મક ગ્રંથો'** કહેવાય છે. તદ્નુસાર જે ગ્રંથો આપણા જીવનના ફલરૂપ હોય, જે પ્રાપ્ત કરવાનું છે તે તત્ત્વનું નિરૂપણ કરતાં હોય તેને **'ફલાત્મક ગ્રંથો'** કહેવાય જેવા કે શ્રી યમુનાષ્ટક, શ્રી સર્વોત્તમ સ્તોત્ર, શ્રી પુરુષોત્તમ સહસ્રનામ વગેરે. આ ગ્રંથોમાં પ્રમાણ, પ્રમેય કે સાધન નથી પરંતુ તે વિષયવસ્તુનો આનંદ લેવાનો હોય છે, તેને Relish કરવાની હોય છે. આમ શ્રી વલ્લભાચાર્યજીના દૃષ્ટિકોણથી આ ચાર ગ્રંથોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ક્યાંક આ વર્ગીકરણ એકબીજામાં Overlap પણ થઈ શકતું હોય છે. એવું નથી કે પ્રમાણાત્મક ગ્રંથો પ્રમેયાત્મક ન હોઈ શકે કે સાધનાત્મક ન હોઈ શકે. કોઈ એક ગ્રંથમાં એકથી વધુ દૃષ્ટિકોણ એકસાથે નિરૂપિત હોઈ શકે છે, જે નીચેની આકૃતિથી સમજી શકાય.



૧) પ્રમાણ + પ્રમેય
૨) પ્રમાણ + સાધન
૩) સાધન + ફલ
૪) પ્રમેય + ફલ

અહીં જે ત્રણ ગ્રંથોની ચર્ચા કરવામાં આવી છે તેમાં-

નિબંધનો 'શાસ્ત્રાર્થ પ્રકરણ' એ **'પ્રમેય'** ગ્રંથ છે.

'અણુભાષ્ય' એ **'પ્રમાણ'** ગ્રંથ છે.

અને ષોડશ ગ્રંથમાં **'યમુનાષ્ટક'** સિવાય અન્ય ગ્રંથો **સાધન** ગ્રંથો છે.

યમુનાષ્ટક સાધન અને ફલ- બન્નેનું નિરૂપણ કરે છે.

જો એક ક્રમબદ્ધતાનો વિચાર કરીએ (cronologically) તો શાસ્ત્રાર્થ પ્રકરણ ગ્રંથ શ્રી મહાપ્રભુજીએ સર્વપ્રથમ લખ્યો હોવો જોઈએ કારણ કે તેમાં પોતે તે પછી જે કાંઈ લખવાના છે તેનો નિર્દેશ કરેલો છે.

શાસ્ત્રાર્થનો અર્થ 'શાસ્ત્ર જે અર્થ કરે તેવો' થાય. પરંતુ સામાન્યતઃ શાસ્ત્રાર્થ શબ્દ એક વાદવિવાદના રૂપમાં કે નિંદાવાચક અર્થમાં વપરાવા માંડ્યો છે તે ખોટું છે. શ્રી મહાપ્રભુજીના મતે શાસ્ત્રાર્થ એ 'શાસ્ત્રનો યથાર્થ' એટલે કે 'સાચો અર્થ' તેમ થાય. માટે શાસ્ત્રનો અર્થ સ્પષ્ટ કરવા શ્રી મહાપ્રભુજી શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહે છે- **"એક શાસ્ત્રં દેવકીપુત્ર ગીતમએકો, દેવો દેવકીપુત્રમ્ એવ, મંત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ, કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા."** અર્થાત્ દેવકીપુત્ર શ્રીકૃષ્ણ ભગવાને જે ગાન ગર્યું છે, તે (ગીતા) જ એક શાસ્ત્ર છે, અને તે જ પ્રભુ એક દેવ છે, અને તેમનાં જુદાં જુદાં નામો, તે જ એક સર્વોત્તમ મંત્ર છે, અને તે જ દેવની સેવા એક સર્વોત્તમ કર્મ છે.

અહીં શાસ્ત્ર એટલે 'ગીતા' - ગીતાનો અર્થ છે 'ગવાયેલી'. ગીતા એ વિશેષણ છે. મૂળ તેનો 'ભગવદ્ગીતા'- ભગવાને ગાયેલ ઉપનિષદ તે ગીતા, તેમ અર્થ થતો. ઉપનિષદ- દેવકી પુત્ર ગીતમ્ ભગવાને- દેવકીપુત્રે જે કહેલું અથવા ગાયેલું તે 'શાસ્ત્ર'- એવો અર્થ થાય.

નિબંધ એ 'ગીતા'ની વ્યાખ્યા નથી, પરંતુ ગીતામાં ભગવાન જે કહેવા માગે છે તે શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના શબ્દોમાં 'નિબંધ'માં અભિવ્યક્ત કર્યું છે. તેઓ જે રીતે ગીતાને સમજ્યા છે તે તેમણે નિબંધમાં સમજાવ્યું છે.

શ્રી વલ્લભાચાર્યજીનો અહીં અભિગમ એવો છે કે ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે માટે તે શાસ્ત્ર છે. મોટા ભાગના વૈષ્ણવોમાં એક સામાન્ય ભ્રમણા હોય છે કે ગીતા આપણે માટે નથી. આ એક ભ્રાંતિ છે. જેમ ભાગવત એ વ્યાસજીએ જે રીતે ગીતાની વ્યાખ્યા કરી તે છે તેમ શ્રી મહાપ્રભુજીએ શાસ્ત્રાર્થ પ્રકરણમાં

ગીતાની વ્યાખ્યા કરી છે. ભાગવતાર્થ પ્રકરણમાં તેમણે ભાગવતની વ્યાખ્યા કરી છે. શ્રી મહાપ્રભુજીનો અભિગમ છે કે ગીતામાં જે સૂક્ષ્મ સ્વરૂપે કહેવામાં આવ્યું છે તે ભાગવતમાં વ્યાપકરૂપે અભિવ્યક્ત થયેલું છે. શ્રી મહાપ્રભુજી કહે છે કે આ બધાં શાસ્ત્રો છે તે એક 'Body' છે, તે બધાં અલગ અલગ શાસ્ત્રો નથી. વેદની સંહિતા, ઉપનિષદ વગેરે બધાં શાસ્ત્રો જુદાં જુદાં નથી. બધાનો સંગ્રહ તે 'શાસ્ત્ર' છે અને તેને શ્રી વલ્લભાચાર્યજી 'પ્રમાણ' કહે છે, અન્ય આચાર્યની માફક તેઓ તેને 'પ્રસ્થાન' રૂપ ગણાતા નથી.

પ્રમાણ ગ્રંથો :

શ્રુતિ-ગીતા-સૂત્ર-ભાગવત :

અહીં સૂત્ર એટલે કેવળ બ્રહ્મસૂત્ર જ નહીં, પરંતુ બાદરાયણ અને જૈમિની સૂત્રો બન્ને. શ્રી મહાપ્રભુજીએ પૂર્વકાંડ ઉપર રચાયેલાં જૈમિની સૂત્રો અને ઉત્તરકાંડ ઉપર રચાયેલ બ્રહ્મસૂત્રો- બન્નેને સ્વીકાર્યાં છે, બન્નેના પ્રમાણને માન્ય રાખ્યાં છે. તદનુસાર ભાગવતમાં 'સમાધિ ભાષા'ને આપે પ્રમાણ રૂપે માન્યતા આપી છે. શ્રી મહાપ્રભુજી શ્રુતિ-ગીતા-સૂત્ર-ભાગવત એ બધાને અલગઅલગ રૂપમાં પ્રમાણ નહીં પરંતુ તે સર્વ ગ્રંથોનો સમન્વય- 'એકવાક્યતા' તે પ્રમાણ છે તેવી આજ્ઞા કરે છે. તેમના મતે 'શ્રુતિ+ગીતા+સૂત્ર+ભાગવત' એટલે 'પ્રમાણ'. બધા અલગ અલગને પ્રમાણ રૂપે પોતે સ્વીકાર્યા નથી. એ ચારેય શાસ્ત્રો મળીને 'પ્રમાણ' બને છે. કારણ કે પ્રમાણ એટલે જે વસ્તુ આપણે જાણવી છે તેને કેવી રીતે સમજી શકાય? પ્રત્યેક શાસ્ત્રમાં અલગ અલગ માહિતી (information) મળી રહે છે. આવી માહિતી તે પ્રમાણ નથી. કોઈ એક વાક્યને વિચારવું અને તેમાં જે સાર ગર્ભિત બાબત છે તેનો અર્થ સ્પષ્ટ થવો, એ બન્ને જુદી જુદી બાબતો છે. જ્યારે સમન્વયાત્મક અર્થ (co-ordinated meaning) સ્પષ્ટ થાય ત્યારે વસ્તુની સાચી ઓળખ મળી રહે. જેમ આંખ કોઈ વસ્તુને જુએ, પરંતુ જો મન તેની સાથે લાગેલું નહીં હોય તો આંખથી જોવા છતાં તે વસ્તુ દેખાશે નહીં. અર્થાત્ આંખ દ્વારા જોવાની સાથે બુદ્ધિ દ્વારા તેની વિવેચના થવી પણ આવશ્યક છે. જ્યારે આંખ જુએ તેમાં મન લાગે અને સાથે બુદ્ધિ તેની વિવેચના કરે ત્યારે તે વસ્તુ આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ. તેમ શ્રુતિ-ગીતા-સૂત્રે કંઈ કહેલું હોય તે બધી બાબતોમાં- જોવાની- તેની સાથે

જોડાવાની (attach થવાની) અને તેનું વિશ્લેષણ કરવાની પ્રક્રિયા સંપૂર્ણ થાય ત્યારે તે 'પ્રમાણ' બને છે. જુદાં જુદાં શાસ્ત્રોએ અલગ અલગ પાસાં વર્ણવ્યાં હોય પરંતુ શ્રી વલ્લભાચાર્યજી કહે છે જ્યારે તે બધાં પાસાંને સંકલિત રૂપમાં વિચારીએ ત્યારે તે પ્રમાણરૂપ સ્વીકૃત બને. બ્રહ્મનાં અનેક જુદાં જુદાં પાસાં (aspects) હોઈ શકે છે. પરંતુ તત્ત્વ તો એક જ છે. માટે તે સર્વ પાસાંને synthesis કરી જે તત્ત્વ સ્પષ્ટ થાય, તે બ્રહ્મ વિશેનું પ્રમાણ આપી શકે. માટે જ શ્રી મહાપ્રભુજી **'પ્રમાણં તચ્ચતુષ્ટયં'** પદનો પ્રયોગ કરે છે. તેઓ સમજાવે છે કે જો એક વખત આપણે સમજી જઈએ કે બ્રહ્મ-કૃષ્ણ-ભગવાન ઈત્યાદિ શબ્દોનું તાત્પર્ય શું છે તો કોઈ મુશ્કેલી સર્જાય નહીં. 'ભગવાન'ની Range બહુ મોટી છે. તેને સમજવા માટે શરૂઆતમાં ચાર પ્રમાણો આપે બતાવ્યાં છે. વાસ્તવમા શ્રી મહાપ્રભુજીની એક philosophy છે. તેઓ કહે છે 'શબ્દ' માત્ર પ્રમાણ છે. જે કોઈ શબ્દ છે તે પ્રમાણ છે.તેમનો આ અભિગમ વિશ્વના તત્ત્વદર્શીય અભિગમમાં અનોખો છે.

વેદમાં પરમાત્મા 'શબ્દ'નો પ્રયોગ થયો નથી. વેદની સંહિતામાં પણ 'બ્રહ્મ' શબ્દ વપરાયેલ નથી. કેવળ છેલ્લા પ્રકરણમાં 'બ્રહ્મ' શબ્દ જોવા મળે છે. અન્યથા સંહિતામાં અનેક સ્થળે ઇન્દ્ર, પ્રજાપતિ, વરુણ ઈત્યાદિ દેવોનાં નામથી સંબોધન કરવામાં આવ્યું છે. પરંતુ તે બધાં સૂક્તોમાં જે સંબોધનો કરવામાં આવ્યાં છે તે 'બ્રહ્મ' પરત્વેનાં જ છે. તત્ત્વતઃ બધાં જ બ્રહ્મનાં રૂપ છે. બ્રહ્મનાં નામ છે, તેમ શ્રી મહાપ્રભુજી સમજાવે છે.

શ્રી મહાપ્રભુજી 'ભાગવત'ને પ્રમાણરૂપે સ્વીકારે છે છતાં તેની વ્યાખ્યા કરનારા તેઓ જ પ્રથમ આચાર્ય ન હતા. શાંકર વિદ્વાનોએ ભાગવતની વ્યાખ્યા લખી છે, તેમ મધ્વાચાર્યે પણ ભાગવતની વ્યાખ્યાં કરી છે.

'અણુભાષ્ય' ગ્રંથ શ્રી મહાપ્રભુજીએ સંપૂર્ણપણે લખ્યો હતો કે કેમ તેના ઐતિહાસિક પુરાવા પ્રાપ્ત થતા નથી. તેમનો અડધો ગ્રંથ પ્રાપ્ત થાય છે અને બાકીનો શ્રી ગુસાંઈજીએ પૂરો કરેલો હોવો જોઈએ તેમ મનાય છે. શ્રી ગુસાંઈજીએ શ્રી મહાપ્રભુજીના અધૂરા ગ્રંથને પૂરો કરવાની શરૂઆત કરી અને પાછળથી કેટલોક હિસ્સો પ્રાપ્ત થતાં આપશ્રીએ પુનઃ લખાણ કર્યું તેમ મનાય છે. (noticed by Teliwala). આજે જે અણુભાષ્ય પ્રાપ્ત થાય છે તે પિતા-પુત્ર

(શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજી)ના સંયુક્ત ગ્રંથના રૂપમાં મળે છે.

ભાષ્યકાર અર્થાત્ શંકરાચાર્ય અણુભાષ્યને સાધનાત્મક ગ્રંથ માને છે, જ્યારે શ્રી મહાપ્રભુજીનો સ્પષ્ટ અભિગમ છે કે તે **'પ્રમાણાત્મક ગ્રંથ'** છે. જો બ્રહ્મસૂત્ર પ્રમાણાત્મક ગ્રંથ હોય તો સ્વાભાવિક રીતે અણુભાષ્ય જેનો આધાર બ્રહ્મસૂત્ર છે, તે પણ પ્રમાણાત્મક ગ્રંથ જ હોઈ શકે. પ્રમેય ગ્રંથમાં પ્રમાણ આપવાની પ્રાચીન પદ્ધતિ નથી. શ્રી મહાપ્રભુજીએ શાસ્ત્રાર્થ નિબંધ એ પોતાના દૃષ્ટિકોણ (concept)ને રજૂ કરવા માટે લખ્યો છે. તેમાં કાંઈ સાચું ઠેરવવાની (Prove કરવાની) વાત નથી. તેમણે પ્રમેય વિશે જેવો વિસ્તાર કર્યો તેવો પ્રમાણમાં કર્યો નથી. માટે આ ગ્રંથ પ્રમાણરૂપ જ છે. વ્યાસજી પોતે પણ અહીં સાધનાની વાત કરવા ઈચ્છતા નથી. શ્રી મહાપ્રભુજી કહે છે કે આ ગ્રંથ વ્યાસજીએ જ્યારે લખ્યો ત્યારે તેમણે પ્રથમ અન્ય ઋષિઓ સાથે વાદ-વિવાદ કર્યો હતો અને તેના નિષ્કર્ષ રૂપે પોતાની વાતની તેમાં તેમણે રજૂઆત કરી હતી. માટે તે સાધનાનો ગ્રંથ નથી.

આ ગ્રંથમાં શ્રી વ્યાસજીએ ચાર બાબતોની સ્પષ્ટતા કરી છે- **સમન્વય, અવિરોધ, સાધન અને ફલ.** અહીં તેમણે પહેલું જ સૂત્ર આપ્યુ છે- **'અથાતો બ્રહ્મ જિજ્ઞાસા'**- બ્રહ્મ શું છે? બ્રહ્મ વિશે જાણવાની જિજ્ઞાસાથી તેઓ શરૂઆત કરે છે. આગળ કહે છે 'શાસ્ત્ર યોનિવાત્'- શાસ્ત્રમાં જે બ્રહ્મને જગતનું કારણ બતાવ્યું છે. બ્રહ્મસૂત્રો ઉપનિષદની જ વાત કરી રહ્યાં છે. અહીં 'શાસ્ત્ર' શબ્દ વપરાયો છે, 'શ્રુતિ' એમ કહેવાયું નથી. અર્થાત્ બધાં શાસ્ત્રોનો અહીં ઉલ્લેખ જોવા મળે છે. આ દૃષ્ટિકોણ કેવળ શ્રી મહાપ્રભુજીનો નથી. બધા જ આચાર્યો આ વાતનો સ્વીકાર કરે છે. બ્રહ્મના સ્વરૂપની ચકાસણી માટે બધાં જ શાસ્ત્રોનો સમન્વયાત્મક અર્થ કરવો જોઈએ. આ વાત બ્રહ્મસૂત્રના પ્રથમ અધ્યાયમાં કહેવામાં આવી છે. એવો પ્રશ્ન થાય કે જો અલગ અલગ ઋષિમુનિઓ કોઈ જુદો જ અર્થ કરે તો ત્યાં બીજા અધ્યાયમાં વિરોધ પરિહાર્ય બતાવવામાં આવ્યો છે. અર્થાત્ જેનાથી વિરોધ પરિહાર્ય થઈ જાય તે માનવો. ત્રીજા અધ્યાયમાં બ્રહ્મને સમજ્યા પછી કયા સાધનથી તેને મેળવી શકાય તે 'સાધન' બતાવવામાં આવ્યાં છે અને ચતુર્થ અધ્યાય 'ફલ' અધ્યાય છે.

કારણ કે સમન્વિત વચન જ પ્રમાણરૂપ હોઈ શકે, માટે પ્રથમ અધ્યાયને

'પ્રમાણ કરી છે.

ષોડશગ્રંથોમાં સાધનની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. આપણે શું કરવું- તે તેમાં બતાવવામાં આવ્યું છે. સર્વનિર્ણય- અણુભાષ્યમાં મર્યાદા માર્ગીય સાધના બતાવવામાં આવી છે, પરંતુ ષોડશ ગ્રંથોમાં શ્રી મહાપ્રભુજીએ પોતાના અલગ અલગ સેવકોના પ્રશ્નોના સંદર્ભમાં પુષ્ટિમાર્ગીય સાધનાનો પ્રકાર સમજાવ્યો છે. અહીં કોઈ શાસ્ત્ર પ્રમાણ તેમણે આપ્યું નથી, પરંતુ **'ઈતિ મે મતિ'** અથવા **'વલ્લભસ્ય વચનં'** ઈત્યાદિ કહી વાતનું નિરૂપણ કર્યું છે, કારણ કે અહીં સાંભળનાર તેમનો પોતાનો શિષ્ય છે. આમ આ ગ્રંથો 'સાધનાત્મક' છે, સિવાય કે યમુનાષ્ટક અને કૃષ્ણાશ્રય- જેને ફલાત્મક ગ્રંથ કહેવાય. સેવા કરતાં જે પદો ગવાય છે તે વ્રજભક્તોનો સંવાદ છે, જે સ્વયં ફલરૂપ છે.

◆

૨

ષોડશ ગ્રંથોનો પરિચય

(Introduction to Shodash Granth)

ભૂમિકા

આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ચાર પ્રમાણ ગ્રંથો (૧) વેદ, (૨) ગીતા, (૩) બ્રહ્મસૂત્રો અને (૪) શ્રીમદ્ ભાગવતના આધારે પોતાના તત્ત્વજ્ઞાનની ઈમારત રચી છે. ભગવાન કૃષ્ણના મુખારવિંદ સ્વરૂપે આપશ્રીનું પ્રાકટ્ય થયું છે, માટે આપનું એક નામ 'વૈશ્વાનર' છે. વૈશ્વાનર એટલે 'ભગવાનના મુખારવિંદમાં રહેલો અલૌકિક અગ્નિ'. અગ્નિનું કાર્ય અશુદ્ધ તત્ત્વોનું દહન કરી સત્યને શુદ્ધ સ્વરૂપમાં પ્રકટ કરવાનું છે. શ્રી મહાપ્રભુજીએ એ જ કાર્ય કર્યું છે. સામાન્ય જન સમુદાય માટે શાસ્ત્રીય ગ્રંથો સમજવા દુષ્કર છે. પરિણામે શાસ્ત્રીય જ્ઞાનના અમૃતનું પાન તેઓ કરી શકતા નથી. આ પરિસ્થિતિનો વિચાર કરી ઉપરોક્ત ગ્રંથોનું દોહન કરી શ્રી વલ્લભાચાર્યજી એ લઘુગ્રંથોની રચના કરી છે જે '**ષોડશ ગ્રંથો**'ના નામે પ્રચલિત છે. આ ગ્રંથો દ્વારા સાધારણ લોકો પણ જીવ, જગત અને પરમાત્મા વિષે જ્ઞાન પ્રાપ્ત કરી નિજ કર્તવ્યને સમજી શકે, જીવનના ધ્યેયને જાણી શકે, ભગવાનના સ્વરૂપ અને સામર્થ્યને ઓળખી શકે એ આ ગ્રંથોની રચનાનો આશય છે.

શ્રી મહાપ્રભુજીનું પ્રાકટ્ય ભગવાનની આજ્ઞાનું પરિપાલન કરી જીવોને ભગવાન પ્રતિ વાળવા, એમની જોડે સંબંધ કરાવવા અને શાસ્ત્રોની યથાર્થ વ્યાખ્યા કરી તેની સાચી સમજણ દ્વારા તેઓને ભગવદ્ પ્રાપ્તિ કરાવવી, તે હેતુથી થયેલ હતું. તેઓએ વેદ-ઉપનિષદ ઇત્યાદિમાં કહેવાયેલ વિરોધાભાસી વચનોનો સમન્વય કરી તેનું સાચુ અને સુયોગ્ય અર્થઘટન કરી બતાવ્યું છે અને તે મુજબ બ્રહ્મના સાકાર તેમજ નિરાકાર રૂપને બુદ્ધિ અને હૃદય બન્ને સ્વીકારે તે રીતે નિરૂપણ કર્યું છે. પોતાના આ મતને '**શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ**' નામે પ્રતિપાદિત કર્યો છે જેના દ્વારા બ્રહ્મ અને જગતનું અદ્વૈતપણું અને તે પણ માયા ઇત્યાદિના આધાર વગર શુદ્ધ રૂપમાં છે તેમ અસંદિગ્ધપણે સ્પષ્ટ કર્યું છે. અન્ય આચાર્યો દ્વારા પ્રતિપાદિત થયેલા વાદો કરતાં શ્રી વલ્લભાચાર્યજીનો

'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' વિલક્ષણ અને સરળતાથી સમજાય તેવો છે જેથી તે વિશેષ સ્વીકાર્ય બને છે.

શ્રી વલ્લભાચાર્યજી પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગના આચાર્ય છે, ગુરુ છે. તેમના વિચાર, વાણી અને વર્તનમાં સદા એકરૂપતા રહેલી છે. પોતે જે વિચારે તે જ તેમણે કહ્યું છે અને તે જ પ્રમાણેનું આચરણ કર્યું છે. પોતે **'કૃષ્ણ સેવા સદા કાર્યા'** એ પ્રમાણે ઉપદેશ આપ્યો છે તો પોતે અને પોતાના પરિવારે પણ આજીવન કૃષ્ણસેવા કરી છે અને પોતાને શરણે આવનારા જીવો માટે કૃષ્ણસેવાનો આગ્રહ રાખ્યો છે. આમ પોતાની વાણી પોતાના આચરણ પ્રમાણે રહેલી અને એટલે જ ષોડશ ગ્રંથમાં કહેવાયેલી બાબતો પોતાના અનુભવ અને આચરણને અનુરૂપ હોઈ સર્વગ્રાહ્ય બની છે.

મનુષ્યનું અંતઃકરણ યુદ્ધભૂમિ જેવું છે. તેમાં ધર્મ અને અધર્મ વચ્ચે સતત યુદ્ધ ચાલુ રહે છે. શાસ્ત્ર સંમત જે કરવા જેવું હોય તે 'ધર્મ' અને શાસ્ત્ર કે નીતિ વિરુદ્ધ જે ન કરવા જેવું હોય તે 'અધર્મ'. જે આત્માનું શાશ્વત શ્રેય-કલ્યાણ કરે તે ધર્મ, જે આત્માને ઘડીભર પ્રેય- મોજમજા કરાવી કાયમ માટે દુઃખમાં ડુબાડે તે અધર્મ. માનવી સતત વિચારોના આ યુદ્ધમાં અટવાતો રહે છે અને અંતે ધર્મ અને અધર્મ વચ્ચે ગોથાં ખાતા અર્જુન જેવી એની સ્થિતિ થાય છે. શું સાચું અને શું ખોટું તેનો નિર્ણય કરવો તેને માટે દુઃષ્કર થઈ જાય છે ત્યારે જેમ અર્જુને શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વીકારે તેમ ભગવદ્ શરણાગતિ જ એક માત્ર મનુષ્યનો સહારો બની રહે છે. આવી મૂંઝવણની ક્ષણે જેમ અર્જુનને ભગવાન કૃષ્ણએ ગીતા દ્વારા નિજ કર્તવ્યનું ભાન કરાવી તેની મનોવ્યથામાંથી બહાર નીકળવાનો સાચો રસ્તો બતાવ્યો તેમ મનુષ્યના ધર્મ-અધર્મના આંતરિક યુદ્ધમાં સાચો રાહ ચીંધવા શ્રી વલ્લાભ્ભચાર્યજીએ ષોડશ ગ્રંથો રૂપી 'શ્રી વલ્લભ ગીતા' રચી છે. જો ભગવાન શ્રીકૃષ્ણે મર્યાદા પુષ્ટિભક્ત અર્જુનને નિમિત્ત બનાવી દૈવી જીવોના ઉદ્ધાર માટે ગીતા રચી તેમ શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગ પર ચાલનારા પુષ્ટિજીવોના ઉદ્ધાર માટે વલ્લભગીતારૂપી 'ષોડશ ગ્રંથ'ની રચના કરી છે. કૃષ્ણ ગીતા સમાન જગતમાં જો કોઈ અન્ય ગીતા હોય તો તે શ્રીમદ્ આચાર્યચરણોએ ગાયેલી આ 'વલ્લભગીતા' છે.

આ બન્ને 'ગીતા'ની રચનામાં ઘણું સામ્ય રહેલું છે. અર્જુનને દ્વારા ગીતાનું જ્ઞાન ત્યારે જ પ્રાપ્ત થયું જ્યારે તેણે શિષ્ય ભાવે ભગવાન શરણાગતિ સ્વીકારી લીધી. તેમ શ્રી વલ્લભાચાર્યજી પણ આજ્ઞા કરે છે કે જ્યાં સુધી માણસ ભગવાન અને ગુરુનું શિષ્યત્વ સ્વીકારતો નથી, જ્યાં સુધી પોતાનાં સાધનો અને શક્તિના અહંકારમાં નિમગ્ન રહે છે ત્યાં સુધી તેને સન્માર્ગ બતાવનાર કોઈ મળતું નથી. ગુરુ પ્રત્યે સમાદર રાખી તેનામાં પૂર્ણ વિશ્વાસ અને દૃઢ શ્રદ્ધા ધરાવે અને જ્ઞાન પામવા સાચી જિજ્ઞાસા, ધીરજ અને એકાગ્રતા કેળવે તો જ તેને સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

અર્જુને શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વીકારી તો તે જિંદગી જીતી ગયો તેમજ સાચા અર્થમાં જીવી પણ ગયો તેમ આપણે પણ ભગવન્ મુખારવિંદ સ્વરૂપ શ્રી વલ્લભાચાર્યજીની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી તેમની રચેલ 'વલ્લભગીતા'ના ઉપદેશને શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિથી ગ્રહણ કરી જીવનમાં આચરીએ તો આપણા અંતઃકરણમાં સતત ચાલતા યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી શકીએ, એટલું જ નહીં આપણને પણ આ દેહથી જ સાક્ષાત ભગવાનનો સાનુભાવ અવશ્ય થાય તે નિઃશંક છે.

ગીતા જેમ અર્જુનને અનુલક્ષીને કહેવાઈ તેમ વલ્લભગીતા-ષોડશ ગ્રંથોની રચના શ્રી વલ્લભાચાર્યજીના કૃપાપાત્ર ૮૪ ભગવદીયો પૈકી કેટલાક ભગવદીયોએ એમની મૂંઝવણ આપશ્રી સમક્ષ રજૂ કરતાં તેમના પ્રશ્નોના નિરાકરણ રૂપે થયેલ છે. મોટા ભાગના આ ગ્રંથો અલગ અલગ સમયે કોઈને કોઈ પ્રસંગના સંદર્ભમાં ઉપદેશાત્મક રૂપે રચાયા છે, જે કોઈ વિશિષ્ટ શિષ્ય-ભગવદીયને અનુલક્ષીને આપશ્રીએ રચ્યા છે, છતાં તેમાં આલેખાયેલ ઉપદેશ સમગ્ર જીવોના કલ્યાણાર્થે કહેવાયો છે અને તે રીતે પ્રત્યેક મનુષ્યને પોતાના જીવનના વિવિધ તબક્કાએ અનુભવાતી મૂંઝવણોમાં માર્ગદર્શન આપનારા છે. સોળ પૈકી બે ગ્રંથો શ્રી યમુનાષ્ટક અને શ્રી કૃષ્ણાશ્રય એ સ્તુતિ ગ્રંથો છે જ્યારે અન્ય ઉપદેશાત્મક ગ્રંથો છે, જેના દ્વારા જીવને વિવિધ બાબતો વિશે આવશ્યક બોધપાઠ મળી રહે છે અથવા પુષ્ટિ સિદ્ધાંતોને સમજવા મદદરૂપ બને છે.

ભાગવત અને ષોડશ ગ્રંથો :

શ્રી વલ્લભાચાર્યજીએ પ્રબોધેલા પ્રેમલક્ષણા-પુષ્ટિ-ભક્તિના સિદ્ધાંતનો મૂળ પાયો શ્રી ભાગવત છે. શ્રી ભાગવત ભક્તિરસનો છલકાતો મહાસાગર

છે. તેમાં વિવિધ રસભાવોને પ્રગટ કરતી ભગવાનની વિવિધ લીલાઓ રૂપી લહેરો ઊછળે છે. આવા ભાગવત-રસામૃતનું દોહન કરીને શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિ-ભક્તિનો પ્રશસ્ત પથ બતાવવા, ચંદ્રની સોળ કલા સમાન; આ સોળ ગ્રંથોની 'ષોડશ ગ્રંથો'ની રચના કરી છે.

આ સોળ નાના-નાના સાધનરૂપ ગ્રંથો દ્વારા શ્રી વલ્લભાચાર્યજી પુષ્ટિ-ભક્તોને પુષ્ટિ ભક્તિના માર્ગે ચાલવા માટે જરૂરી વિશ્વાસ અને પ્રોત્સાહન આપે છે.

શાસ્ત્રનો સાચો અર્થ સમજવાની એક અભ્યાસ-પરંપરા બતાવવામાં આવી છે. વેદ ન સમજાય, ત્યારે તેમને સમજવા ઉપનિષદ, બ્રહ્મસૂત્રોની મદદ લેવી, ઉપનિષદ અને બ્રહ્મસૂત્રો ગીતાના માધ્યમથી સમજાય. આ સર્વ ગ્રંથોની સ્પષ્ટતા ભાગવતથી થાય. ભાગવતનો ગૂઢ અર્થ 'ષોડશ ગ્રંથો' દ્વારા સમજાય. જેમ દૂધના સાર-સત્ત્વ રૂપ માખણ છે, તેમ સર્વ શાસ્ત્રોના સાર-સત્ત્વ રૂપ 'ષોડશ ગ્રંથો' છે.

સોળ ગ્રંથોની યાદી :

આ સોળ ગ્રંથો નીચે પ્રમાણે છે. તેમનાં નામ મોટા ભાગે તેમના વિષયનો ખ્યાલ કરાવે છે. (૧) શ્રી યમુનાષ્ટક, (૨) બાલબોધ, (૩) સિદ્ધાંત-મુક્તાવલી, (૪) પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, (૫) સિદ્ધાંતરહસ્ય, (૬) નવરત્ન, (૭) અંતઃકરણ પ્રબોધ, (૮) વિવેકધૈર્યાશ્રય, (૯) કૃષ્ણાશ્રય, (૧૦) ચતુઃશ્લોકી, (૧૧) ભક્તિવર્ધિની, (૧૨) જલભેદ, (૧૩) પંચપદ્યાનિ, (૧૪) સંન્યાસ નિર્ણય, (૧૫) નિરોધલક્ષણ, (૧૬) સેવાફલ.

(૧) શ્રી યમુનાષ્ટક :

જ્યારે શ્રી વલ્લભાચાર્યજી સં. ૧૫૪૯ના શ્રાવણ માસમાં પ્રથમવાર ૧૪ વર્ષની વયે ગોકુળ પધાર્યા, ત્યારે સાક્ષાત શ્રી યમુનાજીનાં દર્શન કરતાં, તેમના હૃદયમાં જે ભાવ તરંગો જાગ્યા, તેના પરિણામ રૂપ આ સ્તોત્રની રચના થઈ. આ રચના ઠકુરાણી ત્રીજ (શ્રાવણ સુદ ૩)ના રોજ થઈ.

અષ્ટછાપ ભક્તિકવિઓ પૈકીના પરમાનંદદાસજી શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા પછી તેઓની સાથે વ્રજમાં આવ્યા. ત્યાં ગોકુલમાં ઠકુરાણી ઘાટે શ્રી મહાપ્રભુજીએ તેમને 'શ્રી યમુનાષ્ટક'નો પાઠ શીખવ્યો. તેના ફળસ્વરૂપે

તેમને શ્રી યમુનાજીનો સાક્ષાત્ અનુભવ થયો અને તેમણે શ્રી યમુનાજીનાં પદ ગાયાં.

૨૫૨ વૈષ્ણવો પૈકીનાં કિશોરીબાઈ શિશુકાળથી જ 'શ્રી યમુનાષ્ટક'નો પાઠ સતત કરતાં. તેમની અત્યંત નાદુરસ્ત તબિયત થતાં શ્રી યમુનાજીએ લૌકિક સ્રીનું રૂપ લઈ તેમને ત્યાં પધારી, તેમની સાર-સંભાળ લીધી હતી. શ્રી યમુનાજી અને શ્રી ગુસાંઈજીની કૃપાથી તેઓ પુનઃ નીરોગી બન્યાં અને શ્રી યમુનાજીની આજીવન સેવા કરી. કિશોરીબાઈ પર થયેલી કૃપાને શ્રી ગુસાંઈજીએ 'શ્રી યમુનાષ્ટક'ના પાઠનું ફળ કહ્યું છે.

(૨) બાલબોધ :

શ્રી વલ્લભાચાર્યજીએ અજમેર પાસે આવેલા પુષ્કરરાજ તીર્થમાં વિ.સં. ૧૫૫૦માં આ ગ્રંથની રચના કરી હોવાનું મનાય છે. ૮૪ વૈષ્ણવોમાં અંબાલાના નારાયણદાસ કાયસ્થ થઈ ગયા; જેમની ૫૭મી વાર્તા છે, તેમને આ ગ્રંથ શ્રી વલ્લભાચાર્યજીએ દ્વારકામાં શીખવ્યો હતો. નારાયણદાસ તેઓના સેવક બની દ્વારકા સુધીની યાત્રામાં સાથે રહ્યા. ત્યાંથી તેમને ઘેર પાછા જવાની શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી ત્યારે નારાયણદાસે કહ્યું : 'મહારાજ, આટલા દિવસ તમારી પાસે રહ્યો છું, પરંતુ મારા અંતઃકરણમાં કંઈ સમજણ આવી નથી. તેથી મારા પર એવી કૃપા કરો કે સંસારનાં સુખ-દુઃખ મને બાધા ન કરે અને શ્રી પ્રભુનાં ચરણારવિંદમાં મારું ચિત્ત લાગેલું રહે.' આથી તેમણે તેમને ચરણામૃત આપી આ ગ્રંથ શીખવ્યો. આ ગ્રંથ દ્વારા શ્રી વલ્લભાચાર્યજીએ તેમને સર્વ સિદ્ધાંત સંગ્રહનો ઉપદેશ આપ્યો અને સાથે સાથે તાપ ભાવનું વરદાન આપ્યું. તેથી તેઓ અહર્નિશ 'ભૈયા, શ્રી ગોકુલ કબ ચલોગે?' એમ વિચાર્યા કરતા. આ ગ્રંથ શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંત અને માર્ગ તરફ પ્રયાણ કરવાની તીવ્ર ઉત્કંઠા જગાવે છે.

(૩) સિદ્ધાંત મુક્તાવલી :

શ્રી વલ્લભાચાર્યજીએ વિ.સં. ૧૫૫૫માં જતિપુરામાં ૮૪ વૈષ્ણવ પૈકીના વિરક્ત વૈષ્ણવ અચ્યુતદાસ સનોઢિયા માટે આ ગ્રંથ લખીને તેમને શીખવ્યો હતો. અચ્યુતદાસને શરણે લઈને શ્રીનાથજીની સેવા કરવાની આજ્ઞા મળી, ત્યારે અચ્યુતદાસે કહ્યું : 'હું વિરક્ત છું. મારા પર એવી કૃપા કરો કે એકાંતમાં માનસી

સેવામાં મારું મન લાગે.' ત્યારે શ્રી મહાપ્રભુજીએ તેમને આ ગ્રંથ રચી શીખવ્યો. તેથી અચ્યુતદાસ માનસી સેવામાં મગ્ન બની, ગોવિંદ કુંડ પાસેની એક ગુફામાં રહેતા. સદા કાળ માનસીમાં તલ્લીન રહેતા. તેમનાં નેત્રો પ્રેમરસથી ભરેલાં રહેતાં. આમ, આ ગ્રંથ દ્વારા અચ્યુતદાસને માનસી સેવા સિદ્ધ થઈ. આ ગ્રંથ સેવાનું સૈદ્ધાંતિક પાસું સુંદર રીતે સમજાવે છે.

(૪) પુષ્ટિ પ્રવાહ મર્યાદા :

આ ગ્રંથ શ્રી વલ્લભાચાર્યજીએ ક્યારે અને ક્યાં લખ્યો તેની કોઈ જાણકારી મળતી નથી. આ ગ્રંથ કોના માટે લખાયો તે પણ જાણવા મળતું નથી. એક મત એવો છે કે આ ગ્રંથની રચના તેમણે પોતાના જીવનના ઉત્તરાર્ધ કાળમાં કરી હોવી જોઈએ; જ્યારે તેઓ અડેલમાં સ્થિર નિવાસ કરીને બિરાજ્યા હતા. આ ગ્રંથ અપૂર્ણ છે. તેનો અંતિમ ભાગ આજે પ્રાપ્ય નથી. તેમાં પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી જીવો ક્યાંથી પ્રગટ થયા, શા માટે પ્રગટ થયા, તેમનો સ્વભાવ કેવો છે અને તેમને કયું ફળ મળે? એ સમજાવવામાં આવ્યું છે.

(૫) સિદ્ધાંત રહસ્ય :

વિ.સં. ૧૫૪૯ના શ્રાવણ શુક્લ અગિયારસની મધ્યરાત્રીએ, જ્યારે ગોકુળમાં ગોવિંદ ઘાટ પર શ્રી વલ્લભાચાર્યજી દૈવી જીવોના ઉદ્ધારાર્થે વિચારમાં નિમગ્ન હતા ત્યારે સાક્ષાત પરબ્રહ્મ પરમાત્માએ પ્રગટ થઈ તેમને બ્રહ્મસંબંધ મંત્રની આજ્ઞા કરી હતી. તે સમયે તેમની બાજુમાં જ સૂતેલા તેમના અંતરંગ સેવક દામોદરદાસ હરસાનીને પોતાને થયેલ ભગવદ્ આજ્ઞા વિશે ખુલાસો કરતાં સિદ્ધાંત રહસ્ય ગ્રંથની રચના કરી હતી.

૮૪ વૈષ્ણવ પૈકીના ગોપાલદાસ ઈટોડા ક્ષત્રીને પણ શ્રી મહાપ્રભુજીએ આ ગ્રંથ શીખવ્યો હતો અને તેથી તેમનામાં સમર્પણની ભાવના દઢ થઈ હતી.

૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં ૪૯મી વાર્તા પુરુષોત્તમદાસ પુષ્કરણા બ્રાહ્મણની છે. તેમને પણ શ્રી ગુસાંઈજીએ 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથ શીખવ્યો હતો.

આ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીએ બ્રહ્મસંબંધનું તાત્પર્ય બતાવી દોષોની નિવૃત્તિ, અસમર્પિત ત્યાગની આવશ્યકતા, સ્વામી સેવકનો વ્યવહાર અને સમર્પણના સિદ્ધાંતને સમજાવ્યો છે.

(૬) નવરત્ન :

શ્રી વલ્લભાચાર્યજીએ વિ.સં. ૧૫૫૮માં અડેલમાં આ ગ્રંથની રચના

કરી હતી. ઉત્તર ગુજરાતના ખેરાળુ ગામના સાચોરા બ્રાહ્મણ ગોવિંદ દુબેના પત્રના જવાબમાં આ ગ્રંથ લખાયો હતો. ગોવિંદ દુબે વૈરાગ્યપ્રધાન સ્વભાવના હતા. દ્વારકામાં પરિચય થતાં શ્રી મહાપ્રભુજીએ તેમને 'ગીતા'ના શિક્ષણ દ્વારા સંસ્કૃત ભાષાનું વ્યાકરણ શીખવી દેતાં તેઓ પ્રભાવિત બની સેવક થયા અને સેવા પધરાવી ઘેર ગયા, પરંતુ ઘરમાં સેવા કરતાં ગોવિંદ દુબેનું મન વ્યગ્ર રહેતું. સેવામાં ચિત્ત લાગતું નહીં. તેથી તેમણે તેના સમાધાન માટે શ્રી મહાપ્રભુજીને પત્ર લખ્યો. તેના જવાબમાં 'નવરત્ન' ગ્રંથ લખી મોકલતાં તેમણે ખુલાસો કર્યો કે 'આ ગ્રંથનો પાઠ કરવાથી તારા મનની વ્યગ્રતા દૂર થશે.' તે મુજબ પાઠ કરતાં ગોવિંદ દુબેની સર્વ ચિંતાઓ દૂર થઈ અને મન પ્રભુમાં લાગ્યું. આ ગ્રંથ અલૌકિક માર્ગે જવામાં ઊભા થતા પ્રતિબંધોને લઈને થતી ચિંતાઓમાંથી આપણા મનને મુક્ત કરવાનો ઉપાય બતાવે છે.

૨૫૨ વૈષ્ણવ પૈકીના ખંભાતના મુરારી આચાર્યને પણ શ્રી ગુસાંઈજીએ આ ગ્રંથ શીખવી, તેમના મનને સ્વસ્થ કર્યું હતું.

(૭) અંતઃકરણ પ્રબોધ :

આ ગ્રંથની રચના વિ.સં. ૧૫૮૭ના વૈશાખ વદ સાતમની આસપાસના કોઈક દિવસે અડેલમાં થઈ છે. શ્રી વલ્લભાચાર્યજીએ સંન્યાસ લેતાં પહેલાં આ ગ્રંથ રચ્યો હતો. આ ગ્રંથ તેમનો છેલ્લો ગ્રંથ છે. આ ગ્રંથ દ્વારા તેમણે પોતાના અંતઃકરણને ભગવદ્ આજ્ઞાનું પાલન કરવા માટે તત્પર થવાનો બોધ આપ્યો છે.

૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ૧૬૨મી વાર્તા એક વિરક્ત વૈષ્ણવની છે, જેમને શ્રી ગુસાંઈજીએ આ ગ્રંથ શીખવીને તેમના મનને સ્વસ્થ કર્યું હતું.

(૮) વિવેકધૈર્યાશ્રય :

શ્રી વલ્લભાચાર્યજી આ ગ્રંથ ક્યારે, ક્યાં અને કોના માટે રચ્યો તેનું કોઈ પ્રમાણ મળતું નથી, પરંતુ આ ગ્રંથ દ્વારા વિવેક, ધૈર્ય અને આશ્રયનું રહસ્ય બતાવવાનો ઉલ્લેખ ૨૫૨ વૈષ્ણવો પૈકી વિઠ્ઠલદાસ કાયસ્થની વાર્તામાં મળે છે. જેમને સેવક બનાવી શ્રી ગુસાંઈજીએ આ ગ્રંથ શીખવ્યો હતો. વિઠ્ઠલદાસ તેનો દરરોજ પાઠ કરતા. તેથી તેમનો વિવેક, તેમનું ધૈર્ય અને તેમનો આશ્રય દૃઢ બન્યાં હતાં.

૧૬૨મા વૈષ્ણવની વાર્તા એક વિરક્ત વૈષ્ણવની છે. તેમને પણ શ્રી ગુસાંઈજીએ આ ગ્રંથ શીખવ્યો હતો.

(૯) કૃષ્ણાશ્રય :

અડેલમાં ૧૫૭૦માં લાહોરના વતની બુલા મિશ્ર માટે આ ગ્રંથ શ્રી વલ્લભાચાર્યજીએ રચ્યો હતો. બુલા મિશ્રને સેવક કરી, તે સમયની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આપી સર્વ શાસ્ત્રોનો ગૂઢતમ એક માત્ર શ્રી કૃષ્ણનું શરણ સ્વીકારવા વિશે તેમણે આ ગ્રંથ રચી તેમને શીખવ્યો હતો. આ ગ્રંથનો પ્રભુ સન્મુખ દરરોજ પાઠ કરવાથી પ્રભુનો દૃઢ આશ્રય સિદ્ધ થાય છે, એવી શ્રી વલ્લભાચાર્યજીની આજ્ઞા છે.

(૧૦) ચતુઃશ્લોકી :

આ ગ્રંથ કોના માટે રચાયો છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. પરંતુ વિ.સં. ૧૫૮૦માં અથવા ૧૫૮૧માં આ ગ્રંથ રચાયાનું સમજાય છે. શ્રી વલ્લભાચાર્યજીએ ૮૪ વૈષ્ણવો પૈકીના રાણા વ્યાસ અને ભગવાનદાસ સાચોરાને જુદા જુદા સમયે આ ગ્રંથ શીખવ્યો છે. તેનાથી રાણા વ્યાસનું મન પ્રભુમાં એકાગ્ર બનતાં તેમને પોતાના વાસ્તવિક ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું જ્ઞાન થયું, પરિણામે તેઓ મિથ્યા વૈરાગ્ય, ધન અને વિદ્વત્તાના અભિમાનમાંથી મુક્ત બન્યા અને ભગવત્સેવા - સ્મરણ પરાયણ બની પુષ્ટિમાર્ગીય જીવન જીવવા લાગ્યા હતા.

(૧૧) ભક્તિવર્તિની :

આ ગ્રંથ શ્રી વલ્લભાચાર્યજીએ સં. ૧૫૫૨માં તેમના સેવક સાચોરા બ્રાહ્મણ પુરુષોત્તમ જોષી માટે પ્રયાગમાં લખ્યો હતો એમ મનાય છે. તેમણે આ ગ્રંથ રચી, પુરુષોત્તમ જોષીને સંભળાવેલો. જેના ફલ સ્વરૂપે તેઓ ઉત્તમ અધિકારી હોવાથી તેમને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું જેથી તેઓ અવ્યાવૃત બની, ભગવદ્ ભાવમાં મગ્ન રહી, પોતાના ઘેર ભગવત્સેવા કરતા.

આ ગ્રંથ શ્રી વલ્લભાચાર્યજીએ ઉત્તર ભારતમાં આવેલા કડા ગામના વતની ગદાધરદાસને પણ શીખવ્યો હતો, એવું તેમની વાર્તામાંથી જણાય છે.

(૧૨) જલભેદ :

આ ગ્રંથ શ્રી વલ્લભાચાર્યજીએ ક્યારે, ક્યાં અને કોના માટે લખ્યો છે

તે જાણવા મળતું નથી. વેદની શ્રુતિઓમાં દર્શાવેલ ૨૦ પ્રકારના જલ જેવા ૨૦ પ્રકારના ભગવદ્વાર્તાના વક્તાઓનું આ ગ્રંથમાં નિરૂપણ કરે છે. કયા વક્તાના મુખથી સાંભળેલી કથા અલૌકિક લાભ કરાવે છે તે જાણવા માટે આ ગ્રંથ ઉપયોગી છે. વક્તાની પસંદગીનો વિવેક આ ગ્રંથ શીખવે છે.

(૧૩) પંચપદ્યાનિ :

આ ગ્રંથ પણ શ્રી વલ્લભાચાર્યજીએ કોના માટે, ક્યારે અને ક્યાં લખ્યો તે જાણવા મળતું નથી. આ ગ્રંથમાં ત્રણ પ્રકારના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ-શ્રોતાઓનાં લક્ષણો બતાવ્યાં છે. આપણે કેવી રીતે ઉત્તમ શ્રોતા બની શકીએ તે આ ગ્રંથ દ્વારા શીખવા મળે છે.

(૧૪) સંન્યાસ નિર્ણય :

વિ.સં. ૧૫૫૧માં બદ્રિકાશ્રમની યાત્રા પ્રસંગે નરહરિ સંન્યાસી માટે શ્રી વલ્લભાચાર્યજીએ આ ગ્રંથ લખ્યો હતો એમ માનવામાં આવે છે. નરહરિ સંન્યાસી બદ્રિકાશ્રમમાં તેમને મળ્યા હતા. ત્યાં તેમણે ભક્તિમાર્ગીય સંન્યાસનો પ્રકાર પૂછ્યો હતો. તેના જવાબમાં શ્રી વલ્લભાચાર્યજીએ 'સંન્યાસનિર્ણય' ગ્રંથ કરી તેમને સમજાવ્યો જેથી નરહરિ સંન્યાસીના હૃદયમાં પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત સ્થિર થયો. પરિણામ સ્વરૂપે તેમને શ્રી પ્રભુની લીલાનો અનુભવ થવા લાગ્યો અને તેઓ સ્વરૂપાનંદમાં મગ્ન રહેવા લાગ્યા.

૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ૬૮મી વાર્તા એક વિરક્ત વૈષ્ણવની છે. શ્રી ગુસાંઈજીએ પણ તેમને આ ગ્રંથ શીખવી; ભક્તિમાર્ગીય સંન્યાસનું સ્વરૂપ સમજાવ્યું હતું.

આ ગ્રંથમાં ગૃહસ્થાશ્રમમાં રહીને ભક્તિમાર્ગીય સંન્યાસ કેવી રીતે સ્વીકારી શકાય, તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૧૫) નિરોધલક્ષણ :

શ્રી મહાપ્રભુજીએ ઉત્તર ગુજરાતમાં આવેલા મણુંદ ગામના રાજા દુબે અને માધવ દુબે નામના બે ભાઈઓ, જે તેમના સેવક થયા હતા, તેમને માટે વિ.સં. ૧૫૬૬માં આ ગ્રંથ રચ્યાનું મનાય છે. આ બંને ભાઈ શ્રી વલ્લભાચાર્યજીના સેવક થતાં તેમણે તેઓને સેવા કરવાની આજ્ઞા કરી, ત્યારે તેમણે 'નિરોધ'નું સ્વરૂપ પૂછ્યું. શ્રી વલ્લભાચાર્યજીએ 'નિરોધલક્ષણ' ગ્રંથ રચી, બંને ભાઈને

તેનો પાઠ કરાવી, આજ્ઞા કરીઃ 'હવે તમને નિરોધ સિદ્ધ થશે.' તેથી તેમનું મન અલૌકિક બની જતાં તેઓ લીલારસનો અનુભવ કરવા લાગ્યા. આ ગ્રંથ પ્રભુમાં મનનો નિરોધ કેવી રીતે થાય તે સમજાવે છે.

(૧૬) સેવાફલ :

ષોડશ ગ્રંથો પૈકીનો આ એકમાત્ર એવો ગ્રંથ છે કે જેને સમજાવવા શ્રી વલ્લભાચાર્યજીએ પોતે ગદ્યમાં તેનું વિવરણ રચ્યું છે. વિ.સં. ૧૫૮૨માં આગ્રામાં વિષ્ણુદાસ છીપા નામના સેવક માટે આ ગ્રંથ અને તેનું વિવરણ લખાયું હતું. વિષ્ણુદાસ છીપા તેમના સેવક થયા ત્યારે તેમણે વિનંતી કરી કેઃ 'મારા પર એવી કૃપા કરો કે મને શ્રી ભાગવત વગેરે આપના બધા ગ્રંથોનું કંઈક જ્ઞાન પ્રાપ્ત થાય અને હું આપના માર્ગના સિદ્ધાંતોને જાણું.' ત્યારે શ્રી વલ્લભાચાર્યજીએ આ ગ્રંથ રચી, આજ્ઞા કરીઃ 'આ ગ્રંથ સાંભળવાથી બધાં શાસ્ત્રો-પુરાણોનું જ્ઞાન થશે.' વિષ્ણુદાસને તે પ્રમાણે જ્ઞાન થયું, પરંતુ 'સેવાફલ' ગ્રંથ સમજાયો નહીં ત્યારે ફરી વિનંતી કરતાં તેમણે તેનું વિવરણ લખી સમજાવ્યું. આ ગ્રંથમાં સેવાનાં ત્રણ ફળ બતાવવામાં આવ્યાં છે.

પુષ્ટિમાર્ગીય વાર્તા-સાહિત્યના વિશેષ અભ્યાસથી એ વાત સમજાય છે કે શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના બે સેવકો- સંતદાસજી અને કનૈયાશાલ ક્ષત્રિયને પોતાના બધા ગ્રંથો શીખવ્યા હતા અને તે ગ્રંથોની પોથી પણ આપી હતી, જ્યારે ગુસાંઈજીએ પોતાના સેવક જ્ઞાનચંદ શેઠને કૃપા કરી શ્રી મહાપ્રભુજીના બધા ગ્રંથો શીખવ્યા હતા. શ્રી ગુસાંઈજીએ ૮૪ વૈષ્ણવ પૈકીના કનૈયાશાલ ક્ષત્રિયને ષોડશ ગ્રંથો પર ટીકાઓ રચી તેમને શીખવ્યાનો ઉલ્લેખ તેમની વાર્તામાં મળે છે.

ષોડશ ગ્રંથોની ક્રમ સંગતિ :

સમયની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો સૌ પ્રથમ ગ્રંથ 'શ્રી યમુનાષ્ટક' છે અને છેલ્લો ગ્રંથ અંતઃકરણપ્રબોધ છે, છતાં આ ષોડશ ગ્રંથોનો ક્રમ તેના રચનાકાલને ધ્યાનમાં રાખીને ગોઠવવામાં આવ્યો હોવાનું જણાતું નથી.

સંપ્રદાયના વિદ્વાન આચાર્ય શ્રી પુરુષોત્તમજી ષોડશ ગ્રંથોની ક્રમસંગતિ નીચે પ્રમાણે સમજાવે છે. શાસ્ત્રોને સારી રીતે સમજીને મન, વાણી અને શરીરથી

શ્રીકૃષ્ણની સેવા કરવાનો સિદ્ધાંત જગન્નાથપુરીના પ્રસિદ્ધ શાસ્ત્રાર્થમાં સ્વીકારાયો. તે અનુસાર ભગવદ્ સેવાના ઉપદેશ માટે શ્રી મહાપ્રભુજીએ આ ગ્રંથોની રચના મુખ્યત્વે કરેલી છે. તેથી તેમાં સર્વ પ્રથમ 'યમુનાષ્ટક' છે. સેવા માટે આવશ્યક હૃદયની શુદ્ધિ સિદ્ધ કરવા આ સ્તોત્રના પાઠથી બધાં પાપોનો ક્ષય થાય છે અને પ્રભુમાં પ્રેમરૂપા ભક્તિ દૃઢ થાય છે એમ બતાવવામાં આવ્યું. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરતાં પહેલાં અન્ય શાસ્ત્રો સમજી લેવાં જરૂરી હોવાથી 'બાલબોધ' ગ્રંથમાં સંક્ષેપમાં બધાં મોક્ષ શાસ્ત્રોનો નિચોડ આપવામાં આવ્યો. પુષ્ટિ-સિદ્ધાંત સમજાવવા માટે 'સિદ્ધાંત મુક્તાવલી'માં કૃષ્ણસેવા જ એકમાત્ર કર્તવ્ય છે' એવા સૈદ્ધાંતિક નિર્ણય સાથે પુષ્ટિમાર્ગીય આચાર અને વિચાર રજૂ કરવામાં આવ્યા. તે પછી પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથમાં પુષ્ટિમાર્ગીય સૃષ્ટિ તેનું સ્વરૂપ, જીવના પ્રકાર સાધન, પ્રયોજન ફળ વગેરેનો પરિચય આપવામાં આવ્યો. ત્યાર બાદ સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં બ્રહ્મસંબંધનું તાત્પર્ય બતાવી પુષ્ટિભક્તને સમર્પણનો સિદ્ધાંત સમજાવવામાં આવ્યો. કૃષ્ણસેવા કરવા માટે આવશ્યક સેવાના અંગભૂત પદાર્થોની શુદ્ધિનું નિરૂપણ 'નવરત્ન'માં થયું. 'અંતઃકરણ પ્રબોધ'માં આંતરિક શુદ્ધિ માટે જરૂરી ચિત્તની સ્વસ્થતાનું નિરૂપણ છે. બાહ્ય અને આંતર સેવાની સંપૂર્ણ સિદ્ધિ માટે આવશ્યક વિવેક, ધૈર્ય અને આશ્રયનું નિરૂપણ 'વિવેકધૈર્યાશ્રય'માં કર્યું. ત્યાર પછી 'કૃષ્ણાશ્રય'માં વિવેક, ધૈર્ય અને આશ્રય પૈકી આશ્રયને સ્થિર કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો. ઉપર કહેલી સર્વ બાબતો સહિત પુષ્ટિમાર્ગીય પુરુષાર્થો 'ચતુઃશ્લોકી'માં અતિ સંક્ષેપમાં બતાવવામાં આવ્યા. 'ભક્તિવર્ધિની'માં પુષ્ટિભક્તિની વૃદ્ધિ માટે ત્યાગ, સેવા શ્રવણ વગેરે અંગો સમજાવવામાં આવ્યાં. ભક્તિવર્ધક અંગ એવા શ્રવણની સિદ્ધિ માટે 'જલભેદ'માં આદર્શ વક્તાનું સ્વરૂપ સમજાવ્યું અને 'પંચપદ્યાની'માં આદર્શ ભક્ત-શ્રોતાનું સ્વરૂપ સમજાવ્યું. 'સંન્યાસનિર્ણય'માં ભક્તિમાર્ગીય સંન્યાસ અને ત્યાગનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું. વ્રજભક્તોના ભાવ સ્વરૂપે સંસારને ભૂલી જઈને ભગવાનમાં આસક્તિ સંપાદન કરવાના હેતુ રૂપ નિરોધનું સ્વરૂપ 'નિરોધ લક્ષણ'માં અને સેવાનું ફળ 'સેવાફલ'માં બતાવવામાં આવ્યું.

ષોડશ ગ્રંથોમાં શ્લોક સંખ્યા :

ષોડશ ગ્રંથોની શ્લોકોની કુલ સંખ્યા ૨૨૧ ૧/૨ છે, જે નીચે પ્રમાણે છે:

૧	શ્રી યમુનાષ્ટક	૯
૨	બાલબોધ	૧૯ ૧/૨
૩	સિદ્ધાંતમુક્તાવલિ	૨૧
૪	પુષ્ટિપ્રવાહમર્યાદા	૨૫ ૧/૨
૫	સિદ્ધાંતરહસ્ય	૮ ૧/૨
૬	નવરત્ન	૯
૭	અંતઃકરણપ્રબોધ	૧૦ ૧/૨
૮	વિવેકધૈર્યાશ્રય	૧૭
૯	કૃષ્ણાશ્રય	૧૧
૧૦	ચતુઃશ્લોકી	૪
૧૧	ભક્તિવર્ધિની	૧૧
૧૨	જલભેદ	૨૧
૧૩	પંચપદ્યાની	૫
૧૪	સંન્યાસનિર્ણય	૨૨
૧૫	નિરોધલક્ષણ	૨૦
૧૬	સેવાફલ	૭ ૧/૨
		૨૨૧ ૧/૨

શ્રી વલ્લભાચાર્યજીએ 'શ્રી ભાગવતાર્થ- નિબંધ' અને 'શ્રી સુબોધિની'માં અન્ય વિષયો સાથે સાકાર બ્રહ્મવાદ અને નિર્ગુણ ભક્તિમાર્ગનું પ્રતિપાદન વ્યાખ્યાન શૈલીમાં કર્યું છે. સાકાર બ્રહ્મવાદ અને નિર્ગુણ ભક્તિમાર્ગના તે સિદ્ધાંતોને આપે ષોડશ ગ્રંથોમાં પોતાના સેવકોને પૂર્ણ રૂપે ક્યારેક ઉપદેશની શૈલીમાં તો ક્યારેક આદેશની શૈલીમાં સમજાવ્યા છે. જ્યારે તેમણે ષોડશ ગ્રંથોની રચના કરી ત્યારે તેમની સમક્ષ પૂર્વ પક્ષ કરનાર કોઈ ન હતું. પરંતુ તેમની સામે હતા તેમના કોઈક સેવક, જેઓ સાકાર બ્રહ્મવાદની કોઈક સૈદ્ધાંતિક બાબત વિષે તેમનો અભિપ્રાય જાણવા માટે જિજ્ઞાસુ હતા. તેઓ પુષ્ટિભક્તિના માર્ગે ચાલતાં ચાલતાં કોઈ એવા ત્રિભેટે આવી પહોંચ્યા હતા કે હવે કઈ દિશામાં જવું તે સમજી શકતા ન હતા. તેથી તેમણે પોતાના ગુરુદેવ શ્રી વલ્લભાચાર્યજીને યોગ્ય દિશા બતાવવા પોતાના માર્ગદર્શક ગણી પ્રશ્ન કર્યા, ત્યારે તેમણે પોતાના

સેવકોને પોતાનો અભિપ્રાય પોતાનાં નિજ પ્રમાણો અને આશ્વાસન સાથે આ ષોડશ ગ્રંથોમાં સમજાવ્યા છે. સેવકોમાં વિશ્વાસ સ્થાપવા માટે આપે નીચેનાં જેવાં વચનોનો ઉલ્લેખ કર્યો છે-

'વદતિ વલ્લભઃ શ્રી હરે' (શ્રી યમુનાષ્ટક)
'વદામિ સુવિનિશ્ચિતમ્' (બાલબોધ)
'સ્વ સિદ્ધાંત વિનિશ્ચિતમ્' (સિદ્ધાંતમુક્તાવલિ)
'સાક્ષાત્ ભગવદાપ્રોક્તમ્ તદક્ષરશઃ ઉચ્યતે' (સિદ્ધાંત રહસ્ય)
'ઈત્તેવ મે મતિઃ' (નવરત્ન)
'ઈતિશ્રી કૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ' (અંતઃકરણપ્રબોધ) વગેરે.

આમ, પ્રત્યેક ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજી પોતાના સેવકોને આશ્વાસન આપવા માગે છે કે, 'મારો આ નિર્ણય છે, મારો આ માર્ગનિર્દેશ છે. હવે તમારે વધારે વિચાર કે સંશય કરવાની જરૂર નથી. તમારા હૃદયમાં સિદ્ધાંતને દૃઢ કરી, પુષ્ટિભક્તિના માર્ગે આગળ વધતા રહો.'

ષોડશ ગ્રંથોમાં શ્રી વલ્લભાચાર્યજીના વિવિધ અંગોની ભાવના -

જેમ શ્રીમદ્‌ભાગવત શ્રીનાથજીનું નામાત્મક સ્વરૂપ છે, અને તેથી તે દ્વાદશ અંગરૂપ દ્વાદશ સ્કંધયુક્ત છે, તેમ શ્રી હરિરાયજીના મતે ષોડશ ગ્રંથો શ્રી વલ્લભાચાર્યજીનું નામાત્મક સ્વરૂપ છે. શ્રી હરિરાયજીએ આ ભાવનાં નીચેના પદમાં સમજાવી છેઃ

કર મન શ્રી વલ્લભ અંગન ધ્યાન,
વામચરણ 'કૃષ્ણાશ્રય' હોય કે, દક્ષિણ ચરણ-'સિદ્ધાન્ત બખાન.' ૧
વામ ઉરુ 'નવરત્ન' કહીયે, દક્ષિણ ઉરુ 'ભક્તિવર્ધિની' જાન;
વામભૂજા 'વિવેકધૈર્ય' જાનિકે, દક્ષિણ ભૂજા 'પુષ્ટિપ્રવાહમર્યાદા' જ્ઞાન. ૨
નાભી 'અંતઃકરણ કહિયે, 'સિદ્ધાંત મુક્તાવલી' હૃદય આન;
'બાલબોધ' શ્રી મુખારવિંદમેં, 'જલભેદ' કંઠકર ગુનગાન. ૩
'સંન્યાસ નિર્ણય' ભાલ જુ ઝલકે, મસ્તક 'નિરોધ' પ્રમાણ;
નિત્ય પ્રતિ ક્ષણ ક્ષણ સ્મરણ કીજે, 'રસિક' શ્રી વલ્લભ જાન. ૪

અર્થાત્:

(૧) યમુનાષ્ટક- જમણું અંગ, (૨) બાલબોધ- મુખારવિંદ, (૩) સિદ્ધાંત મુક્તાવલી- હૃદય, (૪) પુષ્ટિપ્રવાહમર્યાદા- દક્ષિણ ભૂજા, (૫) સિદ્ધાંતરહસ્ય

- દક્ષિણ ચરણ, (૬) નવરત્ન સ્તોત્ર- દક્ષિણ ઉરુ, (૭) અંતઃકરણ પ્રબોધ- નાભિ, (૮) વિવેકધૈર્યાશ્રય- વામ ભૂજા, (૯) ચતુઃશ્લોકી, (૧૦) કૃષ્ણાશ્રય- વામ ચરણ, (૧૧) ભક્તિવર્ધિની- દક્ષિણ ઉરુ, (૧૨) જલભેદ- કંઠ, (૧૩) પંચપદ્યાની, (૧૪) સંન્યાસ નિર્ણય- ભાલ, (૧૫) નિરોધ લક્ષણ- મસ્તક, (૧૬) સેવાફલ- ડાબું અંગ.

ષોડશ ગ્રંથોમાંથી ઊપસતું પુષ્ટિભક્તિનું સ્વરૂપ :

શ્રી વલ્લભાચાર્યજી ષોડશ ગ્રંથ દ્વારા પુષ્ટિભક્તના સ્વભાવ, ગુણ અને કર્મનું એક સુંદર આંતર-બાહ્ય સ્વરૂપ પ્રગટ કરે છે. કોઈ પણ સમયમાં, કોઈ પણ સ્થળે, કોઈ પણ યોનિમાં જન્મેલ મનુષ્ય તેમના આદેશ અને ઉપદેશોને ગ્રહણ કરી સાચો પુષ્ટિભક્ત બની શકે છે એ આ ગ્રંથોમાંથી સમજાય છે.

પુષ્ટિભક્તિ માર્ગે ચાલનાર સેવક પ્રભુનો શરણાગત અને સમર્પિત હોય. બીજા શબ્દોમાં કહીએ તો જે તદાશ્રિત અને તદીય હોય તે પુષ્ટિભક્ત છે, એટલે પ્રભુના શ્રી અંગમાંથી પ્રગટ થયેલો છે એવી સમજ અને સભાનતા રાખીને, તદ્‌અનુસાર પોતાની ફરજનું પાલન કરનારો હોય. શાસ્ત્રના સર્વ સિદ્ધાંતોને સરખી રીતે સમજ્યા પછી પુષ્ટિભક્તિના સિદ્ધાંતને સ્વીકારનાર અને દઢતાથી અનુસરનાર હોય. તેનું એકમાત્ર કર્તવ્ય પુષ્ટિપ્રભુની પુષ્ટિ પ્રકારે ઘરમાં થતી તનુવિત્તજા સેવા હોય; જેના ફલ સ્વરૂપ માનસી સેવા સિદ્ધ થાય તેવો વિરહતાપ સદૈવ રાખનારો હોય. સેવાને સહાયરૂપ બને એ પ્રકારે તદીય ભક્તોનો સત્સંગ કરનારો અને સતત અષ્ટાક્ષર મંત્રનું રટણ કરનારો હોય. ભગવદ્‌વાર્તાના વક્તાની પસંદગી વિવેકપૂર્વક કરીને ઉત્તમ શ્રોતા બની રહે. વિવેક, ધૈર્ય અને આશ્રયથી સજ્જ હોય, કૃષ્ણનો દઢાશ્રય રાખી અન્યનો આશ્રય છોડનારો હોય. પોતાના અંતઃકરણમાં સદા સર્વદા દાસભાવ રાખી, દીનતાથી વર્તનારો હોય. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં ગૃહસ્થની સર્વ જવાબદારીઓ કાપટ્ય ભાવથી બજાવતાં બજાવતાં ભગવદ્‌સેવાના મુખ્ય ધ્યેયથી જરા પણ ચલિત થનારો ન હોય. તેનામાં ભક્તિમાર્ગીય વૈરાગ્ય સહજરૂપે હોય. લૌકિક અહંતા-મમતામાંથી ચિત્તની વૃત્તિઓને ખેંચી પ્રભુમાં ચિત્તનો નિરોધ કરનારો હોય. પોતાને ભગવદ્‌પ્રાપ્તિમાં કોઈ અંતરાય આવશે કે કેમ, એવી અલૌકિક પ્રકારની ચિંતાઓમાંથી પણ મુક્ત હોય. પોતાના સેવ્ય પ્રભુને જ પોતાના ધર્મ,

અર્થ, કામ અને મોક્ષ તરીકે સ્વીકારીને સેવાને જ જીવન માનનારો હોય. લૌકિક આપત્તિઓમાં ક્યારેય તે ડગી ન જાય, તાપકલેશપૂર્વક પ્રભુને સર્વસમર્પણ કરી પ્રભુના પ્રસાદથી જીવન પ્રસન્નતાથી અને સ્વસ્થતાથી જીવનારો હોય. ગૃહસ્થની બધી જવાબદારીઓ બજાવવા છતાં તેનાથી નિર્લેપ રહેનારો હોય. ભક્તના જીવનનું કેન્દ્રબિંદુ ભગવદ્સેવા જ છે અને ભક્તના જીવનનો પરિઘ પણ ભગવદ્સેવામાં જ સમાયેલો છે, એવો સ્પષ્ટ વિચાર આ ગ્રંથો દ્વારા તેમણે સમજાવ્યો છે. માટે ષોડશ ગ્રંથો પૈકી કોઈપણ ગ્રંથ એવો નથી કે જેમાં ભગવદ્સેવાના સિદ્ધાંતનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઉલ્લેખ ન થયો હોય. ભગવદ્સેવા ફળ કોઈ લૌકિક કે વૈદિક પ્રાપ્તિ નથી, આ દેહ કે પર દેહથી સુખ ભોગવવામાં સેવાનું ફળ નથી. સેવાનું ફળ સદાસર્વદા સેવા જ છે. આ વાત વલ્લભાચાર્યજીએ ષોડશ ગ્રંથોના અંતિમ ભાગમાં સમજાવી છે. આમ ષોડશ ગ્રંથો શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોનો વ્યવહારિક પક્ષ છે.

શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથોને સાચા સ્વરૂપમાં સમજાવવા દરેક ગ્રંથ પર સંસ્કૃત ભાષામાં શ્રી ગુસાંઈજીથી લઈને તેમના વંશજ આચાર્યો દ્વારા તેમજ કેટલાક વિદ્વાનો દ્વારા ટીકાઓની રચના થઈ છે. આ ટીકાઓની સંખ્યા નીચે મુજબ છે.

શ્રી યમુનાષ્ટક-૪, બાલબોધ-૩, સિદ્ધાંત- મુક્તાવલી-૯, પુષ્ટિપ્રવાહ મર્યાદા-૪, સિદ્ધાંતરહસ્ય-૧૧, નવરત્ન-૫, અંતઃકરણ પ્રબોધ-૫, વિવેકધૈર્યાશ્રય-૪, કૃષ્ણાશ્રય-૬, ચતુઃશ્લોકી-૭, ભક્તિવર્ધિની-૧૪, જલભેદ-૪, પંચપદ્યાનિ-૨, સંન્યાસ નિર્ણય-૮, નિરોધલક્ષણ-૬, અને સેવાફલ-૧૪.

◆

3

ષોડશગ્રંથોમાંના કેટલાક ગ્રંથો

(સંક્ષિપ્ત વિવરણ)

(Synopsis of some Granths)

શ્રી યમુનાષ્ટક

પ્રથમ પરિક્રમા કરતાં શ્રી મહાપ્રભુજી વ્રજમાં પધાર્યા. ગોકુલમાં શ્રી યમુનાજીના કાંઠા ઉપર ઊભા રહી સારસ્વત કલ્પની લીલામાં વર્ણવેલ ગોવિંદઘાટ અને ઠકરાણીઘાટ વિશે ચિંતન કરતા હતા ત્યાં શ્રી યમુનાજીના પ્રવાહમાંથી એક અદ્‌ભુત સ્વરૂપ પ્રગટ થયું. અતિ સૌંદર્યવાન શ્યામવર્ણ, મુગટ કાછનીનો શૃંગાર ધારણ કર્યો છે. વિવિધ આભૂષણો ધર્યાં છે. હાથમાં કમલમાલા લઈ મંદ મંદ હાસ્ય કરતાં આગળ વધી રહ્યા છે. આપશ્રી અપ્રતિમ લાવણ્યનાં અનિમેષ નજરે દર્શન કરી રોમાંચ અનુભવ્યો અને આપના મુખાર્વિંદમાંથી અનાયસે સાક્ષાત શ્રી યમુનાજીની સ્તુતિ પ્રસ્ફુટિત થઈ- 'નમામિ યમુનામહં સ્ફુરદમંદ રેણુત્કટામ્...'

શ્રી વલ્લભાચાર્યજીએ રચેલા 'ષોડશગ્રંથો'માં આ પ્રથમ ગ્રંથ છે. આપે શ્રી યમુનાષ્ટકમાં શ્રી યમુનાજીના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક સ્વરૂપનું અલૌકિક વર્ણન કર્યું છે. આ સ્તોત્રના કુલ નવ શ્લોક છે. પ્રથમ આઠ શ્લોકમાં શ્રી યમુનાજીની સ્તુતિ કરી છે, જ્યારે નવમા શ્લોકમાં આ પાઠ કરવાનું ફલ બતાવ્યું છે.

શ્રી યમુનાજી ભગવાનની કૃપાશક્તિ છે. તેઓ મનુષ્યને શુદ્ધ અને લાયક બનાવી પ્રભુ પાસે લઈ જાય છે. આપણને નદીના પ્રવાહરૂપે જે પ્રત્યક્ષ દેખાય છે તે તેમનું આધિભૌતિક સ્વરૂપ છે. તેમનામાં રહેલા સામર્થ્યનો જે અનુભવ કરીએ તે તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે અને સાક્ષાત પ્રભુના ચતુર્થ પટરાણીરૂપ આપનું સ્વામિનીજી સ્વરૂપ તે શ્રી યમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ છે.

પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દ 'નમામિ' દ્વારા સૌ પહેલાં શ્રી યમુનાજીનું હર્ષપૂર્વક નમન કરી શ્રીમહાપ્રભુજી એ આ ગ્રંથની શરૂઆત કરી છે. ભગવાનમાં રહેલા આઠ પ્રકારની ઐશ્વર્ય શ્રી યમુનાજીમાં બિરાજે છે. માટે શ્રી યમુનાજીના

અસાધારણ ઐશ્વર્યનું ગુણગાન શ્રી મહાપ્રભુજીએ આઠ શ્લોક દ્વારા કર્યું છે.

શ્રી યમુનાજી પ્રત્યક્ષમાં જળસ્વરૂપે તેમ જ 'રજ' એટલે રેતી સ્વરૂપે બિરાજે છે. એવી રજ જે 'મુરારિ' એવા શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી અલૌકિક બનેલી છે. શ્રી યમુનાજીનો કિનારો લીલાંછમ વૃક્ષોથી છવાયેલો છે જેમાં અનેક સુગંધી પુષ્પોની મહેંક પ્રસરેલી છે. આમ શ્રી યમુનાજીનો સમગ્રતટ જાણે શ્રીકૃષ્ણની સુંદરતાને ધારણ કરેલો હોઈ અતિ શોભાયમાન છે. માટે શ્રી યમુનાજીનાં દર્શનથી શ્યામસુંદર શ્રીકૃષ્ણનું સહજ સમરણ થઈ આવે છે.

શ્રી યમુનાજી પરમાત્મારૂપ સૂર્યનાં પુત્રી છે. આપ ગોલોકધામમાં ભૂતલ ઉપર કલિંદ નામના પર્વત ઉપર અવતરિત થયાં છે માટે કાલિંદી કહેવાયાં છે. પર્વત ઉપર જળપ્રવાહ પડતાં જે ફીણ ઉત્પન્ન થાય છે તેથી તેઓ અતિ ઉજ્જવલ ભાસે છે, અને અતિ વેગથી તેઓ વહી રહ્યાં છે ત્યારે જાણે એક નવવધૂ પોતાના પ્રિયતમને મળવા ખૂબ જ અધીરી થઈ જઈ રહી હોય તેવો ભાસ થાય છે. જલપ્રવાહનો કલકલ નાદ તેમના નુપૂરનાં મધુર ધ્વનિ સમાન દીસે છે. શ્રી યમુનાજી શ્રી સ્વામિનીજીની પ્રિય સખી છે અને શ્રી ઠાકોરજીની પણ પ્રિયા હોવાને કારણે ભગવાન મુકુંદમાં રતિ અને પ્રીતિ વધારવાનું કાર્ય આપ કરે છે.

દૈવી જીવોનાં તન અને મન રૂપી ભુવનને પાવન કરી શ્રીકૃષ્ણની ભક્તિમાં યોજવા શ્રી યમુનાજી ભૂતલ ઉપર અવતરિત થયાં છે. શુક, મયૂર, હંસ ઈત્યાદિનાં જેઓ અંતરંગ સખી છે તેવાં શ્રી યમુનાજીનો ઉત્સવ તેના કાંઠા ઉપર કલરવ કરી મનાવી રહ્યા છે. જલપ્રવાહમાં જે તરંગો ઊઠે છે તે જાણે આપે ભૂજાઓમાં મોતી જડેલાં કંકણ ધારણ કર્યાં હોય તેવી શોભા આપી રહ્યા છે. આવા કંકણયુક્ત કરકમલને જાણે શ્રી યમુનાજી પોતાના તટ રૂપી ઉન્નત નિતંબ પર સ્થાપિત કરે છે.

ત્રણ શ્લોકમાં શ્રી યમુનાજીના સ્વરૂપનું વર્ણન કરી શ્રી મહાપ્રભુજી ચોથા શ્લોકમાં તેમના ગુણોનું વર્ણન કરે છે. શ્રી યમુનાજીમાં પણ ભગવાનના ષડગુણો ઐશ્વર્ય, વિષ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય વિદ્યમાન છે. આ છ ગુણોનું વિવિધ દૃષ્ટાંતોથી વર્ણન કરી શ્રી યમુનાજી શ્રીકૃષ્ણના સમાન ગુણધર્મોવાળા છે તે બતાવવાનું શ્રી મહાપ્રભુજીનું તાત્પર્ય છે. ચોથા શ્લોકની પ્રત્યેક પંક્તિમાં એક

એક ગુણનું પ્રતિપાદન કર્યું છે. શ્રીકૃષ્ણની માફક અનંત ગુણોથી શોભાયમાન શ્રી યમુનાજી છે તે આપના 'ઐશ્વર્ય' ધર્મનું નિરૂપણ કરે છે. તેઓની સ્તુતિ શિવ બ્રહ્માદિક દેવો પણ કરે છે તેવું સામર્થ્ય તેઓ ધરાવે છે. તે આપના 'વીય' ધર્મનું નિરૂપણ કરે છે. શ્રી યમુનાજીનું અત્યંત વિમોહક રૂપમાધુર્ય કોઈપણ જીવને તેની લૌકિક આસક્તિ છોડાવી દે તેવું છે. તે આપનો 'યશ' ધર્મનું પ્રમાણ છે. ધ્રુવ અને પરાશર જેવા તપસ્વીઓ, સાધકો પણ શ્રી યમુનાજીના અનુગ્રહથી સમૃદ્ધ થયા છે. ધ્રુવને રાજલક્ષ્મી મળી છે તો પરાશરને જ્ઞાનલક્ષ્મી મળી છે. એ આપના 'શ્રી' ધર્મનું સૂચન કરે છે. આપના 'જ્ઞાન' ધર્મનું નિરૂપણ કરે છે. ગોચારણ લીલામાં ગોપોથી અને રાસલીલામાં ગોપીજનોથી ઘેરાયેલ પ્રભુ ભક્ત સિવાય અન્યમાં વિરક્ત હોય છે. શ્રી યમુનાજીની પણ નિજભક્તોમાં જ અનુરક્તિ હોય છે. એ આપના 'વૈરાગ્ય' ધર્મનું દ્યોતક છે. અને છેલ્લે 'કૃપા જલધિ સંશ્રિત'માં કૃપા એ ભગવાનનું અને તે જ મુજબ શ્રી યમુનાજીનું પણ સ્વરૂપ લક્ષણ યાને 'ધર્મી' સ્વરૂપનું નિરુપણ શ્રી મહાપ્રભુજીએ કર્યું છે.

પાંચમા શ્લોકમાં શ્રી યમુનાજીની ગુણલીલાનું વર્ણન છે. શ્રી યમુનાજી તો સકલ સિદ્ધિઓનું દાન કરનારાં છે. પરંતુ તેમના સંગમને કારણે ગંગાજીને પણ ભગવાનનું પ્રિયત્વ પ્રાપ્ત થયું છે અને એટલે તેઓ પણ સકલ સિદ્ધિઓની પ્રાપ્તિ કરાવે છે. શ્રી લક્ષ્મીજી પણ ભગવાનનાં પત્ની હોવાથી શ્રી યમુનાજી સમાન સૌભાગ્યવાળાં હોઈ શકે, પરંતુ શ્રી યમુનાજી તો નિર્ગુણ સ્વરૂપા છે અને તેમનો સંબંધ પુષ્ટિ લીલા આપે છે.

શ્રી યમુનાજીનું ચરિત્ર અતિ અદ્‌ભુત છે, કારણ કે તેમના જળનું પયપાન કરનારને યમનો ડર રહેતો નથી. યમરાજાની શ્રી યમુનાજી ભગિની થાય: માટે શ્રી યમુનાજીનું પયપાન કરતાં જીવનો આપની સાથે માતાપુત્રનો સંબંધ થાય છે. તેથી ભાણેજને યમનો ડર કેમ હોઈ શકે? શ્રી યમુનાજીનું મહાત્મ્ય માત્ર એટલું નથી કે એ દુષ્ટ જીવને પણ યમ યાતનામાંથી છોડાવે, પરંતુ તેને ભગવાનનો પ્રિય પણ બનાવે છે. શ્રી યમુનાજી સાથે સંબંધ થવાથી દુષ્ટ જીવ પણ ભગવાનના અનુગ્રહને પાત્ર બને છે તેવું શ્રી યમુનાજીનું અદ્‌ભુત ચરિત્ર છે.

શ્રી યમુનાજીની કૃપાથી જ જો જીવને તેમનું સાંનિધ્ય સાંપડે તો તેને

તનુતવંત્વ એટલે કે સેવામાં ઉપયોગી એવો દેહ પ્રાપ્ત થાય છે. એવા સેવોપયોગી દેહના કારણે જીવને દુર્લભ એવી ભગવદ્ રતિ સુલભ બને છે. અર્થાત્ ભગવાનમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. 'મુર'નો નાશ કરનાર શ્રી મુકુંદ ભગવાનના પ્રિય એવા શ્રી યમુનાજી મુક્તિદાતા બને છે. શ્રી યમુનાજીના સંગમને કારણે ગંગાજીનું કીર્તિગાન પુષ્ટિભક્તો કરે છે. સ્વતંત્રરૂપે નહીં, કારણ ગંગાજી વિંભૂતિરૂપ છે, જ્યારે શ્રી યમુનાજી તો મુકુંદપ્રિયા છે.

ભગવાન સહિત લક્ષ્મીજીની પૂજા કરવામાં આવે તો વધુમાં વધુ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. (જે કેવળ લક્ષ્મીજીની સ્વતંત્ર સ્તુતિથી સંભવ નથી) પરંતુ શ્રી યમુનાજી શ્રી લક્ષ્મીજીના સમાન સૌભાગ્ય પ્રાપ્ત હોવા છતાં ભગવાનને અધિક પ્રિય છે. રાસલીલા દરમિયાન ગોપીજનોના સંગમથી ભગવાન રસેશ્વરના અંગઅંગમાંથી પ્રકટ થતાં સ્મરશ્રમનાં જલબિંદુઓ સાથે શ્રી યમુનાજીનો સંગમ થયેલો છે. આ સ્મરશ્રમ એ ભગવાનમાંથી પ્રકટ થયેલો આનંદ રસ છે જેનો શ્રી યમુનાજીમાં સંગમ થયેલ હોઈ તે અલૌકિક છે અને એટલે જીવ માત્રને ભગવદ્ સુખ આપનારું શ્રી યમુનાજીનું જળ છે.

આ સ્તોત્રમાં આમ આઠ શ્લોકમાંથી શ્રી યમુનાજીના સ્વરૂપ ગુણોના વર્ણન સાથે સ્તુતિ કરતાં અંતમાં શ્રી મહાપ્રભુજી છેલ્લા શ્લોકમાં આ સ્તોત્રના પાઠની ફલશ્રુતિ બતાવે છે.

શ્રી યમુનાજી સર્વ પ્રકારની સિદ્ધિઓનું દાન કરનારા, ભગવાન પ્રત્યે પ્રેમમાં વધારો કરનારા, પ્રભુ પ્રાપ્તિમાં નડતા પ્રતિબંધોને દૂર કરનારા, ભગવાન જેવા ગુણો ધરાવતાં હોવાથી ભક્તો ઉપર કૃપા વરસાવનારા, જીવોના દોષોને દૂર કરનારા, ભગવદ્સેવામાં ઉપયોગી નૂતન દેહ પ્રાપ્ત કરાવનારા અને સાક્ષાત પ્રભુના આનંદનો અનુભવ કરાવનારા છે.

શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રી યમુનાષ્ટકનો પાઠ કરવાથી પાંચ અલૌકિક ફળની પ્રાપ્તિ થાય છે.

૧.) આપણા મનમાં, બુદ્ધિમાં અને ઇન્દ્રિયોમાં રહેલા સર્વ દોષો નાશ પામે છે.

૨.) શ્રીકૃષ્ણ પ્રભુમાં આપણો પ્રેમ જાગે છે.

૩.) આપણને ભગવાનનાં સેવા - સ્મરણમાં રસ પડે છે.

૪.) શ્રી યમુનાજી દ્વારા શ્રી ઠાકોરજીની પ્રસન્નતા પ્રાપ્ત થવાથી અલૌકિક આનંદની પ્રાપ્તિ થાય છે. અને (૫) આપણે આપણા સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ.

માટે શ્રી યમુનાષ્ટકનો પાઠ નિત્ય પ્રસન્નતાપૂર્વક કરવો જોઈએ તેમ જ શ્રી વલ્લભનાં આ વચનોમાં પૂર્ણ શ્રદ્ધા રાખીને કરવો જોઈએ.

બાલબોધ

ષોડશ ગ્રંથની શરૂઆત શ્રી યમુનાષ્ટકથી થઈ જે સ્તુતિ ગ્રંથ છે. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કૃપા શક્તિ શ્રી યમુનાજીથી થાય. માટે પ્રથમ ગ્રંથ શ્રી યમુનાષ્ટકનો છે. એ પુષ્ટિભક્તિનું પ્રવેશદ્વાર છે.

શ્રી યમુનાષ્ટક દ્વારા આપણે પ્રવેશ તો મેળવ્યો પરંતુ આપણે જ્યાં પહોંચવું છે તેના અનેક માર્ગો છે. આપણે કયા માર્ગે આગળ વધવું તે નક્કી કરવા માટે તે પ્રત્યેક માર્ગનો પરિચય કેળવવો આવશ્યક છે. જેથી જે માર્ગ આપણે અપનાવવો છે તે શ્રેષ્ઠતમ છે તેની ખાત્રી થાય. આપણી દુવિધાઓને ટાળવા અને શાસ્ત્રોની સમજણ આપવા શ્રી વલ્લભાચાર્યજીએ **'બાલબોધ'** ગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથની રચના શ્રી મહાપ્રભુજીએ 'પુષ્કર' નામના પવિત્ર તીર્થસ્થળમાં કરી છે. પ્રથમ ભારતયાત્રા દરમિયાન વિ.સં. ૧૫૫૦માં માત્ર પંદર વર્ષની વયે તેઓ અહીં પધાર્યા અને સાત દિવસ બિરાજી તેમણે શ્રી ભાગવતજીનું પારાયણ કર્યું અને અહીં 'બાલબોધ' ગ્રંથ રચી સર્વ મોક્ષ શાસ્ત્રનો સાર આપ્યો.

અંબાલામાં નારાયણદાસ કાયસ્થ રહે. જુવાનીમાં જુગારની લતે ચઢી ગયેલા. હારી જતાં દેવું ન ચૂકવી શકવાથી રાતોરાત ગામ છોડી દક્ષિણ ભારતમાં જઈ આજીવિકા માટે એક નિશાળ શરૂ કરી છોકરાઓને ભણાવવા લાગ્યા. ક્યારેક છોકરાઓને નિર્દયતાથી મારે.

ભારતયાત્રા દરમિયાન શ્રી મહાપ્રભુજી તે ગામમાં પધાર્યા. તેમના સેવક કૃષ્ણદાસ મેઘન. આવશ્યક ખરીદી કરવા બજારમાં નીકળ્યા ત્યારે નારાયણદાસની નિશાળ આગળથી પસાર થતાં તેમને એક નાના વિદ્યાર્થીને ઢોર માર મારતાં જોયા. કૃષ્ણદાસે જઈ તેમને તેમ કરતાં રોક્યા છતાં તે માન્યા નહીં. બાળક મારને કારણે બેભાન થઈ ગયું એટલે નારાયણદાસ ગભરાયા. તેઓએ તુરંત

કૃષ્ણદાસ મેઘન પાસે આવી પોતાના કૃત્ય વિશે કહી, પોતાને થતાં પસ્તાવાની વાત કરી. કૃષ્ણદાસ તેમને પોતાના ગુરુ શ્રી વલ્લભાચાર્યજી પાસે લઈ આવ્યા. નારાયણદાસે પોતાને બચાવી લેવા તેમને વિનંતી કરી, ફરી આવું કૃત્ય ન કરવાની ખાત્રી આંપી.

શ્રી વલ્લભ ભગવાનની કૃપાથી તે બાળક જીવી ગયો અને નારાયણદાસનું સંકટ ટળ્યું. તેઓ શ્રી વલ્લભાચાર્યજીના સેવક થઈ તેમની સાથે યાત્રામાં જોડાયા.

જ્યારે શ્રી વલ્લભાચાર્યજી દ્વારકા પધાર્યા ત્યારે તેમણે નારાયણદાસને પોતાના ઘરે પાછા જવા આજ્ઞા કરી. તેમણે શ્રી મહાપ્રભુજીને વિનંતી કરી કે 'હજી મારું મન સ્થિર થયું નથી. મારે કયા માર્ગે જવું તે હજુ હું નક્કી કરી શક્યો નથી. આપને છોડતાં હું અન્યત્ર ભટકી જઈશ.' શ્રી વલ્લભાચાર્યજીએ ત્યારે નારાયણદાસને 'બાલબોધ' ગ્રંથ રચી તે સમજાવ્યો અને આજ્ઞા કરી કહ્યું, 'આ ગ્રંથના નિત્ય પાઠથી તમારું મન બીજે ભટકશે નહીં અને પુષ્ટિમાર્ગમાં સ્થિર થશે.'

આમ 'બાલબોધ' ગ્રંથના નિર્માણનું નિમિત્ત નારાયણદાસ કાયસ્થ બન્યા.

'બાલબોધ' ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી વેદ આદિ સર્વ ગ્રંથોના સારરૂપ મોક્ષ પુરુષાર્થને સમજાવે છે. જીવાત્મા ભગવાનના અક્ષર બ્રહ્મમાંથી છૂટો પડી જન્મમરણનાં ચક્કરમાં અટવાય છે. શાસ્ત્રોમાં બતાવેલ માર્ગો પર ચાલી પુનઃ તે જ્યારે અક્ષરબ્રહ્મમાં લીન થઈ જાય છે તેને 'મોક્ષ' એટલે કે 'મુક્તિ' કહેવાય છે. આ મોક્ષ વિચાર શાસ્ત્રોએ આપેલો છે. શ્રી વલ્લભાચાર્યજી આ ગ્રંથમાં એમ સૂચવે છે કે પ્રથમ મોક્ષનો શાસ્ત્ર વિચાર જાણી લેવાથી તેની પ્રાપ્તિની કઠિનાઈ અને જટીલતા સમજાશે અને તે કારણે પુષ્ટિમાર્ગીયમાંથી જે ઉત્તમોત્તમ છે તે કેટલો સરળ અને સરસ છે તે સ્પષ્ટ થતાં મનમાં ઠસી જશે અને આપણું મન પુષ્ટિભક્તિને છોડી કર્મ જ્ઞાન, યોગ, પૂજા, ઉપાસના ઇત્યાદિ અન્ય શાસ્ત્રીય માર્ગોમાં અટવાશે નહીં. આપણો ભાવ પુષ્ટિમાર્ગમાં સ્થિર અને દૃઢ થશે. આ ગ્રંથનો આ હેતુ રહેલો છે.

શ્રી વલ્લભાચાર્યજીએ બાલબોધ ગ્રંથમાં હિન્દુધર્મના વેદ ઇત્યાદિ સર્વ ધર્મગ્રંથોનું વર્ગીકરણ કર્યું છે. આપે બે વિભાગોમાં તેને વહેંચ્યા છે- (૧) ઈશ્વર વિચારિત શાસ્ત્રી - વેદ અને (૨) જીવ વિચારિત શાસ્ત્રો જે ઋષિઓ દ્વારા રચાયેલ ગ્રંથો-ષડદર્શન, સ્મૃતિ, પુરાણ ઇત્યાદિ છે. આ લૌકિક ગ્રંથો છે. જ્યારે

વેદ- અપૌરેખેય હોઈ અલૌકિક ગ્રંથ છે.

આ ગ્રંથો મનુષ્યજીવનના પથપ્રદર્શક છે. તેમાં માનવજીવનના પુરુષાર્થો સમજાવવામાં આવ્યા છે. મનુષ્ય હંમેશાં દુ:ખની નિવૃત્તિ અને સુખનો અનુભવ કરવા ઈચ્છા ધરાવે છે. આ બે પુરુષાર્થો સિદ્ધ કરવા તે જીવનભર મથે છે. તે માટે તેના બે પ્રયત્નો રહે છે- એક પૈસાની પ્રાપ્તિ એટલે કે ‘અર્થ’ પુરુષાર્થ અને ભોગ ભોગવવાની ઈચ્છા- એટલે ‘કામ’ પુરુષાર્થ. આ બન્ને પુરુષાર્થોનો લાભ કાયમ ટકતો નથી અને એટલે તેનાથી હંમેશાં માટે દુ:ખની નિવૃત્તિ થતી નથી અથવા કાયમનું સુખ પ્રાપ્ત થતું નથી, તેથી આ બે લૌકિક પુરુષાર્થો છે જેને શાસ્ત્રોમાં ‘પ્રેય’ કહેવામાં આવ્યા છે.

મનુષ્યને શાશ્વત સુખ આપી શકે તેવા બે અન્ય પુરુષાર્થો શાસ્ત્રોએ બતાવ્યા છે, જેનાંથી સર્વ દુ:ખોની કાયમી નિવૃત્તિ થઈ જાય છે. તે છે (૧) ધર્મ અને (૨) મોક્ષ. આ બન્ને પુરુષાર્થીથી કાયમી લાભ થાય છે જેને ‘શ્રેય’ કહેવામાં આવે છે.

આમ મનુષ્યે પ્રેય અને શ્રેય એ બન્ને પ્રાપ્ત કરવા ચાર પુરુષાર્થો સિદ્ધ કરવા જરૂરી છે. તેમની સાધનાનો શાસ્ત્રોએ એક વ્યવસ્થિત ક્રમ આપ્યો છે.- ધર્મ- અર્થ- કામ અને મોક્ષ જે પરસ્પર એકબીજાથી જોડાયેલ છે.

શ્રી વલ્લભાચાર્યજીએ સમજાવ્યું છે કે જો આપણે મોક્ષ, પુરુષાર્થને સારી રીતે સમજી આત્મસાત કરીએ તો પછી ધર્મ-અર્થ અને કામને અલગ સમજવાની જરૂર રહેતી નથી. બાલબોધ ગ્રંથમાં તેમણે મોક્ષપ્રાપ્તિના કુલ ચાર માર્ગો બતાવ્યા છે જે શાસ્ત્રીય હોવાથી મર્યાદા માર્ગીય છે, પરંતુ તેની સમજ આપણને પુષ્ટિજીવન જીવવામાં ઉપયોગી નીવડે છે.

શાસ્ત્રોએ કરેલો મોક્ષનો વિચાર


મોક્ષ
(૧) ઈશ્વર વિચારિત
વેદ મુજબ
જીવ વિચારિત
શાસ્ત્રો મુજબ
સાંખ્ય શાસ્ત્ર
યોગ શાસ્ત્ર
વિષ્ણુ શાસ્ત્ર
શિવ શાસ્ત્ર
સ્વ પ્રયત્નથી મળે
અન્ય દ્વારા મળે
(૨) ત્યાગ
દ્વારા
(૩) અત્યાગ
દ્વારા
(૪) વિષ્ણુભક્તિથી
મળે
(૫) શિવભક્તિથી
મળે

આમ, મોક્ષ મેળવવાના કુલ પાંચ માર્ગો છે જે ‘બાલબોધ’ ગ્રંથમાં સમજાવવામાં આવ્યા છે.

બાલબોધ ગ્રંથમાં કુલ ૧૯ ૧/૨ શ્લોકો છે, જેમાં પહેલો શ્લોક મંગલાચરણનો છે જ્યારે છેલ્લો અડધો શ્લોક ઉપસંહારનો છે. બાકીના ૧૮ શ્લોકોની સંગતિ ગીતાનાં ૧૮ અધ્યાય, ૧૮ પુરાણો, ૧૮ સ્મૃતિઓ અથવા શ્રી ભાગવતજીના ૧૮૦૦ શ્લોકોથી છે. અર્થાત્ આ સર્વનો સાર શ્રી વલ્લભાચાર્યજીએ આ ગ્રંથમાં કહ્યો છે.

પ્રથમ શ્લોકમાં મંગલાચરણ કરતાં વલ્લભાચાર્યજી કહે છે કે સદા આનંદ આપનારા શ્રી હરિને હું નમન કરું છું. સદાનંદ એટલે ‘ભગવાન શ્રીકૃષ્ણ’ અને બધાં દુ:ખોને હરનારા એ ‘શ્રી હરિ’. આમ આ બન્ને શબ્દો સારગર્ભિત છે. તેઓ કહે છે કે આ ગ્રંથમાં શાસ્ત્રો આધારિત જે સિદ્ધાંતો છે તે સર્વનું-

બાળકો એટલે કે અજ્ઞાનીજનોના લાભાર્થે આ ગ્રંથમાં હું કહી રહ્યો છું. એક વાત યાદ રાખવા જેવી છે કે અહીં શ્રી વલ્લભાચાર્યજી સ્વસિદ્ધાંત નથી સમજાવી રહ્યા પરંતુ જે સાધના પદ્ધતિ શાસ્ત્રોમાં બતાવવામાં આવી છે તેનું તેમણે આ ગ્રંથમાં નિરુપણ કર્યું છે. પુષ્ટિભક્તિનો સ્વસિદ્ધાંત તો તેમણે 'સિદ્ધાંત-મુક્તાવલિ' નામના ગ્રંથમાં સમજાવ્યો છે.

બીજા શ્લોકમાં તેઓ લોકો પુરુષાર્થ માટે પ્રયત્નશીલ છે અને જેમને મન છે, બુદ્ધિ છે, વિચારવાની શક્તિ છે અને તે મન-બુદ્ધિ વગેરેનો ઉપયોગ કરવાની ક્ષમતા છે તેવા મનીષીના ઉત્કર્ષ માટેના ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે તે બતાવે છે. અહીં ધર્મ એટલે વેદાજ્ઞા મુજબનું આચરણ, અર્થ એટલે દ્રવ્ય, જમીન, વસ્ત્ર- અલંકાર ઇત્યાદિ, કામ એટલે વિષયભોગો ભોગવવાની ઇચ્છા તેમજ પ્રયત્નો અને મોક્ષ એટલે માયાની નિવૃત્તિ થતાં દેહાધ્યાસ- શરીરસુખ માટે મથતું, ઇન્દ્રિયાધ્યાસ- ઇન્દ્રિયોને મુખ્ય માની તેમના ભોગ ભોગવવા, પ્રાણાધ્યાસ એટલે શરીરના પાંચ પ્રાણને મુખ્ય માની તેમના માટે પ્રયત્નશીલ રહેવું, અંતઃકરણાધ્યાસ એમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને વશ થઈ આત્માને ગૌણ માનવો, તેમજ સ્વરૂપ વિસ્મૃતિ એટલે પોતાની આત્માના સાચા સ્વરૂપને ન જાણવું- આ પાંચ અવિધા દૂર થતાં જીવાત્માનું પુનઃ અક્ષરબ્રહ્મમાં લીન થઈ જવું.

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે આ મોક્ષ વિચાર કયાં શાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે. વેદ એ ઈશ્વરવાણી છે. એટલે કે વેદનો વિચાર એ ઈશ્વરનો વિચાર છે, જે શુદ્ધ અને સનાતન સત્ય છે. વેદમાં પ્રતિપાદિત કરવામાં આવેલ મોક્ષ વિચાર અલૌકિક છે, જ્યારે અનેક ઋષિ- મુનિઓએ વેદના જે પ્રકારે અર્થ પોતે સમજીને કર્યા અને તેના દ્વારા વિવિધ શાસ્ત્રો રચાયાં તેમાં વ્યક્ત થયેલ વિચારો તે જીવ-વિચારો છે. આમ બન્ને વિચારોમાં તત્ત્વતઃ ભેદ છે. વેદોમાં કહેલો પુરુષાર્થ પરમ જ્ઞાની પરમાત્માનો વિચાર છે, જેમાં પુરુષાર્થ પ્રાપ્તિ માટેના સાધ્ય એટલે કે કર્મો અને તે સિદ્ધ કરવાનાં સાધનો બતાવેલ છે, જેમ કે ધર્માચરણ માટે યજ્ઞ કરવા, ઇત્યાદિ સમર્થ ઋષિઓએ પોતપોતાની સ્મૃતિઓમાં પુરુષાર્થનો વિચાર બતાવ્યો છે તે જીવ વિસ્તાર હોવાથી લૌકિક છે.

આમ શ્રી વલ્લભાચાર્યજીએ મોક્ષ સંબંધી બે માર્ગો બતાવ્યા- વેદમાર્ગ-ઈશ્વરમાર્ગ અને સ્મૃતિમાર્ગ- જીવમાર્ગ.

આ પછી તેઓ સમજાવે છે કે વેદ સ્વયં પ્રમાણરૂપ હોઈ તેના સિદ્ધાંતોના સાતત્યને પુરવાર કરવાની આવશ્યકતા રહેતી નથી, પરંતુ જીવ વિચારિત એટલે કે ઋષિમુનિઓ દ્વારા પુરુષાર્થીના જે વિચારો વ્યક્ત થયા છે તે લૌકિક હોઈ પ્રમાણોને આધીન છે. માટે તે વિશે તેઓ વિસ્તારપૂર્વક સમજાવે છે. તેમાં પણ ધર્મશાસ્ત્રોથી ધર્મ પુરુષાર્થ, નીતિશાસ્ત્રોથી અર્થ પુરુષાર્થ અને કામશાસ્ત્રોથી કામ પુરુષાર્થ સિદ્ધ કરી શકાય છે. આ ત્રણેય પુરુષાર્થ સાધનરૂપ હોઈ તે સિદ્ધ કરવામાં પુષ્કળ શ્રમ કરવો પડે છે. જ્યારે તે સર્વના ફળરૂપ મોક્ષ પુરુષાર્થ છે માટે આગળ તેઓ મોક્ષ પુરુષાર્થનું વિસ્તારપૂર્વક નિરૂપણ કર્યું છે.

ઋષિઓ દ્વારા બતાવાયેલો મોક્ષ બે પ્રકારનો હોય છે. એક સ્વતઃ મોક્ષ જેને મનુષ્ય સ્વયંના પ્રયત્નોથી પ્રાપ્ત કરી શકે- આ માટેનાં બે શાસ્ત્રો મુખ્ય છે- (૧) સાંખ્ય શાસ્ત્ર અને (૨) યોગ શાસ્ત્ર.

બીજુ પરતઃ મોક્ષ જે બીજા દ્વારા મળે તે. આ મોક્ષનું માર્ગદર્શન આપનારાં બે મુખ્ય શાસ્ત્રો છે (૧) વિષ્ણુ વિષયક પુરાણો અને (૨) શિવ વિષયક પુરાણો.

ઉપરોક્ત બન્ને પ્રકારના મોક્ષના પણ બબ્બે પ્રકાર છે. (૧) ત્યાગ દ્વારા મોક્ષ જેનું નિરૂપણ સાંખ્ય શાસ્ત્રમાં છે. જ્યારે (૨) અત્યાગ દ્વારા મોક્ષ જેનું નિરૂપણ યોગ શાસ્ત્રમાં છે.

સાંખ્ય શાસ્ત્ર ઘણું પ્રાચીન છે. જેના સૌપ્રથમ પ્રવર્તક કપિલ મુનિ હતા. આ શાસ્ત્રના બે વિભાગો છે. (૧) સેશ્વર સાંખ્ય જેને 'યોગ' પણ કહે છે અને (૨) નિરીશ્વર સાંખ્ય જે રૂઢિ પર આધારિત છે.

આ જગતમાં ત્રણ પ્રકારના દુઃખો છે- (૧) આધ્યાત્મિક, (૨) આધિદૈવિક અને (૩) આધિભૌતિક. શારીરિક તેમજ માનસિક તકલીફો તે આધ્યાત્મિક દુઃખના પ્રકાર છે. જ્યારે ભૂત-પ્રેતાદિના કારણે ઉત્પન્ન થતાં દુઃખ આધિદૈવિક છે. અન્ય મનુષ્યો કે પશુ-પક્ષીથી ઉદ્‌ભવતાં દુઃખોને આધિભૌતિક દુઃખ કહેવાય છે. આ ત્રણે પ્રકારનાં દુઃખોનો ત્યાગ કરવો આવશ્યક છે. આપણા અંતઃકરણમાં 'આ હું કરું છું' એટલે કે અહંતા અને 'આ મારું છે' - મમતા રહેલાં છે. આ બન્ને નાશ પામતાં જીવાત્મા અહંકાર વિનાનો થાય છે અને તે આત્મજ્ઞાનમાં સ્થિતિ કરનારો બની મુક્ત થાય છે.

બીજો યોગ માર્ગ છે. તેમાં મન વડે નિશ્ચયપૂર્વક ત્યાગ કરવો પડે છે.

આમાં યોગના યમ-નિયમ ઇત્યાદિ સાધનોનો ઉપયોગ આવશ્યક છે જેના દ્વારા યોગ સિદ્ધ તથા જીવની મુક્તિ થાય છે. આમ **સ્વતઃ મોક્ષના** પ્રકાર કહ્યા છે.

પરતઃ મોક્ષના બે પ્રકાર કહ્યા છે. (૧) વિષ્ણુ દ્વારા મળતો મોક્ષ અને (૨) શિવ દ્વારા મળતો મોક્ષ. વલ્લભાચાર્યજી કહે છે, બ્રહ્માજી આ સૃષ્ટિના સર્જક હોવાથી મોક્ષ આપતાં નથી. વિષ્ણુ રક્ષા કરે છે અને શિવ નાશ કરે છે. તે બન્નેનાં પોતપોતાનાં શાસ્ત્રો છે. શ્રી શિવનું 'પાશુપત' અને વિષ્ણુનું 'નારદ પાંચ રાત્ર'. શ્રી લૌકિકમાં માલિકને જે પોતાને પ્રિય હોય અને પોતે જે ભોગવે તે બીજાને આપે નહીં તેમ શિવ અને વિષ્ણુ બન્ને ભોગ અને મોક્ષરૂપી ફળ આપવા માટે સમર્થ હોવા છતાં શિવ દ્વારા ભોગ સહેલાઈથી મળે છે અને વિષ્ણુ દ્વારા મોક્ષ સહેલાઈથી મળે છે. કારણ કે શિવને ભોગ અપ્રિય છે, જે તે તેના ભક્તને સહેલાઈથી આપે છે, જ્યારે વિષ્ણુને ભોગ પ્રિય હોઈ તે તેના ભક્તને મોક્ષ સહેલાઈથી આપે છે. આમ ભોગની ઇચ્છાવાળાએ શિવની ઉપાસના કરવી જોઈએ જ્યારે મોક્ષની અપેક્ષા રાખનારે વિષ્ણુની ઉપાસના કરવી આવશ્યક છે.

શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે જીવ માત્ર સ્વભાવથી દોષવાળો છે. જીવાત્માના લિંગ દેહમાં જન્માંતરોથી સવિદ્યા, કાળ અને કર્મ ઉત્પન્ન થતાં રહેવાથી તેમાં અનેક વાસનાઓ જન્મે છે જેનાથી તે દોષવાળો બને છે. મોક્ષ માટે જીવ નિર્દોષ સ્વભાવવાળો હોવો જોઈએ. જેને માટે તેઓ આજ્ઞા કરે છે કે જીવે 'શ્રવણાદિ' સાધનો કરવાં જોઈએ. નવધા ભક્તિ દ્વારા જીવના સર્વ દોષો દૂર થાય છે.

વલ્લભાચાર્યજી સમજાવે છે કે નવધા ભક્તિથી મનુષ્યને તેના ઇષ્ટદેવમાં પ્રેમ જાગે છે અને ભગવાનમાં સ્નેહ થતાં તેના આલોક અને પરલોક સંબંધી બધાં કાર્ય સિદ્ધ થાય છે.

ભક્તિ માર્ગમાં પહેલું પગથિયું શરણાગતિ છે અને બીજું સમર્પણનું. જીવ જ્યારે પોતાની માની લીધેલી સર્વ વસ્તુઓ- પોતાના આત્માસહિત જ્યારે પ્રભુને સમર્પણ કરે છે ત્યારે તેનામાં નિશ્ચિતપણે **'તદીયતા'** એટલે કે **'ભગવદીયતા'** ઉત્પન્ન થાય છે. આ સર્વ સમર્પણ એ જ આત્મનિવેદનનો પ્રકાર છે, જેને આપણે **'બ્રહ્મસંબંધ'** કહીએ છીએ. જ્યારે આપણે આત્મસમર્પણ કરીએ ત્યારે આપણી સત્તા કશામાં રહેતી નથી. આપણાં પદાર્થો- કાર્યો અને

સંપૂર્ણ જીવન પ્રભુ માટે જ બની જાય છે અને ત્યારે જ તદીયતા દઢ થાય છે. આ પ્રકારની તદીયતા એ જ વાસ્તવમાં પુષ્ટિમાર્ગનો મોક્ષ છે.

શ્રી વલ્લભાચાર્યજી આગળ સમજાવે છે કે કદાચ જો આ પ્રકારે સર્વ સમર્પણ પ્રભુને ન થાય અને તેને લીધે તદીયતા સિદ્ધ ન થાય તો પણ ભદવદાપ્રયત્ન છોડવો જ ન જોઈએ. ભગવદાશ્રયથી પણ જીવની ઉત્તમ ગતિ તો અવશ્ય થાય જ છે.

ઉપસંહાર કરતાં તેઓ કહે છે કે **'તદાશ્રય'** એટલે કે શરણાગતિ અને તદીયતા- ભગવદીયતાને જાણવા અને આચરવા માટે પોતાના વર્ણાશ્રય ધર્મનું પાલન કરવું અને સ્વગુરુ શરણાગતિ સ્વીકારી તેમની આજ્ઞાનું પાલન કરવું અતિ આવશ્યક છે.

ઉપનિષદનો ઉપદેશ છે કે ''જે આચાર્યની પાસે જાય છે તે ભગવદ્ જ્ઞાન પામે છે, બીજો પામતો નથી.' માટે ગુરુ આજ્ઞાનું પાલન અનિવાર્ય છે. આ પ્રમાણે ગુરુની શરણાગતિ સ્વીકારી, વર્ણાશ્રય ધર્મનું પાલન કરતાં, શ્રવણાદિ સાધનોથી ભગવદ્ આશ્રય કરવાથી તદીયતા- ભગવદીયતા અવશ્ય સિદ્ધ થઈ શકે છે.

શ્રી વલ્લભાચાર્યજી અંતમાં સમજાવે છે કે જો આમ ન કરવામાં આવે તો જીવની બધી સાધના નિષ્ફળ જાય અને વિરુદ્ધ આચરણ કરવાના પાપનો ભાગી તેને બનવું પડે છે.

પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ

જગતના બધા જીવો પ્રભુના અંશ છે અને પ્રભુ સૌના અંશ છે. જીવ ભગવાનનો અંશ હોવાથી તે ભગવાનનો દાસ છે. ભગવાન જીવના સ્વામી છે. જીવ ભગવાનમાંથી પ્રગટ થયો છે એટલે તેનામાં સદંશ અને ચિદંશ છે; પરંતુ ભગવાનનો આનંદાંશ તિરોહિત થયેલો છે. તેનામાં જે નથી, એ આનંદ મેળવવા માટે જ જીવ જગતમાં પ્રવૃત્તિઓ કરે છે, છતાં તેને સાચો આનંદ જગતમાંથી મળતો નથી. માટે જ શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે જેનામાં સાચો આનંદ છે એવા પ્રભુને મેળવવાથી જ સાચા આનંદનો અનુભવ થઈ શકે. આમ હોવા છતાં ભગવાનને મેળવવાના પ્રયત્ન સૌકોઈ વિચારતા નથી કે કરતા નથી. શ્રી વલ્લભાચાર્યજીએ પ્રગટ કરેલા બધા જીવો પુષ્ટિમાર્ગ-

સેવામાર્ગને અપનાવતા નથી. વેદાદિ શાસ્ત્રોમાં બતાવેલ કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગમાં પણ સૌ કોઈની રુચિ થતી નથી. આવું શા માટે? આ એક મનને મૂંઝવનારો પ્રશ્ન છે.

શ્રી વલ્લભાચાર્યજીએ આ પ્રશ્નનો ઉકેલ બતાવવા ષોડશ ગ્રંથો પૈકીનો ચોથો ગ્રંથ 'પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ' રચ્યો છે જેને સમજતાં, ઉપરોક્ત મૂંઝવણ દૂર થઈ શકે છે. આ ગ્રંથ વાંચતાં એ વાત સ્પષ્ટ થાય છે કે પુષ્ટિમાર્ગ દુનિયાના બધા જ જીવો માટે આચરી શકાય તેવો સામાન્ય માર્ગ નથી અને તે અર્થમાં તે 'વિશ્વધર્મ' બની શકે નહીં. આ ગ્રંથમાં તેઓએ ગીતાના સિદ્ધાંતોને પોતાની વિશિષ્ટ શૈલીમાં સમજાવ્યું છે કે શા માટે દુનિયાના બધા જીવો એક જ ધર્મનું પાલન કરી શકતા નથી અથવા કરવા ઈચ્છતા નથી. દુનિયામાં આટલા બધા ધર્મો અને સંપ્રદાયો હોવાનું કારણ જુદા જુદા પ્રકારના જીવોનો સ્વભાવ અને શક્તિના કારણે ધર્મોની વિભિન્નતા પ્રગટ થયેલી છે.

આ ગ્રંથ કોને માટે અને ક્યારે રચાયો તે વિશે ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી. તદુપરાંત એવું પણ સ્પષ્ટ થાય છે કે તે આજે સંપૂર્ણ સ્વરૂપમાં પ્રાપ્ત નથી, તે અધૂરો હોય તેમ જણાય છે, તેમ છતાં તેના અભ્યાસથી આપણે જગતના જીવોનું વર્ગીકરણ સમજી શકીએ.

શ્રી વલ્લભાચાર્યજી આ ગ્રંથમાં સમજાવે છે કે બધા જ જીવો ભગવાનમાંથી વિખૂટા પડ્યા હોવા છતાં તે બધાં જ તેમના સ્વરૂપમાંથી, એક જ સાથેની પ્રગટ થયેલા નથી. તેઓ આપણને સમજાવે છે કે જીવોના મુખ્યતઃ ત્રણ વિભાગ બતાવ્યા છે. જે છે પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી. પુષ્ટિ જીવો પ્રભુના શ્રીઅંગમાંથી પ્રગટ થયા છે, જ્યારે મર્યાદા જીવો અને પ્રવાહ જીવો અનુક્રમે ભગવાનની વાણીમાંથી અને મનમાંથી પ્રગટ થયેલા છે. આમ જીવના પ્રાગટ્યનો ભેદ હોવાથી તેમના સ્વરૂપનો પણ ભેદ છે. તેના કારણે પ્રભુને પ્રાપ્ત કરવા માટેનાં તેમના સાધનો અને તેમના માર્ગો પણ જુદાં છે; તેમ જ તેમને પ્રાપ્ત થતાં ફળ પણ જુદાં જુદાં છે. શ્રી વલ્લભાચાર્યજીએ જગતમાં રહેલા જીવોનું વર્ગીકરણ આ ગ્રંથમાં કર્યું છે. આ ગ્રંથમાં કોઈ ચોક્કસ વર્ગીકરણ સ્પષ્ટ ન થતું હોવા છતાં તેની ત્રણ પ્રકારની સંભાવનાઓ નીચે પ્રમાણે વિચારી શકાય છે.

પહેલું સંભાવિત વર્ગીકરણ


જીવ
દૈવી
આસુરી
માર્ગાધિકૃત
ચર્ષણી
ચર્ષણી
માર્ગાધિકૃત
પુષ્ટિ
મર્યાદા
અજ્ઞ
દુર્જ્ઞ
શુદ્ધ
મિશ્ર
પુષ્ટિ
પ્રવાહ
મર્યાદા
પુષ્ટિ
પ્રવાહ
મર્યાદા

બીજું સંભાવિત વર્ગીકરણ


જીવ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
શુદ્ધ
મિશ્ર
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ

ત્રીજું સંભાવિત વર્ગીકરણ


જીવ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
શુદ્ધ
મિશ્ર
શુદ્ધ
મિશ્ર
શુદ્ધ
મિશ્ર
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ

આમ સામાન્યતઃ જીવોને દશ પ્રકારમાં વિભાજિત કરી શકાય- (૧) શુદ્ધ પુષ્ટિ ઉપરાંત (૨) પુષ્ટિ-પુષ્ટિ, (૩) પુષ્ટિ મર્યાદા, (૪) પુષ્ટિ-પ્રવાહ, (૫) મર્યાદા-પુષ્ટિ, (૬) મર્યાદા-મર્યાદા, (૭) મર્યાદા-પ્રવાહ, (૮) પ્રવાહ-પુષ્ટિ, (૯) પ્રવાહ-મર્યાદા, (૧૦) પ્રવાહ-પ્રવાહ.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે મુખ્ય ત્રણ પ્રકારની જીવ સૃષ્ટિનું વર્ગીકરણ બે પ્રકારમાં કર્યું છે. (૧) દૈવી સૃષ્ટિ અને (૨) આસુરી સૃષ્ટિ. દૈવી સૃષ્ટિમાં પુષ્ટિ અને મર્યાદા જીવોનો સમાવેશ થાય છે. જ્યારે આસુરી સૃષ્ટિમાં પ્રવાહ જીવોનો સમાવેશ થાય છે. પ્રવાહ જીવો બીજા બે પ્રકારમાં વહેંચાયેલા છે. (૧) અજ્ઞ અને (૨) દુર્જ્ઞ. અજ્ઞ જીવોને ચર્ષણી જીવો કહેવાય છે. જેઓ જગતમાં જન્મોજન્મ ભટક્યા કરે છે, અનેક જન્મો ધારણ કરે છે, તેઓ ક્યારેય ભગવાનને પામી શકતા નથી અને સૃષ્ટિના પ્રલય સમયે બ્રહ્મમાં લીન થઈ જાય છે.

શ્રી વલ્લભાચાર્યજી આ ગ્રંથમાં ઉપરોક્ત જીવોના ભેદ કઈ રીતે એકબીજાથી અલગ પડે છે, તેની શું વિશેષતાઓ છે, તેના માર્ગો કયા છે, ફળ કયાં છે, ઈત્યાદિનું વર્ણન કરે છે. ઉપર બતાવ્યા તેમ પુષ્ટિ- પ્રવાહ- મર્યાદા જીવોની ઉત્પત્તિ, તેઓને ક્યા માર્ગે ચાલવું અને ક્યા પ્રકારનું ફળ તેઓને પ્રાપ્ત થાય તે વિશેની ચર્ચા શ્રી વલ્લભાચાર્યજીએ આ ગ્રંથમાં કરી છે.

આપણે જાણીએ છીએ કે બ્રહ્મ ‘સચ્ચિદાનંદ’ સ્વરૂપ છે. તેમણે રમણની

ઇચ્છાના કારણે પોતાનામાંથી વ્યુચ્ચરણ કરી જડ-જીવાત્મક સૃષ્ટિ ઉત્પન્ન કરી. બ્રહ્મનાં સત્-ચિત- આનંદ તત્ત્વો અસીમિત છે, અનંત છે. તે દેશ-કાલ-સ્વરૂપથી મર્યાદિત નથી. તે કાલાતીત છે, તે સ્વરૂપ વિશિષ્ટ નથી અર્થાત્ પોતાની ઈચ્છાનુસાર નામ-રૂપ ધારણ કરે છે. ઉપનિષદ કહે છે બ્રહ્મ એકલા હતા. એકલા રમણ ન કરી શકે, રમી ન શકે માટે અનેક થવાની ઇચ્છા કરી અને પોતે જ અનેક નામ-રૂપ ધારણ કરી અનેક થઈ ગયા. આમ નિજાનંદ માટે આ સૃષ્ટિની ભગવાને રચના કરી. જગતમાં સર્વ જે કાંઈ દેખાય છે તે બ્રહ્મનું જ રૂપ છે. ઉપનિષદ કહે છે, 'સર્વ ખાલ્વિદં બ્રહ્મ.' જગત એ બ્રહ્માત્મક લીલા છે, બ્રહ્મ વ્યાપક છે. તેમની ઈચ્છા અલૌકિક છે. લોકમાં આપણે આનંદ મેળવવા અનેક ઈચ્છાઓ કરીએ છીએ. આપણે જેમ કોઈ નાટકનો શો જોવા જઈએ ત્યારે ઘડી ઘડી આપણો પોઝ બદલી નાખીએ છીએ. આપણે એક સ્થિતિમાં રહી શકતા નથી કારણ આપણે ક્રિયાશીલ છીએ. બ્રહ્મમાં પણ સત્-સભાનતા- આનંદતા એ ગુણ રહેલા છે. બ્રહ્મનો નિર્દોષ આનંદ ઉચ્છલિત થયા કરે છે. તે જડની જેમ સ્થિર રહી શકતો નથી, માટે લીલા કરે છે. જેમ સમુદ્રમાંથી પાણી ઓછુંવત્તું થતું નથી, પરંતુ સૂર્ય દ્વારા તેનું પાણી વાદળ રૂપે પરિવર્તિત થાય છે, વરસાદના રૂપમાં પાછું તે જમીન ઉપર પડી નદીના રૂપમાં ફેરવાય છે. જે પરત સમુદ્રને મળે છે, અને પુનઃ સમુદ્રની પૂર્ણતા પ્રાપ્ત કરે છે. આમ બ્રહ્મની લીલા પણ અવિરત ચાલુ રહે છે. પોતાનામાંથી જડ-જીવાત્મક સૃષ્ટિ ઉત્પન્ન કરી પૂર્ણમાંથી અપૂર્ણ સ્વરૂપ ધારણ કરે છે. વિવિધ પ્રકારના જીવોની વિવિધ ક્રિયાઓનો આનંદ લે છે અને પુનઃ પોતાનામાં જ સમાવી લે છે. આ રીતે સતત આ પ્રક્રિયા ચાલુ રહે છે. આથી એક વાત સ્પષ્ટ થાય છે કે ભગવાને જુદા જુદા જીવોને પોતાની ક્રીડા માટે જુદાં જુદાં સ્વરૂપો આપ્યાં છે, તેમના સ્વભાવનો ભેદ કર્યો છે. એટલે આ ભેદ જીવોના મૂળ સ્વરૂપનો નથી, પરંતુ ભગવદ્ક્રીડા માટે તેમણે તેમનામાં પ્રગટ કરેલો ભેદ છે.

અગાઉ આપણે જીવોના પ્રકાર જોયા. જીવોની શક્તિ અને સ્વભાવ પ્રમાણે ભગવદ્ પ્રાપ્તિના જુદા જુદા માર્ગો પ્રગટ થયા છે. તે માર્ગે ચાલવાનાં સાધનો જુદાં છે અને તેનાં ફળ પણ જુદાં છે.

પુષ્ટિ જીવો ભગવાનના કૃપાપાત્ર જીવો છે. તેઓ ભગવદ્ પ્રાપ્તિ માટેના

બ્રહ્મ સચ્ચિદાનંદ રમણ ઈચ્છા માટે વ્યુચ્ચરણ શુદ્ધ જીવ ચિદંશ (આનંદનો તિરોભાવ)


દૈવી જીવ
આસુરી જીવ (લોકનિષ્ઠા)
પ્રવાહ માર્ગીય
ચષણી સૃષ્ટિ
દુર્જ્ઞ સૃષ્ટિ
અજ્ઞ અજ્ઞાન
સ્વરૂપ દ્વારા
નામ દ્વારા
સ્વભાવનુપાતી અનુગ્રહ
(પુષ્ટિમાર્ગીય) કેવળ
ભગવતસ્વરૂપ આકાંક્ષા,
શુદ્ધ પુષ્ટિ ભક્તિ ઉ.દા.
સામર્થ્યાનુપાતી
અનુગ્રહ
સુ:સાધન
નિ:સાધન
દુષ્ટસાધન
સાધનથી
અધિક ફુલદાન
સાધનાનકુલ
ફુલદાન ઉ.દા.
ધ્રુવજી, મુચકુંદ
(કર્તમ્ સામર્થ્ય)
દયાથી મુક્તિ દાન
ઉ.દા. ગજેન્દ્ર,
મહાભારતના
દુષ્ટસાધન જીવ
(અન્યથાકર્તુમ ક્ષમા
દ્વારા મોક્ષદાન
સામર્થ્યનો પ્રયોગ
સ્વભાવાનુપાતી પુષ્ટિમાર્ગીય અનુગ્રહ (પરમાત્મા
મિશ્ર પુષ્ટિ
પુષ્ટિ-પુષ્ટિ
પુ ષ્ટિ ટ -
પુષ્ટિ-
પુષ્ટિશરણ
પુષ્ટિભક્તિ
ભગવત્સેવાં
કેવળ
કેવળ
ભજનાન્દ
ભગદ્ આજ્ઞાથી શ્રી આચાર્યચરણ દ્વારા
સામર્થ્યાનુપાતી મર્યાદામાર્ગીય
કર્મયોગ
જ્ઞાનયોગ
અક્ષર
ભક્તિયોગ
પુરુષોત્તમમાં
સાયુજ્યાદિ

શ્રીકૃષ્ણાશ્રય

ભાગવતમાં ધર્મના ચાર પાયા બતાવ્યા છે. (૧) સત્ય, (૨) દયા, (૩) તપ અને (૪) પવિત્રતા. હાલ કલિયુગ ચાલી રહ્યો છે. કલિયુગનો સમય દુષ્ટ સમય ગણાય છે. તેની અસર મન, વિચાર, વાણી, શરીર અને વર્તન ઉપર થાય છે. કલિયુગના પ્રભાવને કારણે ઉપરોક્ત ધર્મના ચારે પાયા લગભગ નષ્ટપ્રાયઃ થઈ ગયા છે. કલિયુગને દુષ્ટ ધર્મવાળો કહ્યો છે... દુષ્ટધર્મનું બીજું નામ છે ખલધર્મ, જેમાં બહારથી ધર્મનો આભાસ જણાય, પરંતુ અંદર દોષો ભરેલા હોય તેને ખલધર્મ કહેવાય. ખલધર્મનું કારણ કાલનો- વાતાવરણનો પ્રભાવ છે. પુરાણોની કથાથી સ્પષ્ટ થાય છે કે કેટલાય ઋષિમુનિઓ મહાત્માઓ કાલદોષને કારણે અધોગતિ પામ્યા છે. ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યું છે કે કાલદોષથી સંગદોષ થાય છે અને સંગદોષના કારણે ધર્મનાશ થાય છે. મહાભારતમાં દુર્યોધન પણ કાલદોષથી થતાં દુષ્ટધર્મનું જાણીતું પ્રતીક છે. તે કબૂલ કરે છે કે ધર્મ ન જાણવાથી હું અધર્મી નથી. હું ધર્મ તો જાણું છું, પરંતુ તેનું આચરણ કરી શકતો નથી. કાલદોષનો એ પ્રભાવ છે.

ખલધર્મવાળા કલિયુગના દુષ્ટ પ્રભાવને કારણે બે દુઃખદ પરિસ્થિતિઓ જન્મી છે. (૧) પ્રભુની પ્રાપ્તિ માટેના બધા જ રસ્તા નાશ પામ્યા છે. (૨) જગતમાં પાખંડ અને છળકપટ વધી ગયાં છે. આના કારણે ભગવાન પાસે કેવી રીતે પહોંચી શકાય એ પ્રાણપ્રશ્ન બની ગયો છે. શાસ્ત્રોમાં બતાવેલ કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ કલિયુગમાં કારગત નીવડે તેમ નથી. ભક્તિ પણ દૂષિત અને વિકૃત થઈ છે. ભક્તિ દ્વારા પરમાત્માને પામવાનો હેતુ વીસરાઈ ગયો છે. ભક્તિના નામે પૈસાથી ભગવાનને ખરીદવાના પ્રયત્નો થાય છે. ભક્તિમાર્ગમાં પણ આજે ભરપુર પાખંડ બની ગયો છે. આવા સંજોગોમાં કાલદોષના પ્રભાવથી ધર્માચરણ કરી પરમાત્માની પ્રાપ્તિ સંભવ બની શકે તેમ નથી.

શ્રી વલ્લભાચાર્યજીના સમયમાં પણ આવી જ પરિસ્થિતિ પ્રવર્તતી હતી. આજે તો તેનાથી પણ વિષમ સંજોગો ઉત્પન્ન થયા છે. આવા સમયમાં ભગવાનને મેળવવાનો માર્ગ શું હોઈ શકે તે તેમણે પોતાના ષોડશગ્રંથો પૈકીના દસમાં ગ્રંથ 'શ્રીકૃષ્ણાશ્રય'માં બતાવ્યો છે. તેઓ કહે છે- 'સર્વ માર્ગેષુ તષ્ટેષુ, કલૌચ ખલધર્મિણિ. પાપૈકનિલયે શુચ, કૃષ્ણ એવ ગતિર્મમ.' તેઓ સમજાવે

છે કે કેવળ કૃષ્ણનો આશ્રય જ એક માર્ગ રસ્તો છે, અન્યથા કોઈ નહીં.

આ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજી આગળ કલિકાલના પ્રભાવથી ઉત્પન્ન થયેલ વિષમતા સમજાવતાં કહે છે, દૂષિત કાલની અસર દેશ ઉપર પણ થાય છે. જેથી ભૂતકાળમાં દેવોની ભૂમિ કહેવાતો ભારત દેશ પણ યવનોનાં આક્રમણોને લીધે દૂષિત થયેલ છે. તેમના સમય દરમિયાન ઔરંગઝેબે આપણાં પવિત્ર સ્થળોને ભ્રષ્ટ કરેલાં તેનો ઇતિહાસ સાક્ષી છે. વિધર્મી મ્લેચ્છ લોકોએ આ દેશને ભ્રષ્ટ કર્યો તેમ અન્ય અધર્મી લોકો જેઓ તામસ પ્રકૃતિવાળા છે, ધર્મ વિરોધીઓ છે, હીનમંત્રોની ઉપાસના કરનારા છે તેમ જ વિષયી લોકો છે તેમના કારણે પણ પવિત્ર ધર્મક્ષેત્રો અને તીર્થસ્થાનો દૂષિત બન્યાં છે. આ ધર્મક્ષેત્રો પણ પાપોનાં ધામ બની ગયાં છે જેથી તેમની દિવ્યતા અને પવિત્રતા નષ્ટ પામ્યાં છે. આ ક્ષેત્રોમાં સજ્જનો, સાધુ-મહાત્માઓને પણ શારીરિક, માનસિક અને વાચિક અત્યાચારો દ્વારા પીડિત કરવામાં આવે છે. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે કર્મ અને કર્મના કર્તા બન્ને અશુદ્ધ અને અપવિત્ર થઈ જવાથી તેઓને કરેલા કર્મનું ઉત્તમ ફળ પ્રાપ્ત થતું નથી. સત્પુરુષો પણ પાપને અનુસરનારા અને પોતાના અંગત લાભ મેળવવા તેમ જ પૂજાવા માટે સતત પ્રયત્નશીલ બન્યા છે જેના કારણે તેઓનું પણ અધઃપતન થઈ રહ્યું છે. વેદધર્મના મંત્રસાધનાની એક પદ્ધતિ છે. તે પદ્ધતિ પ્રમાણે મંત્રજાપ કરવાથી મંત્રનું ફળ મળે એમ તે શાસ્ત્રો કહે છે. પરંતુ મંત્રસાધના માટે આવશ્યક વર્ણ અને આશ્રમના નિયમોનું પાલન ન થવાથી આ કલિકાળમાં મંત્રશક્તિ તિરોહિત થઈ ગઈ છે. વેદાદિશાસ્ત્રોમાં ધર્મ માટે વિવિધ કર્મ કરવાનાં વિધાન છે. આમ છતાં કર્મો પણ શુદ્ધ સ્વરૂપમાં ન રહેતાં તેનાથી જે ફળ મળવું જોઈએ તે મળતું નથી. કર્મની બાબત આજે બાહ્ય દેખાવ વધી ગયો છે, જ્યારે કર્મનું સ્વરૂપ નાશ પામ્યું છે. તેને બદલે દંભ અને પાખંડની પ્રચુરતા વધી ગઈ છે. આવા વિપરીત સંજોગોમાં શ્રી વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે કે એક માત્ર શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારવું એ જ એક ઉપાય રહી ગયો છે.

શ્રી વલ્લભાચાર્યજી શ્રીકૃષ્ણનો જ આશ્રય શા માટે તે સમજાવતાં કહે છે કે દુનિયામાં અનેક આશ્રયસ્થાનો હોવા છતાં એવી વ્યક્તિનો આશ્રય લેવો જોઈએ કે જે સર્વ શક્તિમાન હોય, જેનો આશ્રય કાયમી ધોરણે મળી શકે,

જે જીવનમાં સંપૂર્ણ આનંદ આપી શકે. તેઓ સમજાવે છે કે આખા જગતમાં એનું એક જ વ્યક્તિત્વ છે અને તે છે 'કૃષ્ણ'. વેદ કહે છે- કૃષ્ણ એટલે સર્વથી વધુ શક્તિ અને સામર્થ્યવાળા તથા જે પૂર્ણ આનંદના સાગર છે. ભગવત પણ કહે છે. કૃષ્ણ સ્વયં સાક્ષાત ભગવાન છે, તે અવતાર નહીં પણ અવતારી છે, જેમનામાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય ષડગુણો વિદ્યમાન છે. જેમનામાં શ્રી, કાંતિ, ગિરા, પુષ્ટિ, ઇચ્છા આદિ બારે શક્તિઓ સમાહિત છે. જે પૂર્ણાનંદ છે. અન્ય દેવી-દેવતાઓ ભગવાનના અંશ, કલા, વ્યૂહરૂપ છે. અક્ષરબ્રહ્મનો આનંદ પણ ગણના કરી શકાય તેવો છે. પરમાત્મા કૃષ્ણ આપણા પિતા છે, સ્વામી છે. આપણે તેના અંશ હોવાથી તેમના સંતાન છીએ, દાસ છીએ. તે વગર માંગે આપણા હિતમાં હોય તે બધું જ આપવા તત્પર હોય છે. આથી કેવળ શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વીકારી તેનો આશ્રય કરવો જ મનુષ્ય માટે આ કલિકાલમાં એકમાત્ર વિકલ્પ છે. ભગવાનના છઠ્ઠા સ્કંધના 'અજામિલ આખ્યાન'ના પ્રસંગનું ઉદાહરણ આપી શ્રી વલ્લભાચાર્યજી શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારવા માટે સમજાવે છે. તેઓ કહે છે કે જીવની મર્યાદાઓના કારણે- તે દીન અને દીન બનેલો છે. તેણે વિવેક અને ધૈર્ય પણ ગુમાવી દીધાં છે. એવા સંજોગોમાં ભગવાન ભક્તિનું દાન કે તો જ કૃષ્ણાશ્રય દઢ થઈ શકે. માટે તેઓ આગ્રહપૂર્વક કહે છે કે કલિકાળની ઉપરોક્ત પરિસ્થિતિમાં શ્રીકૃષ્ણનો આશ્રય, તેમની બિનશરતી શરણાગતિ જ જીવને તારી શકે છે.

આ ગ્રંથની રચના શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના સેવક લાહોરના વતની 'બુલા મિશ્ર' માટે કરી હતી. બુલા મિશ્ર ભણવા માટે કાશી ગયેલા, પરંતુ કઠોર પરિશ્રમ કરવા છતાં પણ તે વિદ્યા અર્જન કરી શક્યા નહીં. આથી કંટાળી અન્નજળનો ત્યાગ કરી સરસ્વતીદેવીનું ચિંતન કરતાં ગંગાકિનારે બેસી રહ્યા ત્યારે તેમને દેવીની વાણી સંભળાઈ કે તે સ્વતંત્ર નથી, ભગવદીચ્છા સર્વોપરી છે. બુલા મિશ્રને સમજાયું કે જો ભગવાન સર્વોપરી છે તો તેનું નામ લેતાં મૃત્યુ સ્વીકારવું. આવું વિચારી બુલા 'વિષ્ણુ' શબ્દનો જપ કરતાં ભૂખ્યા તરસ્યા ગંગાકિનારે બેસી રહ્યાં. આમ પ્રભુના નામનો આશ્રય કરવાથી તેમને સાક્ષાત ભગવન્દર્શન થયાં અને આજ્ઞા થઈ કે 'તું વલ્લભાચાર્ય પાસે જા.' તેઓ અડેલ શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું કે 'જો જીવને એકવાર પણ ભગવત્સાક્ષાત્કાર થઈ

જાય તો તેને સંસારના મોહના બંધનનો ભય રહેતો નથી, તે જીવન્મુક્ત થઈ જાય છે.' બુલા મિશ્રે વિનંતી કરી કે 'મહારાજ, મારે મુક્તિ નથી જોઈતી. મારે ભક્તિ જોઈએ છે.' શ્રી વલ્લભાચાર્યજીએ પ્રસન્ન થઈ તેમને બ્રહ્મસંબંધની દીક્ષા આપી સેવક બનાવ્યો અને 'શ્રીકૃષ્ણશ્રય' સ્તોત્રની રચના કરી તેનું તાત્પર્ય સમજાવ્યું... આ સ્તોત્રનો પાઠ કરવાથી બુલા મિશ્રને પુષ્ટિભક્તિનું અલૌકિક ફળ પ્રાપ્ત થયું.

શ્રી વલ્લભાચાર્યજી આ ગ્રંથના અંતમાં આજ્ઞા કરે છે કે દઢ શ્રદ્ધાપૂર્વક પ્રભુ સન્મુખ આ સ્તોત્રનો પાઠ કરવાથી શ્રીકૃષ્ણનો દઢાશ્રય સિદ્ધ થાય છે.

શ્રીકૃષ્ણાશ્રયનો ટૂંકસાર

શ્રીકૃષ્ણાશ્રય ષોડશગ્રંથ પૈકી એક છે. આ ગ્રંથમાં ૧૧ શ્લોક છે. તેમાં મુખ્ય ત્રણ મુદ્દા છે.

૧. કલિયુગના વિવિધ દોષોનું વર્ણન-

(૧) કલિયુગમાં પાખંડ ધર્મ પ્રવર્તે છે અને લોકો પાખંડી છે.

(૨) તમામ દેશો મ્લેચ્છોથી ઊભરાય છે; પાપીઓના અડ્ડા બની ગયા છે.

(૩) ગંગાજી જેવાં પવિત્ર તીર્થસ્થાનો પણ દુષ્ટોથી ઘેરાયેલાં છે અને તીર્થનું તીર્થત્વ નાશ પામ્યું છે.

(૪) સત્પુરુષો પણ અહંકારથી મૂઢ, પાપમાર્ગથી અનુસરનાર, ધનલાભ અને મનાવા-પૂજાવા માટે પ્રયત્નશીલ થઈ ગયા છે.

(૫) મંત્રો, વ્રત અને નિયમ અનુસાર થતા નથી.

(૬) કર્મ, વ્રત, જપ વગેરે પાખંડ પોષવા માટે થાય છે.

કળિયુગના આવા દોષોની નિવૃત્તિ માટે શ્રીકૃષ્ણાશ્રય એકમાત્ર ઉપાય છે.

૨. શા માટે શ્રીકૃષ્ણનો જ આશ્રય?

(૧) દેવતાઓ પાકૃત છે, અક્ષરબ્રહ્મનો આનંદ અપૂર્ણ કે પરિમિત છે. કેવળ કૃષ્ણ જ પૂર્ણાનંદ છે.

(૨) શ્રીકૃષ્ણ સર્વ સામર્થ્યયુક્ત, મનોરથોને પૂર્ણ કરનાર અને શરણાગતનો ઉદ્ધાર કરનાર છે.

૩. દીનભાવે શ્રીકૃષ્ણને અરજ

(૧) વિવેક, ધીરજ, ભક્તિ, ધર્મ વગેરે મારામાં નથી.

(૨) હું બલહીન, સાધનહીન અને પાપાસક્ત છું, પરંતુ આપ કૃપાળુ છો, અજોમિલના દોષો સામે ન જોઈ તેનો ઉદ્ધાર કર્યો હતો.

(૩) તેથી હું આપને અરજ / વિનંતી કરું છું કે આપ મારા આશ્રયદાતા બની મારો અંગીકાર કરો.

શ્રી મહાપ્રભુજી અંતમાં વિનંતી કરે છે :

હે શ્રીકૃષ્ણ! આ ગ્રંથનો જે કૃષ્ણના સાન્નિધ્યમાં પાઠ કરે તેના આપ આશ્રય થાવ.

આ ગ્રંથ શ્રી બુલા મિશ્રને આપ્યો હતો, આ ગ્રંથ શ્રી મહાપ્રભુજીનું 'વામ ચરણ' છે.

ષડવિધ શરણાગતિ

શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણનો આશ્રય કરવાની આજ્ઞા કરી છે. આશ્રય મેળવવા સંપૂર્ણ શરણાગતિ આવશ્યક છે.

શરણાગતિ એટલે સંપૂર્ણ આત્મસમર્પણ, પરમાત્માનાં ચરણોમાં સંપૂર્ણપણે સમર્પિત થઈ જવું (Surrender By all means), તેને શરણાગતિ કહેવાય. આ મોક્ષ અર્થાત્ ભગવત્પ્રાપ્તિ માર્ગ અથવા ઉપાય છે. પંચશ્લોકી ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીએ શરણાગતિનાં છ અંગ બતાવ્યાં છે.

(i) **અનુકલસ્ય સંકલ્પ :** પ્રભુની મરજી પ્રમાણેનું આચરણ અને વિચાર. જીવનમાં જે કાંઈ બને તે ભગવાનની મરજી અને લીલા છે તેમ સમજવું. તેથી નિષ્કામ ભાવે કર્તવ્ય બજાવવા અને તમામ જીવોની સેવા કરવી.

(ii) **પ્રતિકુલસ્ય વિસર્જનમ્ :** પ્રભુની મરજી વિરુદ્ધના આચરણ કે વિચારનો ત્યાગ (અન્ય દેવી-દેવના શરણ, કુસંગ, કુટેવ, નિષિદ્ધકર્મોનો ત્યાગ.

(iii) **કરિષ્યતિ ઈતિ વિશ્વાસ :** મારાં પ્રત્યેક લૌકિક અને પારલૌકિક કૃત્ય પ્રભુ પૂર્ણ કરશે જ એવો દઢ વિશ્વાસ. નિષ્ઠાપૂર્વક શરણાગતિ સ્વીકારવાથી (આ એક જ કૃત્યથી) મોક્ષપ્રાપ્તિ થઈ શકે છે. અથવા,

રક્ષીષ્યતિ વિશ્વાસ : ભગવાન મારી અવસ્ય રક્ષા કરશે તેવો દઢ વિશ્વાંસ રાખવો.

(iv) **ભર્તૃત્વે વરણમ્ :** ભગવાન જ મારા સ્વામી- માલિક છે, એમનો

મારા ઉપર સંપૂર્ણ અધિકાર છે.

(v) **આત્મનૈવેદ્ય** : ભગવાનની સેવામાં મારી તમામ વસ્તુ સાથે હું સમર્પિત થાઉં છું.

(vi) **કાર્પણ્ય** : અહંકારશૂન્યતા સાથે હું મારા અસામર્થ્યને જાણીને સંપૂર્ણ વિનમ્રતા સાથે ભગવાનને શરણે થાઉં છું.

◆

૪

સેવાનો સિદ્ધાંત

(Notion of Seva)

વિચાર અને આચાર

જીવનનાં બે પાસાં છે- વિચાર અને આચાર. તત્ત્વજ્ઞાન અને ધર્માચરણ બન્ને જીવનરથનાં બે પૈડાં છે. રથનાં બન્ને પૈડાં એક જ માપનાં છે, જે એક જ ગતિએ સાથે ચાલવાં જોઈએ. અને તો જ જીવનરથ બરાબર ચાલે, અન્યથા ગબડી પડે.

આપણાં શાસ્ત્રોએ વિચારને તત્ત્વજ્ઞાનના રૂપમાં રજૂ કર્યો છે. હું કોણ છું? હું ક્યાંથી આવ્યો છું? મારું લક્ષ્ય શું છે? આ પ્રશ્નોના જવાબ મેળવવા એ 'તત્ત્વજ્ઞાન'. આના જવાબના આધારે જીવન જીવવાનો રાહ તે 'આચાર' અર્થાત્ 'ધર્મ'. આમ વિચાર અને આચાર, તત્ત્વજ્ઞાન અને ધર્મ ખભેખભો મેળવી, સાથે ડગલાં માંડી ચાલે તો જીવનનો આનંદ પ્રાપ્ત કરી શકાય. ભારતીય સંસ્કૃતિની આ શ્રદ્ધા અને નિષ્ઠા છે. આને માટે જ વિચાર અને આચારની એકવાક્યતા જરૂરી છે. એક ફિલસૂફે કહ્યું છે- 'તમે કેટલું દોડો છો તે મહત્ત્વનું નથી, કઈ દિશામાં દોડો છો તે વધારે મહત્ત્વનું છે'. દિશા અને દોડ વચ્ચે તાલમેલ અતિ જરૂરી છે. સૂર-સ્વર-તાલનો સુમેળ થવો જોઈએ. જીવનસંગીતને મધુર બનાવવા વિચાર સૂર સાથે આચારના તાલ મળવા જોઈએ.

આને માટે શ્રી વલ્લભાચાર્યજીએ શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન આપ્યું છે. તે છે આપણો 'વિચાર', અને તેના અંતર્ગત પુષ્ટિમાર્ગ સ્થાપ્યો તે છે આપણો 'આચાર'. શુદ્ધાદ્વૈત સિદ્ધાંત વિનાનો પુષ્ટિમાર્ગ અધૂરો છે અને પુષ્ટિમાર્ગના આચરણ વગર શુદ્ધાદ્વૈત ફળરૂપ બની શકે નહીં. આ વાત તેમણે પોતાના ગ્રંથ 'સિદ્ધાંત મુક્તાવલી'માં સમજાવી છે.

પુષ્ટિમાર્ગ મકાન છે, શુદ્ધાદ્વૈત તેનો પાયો છે. શ્રી વલ્લભાચાર્યજીએ વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો અને ભાગવત એ ચાર પ્રમાણોના આધારે આ વિચાર અને આચાર પ્રગટ કર્યા છે અને પોતાના ગ્રંથો દ્વારા તેને ઉપદિષ્ટ કર્યા છે.

શુદ્ધાદ્વૈત વિચાર

પુષ્ટિમાર્ગમાં સેવાના વિશે કરાયેલ વિચારના પાયા 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું તત્ત્વચિંતન છે.

વેદમાં પરમાત્માને 'બ્રહ્મ' કહ્યા છે. બ્રહ્મ એટલે સર્વવ્યાપક. બ્રહ્મ જગત અને જીવ વિષેનો વિચાર બધા આચાર્યોએ કર્યો છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્યે શ્રી વલ્લભાચાર્યજી પહેલાં તે વિષયો બાબત પોતપોતાની વિચારધારા રજૂ કરી છે. શ્રી શંકરાચાર્યથી આરંભાયેલી તત્ત્વજ્ઞાનની વિચારયાત્રાનું અંતિમ ચરણ શ્રી વલ્લભાચાર્યજીએ આપ્યું છે. તત્ત્વજ્ઞાનના વિચારનો વિકાસ શ્રી વલ્લભાચાર્યજીના વિચારોમાં પૂર્ણતાને પામ્યો છે એમ જણાય છે.

શ્રી વલ્લભાચાર્યજીએ બ્રહ્મ, જગત, જીવના સ્વરૂપને સમજાવતાં કહ્યું છે-

'બ્રહ્મ' એ પરમતત્ત્વ છે. તે અનાદિ અને અનંત છે. સચ્ચિદાનંદ અને આનંદરસાત્મક અપ્રાકૃત છે. તે સર્વોચ્ચ, સર્વના નિયંતા, સર્વશક્તિમાન અને સદાનંદ છે. તે સ્વતંત્ર છે. તેમને જ પરમાત્મા, પરમેશ્વર પ્રભુ, ભગવાન અને ઈશ્વર એવાં વિવિધ નામોથી ઓળખવામાં આવે છે.

તેમને પંચમહાભૂતનું લૌકિક શરીર નથી, તે અર્થમાં તેઓ નિરાકાર છે. છતાં જગતના દરેક પદાર્થ રૂપે પ્રગટ થયેલા છે. જગતનાં બધાં નામરૂપો તેમનાં જ છે અને તે અર્થમાં તેઓ સર્વાકાર છે. દિવ્ય ગુણ-રૂપ, અપ્રાકૃત દેહવાળા તેઓ સાકાર પણ છે. તેઓ જ કૃષ્ણ નામ અને રૂપથી જગતમાં પ્રસિદ્ધ અને આરાધ્ય છે.

તેઓ વિરુદ્ધધર્માશ્રમી છે. વિરોધી લાગતા ધર્મો તેમનામાં એકસાથે રહેલા છે, માટે તેમની લીલા સમજવી અઘરી છે.

બ્રહ્મનો અનુભવ ત્રણ સ્વરૂપે થાય છે. (૧) આધિદૈવિક, (૨) આધ્યાત્મિક અને (૩) આધિભૌતિક. ગંગાજીનું ઉદાહરણ આપી શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જેમ ગંગાજીનો જલપ્રવાહ આપણા ચર્મચક્ષુથી જ જોઈ શકાય, તે તેમનું આધિભૌતિક સ્વરૂપ છે તેમ વિવિધ નામ અને રૂપથી જોઈ શકાતું આ જગત એ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. ગંગાજીનું અલૌકિક સામર્થ્ય તે તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે તેમ 'અક્ષરબ્રહ્મ' એ બ્રહ્મનું આધ્યાત્મિક

સ્વરૂપ છે અને ગંગાજળમાં દેવી સ્વરૂપે રહેલાં ગંગાજી જેને આપણાં ચર્મચક્ષુ દ્વારા જોઈ શકતા નથી તે તેમનું આધિદૈવિક સ્વરૂપ છે તેમ બ્રહ્મનું પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ રૂપે સાકાર ભગવદ્ સ્વરૂપ તે તેમનું આધિદૈવિક સ્વરૂપ છે.

આવા બ્રહ્મ અંતર્યામી રૂપે પ્રત્યેક પ્રાંણીમાત્રના દેહમાં સાક્ષીરૂપે બિરાજમાન છે, તેના પ્રેરક અને પોષક છે.

સૃષ્ટિ પૂર્વે બ્રહ્મા એકાકી હતા. આનંદસમી લીલા કરવાની ઈચ્છાથી તેઓ એકમાંથી અનંત થયા. તેમના આધ્યાત્મિક સ્વરૂપ અક્ષર બ્રહ્મમાંથી જડ પદાર્થ સૃષ્ટિ અને જીવસૃષ્ટિ તેમણે પ્રકટ કરી. પોતાની ક્રીડા માટે બ્રહ્મ સૃષ્ટિનું નિર્માણ કરે છે, પાલન કરે છે અને પાછો પ્રલય કરે છે.

બ્રહ્મમાંથી જ જગતની ઉત્પત્તિ થયેલ હોઈ તેઓ જ તેનાં ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે. જગત એ બ્રહ્મનું અવિકૃત પરિણામ છે. જગત બ્રહ્મનું જ સ્વરૂપ હોઈ તે પણ બ્રહ્મની માફક સત્ય છે. શંકરાચાર્યની વિચારધારા મુજબ તે માયાજનિત કે મિથ્યા નથી.

જીવ એ બ્રહ્મના સત્ અને ચિત્ તત્ત્વમાંથી બનેલ બ્રહ્મનો જ અંશ છે, તેમનામાંથી છૂટો પડ્યો છે. તેનામાં બ્રહ્મનું આનંદ તત્ત્વ તિરોહિત થતાં ભગવાનના દિવ્ય ષડગુણો જીવાત્મામાંથી ચાલ્યા ગયા છે જેથી તે દીન, હીન, પતિત, અજ્ઞાની અને અસમર્થ બની ગયો છે. અવિદ્યાને કારણે તેને દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિ એવા પાંચ પ્રકારના દોષ લાગ્યા છે જેના કારણે તે ભગવાનને ભૂલી અહંતામમતામાં બંધાઈ ગયો છે અને પરિણામ સ્વરૂપે ચોર્યાસી લાખ યોનિમાં ભટક્યા કરે છે. શ્રી વલ્લભાચાર્યજી જીવાત્માના આ અહંતા-મમતાત્મક વિચાર અથવા માન્યતાને જ 'સંસાર' કહે છે, જે જીવકૃત હોઈ અસત્ય અર્થાત્ મિથ્યા છે.

શ્રી વલ્લભાચાર્યજીના મતે 'મોક્ષ'

મોક્ષ માટે જીવાત્માની અહંતામમતા છૂટવી એ પાયાની શરત છે, જેને માટે તેમણે પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ ચીંધ્યો છે. પુષ્ટિજીવનો મોક્ષ મર્યાદાજીવના મોક્ષથી અલગ છે. પુષ્ટિજીવનો લય અક્ષરબ્રહ્મમાં થતો નથી, પરંતુ તેના અધિકાર પ્રમાણે દિવ્ય દેહથી તેનો ગોલોકધામમાં ભગવદલીલામાં પ્રવેશ પ્રાપ્ત થાય છે.

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જગત ભગવાનના આનંદ માટેની ભગવાનની ક્રીડાભૂમિ છે. ભગવાને તેમના આનંદ માટે પ્રત્યેક જીવને એક પાત્ર ભજવવા આપ્યું છે, જે ભજવી તેણે ભગવાનને પ્રસન્ન કરવાના છે. જેમ એક અભિનેતાને એક પાત્ર ભજવવા આપ્યું હોય તે પાત્રમાં ઓતપ્રોત થઈ ભજવવા છતાં મનથી તે અલિપ્ત રહે છે તેમ જીવાત્માએ પણ તેને મળેલું પાત્ર ભજવતાં, તેનાથી અલિપ્ત રહી કેવળ સાક્ષીભાવ કેળવવાનો છે. સાક્ષીભાવ દૃઢ થતાં રાગદ્વેષ, સુખ-દુઃખ, માન-અપમાન, હારજીતનાં દ્વન્દ્વ મનુષ્યજીવનને વિચલિત નહીં કરે. આવું જ્ઞાન પ્રાપ્ત થવાથી ભગવાનની બિનશરતી શરણાગતિ સ્વીકારી સમગ્ર જીવન તેમને સોંપી દેવાથી ચિંતા, ઉદ્વેગ, ઇત્યાદિથી મુક્ત થઈ જવાય.

પુષ્ટિમાર્ગીય આચાર- ભગવદ્ સેવા

પુષ્ટિમાર્ગનો મુખ્ય આચાર ધર્મ- કર્તવ્ય એ ભગવદ્સેવા છે એમ શ્રી વલ્લભાચાર્યજી પોતાના ગ્રંથ સિદ્ધાંત મુક્તાવલીમાં બતાવે છે. સંસ્કૃતમાં સેવા માટે ભજન શબ્દ છે. ભજન શબ્દ ભજ ધાતુ પરથી બન્યો છે. ભજ એટલે સેવા કરવી, ભજન એટલે સેવા. ભજ ધાતુ પરથી બીજો શબ્દ 'ભક્તિ' બન્યો છે. તેમાં કીર્તન પ્રત્યય લાગેલો છે, જેનો અર્થ છે 'સ્નેહપૂર્વક': તેથી 'ભક્તિ'નો અર્થ થાય 'સ્નેહપૂર્વક થતી સેવા.'

સેવા શબ્દમાં 'સેવ્' ધાતુ છે, જેનો અર્થ છે પોષણ કરવું અથવા સેવન કરવું. સેવન શબ્દ ઈંડાંના સેવન માટે પણ વપરાય છે. માદાપક્ષી માળામાં ઈંડા પર બેસી તેને પોતાનાં તન-મનની ઉષ્મા આપે છે. ઈંડાંના સેવન સિવાય ત્યારે તે બીજી કોઈ પ્રવૃત્તિનો વિચાર સુદ્ધાં કરતું નથી. ઈંડાંના આવા સેવનથી જ ઈંડાંમાંથી બચ્ચું બહાર આવે છે. એક માદાપક્ષીને તેના સેવનનું ફળ મળે છે. ભગવદ્ સેવામાં પણ આવો જ દષ્ટિકોણ છે. હૃદયના સાચા સ્નેહપૂર્વક, બધામાંથી મનની સર્વ વૃત્તિઓ ખેંચી લઈ, પ્રભુમાં તન-મનની સર્વ પ્રવૃત્તિઓ એકત્ર કરીએ તે સેવા અને તેનું ફળ સાક્ષાત પરમાનંદ સ્વરૂપ ભગવાનની પ્રાપ્તિ.

સ્નેહના વિકાસની ત્રણ મુખ્ય અવસ્થાઓ છે- પ્રેમ, આસક્તિ અને વ્યસન. સ્નેહી સિવાય બીજા કોઈ પ્રત્યે જરાય આકર્ષણ ન રહે તેવું થાય ત્યારે

તે 'પ્રેમાવસ્થા'. સ્નેહી સિવાય બીજે જરાય ગોઠે નહીં તે 'આસક્તિ અવસ્થા' અને સ્નેહીના વિરહની એક ક્ષણ પણ મૃત્યુ આણે તે 'વ્યસન અવસ્થા'. પરમાનંદ સ્વરૂપ પ્રભુ સાથેના સ્નેહની સેવારૂપ અભિવ્યક્તિનું જ મનોવિજ્ઞાન શ્રી વલ્લભાચાર્યજીએ સમજાવી અત્યંત સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરી છે કે **'સર્વદા સર્વ ભાવને ભજનીયો વ્રજાધીય'**- અર્થાત હંમેશાં સર્વાત્મભાવપૂર્વક વ્રજાધિપતિ શ્રીકૃષ્ણની સેવા કરવી. સિદ્ધાંત મુક્તાવલીમાં પણ આ જ વાતની તેઓ આજ્ઞા કરે છે - **'કૃષ્ણ સેવા સદા કાર્યા.'** આ જ પ્રત્યેક પુષ્ટિજીવનો એકમાત્ર ધર્મ છે.

સેવાના સ્વરૂપને સમજાવતા શ્રી વલ્લભાચાર્યજી કહે છે, **'ચેતસ્તત્ પ્રવણં સેવા'**- ચિત્ત પ્રભુમાં પરોવાય તેનું નામ 'સેવા'. જેમ સોયમાં દોરો પરોવવા ચિત્તની એકાગ્રતા જોઈએ તેવા જ એકાગ્ર ચિત્તથી મન લગાડીને સેવા કરીએ તેને જ સાચી સેવા કહેવાય.

શ્રી વલ્લભાચાર્યજી ભગવદ્ સેવાનો આગ્રહ રાખે છે. તેનાં કારણો નીચે મુજબ છે.

૧) જીવ ભગવાનનો અંશ છે. તે હજારો વર્ષો પૂર્વે ભગવાનથી વિખૂટો પડેલો છે. માટે ભગવાનને ફરીથી મેળવવા તેમના સેવન સિવાય અન્ય કોઈ ઉપાય કામમાં આવે તેમ નથી.

૨) જીવ ભૂલી ગયો છે કે ભગવાન તેના સ્વામી છે અને તે ભગવાનનો સેવક-દાસ છે. તે પોતાને સ્વામી માની દુનિયાની સર્વ વસ્તુઓમાં મમતા રાખે છે. જ્યારે તેની અહંતા-મમતા છૂટી જાય અને તે સર્વ કાંઈ પ્રભુને સમર્પી દીનતા અને પ્રેમપૂર્વક પ્રભુની સેવા કરે ત્યારે પ્રભુ તેના પર પ્રસન્ન થાય.

૩) બ્રહ્મસંબંધ લેતી વખતે જીવ પ્રભુને પોતાની સર્વ વસ્તુઓનું સમર્પણ કરી પોતે તેમનો દાસ હોવાની કબૂલાત કરે છે. અને દાસનો ધર્મ સ્વામીની સેવા છે. માટે પ્રભુની સેવા એ તેનો સહજ ધર્મ થઈ પડે છે.

૪) સેવામય જીવન ગાળવાથી જીવને જીવનનાં દુઃખો સ્પર્શી શકતાં નથી. સેવા દ્વારા તેને પ્રભુનો સાચો આનંદ પ્રાપ્ત થતાં તેનું જીવન ઉર્ધ્વગામી બને છે.

૫) સેવામાં સંયમ, સમર્પણ અને સ્નેહ છે

સેવા એટલે શું?

જગતમાં મોટાભાગના લોકો જુદા જુદા દેવોની પૂજા-ઉપાસના કરે છે. વેદ આદિ ધર્મશાસ્ત્રોમાં પૂજાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. શ્રી વલ્લભાચાર્યજીએ પૂજાના માર્ગથી ભિન્ન એવો સેવાનો માર્ગ બતાવ્યો છે. ઉપર બતાવ્યું તેમ સેવાનો અર્થ થાય છે ખૂબ પ્રેમપૂર્વક પ્રભુનું સેવન કરવું. સેવામાં 'પ્રેમ' સહુથી અગત્યનો છે. જો પ્રભુ પ્રત્યે પ્રેમ ન જાગે તો તે સેવા કેવળ ક્રિયા બનીને રહી જાય, તે ફળદાયી ન બને. ભક્તિની વ્યાખ્યા નારદ પંચરાત્રમાં કહી છે જેનો શ્રી વલ્લભાચાર્યજી પણ નિર્દેશ કરે છે કે - **'માહાત્મ્યજ્ઞાનપૂર્વક, સુદૃઢ સર્વતોધિક પ્રભુમાં સ્નેહ તેનું નામ 'ભક્તિ'.** અહીં ત્રણ બાબતોની સ્પષ્ટતા કરી છે - એક તો પ્રભુના સ્વરૂપનું માહાત્મ્ય જ્ઞાન હોવું જોઈએ, તેમનો મહિમા આપણે જાણવો જોઈએ. બીજું તેમના પ્રત્યેનો સ્નેહ સુદૃઢ એટલે સારી રીતે દૃઢ બનેલો હોવો જોઈએ, કોઈપણ કાળમાં તે ડગે નહીં તેવો હોવો જોઈએ અને ત્રીજું કે અન્ય સર્વ બાબતો કરતાં પ્રભુમાં સ્નેહ સર્વતોધિક- સૌથી વિશેષ હોવો જોઈએ. જ્યારે આવો સ્નેહ પ્રભુમાં જાગે તેને 'ભક્તિ' કહેવાય એમ શ્રી વલ્લભાચાર્યજીની આજ્ઞા છે. અલૌકિક સ્નેહની અભિવ્યક્તિ માટે તેમણે વ્રજભક્તો એ આચરેલી સેવા પદ્ધતિ બતાવી છે. પ્રભુના માહાત્મ્ય જ્ઞાન માટે નામમંત્ર 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષર મંત્રની દીક્ષાનો ઉપદેશ આપ્યો છે. તે દીક્ષાથી જીવનું અલૌકિક વાગ્દાન (સગપણ) ભગવાન સાથે થાય છે. પોતાના થનાર અલૌકિક સ્વામીનાં રૂપ-ગુણ, સામર્થ્યને જાણતા રહી તેના સ્મરણ દ્વારા જીવમાં સ્નેહના બીજ રોપાય છે. નામમંત્રની દીક્ષાથી તેને પ્રભુસ્મરણનો અધિકાર મળે છે. સાથે શ્રવણ- કીર્તન- સત્સંગ ઇત્યાદિથી પ્રભુનું વિશેષ માહાત્મ્ય જ્ઞાન તેને થાય છે. ત્યારબાદ બ્રહ્મસંબંધની દીક્ષા દ્વારા તેનું પ્રભુ સાથે અલૌકિક લગ્ન થાય છે, જેથી જીવને પ્રભુની સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. પતિના સુખમાં જ સુખ માનતી પતિવ્રતા નારીની જેમ હવે જીવને પોતાના સ્વામી પ્રભુની પ્રસન્નતામાં જ પોતાનું સુખ માની તેમની સેવા કરે અને સેવા સિવાયના સમયમાં તેમનું સ્મરણ કરે. આમ કરતાં સેવા-સ્મરણમાં તેની એકાગ્રતા થાય, મન તન્મય બની જાય ત્યારે પ્રભુકૃપા કરી તેને પોતાના સાક્ષાત સ્વરૂપનો અનુભવ કરાવે છે. આમ 'સેવા' એ પુષ્ટિમાર્ગમાં ભગવદ્ સ્વરૂપાનંદની પ્રાપ્તિ માટેનું સાધન છે અને ફળ પણ છે.

સિદ્ધાંતની મુક્તાવલી

આ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાંર્ગીય આચાર અને વિચાર બન્ને સમજાવ્યા છે. તેમનો આચાર પક્ષ એટલે પુષ્ટિભક્તિમાર્ગ અથવા સેવા માર્ગ. તેઓ આજ્ઞા કરે છે કે **'શાસ્ત્રમવગત્ય મનોવાક દેહૈઃ શ્રીકૃષ્ણઃ સેવ્યઃ સ્મર્તવ્યશ્ચ'** અર્થાત શાસ્ત્રને જાણીને મન, વાણી અને શરીરથી શ્રીકૃષ્ણનાં સેવા- સ્મરણ કરવાં જોઈએ. પુષ્ટિમાર્ગે ચાલવા માટે સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ અગત્યનો છે.

ગ્રંથરચનાનું કારણ

શ્રી વલ્લભાચાર્યજી પ્રથમ ભારતયાત્રા કરતાં જ્યારે વ્રજમાં પધાર્યા ત્યારે અચ્યુતદાસ નામના એક વિરક્ત ધનાઢ્ય બ્રાહ્મણ સાથે તેમનો મેળાપ થયો. તેઓએ અચ્યુતદાસને આજ્ઞા કરી કે તમે શ્રીનાથજીની સેવા કરો. અચ્યુતદાસે શ્રી વલ્લભાચાર્યને વિનંતી કરી, 'મહારાજ મારા ઉપર એવી કૃપા કરો કે હું એકાંતમાં બેસી માનસી સેવા કરું, તેમાં મારું મન પરોવાય.' આ વિનંતીના જવાબમાં શ્રી વલ્લભાચાર્યજીએ તેમને 'સિદ્ધાંતમુક્તાવલી' ગ્રંથ રચીને શીખવ્યો. તેના ફળસ્વરૂપે તેમને તનુવિત્તની સેવા કર્યા વિના સીધી ફલરૂપા માનસીસેવા સિદ્ધ થઈ ગઈ. તેઓ ગિરિરાજજીની તળેટીમાં આન્યોર પાસે આવેલા ગોવિંદકુંડની નજીક પર્વતની એક ગુફામાં માનસીસેવામાં મગ્ન થઈ રહેવા લાગ્યા.

ગ્રંથનું હાર્દ

આ ગ્રંથમાં કુલ ૨૧ શ્લોકો છે. આપણો દેહ પંચમહાભૂતોનો બનેલો છે. પાંચભૂત તત્ત્વો, (પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ) એક શરીર, દશ ઈન્દ્રિયો અને અંતઃકરણનાં ચાર તત્ત્વો- મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સાથે આપણો આત્મા મળી કુલ એકવીસની સંખ્યા થાય. આ એકવીસ તત્ત્વો યુક્ત પુષ્ટિજીવનું કર્તવ્ય શ્રીકૃષ્ણની સેવાનું છે. 'ભગવદ્રૂપ સેવાર્થ તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત'- પુષ્ટિ જીવોની સૃષ્ટિ માત્ર શ્રી પ્રભુની સેવા માટે જ છે. અન્ય કોઈ કાર્ય માટે નથી. આમ ભગવત્સેવા દેહ-આત્માથી કરવાની છે. માટે ૨૧ તત્ત્વોયુક્ત દેહ અને આત્માથી થતી ભગવતસેવાના સિદ્ધાંતનું નિરૂપણ શ્રી વલ્લભાચાર્યજીએ આ ગ્રંથના ૨૧ શ્લોકમાં કર્યું છે.

પ્રથમ શ્લોકમાં મંગળાચરણ કરી ગ્રંથ રચનનો હેતુ બતાવ્યો છે, જ્યારે તેના બીજા ચરણ અને બીજા શ્લોકના પહેલા ચરણમાં ભગવત્સેવાનો સિદ્ધાંત બતાવ્યો છે- **'કૃષ્ણ સેવા સદા કાર્ય, માનસી સા પરામતા, ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધયૈ તનુવિત્તજા!'** તેમણે સેવાનું સ્વરૂપલક્ષણ અને કાર્યલક્ષણ બન્ને આ બે પંક્તિમાં જણાવી દીધાં છે. બીજા શ્લોકના બીજા ચરણમાં સેવાનું ફળ બતાવ્યું છે. જ્યારે ત્રીજા શ્લોકથી પંદરમા શ્લોક સુધીમાં પોતાના 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું નિરૂપણ કરેલું છે. આગળ સોળમા શ્લોકથી વીસમા શ્લોક સુધીમાં પુષ્ટિજીવનાં અન્ય કર્તવ્યો બતાવી, આખરી એકવીસમા શ્લોકમાં ગ્રંથનો ઉપસંહાર કરતાં તેઓ આજ્ઞા કરે છે કે - **'એતદ્ બુદ્ધ્વા વિમુચ્યતે, પુરુષઃ સર્વસંશયાત્'** એટલે કે આ ગ્રંથને સમજવાથી સર્વ સંશયો દૂર થશે.

આમ આ ગ્રંથ સેવાનો સિદ્ધાંત સમજવા માટે અતિ મહત્ત્વનો છે.

પુષ્ટિમાર્ગીય આચાર ભગવદ્સેવાનો ઉપદેશ

શ્રી વલ્લભાચાર્યજી આ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે- **'કૃષ્ણ સેવા સદા કાર્યા'** અહીં કૃષ્ણ શબ્દ હેતુપૂર્વકનો છે. 'કૃષ્ણ'ને ઉપનિષદોથી લઈ સર્વ શાસ્ત્રો અને પુરાણોએ પુર્ણપુરુષોત્તમ કહ્યા છે. ભગવાનના દસ અવતારોમાં કૃષ્ણ અવતારી છે, જ્યારે અન્ય તેમના વ્યૂહ, કલા કે અંશરૂપ અવતારો છે. વેદમાં **'રસો વૈ સઃ'** એવું બ્રહ્મનું સાકાર સ્વરૂપ કહેવામાં આવ્યું છે. તેને જ ઉપનિષદો 'કૃષ્ણ' કહે છે. વળી 'કૃષ ણ' એમ કૃષ્ણ શબ્દ બન્યો છે. તેનો અર્થ છે સર્વથી વધુ શક્તિમાન અને પૂર્ણાનંદ. પરબ્રહ્મ કૃષ્ણ વેદની શ્રુતિના કહેવા પ્રમાણે જીવોનાં સર્વ પાપોનો નાશ કરી, બધાં દુઃખ દૂર કરી તેનો ઉદ્ધાર કરનારા છે. આ સામર્થ્ય અન્ય કોઈમાં નથી. માટે જ શ્રી વલ્લભાચાર્યજીએ આવા સર્વોત્કૃષ્ટ તત્ત્વ એક માત્ર 'કૃષ્ણ'ની સેવાનો ઉપદેશ આપ્યો છે.

અહીં શ્રી વલ્લભાચાર્યજી કૃષ્ણની 'પૂજા'ની આજ્ઞા નથી કરતાં પરંતુ 'સેવા' શબ્દ વાપરે છે, જે માર્મિક છે. સેવામાં સ્નેહની અભિવ્યક્તિ મુખ્ય છે. માટે જ પુષ્ટિભક્તિને **'પ્રેમ લક્ષણા ભક્તિ'** કહી છે, કારણ કે 'પ્રેમ'નું અહીં પ્રાધાન્ય છે. સ્નેહ-ભક્તિ એ મનનો- હૃદયનો મધુર અને કોમળ ભાવ છે. તેના કારણે જ સેવા સેવક અને સેવ્ય બન્ને માટે સુખદ્ બને છે. સેવામાં પૂજ્યભાવ નથી, સ્નેહભાવ છે. સેવા આદર-સત્કાર માટે નથી, પ્રેમનો અભિષેક કરવા માટે છે.

શાસ્ત્રોમાં બતાવેલ પૂજામાં વિધિનિષેધ ઘણા છે, તે યંત્રવત્ નિયમો પ્રમાણે થાય છે. તેથી તે અઘરી અને મુશ્કેલ છે. પૂજાથી મનમાં પ્રભુ પ્રત્યે આદર ભલે પ્રગટે, પ્રેમ પ્રગટતો નથી.

અહીં કૃષ્ણસેવા હંમેશાં કરવાની આજ્ઞા કરવામાં આવી છે. અર્થાત્ સેવા અહર્નિશ- રાતદિવસ કરવાનો ઉપદેશ છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સેવા એ સેવકનું સમસ્ત જીવન છે. સેવકધર્મની સાર્થકતા જ સેવામાં છે. સેવક થયા પછીનું મનુષ્યનું સર્વ કાર્ય પ્રભુ માટે જ કરવાનું છે. તે પૂજાની માફક પાર્ટટાઈમ વિધિ નથી, પરંતુ 'ફુલટાઈમ' કર્તવ્ય છે. માટે જ આજ્ઞા કરી છે કે સેવા સદા-સર્વદા કરવી.

સેવા વિશિષ્ટ અને વિલક્ષણ છે. સેવા ધર્મ છે- ફરજ છે. તે બ્રહ્મસંબંધ લેનારની જવાબદારી અને કર્તવ્ય છે. તેના સિવાય બીજું કોઈ કર્મ નથી. સૌથી મોટું કર્મ શું? તેના જવાબમાં ભગવાન જગન્નાથજીએ પણ આજ્ઞા કરી છે કે મનુષ્યનું મોટામાં મોટું કર્મ 'કૃષ્ણસેવા' છે- **'કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા.'**

કૃષ્ણ સેવાનું બીજું લક્ષણ એ છે કે સેવા, પુરુષાર્થનું સાધન નહીં પરંતુ તે પોતે જ પુરુષાર્થ છે. વ્રત, તપ, પૂજા વગેરે ધર્મ પુરુષાર્થનાં સાધન છે. જ્યારે સેવા પોતે જ ધર્મ પુરુષાર્થ છે. તેથી જ શ્રી વલ્લભાચાર્યજી ચતુઃશ્લોકી ગ્રંથમાં આજ્ઞા કરે છે- **'સ્વસ્યાયમેવ ધર્મો હિ'**- આ સેવા જ આપણો ધર્મ છે- આત્માનો ધર્મ છે.

સેવાનું કાર્યલક્ષણ

સેવાનું પહેલું કાર્યલક્ષણ સમજાવતા શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે 'ચિત્તની પ્રવણતા એ સેવા માટે આવશ્યક છે. કર્મ અને ભક્તિ વચ્ચે એક પાયાનો તફાવત એ છે કે કર્મ ફરજના ભાગ રૂપે થાય છે, જ્યારે ભક્તિમાં ભગવદ્ભાવ મુખ્ય છે. ભાવ-પ્રેમની સંવેદનશીલતા ભક્તિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેના કારણે પ્રિયતમ એવા પ્રભુના સુખના વિચારથી ચિત્ત પ્રસન્નતા અનુભવે છે. પરિણામે સેવાનું પ્રત્યેક કાર્ય, કર્મ ન રહેતાં તત્સુખના ભાવથી આપ્લાવિત બની જાય છે. સેવા માટે શ્રી વલ્લભાચાર્યજીએ એક માપદંડ બતાવ્યો છે- સેવાની પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક ક્રિયા ચિત્તના પ્રભુ-પ્રવણ સહિતની છે કે નહીં તે ચકાસવું.

બીજું કાર્યલક્ષણ સમજાવતાં તેઓ કહે છે- '**તત્સિધ્ધ્યૈ તનુવિત્તજા.**' કાર્ય કરવામાં આવે તો જ ચિત્તપ્રવણ સંભવ બને. કેવળ આંખ મીંચીને બેસી કે વિચાર કરવાથી નથી ચિત્તનું પ્રવણ થતું કે નથી પ્રભુને કોઈ સુખ થતું. માટે સેવાનું પહેલું સોપાન છે- સાધન રૂપા સેવા- '**તનુવિત્તજાસેવા**' અર્થાત્ તન એટલે શરીર અને વિત્ત એટલે ધનના સહયોગથી થતી સેવા. અહીં શરીર અને દ્રવ્ય બન્નેનો સમન્વય સેવામાં થાય છે, અને ત્યારે જ તે 'સેવા' બને છે. અહીં શ્રી વલ્લભાચાર્યજીએ તન અને સ્વ-ધનના વિનિયોગની વાત કરી છે. જે મનુષ્યના માટે પોતાના ઘરમાં જ શક્ય બની શકે છે અને તેથી જ તેમણે ગૃહસેવાની આજ્ઞા કરી છે. તેઓ કહે છે- 'ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ' આ કારણે જ તેમણે પોતાના સેવકોને માટે 'શ્રી' સ્વરૂપ પધરાવી આપી પ્રત્યેકને પોતાના ઘરમાં જ તેમના પરિવાર સાથે મળીને સેવા કરવાનો ઉપદેશ આપ્યો છે.

ગૃહસેવા એ શ્રી વલ્લભાચાર્યજીનો વિશિષ્ટ દષ્ટિકોણ છે, જે બીજા કોઈ સંપ્રદાયમાં જોવા મળતો નથી. તેનું કારણ છે કે પુષ્ટિભક્તિ એ પ્રેમલક્ષણાભક્તિ છે. પ્રભુમાં આપણો બાળભાવ હોય કે માધુર્યભાવ હોય. બાળભાવમાં સેવા દ્વારા પ્રભુ-પ્રત્યે માતા જેવું વાત્સલ્ય પ્રગટ થાય, જ્યારે માધુર્યભાવમાં તેમના પ્રત્યે પ્રિયતમા જેવો ભાવ જાગે. વાત્સલ્ય અને પ્રેમભાવ એ બન્ને રસપૂર્ણ અંગત લાગણીઓ છે, જેની અભિવ્યક્તિ જાહેરમાં થઈ શકે નહીં. આ બન્ને પ્રકારની લાગણીઓની અભિવ્યક્તિ માટેનું સુયોગ્ય સ્થાન એ પોતાનું ઘર છે.

પુષ્ટિમાર્ગમાં સેવા ગોપીજનોના ભાવની છે- '**સેવા રીત પ્રીતવ્રજજનકી જનહિત જગ પ્રગટાઈ.**' આથી શ્રી વલ્લભાચાર્યજીએ વ્રજ લીલાનો, ગૃહસેવાનો પ્રકાર બતાવ્યો છે. પ્રત્યેક વ્યક્તિએ પોતે પોતાના તન અને પોતાના ધનથી પોતાના ઘરમાં પરિવારજનો સાથે પોતાના સેવ્ય સ્વરૂપની સેવા કરવી એ જ શ્રી વલ્લભાચાર્યજીનો સિદ્ધાંત છે.

આમ 'તનુવિત્તની' સાધનારૂપા સેવા છે. ચિત્તના પ્રવણ સાથે શ્રી વલ્લભાચાર્યજીની આજ્ઞાનુસાર તે કરવાથી ફલરૂપ માનસી સેવા ચોક્કસ સિદ્ધ થાય. સેવાનું કોઈ અલગ ફળ નથી. આ લોકમાં અને પરલોકમાં સેવા મળતી રહે અને થતી રહે એ જ સેવાનું ફળ છે. જો ઉત્તરોત્તર વધુ ને વધુ સેવા કરવાનો

અવસર પ્રાપ્ત થાય તો પ્રભુ આપણી સેવા પ્રસન્નપૂર્વક અંગીકાર કરે છે તેમ સમજવું જોઈએ. આગળ બતાવ્યું તેમ સેવ્યના સુખ અને સંતોષ માટે સેવા છે. સેવા સ્નેહની અભિવ્યક્તિ છે. સાચો સ્નેહ નિષ્કામ હોય. સેવાના બદલામાં કશું જ મેળવવાનો તેમાં ભાવ નથી. સેવા માટે સેવા, સેવાનું ફળ સેવા. આથી સાચો સેવક સેવાના બદલામાં લૌકિક કે અલૌકિક કોઈ લાભની ઈચ્છા રાખતો નથી. માટે જ કહ્યું છે **'ન ફલાર્થં, ન ભોગાર્થં, ન પ્રતિષ્ઠા પ્રસિદ્ધયે'**. પ્રભુનું સુખ એ જ સેવકનો આનંદ છે.

સેવાનું ફળ.

ઉપર કહ્યું તેમ સેવાનું ફલ સેવા જ છે, પરંતુ શ્રી વલ્લભાચાર્યજી આ ગ્રંથમાં એક આડલાભની વાત કરે છે. તેઓ ગ્રંથના બીજા શ્લોકની બીજી પંક્તિમાં બતાવે છે- **'તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિ બ્રહ્મબોધનમ્'** - અર્થાત સેવાથી સંસારનાં દુઃખોની નિવૃત્તિ થાય છે અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે.

શ્રી વલ્લભાચાર્યજીના મતે 'સંસાર' એ જગત નથી. સંસાર એટલે આપણા 'મનથી માનેલા અહંતા- મમતાનું મિથ્યા જ્ઞાન.' તેઓએ બાલબોધ ગ્રંથમાં સમજાવ્યું છે કે અહંતા-મમતા દૂર ન થાય ત્યાં સુધી ભગવતપ્રાપ્તિનાં દ્વાર ખૂલતાં નથી. પંચપર્વા અવિદ્યાના કારણે આપણામાં આ અહંતા અને મમતા જાગે છે જેને કારણે સાંસારિક દુઃખ ઉત્પન્ન થાય છે. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે સાચી રીતે સેવા કરનારનું મન લૌકિક મટી અલૌકિક બની જતાં, લૌકિક દુઃખો પીડા કરતાં નથી. દુઃખ દુઃખ લાગતું નથી. કર્મફળના કારણે દુઃખ આવે પણ તે દુઃખ ભક્તને દુઃખ આપતું નથી. મન અલૌકિક બનતાં પ્રભુમાં તે જોડાય. મનનો અરીસો સ્વચ્છ બને તો તેમાં પ્રભુનું સ્વરૂપ સમજાય અને ઝિલાય. એનું નામ જ 'બ્રહ્મબોધન' એટલે કે પ્રભુને સમજવાની અલૌકિક દૃષ્ટિ છે. આપણે કરેલી સેવા એ સાચી સેવા છે તે કઈ રીતે સમજી શકાય? તે માટે શ્રી વલ્લભાચાર્યજીએ ઉપરોક્ત વાત કરી છે. આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે શું લૌકિક દુઃખો આપણને વિચલિત કરે છે? આપણને પ્રભુના સાચા સ્વરૂપ, કાર્ય અને ગુણોનું જ્ઞાન થયું છે? જો જવાબ 'હા'માં હોય તો સેવા સાચી ગણાય, અન્યથા તે કેવળ ક્રિયા કરી રહ્યા છીએ તેમ સમજવું.

પુષ્ટિમાર્ગીય વિચાર

સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથના ઉપરોક્ત સેવાના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યા પછી પાછળના શ્લોકોમાં શ્રી વલ્લભાચાર્યજીએ 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું દર્શન કરાવ્યું છે, જે પુષ્ટિમાર્ગનો વિચાર પક્ષ છે.

તેઓ સમજાવે છે કે **'પરબ્રહ્મ તુ કૃષ્ણો હિ,'**- પરબ્રહ્મ- પૂર્ણ પુરુષોત્તમ- પરમાત્મા એટલે કૃષ્ણ. આ જ વાત અથર્વ વેદીના ગોપાળ- પૂર્વતાપનીયઉપનિષદમાં પણ જણાવ્યું છે કે- 'ગોપવેશને ધારણ કરનાર, જળના સાગર જેવા શ્યામ અને સમુદ્ર જેવા અપાર મેઘ જેમ કૃપા વરસાવનાર સદા નવયુવાન વેદોએ જેમનો આશ્રય કર્યો છે અને વેદોમાં જેમનું નિરુપણ કરવામાં આવ્યું છે એવા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે.' શ્રી વલ્લભાચાર્યજી બતાવે છે કે બૃહદારણ્ય ઉપનિષદમાં એમ કહેવામાં આવ્યું છે કે આ સઘળું અક્ષર- બ્રહ્માત્મક છે. અક્ષરબ્રહ્મ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું અને અક્ષરબ્રહ્મમાંથી જગત ઉત્પન્ન થયું છે. માટે જગતને ઉત્પન્ન કરનાર હરિ, તેનું પાલન કરનાર તેમ જ પોતાનામાં લીન કરનાર બ્રહ્મ જ છે. માટે જ આ જગત પણ સત્ય છે અને નિત્ય છે જેમ અગ્નિમાંથી હજારો તણખા છૂટા પડે તેમ અક્ષરબ્રહ્મમાંથી અનેક ચેતનયુક્ત જીવો પ્રગટ થયા છે અને જડ પદાર્થો પણ પ્રગટ થયા છે. તે જડ ચેતન જીવોનું આ જગત બનેલું છે. આમ આ અક્ષરબ્રહ્મે જગતનાં વિવિધ આકાર અને નામ ધારણ કર્યાં છે. અક્ષરબ્રહ્મને સમજાવવા તેઓ કહે છે કે તેનાં બે રૂપ છે- પહેલું રૂપ તે 'અક્ષરબ્રહ્મ' પોતે અને બીજું રૂપ જગત છે. ભગવાનની ક્રીડા અને આનંદ માટે જ્યારે તેમણે એકમાંથી અનેક થવાનો વિચાર કર્યો **(એકોહં બહુસ્યામ પ્રજાયેય)** ત્યારે પોતાના અધિસ્થાન અક્ષરબ્રહ્મમાંથી જડ-ચેતન સૃષ્ટિયુક્ત જગતને પ્રગટ કર્યું. અક્ષરબ્રહ્મ પરમાત્માનું આધ્યાત્મિક સ્વરૂપ છે તો જગત એ પરમાત્માનું આધિભૌતિક સ્વરૂપ છે. અક્ષરબ્રહ્મં જગતમાં સત-ચિત્ત અને આનંદ અંશ વિદ્યમાન છે. જ્યારે જગતમાં સત્ અને ચિત્ અંશ જ વિદ્યમાન છે, આનંદ અંશ તિરોહિત છે.

બ્રહ્મનાં આ બે સ્વરૂપોને સમજાવતાં શ્રી વલ્લભાચાર્યજી ગંગાજીનું ઉદાહરણ આપે છે. જેમ ગંગાજીના જળસ્વરૂપે આધિભોતિક સ્વરૂપ, તીર્થસ્વરૂપે, આધ્યાત્મિક સ્વરૂપ અને દિવ્ય સાક્ષાત સ્વરૂપ તે તેમનું આધિદૈવિક સ્વરૂપ

છે, તેમ બ્રહ્મના આધ્યાત્મિક સ્વરૂપ રૂપે અક્ષરબ્રહ્મ અને આધિભૌતિક સ્વરૂપે જગતને જાણવા. જે પ્રમાણે ગંગાજળમાં વધારો-ઘટાડો થતો રહે છે તેમ જગતમાં પણ આવિર્ભાવ અને તિરોભાવ થતો રહે છે. જેમ ગંગાજીના તીર્થસ્વરૂપનું સેવન કરવાથી ભોગ અને મોક્ષ મળે છે તેમ અક્ષરબ્રહ્મની ઉપાસના કરવાથી ભોગ અને મોક્ષ મળે છે. ગંગાજીના ઉદાહરણથી શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે ગંગાજીના દિવ્ય સ્વરૂપની મૂર્તિનાં રૂપે ભક્તો, સ્વગૃહે તેની ભક્તિ કહે છે. તે પ્રમાણે પુષ્ટિભક્તે પરબ્રહ્મ શ્રીકૃષ્ણના દિવ્ય સ્વરૂપની પુષ્ટિમાર્ગની રીત પ્રમાંણે ભક્તિ-સેવા કરવાથી તે સ્વરૂપમાં બિરાજતાં પ્રભુ સાક્ષાત પ્રગટ થઈ દર્શન આપે છે. ગીતાજીમાં ભગવાન સ્વયં આજ્ઞા કરે છે કે જે જીવાત્મા મને જે રીતે ભજે છે તેને તે રીતે હું ફળ આપું છું. જે ભગવદ્ સ્વરૂપને સાક્ષાત ભગવાન સમજી શ્રદ્ધાથી સેવે છે, તેને ભગવદ્ સ્વરૂપનાં સાક્ષાત દર્શન ભગવાન કરાવે છે. પરંતુ જે લોકો લૌકિક બુદ્ધિ રાખીને આ ભગવાન નથી, ભગવાનની મૂર્તિ માત્ર છે તેમ ભેદબુદ્ધિ રાખીને સેવા કરે છે તેમની સેવા વ્યર્થ જાય છે. એટલે'કે તેને ભગવદ્ અનુભવ થતો નથી. માટે આપણે ત્યાં બિરાજતાં પ્રભુમાં ભેદબુદ્ધિ ન રાખતાં સાક્ષાત પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ બિરાજે છે તેવી શ્રદ્ધા રાખી ભાવપૂર્વક સેવા કરવી જોઈએ. જેમ દેવી સ્વરૂપે ગંગાજીનું આધિદૈવિક સ્વરૂપ છે તેમ ભગવાન શ્રીકૃષ્ણ એ આધિદૈવિક સ્વરૂપ છે. જો સેવકને આ જગત પરમાત્માનું સ્વરૂપ છે, તેના પ્રત્યેક નામરૂપમાં પરમાત્મા રહેલા છે, એવું બ્રહ્મજ્ઞાન થાય તો જગતને ભગવદ્રૂપ જાણીને લૌકિક ભોગ કરવાની વૃત્તિ (અહંતા - મમતા) છોડી દઈ, ભગવદ-સ્વરૂપનો આનંદ પ્રાપ્ત કરવાની અભિલાષા સાથે સેવા કરવાથી તેને માનસીસેવાનું પરમ ફળ પ્રાપ્ત થાય છે.

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જગત ત્રિગુણાત્મક છે- તેમાં સત્ત્વ-રજ અને તમ એ ત્રણ ગુણો રહેલા છે. ભાગવતજીમાં બતાવ્યું છે કે નિર્ગુણ પરમાત્મા જ્ઞાનમય થતાં તેમણે પોતાની ક્રીડાના વૈવિધ્ય માટે જગતમાં ત્રણ ગુણો પ્રગટ કર્યા અને ત્રણ ગુણોવાળી સૃષ્ટિ રચી. ભગવાન પોતે ત્રણે ગુણોને પ્રગટ કરવા છતાં નિર્ગુણ છે. તેમણે આ ત્રણે ગુણોયુક્ત દેવો અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (શિવ)ને પ્રગટ કર્યા જેમના નિયામક પરબ્રહ્મ પરમાત્મા

પોતે છે. તેઓ નિર્ગુણ અને સ્વતંત્ર છે. આ ત્રિ-દેવો પરતંત્ર છે અને પરમાત્માને વશ છે. આ વાત કહેતાં શ્રી વલ્લભાચાર્યજી નિર્દેશ કરે છે કે ભગવાનના ભક્તે ભગવાન નિસ્પૃહ રહીને ભગવત્સેવા કરવાની છે. અન્ય દેવ - દેવીઓમાં કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ઉપાસના કરતા ઉપાસકોની ઇચ્છા તે દેવો પૂરી કરે છે, પરંતુ પરમાનંદનું દાન કરનાર કેવળ શ્રીકૃષ્ણ જ છે. માટે પરમાનંદની પ્રાપ્તિની કામનાવાળાએ ભગવાન શ્રીકૃષ્ણમાં અનન્ય મન રાખી અનન્ય ભાવથી તેમની જ સેવા કરવી જરૂરી છે.

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે ઉત્તમ ભક્તોએ પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ અને જગતના સ્વરૂપને સારી રીતે જાણી ભગવાન શ્રીકૃષ્ણમાં તેમનું અંતઃકરણ સ્થિર કરવું જોઈએ. જેમ મૂળને પાણી પાવાથી આખા વૃક્ષને પોષણ મળે છે તેમ સર્વના મૂળ એવા ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવાથી તેમાં સર્વની સેવા સમાઈ જાય છે. તેઓ કહે છે કે જેમ અખંડ આકાશને જોવા માટે આપણી આંખો આગળ ચાળણી રાખીએ તો આખું આકાશ એક ન દેખાતાં આકાશનાં અલગ અલગ નાનાં ટપકાં દેખાશે. તેથી એવો ભ્રમ ઉત્પન્ન થાય કે આકાશ અખંડ નથી, તે જ પ્રમાણે અવિદ્યાને કારણે જીવને જગતના પદાર્થોમાં અહંતા-મમતા જાગે છે જે મિથ્યા હોવા છતાં તેને સત્ય લાગે છે. આવી સ્થિતિમાં જો જીવાત્માને પોતાના સ્વરૂપનું, સંસારનું, જગતનું અને ભગવાન વિષેનું સાચું જ્ઞાન થાય ત્યારે જ તે અલૌકિક ફળને પ્રાપ્ત કરી શકે છે. જોકે જીવ પોતાની ઇચ્છા કે બુદ્ધિથી અવિદ્યાનો ત્યાગ કરી શકતો નથી, પરંતુ જ્યારે ભગવાનની ઇચ્છા થાય ત્યારે જ જીવનો ઉદ્ધાર થાય છે. જે જીવાત્મા ભગવાનને વધુ વહાલો હોય તેને તેઓ ગુરુ દ્વારા પોતાના સર્વસ્વનું સમર્પણ ભગવાનને કરાવતાં તે સેવામાં મન, વચન અને કર્મથી તન્મય થઇ માનસી સેવારૂપી ફળ પ્રાપ્ત કરે છે. આવો ભક્ત ઉત્તમ છે. આમ આ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીએ વિવિધ પ્રકારના ભક્તોનાં સ્વરૂપ બતાવ્યાં છે. બીજા પ્રકારના ભક્તના સ્વરૂપને સમજાવતાં તેઓ કહે છે કે તે જ્ઞાની ભક્ત છે જેને ભગવાન ગુરુના ઉપદેશ દ્વારા પોતાનું જ્ઞાન કરાવે છે. તેની અવિદ્યા દૂર કરે છે, જેથી તેને જગતમાં સર્વત્ર પુરુષોત્તમનાં દર્શન થાય છે.

ત્રીજા પ્રકારના ભક્તને તેઓ 'સંસારીભક્ત' કહે છે. જેમ ગંગાજીનો

કોઈ ભક્ત ગંગાજીથી દૂર રહી તેની ભક્તિ કરે તો તે ગંગાજીના જળનું પાન કે સ્નાન કરી શકતો નથી કે નથી તેને તેમના દેવી સ્વરૂપનાં દર્શન થતાં, જેથી તે દુઃખી રહે છે. તે જ પ્રમાણે જેની અહંતા- મમતા છૂટી નથી તેવા ભક્તને ભગવાનની સેવામાં પ્રયત્નશીલ રહેવા છતાં તેને ભગવદ્ દર્શન પ્રાપ્ત થતાં નથી. ચોથા પ્રકારના ભક્તને શ્રી વલ્લભાચાર્યજી **'લોકોર્થી ભક્ત'** કહે છે. આવો ભક્ત અધમ અધિકારી છે. આવા ભક્તનાં લક્ષણ બતાવતાં તેઓ કહે છે કે લોકોર્થીભક્ત પોતાનાં લાભ અને પ્રતિષ્ઠા માટે સેવા કરતો હોય છે, લૌકિક પદાર્થો મેળવવાની બુદ્ધિથી સેવા કરતો હોય છે, તે સંસારમાં ઓતપ્રોત રહેવા માટે છતાં દેખાવ ખાતર ભગવાનને સેવતો હોય છે અથવા બીજાઓની નજરમાં પ્રદર્શન માટે સેવા કરતો હોય છે. આવા ભક્તની ભક્તિ નિર્ગુણ નથી પરંતુ છળકપટયુક્ત હોય છે, જેના કારણે તેઓને ભગવદ્ સ્વરૂપનો દિવ્ય આનંદ ક્યારેય મળતો નથી.

શ્રી વલ્લભાચાર્યજી જેઓ મધ્યમ અધિકારી ભક્તો છે તેને માટેની વ્યવસ્થા બતાવતાં કહે છે કે તેવા ભક્તોએ જ્યાં ભગવતસેવાનો પ્રકાર થતો હોય એવા સ્થાનમાં ઉત્સવાદિ કાર્યક્રમોમાં સંમિલિત થઈ રહેવું જોઈએ. ગંગાજીના કિનારે નિવાસ કરી ભાગવતજીનું પઠન કરવું જોઈએ. તેઓ સમજાવે છે કે પુષ્ટિમાર્ગમાં ફક્ત ભગવદ્કૃપા જ નિયામક છે. જે શુદ્ધ પુષ્ટિ, પુષ્ટિ પુષ્ટિ અને પુષ્ટિ મર્યાદા જીવને તેમની તનુવિત્તજા સાધન સેવા દ્વારા માનસીસેવા અવશ્ય સિદ્ધ થાય છે. પરંતુ જે કેવળ મર્યાદાભક્ત છે તેમને માનસી સેવારૂપી ફળ મળતું નથી, પરંતુ મોક્ષરૂપી ફળ મળે છે. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગ અધિક છે. કારણ કે જ્ઞાનથી મોક્ષ મળે છે, ભગવાન મળતા નથી, જ્યારે ભક્તિથી ભગવાન મળે છે.

આમ વેદ સંમત સ્વ-સિદ્ધાંતનું નિરૂપણ કરતાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે વેદ વગેરેમાં આ જ્ઞાન ઘણું ગુપ્ત રીતે રહેલું છે, જે તેમણે પુષ્ટિ જીવો ઉપર કૃપા કરવા આ ગ્રંથમાં નિરૂપિત કરેલું છે. જે કોઈ તેને બરાબર જાણી તેનું આચરણ કરશે તેને ભગવત્સેવા કરવામાં કોઈ સંદેહ રહેશે નહીં. ભગવતસેવા એ જ એકમાત્ર કર્તવ્ય છે, એવું જ્ઞાન હૃદયારૂઢ થશે જેથી તે જીવ અવશ્ય કૃતાર્થ થશે અને પ્રભુના પરમાનંદને ચોક્કસ પ્રાપ્ત કરી શકશે.

સેવાના સિદ્ધાંતની સંક્ષિપ્ત સમજ

શ્રી વલ્લભાચાર્યજીએ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં સેવાના મુખ્યત્વે બે પ્રકાર બતાવ્યા છે- તનુવિત્તજા અને માનસી. તનુવિત્તજા સાધનરૂપા સેવા છે જેમાં તનુ એટલે પોતાનું તન- શરીર અને વિત્ત એટલે પોતાનું ધન. આમ સ્વતનું અને સ્વવિત્ત એ બે સાધન થયાં. આ સાધનરૂપ સેવાનું ફળ એ 'માનસી'માં પરિણિત થાય જેમાં ચિત્તની ભગવાનમાં પ્રવણતા થાય, અર્થાત્ ભગવત્પ્રવણતા એ ફલરૂપા સેવા કહી છે, જે સાધન રૂપા સેવાનું લક્ષ્ય છે. તદુપરાંત તેમણે આજ્ઞા કરી છે કે આ સાધનરૂપા સેવા સેવકે પોતાના ઘરમાં પોતાના સેવ્ય સ્વરૂપની કરવી જોઈએ. તો જ તે ફલિત થઈ શકે. એટલે કે ભગવત્પ્રવણતા ત્યારે જ સંભવી શકે.

આમ, **'ચેતસ્તત્ પ્રવણં સેવા'** 'ભગવત્પ્રવણતા' પ્રાપ્ત કરવા ચાર તત્ત્વો આવશ્યક છે. (૧) સ્વસેવ્યસ્વરૂપ (૨) સ્વવિત્ત (૩) સ્વ તનુ અને (૪) સ્વગૃહ. આ ચારેય તત્ત્વોનો સંપૂર્ણ સમન્વય- અર્થાત્ - સ્વતનુ + સ્વવિત્ત + સ્વગૃહ + સ્વ સેવ્ય સ્વરૂપ = ચિત્તની કૃષ્ણ પ્રવણતા. આ ચારેય તત્ત્વોનો ઓછી-વત્તી સમન્વયાત્મક સ્થિતિનો ખ્યાલ નીચેની આકૃતિથી સ્પષ્ટ થઈ શકશે, જેમાં બે, ત્રણ કે ચાર તત્ત્વોનું સંમિશ્રણ ભગવત્પ્રવણતાના પરિમાણનો નિર્દેશ કરે છે.

ગ્રંથસાર :


૧. સ્વસેવ્ય
૧,૩
૧,૨
૧,૨,૩
સંપૂર્ણ
૨.
૧,૨,૪
૧+૨+૩+૪
૧,૩,૪
૩.
૨,૩,૪
૨,૪
૧ = સ્વસેવ્ય
૨ = વિત્ત
૩ = દેહ
૪. સ્વસેવ્ય
સ્વતનુ + સ્વવિત્ત +
સ્વગૃહ + સ્વસેવ્ય =

સંક્ષિપ્તમાં સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથનો સાર એ છે કે શ્રીકૃષ્ણને પરબ્રહ્મ અને જડ-જીવાત્મક જગતને લીલાર્થે પ્રકટ થયેલ જાણીને શ્રીકૃષ્ણની નિષ્કામ ભાવે સર્વસ્વસમર્પણપૂર્વક સેવા કરવી જોઈએ.

આ ગ્રંથમાં મુખ્યત્વે નીચે પ્રમાણે સિદ્ધાંતો આલેખવામાં આવ્યા છે.

- શ્રીકૃષ્ણ જ સૃષ્ટિનું સર્વોચ્ચ તત્ત્વ પરબ્રહ્મ છે.
- શ્રીકૃષ્ણે લીલાસૃષ્ટિને પ્રકટ કરવા માટે પોતાનામાંથી પ્રકટ કરેલ રૂપ અક્ષરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદસ્વરૂપ છે. તે અવ્યક્ત છે. જ્ઞાનીઓનો લય અક્ષરબ્રહ્મમાં થાય છે.
- પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તેને પોતાનું અધિષ્ઠાન બનાવે છે તેથી તે શ્રીકૃષ્ણનું નિત્યલીલાધામ પણ છે.
- જડ-જીવની ઉત્પત્તિ અક્ષરબ્રહ્મમાંથી થાય છે. તેઓ અક્ષરબ્રહ્માત્મક છે. સત્ય છે.
- જીવો બ્રહ્મના અંશ છે.
- ભગવાનની ઇચ્છાથી અવિદ્યાના પ્રભાવને કારણે તેઓ પોતાની બ્રહ્માત્મક અને બ્રહ્માંશરૂપતા ભૂલી જાય છે. આ જીવનું બંધાવું છે.
- ભક્તિ-જ્ઞાન દ્વારા અવિદ્યા દૂર થતાં જીવ મુક્ત થાય છે.
- જગત આધિભૌતિક છે (જેમ ગંગાનું પાણી)- અક્ષરબ્રહ્મ આધ્યાત્મિક છે (જેમ તીર્થરૂપ ગંગા)- શ્રીકૃષ્ણ આધિદૈવિક છે (જેમ ગંગા દેવી)
- અક્ષરબ્રહ્મમાંથી પ્રકટ થયેલ સત્ત્વ- રજસ્- તમોગુણાત્મક પ્રકૃતિ જગતરૂપે પરિણમે છે. તેથી જગત પણ સત્ત્વ- રજસ્- તમોગુણાત્મક છે. આમ જગત ત્રિવિધ છે.
- ત્રિગુણાત્મક જગતનું નિયમન કરવા માટે શ્રીકૃષ્ણ પોતે જ બ્રહ્મા-વિષ્ણુ- શિવ દેવોનાં રૂપમાં પ્રકટ થાય છે.
- ત્રિદેવો પરબ્રહ્મની આજ્ઞા અનુસાર અનુક્રમે જગતના સર્જન, તેનું પાલન અને તેનો નાશ કરવાનું કાર્ય સંભાળે છે.
- અક્ષરબ્રહ્મ અપ્રાકૃત- ગુણાતીત છે. અક્ષરબ્રહ્મના સ્વામી શ્રીકૃષ્ણ છે.

ઉપરોક્ત તત્ત્વજ્ઞાનને સમજીને શ્રી વલ્લભાચાર્ય શ્રીકૃષ્ણસેવા કરવાનો ઉપદેશ આપે છે.

સંક્ષિપ્તમાં સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથનો સાર એ છે કે શ્રીકૃષ્ણને પરબ્રહ્મ અને જડ-જીવાત્મક જગતને લીલાર્થે પ્રકટ થયેલ જાણીને શ્રીકૃષ્ણની નિષ્કામ ભાવે સર્વસ્વસમર્પણપૂર્વક સેવા કરવી જોઈએ.

આ ગ્રંથમાં મુખ્યત્વે નીચે પ્રમાણે સિદ્ધાંતો આલેખવામાં આવ્યા છે.

- શ્રીકૃષ્ણ જ સૃષ્ટિનું સર્વોચ્ચ તત્ત્વ પરબ્રહ્મ છે.
- શ્રીકૃષ્ણે લીલાસૃષ્ટિને પ્રકટ કરવા માટે પોતાનામાંથી પ્રકટ કરેલ રૂપ અક્ષરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદસ્વરૂપ છે. તે અવ્યક્ત છે. જ્ઞાનીઓનો લય અક્ષરબ્રહ્મમાં થાય છે.
- પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તેને પોતાનું અધિષ્ઠાન બનાવે છે તેથી તે શ્રીકૃષ્ણનું નિત્યલીલાધામ પણ છે.
- જડ-જીવની ઉત્પત્તિ અક્ષરબ્રહ્મમાંથી થાય છે. તેઓ અક્ષરબ્રહ્માત્મક છે. સત્ય છે.
- જીવો બ્રહ્મના અંશ છે.
- ભગવાનની ઈચ્છાથી અવિદ્યાના પ્રભાવને કારણે તેઓ પોતાની બ્રહ્માત્મક અને બ્રહ્માંશરૂપતા ભૂલી જાય છે. આ જીવનું બંધાવું છે.
- ભક્તિ-જ્ઞાન દ્વારા અવિદ્યા દૂર થતાં જીવ મુક્ત થાય છે.
- જગત આધિભૌતિક છે (જેમ ગંગાનું પાણી)- અક્ષરબ્રહ્મ આધ્યાત્મિક છે (જેમ તીર્થરૂપ ગંગા)- શ્રીકૃષ્ણ આધિદૈવિક છે (જેમ ગંગા દેવી)
- અક્ષરબ્રહ્મમાંથી પ્રકટ થયેલ સત્ત્વ- રજસ્- તમોગુણાત્મક પ્રકૃતિ જગતરૂપે પરિણમે છે. તેથી જગત પણ સત્ત્વ- રજસ્- તમોગુણાત્મક છે. આમ જગત ત્રિવિધ છે.
- ત્રિગુણાત્મક જગતનું નિયમન કરવા માટે શ્રીકૃષ્ણ પોતે જ બ્રહ્મા-વિષ્ણુ- શિવ દેવોનાં રૂપમાં પ્રકટ થાય છે.
- ત્રિદેવો પરબ્રહ્મની આજ્ઞા અનુસાર અનુક્રમે જગતના સર્જન, તેનું પાલન અને તેનો નાશ કરવાનું કાર્ય સંભાળે છે.
- અક્ષરબ્રહ્મ અપ્રાકૃત- ગુણાતીત છે. અક્ષરબ્રહ્મના સ્વામી શ્રીકૃષ્ણ છે.

ઉપરોક્ત તત્ત્વજ્ઞાનને સમજીને શ્રી વલ્લભાચાર્ય શ્રીકૃષ્ણસેવા કરવાનો ઉપદેશ આપે છે.

- કૃષ્ણસેવા સદા કરવી.

- સહજપણે શ્રીકૃષ્ણમાં ચિત્તનું સતત પ્રવણ થઈ જાય તે સેવાની ફલરૂપ 'માનસી' અવસ્થા છે.

- માનસીરૂપા ચિત્તની પ્રવણતા શ્રીકૃષ્ણની તનુવિત્તજા સેવા કરવાથી જ થઈ શકે છે.

- 'તનુવિત્તજા' સેવા એટલે પોતાના તનથી અને પોતાના ધનથી પોતાના ઘરમાં શ્રી કૃષ્ણની સેવા.

- શ્રીકૃષ્ણની સેવામાં કેવળ તનનો વિનિયોગ- સમર્પણ કરવામાં આવે તો એટલે કે કેવળ તનથી સેવા કરવામાં આવે તો તેવી સેવા કરનારનું ચિત્ત શ્રીકૃષ્ણમાં પરોવાઈ શકતું નથી. કારણ કે તેનાં ઘર- ધન- પરિવાર- દૈનિક વ્યવહારો વગેરે બધાં સાથે પ્રભુનો સંબંધ થઈ શકતો નથી.

- શ્રીકૃષ્ણની સેવામાં જો કેવળ વિત્ત- ધનનો વિનિયોગ- સમર્પણ કરવામાં આવે તો એટલે કે કેવળ વિત્તથી સેવા કરવામાં આવે તો પણ તેવી સેવા કરનારનું ચિત્ત શ્રીકૃષ્ણમાં પરોવાઈ શકતું નથી. કારણ કે તેનો દેહ- ઘર- પરિવાર- દૈનિક વ્યવહારો વગેરે પ્રભુસંબંધ વિનાનાં જ રહે છે.

- તેથી સેવા સર્વસ્વના સમર્પણપૂર્વક પોતાના ઘરમાં જ કરવાનો આદેશ શ્રી વલ્લભાચાર્યે આપ્યો છે.

- પ્રેમ- ભક્તિપૂર્વક કૃષ્ણસેવા કરનારનાં સંસારદુઃખ અનાયાસે દૂર થઈ જાય છે.

- જ્ઞાનમાર્ગીને જ્ઞાનસાધનાના અંતે પ્રાપ્ત થતું બ્રહ્મબોધરૂપી ફળ કૃષ્ણસેવા- ભક્તિ કરનારને વગર મહેનતે મળી રહે છે.

આ ગ્રંથમાં ભક્તોની વિભિન્ન કક્ષાનું નિરૂપણ નીચે મુજબ કરવામાં આવ્યું છે.

૧. ઉત્તમ : પોતાના સ્વરૂપનું જ્ઞાન, પરબ્રહ્માના માહાત્મ્યનું જ્ઞાન અને શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમ આ ત્રણેય લક્ષણો જેનામાં હોય એવો પુષ્ટિમાર્ગીયભક્ત જો શ્રીકૃષ્ણની સેવા સર્વસ્વના સમર્પણપૂર્વક પોતાના ઘરમાં કરતો હોય તો તે 'ઉત્તમ ભક્ત' કહેવાય.

૨. મધ્યમ : ઉપરોક્ત લક્ષણોમાંથી જો એકાદ લક્ષણ ઓછું હોય તો

તેવો પુષ્ટિમાર્ગીયભક્ત મધ્યમ કક્ષાનો ભક્ત ગણાય.

૩. કનિષ્ઠ : જે કેવલ ક્રિયાત્મિકા સેવા કરતો હોય તે કનિષ્ઠ ભક્ત ગણાય.

૪. હીન : સાંસારિક ફળ મેળવવા કૃષ્ણસેવા કરનાર હીન ભક્ત ગણાય.

પૂજા અને સેવામાં ભેદ

પૂજા એ પુષ્ટિભક્તિમાર્ગની સેવાથી ભિન્ન હોય છે.

પુષ્ટિભક્તિમાર્ગ એ કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને મર્યાદા ભક્તિમાર્ગથી અલગ પ્રકરનો છે. પુષ્ટિભક્તિમાર્ગની ગણના ભક્તિ સંપ્રદાયમાં કરવામાં આવે છે અને ભક્તિનો એક નૂતન પ્રકાર આ શ્રી વલ્લભાચાર્યજીએ રજૂ કર્યો હોવાથી તેમાં વિશેષતા રહેલી છે, જેમાં અર્ચનાનો પ્રકાર અન્ય સંપ્રદાયોમાં અર્ચનાના જે પ્રચલિત પ્રકારો છે તેના કરતાં સિદ્ધાંતથી સર્વથા ભિન્ન છે. અર્ચનાના મુખ્ય બે પ્રકાર છે - પૂજા અને સેવા. કર્મમાર્ગ એ પૂજાનું ક્ષેત્ર છે, જ્યારે સેવા શુદ્ધ પુષ્ટિમાર્ગીય છે. ભારતમાં ભક્તિસંપ્રદાયનાં જેટલાં દેવાલયો છે એમાં મોટે ભાગે પૂજા અથવા ઉપાસનાનો જ પ્રકાર જોવામાં આવે છે. વિધિ એ પૂજાનો આધાર છે અને સ્નેહ સેવાનો આધાર છે. પૂજામાં વિધિ જ મુખ્ય હોય છે. જ્યારે સેવામાં સ્નેહ જ મુખ્ય હોય છે. શ્રી વલ્લભાચાર્યજીએ 'પુરુષોત્તમ' શબ્દથી જે ભગવાન શ્રીકૃષ્ણનો ઉલ્લેખ કર્યો છે તેમની અર્ચનાને જ ભક્તિમાર્ગમાં માનેલ છે. એ સિવાય અન્ય કોઈપણ દેવની અથવા વિભૂતિસ્વરૂપની અર્ચના પુષ્ટિ ભક્તિમાર્ગમાં થતી નથી. પૂજાનું ધ્યેય વિભૂતિસ્વરૂપ હોવાથી તે પૂજા કર્મમાર્ગને યોગ્ય ગણાય છે. શુદ્ધ પુષ્ટિમાર્ગમાં અર્ચનાનું લક્ષ્ય 'પુરુષોત્તમ' હોવાથી એમની અર્ચનાને 'સેવા' કહેવાય છે. પૂજામાર્ગમાં સાધન અને ફળ (પરિણામ) સાધ્યને ભિન્ન માનવામાં આવે છે. સેવામાં સાધન અને ફળની એકતાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આથી એમ કહેવામાં આવ્યું છે કે ભક્તિ દ્વારા ભક્તિ પ્રાપ્ત થાય છે. અહીં ભક્તિ અર્થાત્ સેવા સાધન પણ છે અને ફળ પણ છે. ભક્તિનો ધાતુગત અર્થ 'સેવા' છે અને ધાતુને પ્રત્યય લાગવાથી 'સ્નેહ' એવો અર્થ થાય છે. આવી રીતે સેવા એ ભક્તિ તથા સ્નેહ એ બંને માટે વપરાતો શબ્દ છે. વાસ્તવિક રીતે સ્નેહ એ જ ભક્તિ છે. (સ્નેહો ભક્તિરિત પ્રોક્તઃ- નારદ) શાંડિલ્ય ભક્તિસૂત્રમાં કહ્યું છે કે ભગવાન પ્રત્યે

પરમ અનુરાગ એટલે ભક્તિ. (સા પરાનુરક્તિરીશ્વરે). જે સ્નેહ જ્ઞાનપૂર્વક થાય છે તે જ સ્નેહને યોગ્ય સ્નેહ માનવામાં આવ્યો છે. આવો યોગ્ય સ્નેહ એ જ ભક્તિ શબ્દનો સાચો અર્થ છે.

પૂજા સાર્વજનિક છે જ્યારે સેવા વ્યક્તિગત છે :-

આમ શ્રી વલ્લભાચાર્યજીએ અવિહિત સ્નેહને જ સેવા માનેલ છે. (ભક્તિ શાસ્ત્રીયા આન્તર પ્રેમસહિતા સેવા સ્નેહ એવ મયિ ન તુ કૃતિઃ) એ સુબોધિનીના વાક્યમાં 'સ્નેહ' શબ્દથી સેવાનો અને 'કૃતિ' અર્થાત્ 'વિધિ'થી પૂજાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પૂજાવિધિ સાથે સંબંધ ધરાવે છે અને તેથી તે સાર્વજનિક છે. સેવા એ સ્નેહ હોવાને લીધે વ્યક્તિગત છે. સ્નેહ ક્યારેક જાહેર પ્રદર્શનનો વિષય બનતો નથી. સ્નેહ એક રસ છે અને એની રસમયતા એને ખાનગી રાખવામાં જ છે. (રસો ગુપ્ત એવ રસો રસત્વભાપદ્યતે- સુબોધિની). જે રસ ગુપ્ત ન રહે તે ક્યારેય રસ હોતો નથી. (અગુપ્તો રસો રસાભાસઃ સ્યાત્- સુબોધિની) એટલે દેવાલય અથવા મંદિરનો પ્રકાર પૂજા માર્ગમાં ગણાય છે. પુષ્ટિમાર્ગમાં જે સેવામાર્ગ કહેવાય છે, તેમાં કોઈ દેવાલય કે મંદિર નથી. આ જ કારણને લીધે પુષ્ટિ- સંપ્રદાયમાં દેવાલય કે મંદિર જેવી કોઈ સંસ્થા માનવામાં આવતી નથી. વલ્લભસંપ્રદાયમાં આચાર્યકુળના વંશજોનું ઘર તે નંદાલય છે અને તમાં તેઓ પોતાના સેવ્ય સ્વરૂપની સેવા કરે છે. એમના સેવકનું ઘર એમના સેવા કરવા લાયક સેવ્ય સ્વરૂપનું મંદિર છે અને ત્યાં તેઓ પણ એકાંતમાં એમની સેવામાં તત્પર રહે છે. સેવાની સાર્વજનિકતામાં વલ્લભ સંપ્રદાયની મહત્તાની અને તેમાં રહેલા સિદ્ધાંતની ચરિતાર્થતા રહેતી નથી.

અમુક ફળની આકાંક્ષા એ પૂજાનો આશય છે, પરંતુ સેવાને સ્વયં ભગવત્કૃપાનું ફળ માનવામાં આવ્યું છે. પૂજા એ ફલપ્રાપ્તિનું સાધન છે, જ્યારે સેવા સ્વયં ફલપ્રાપ્તિ જ છે. આમ સેવા સાધન અને સાધ્ય બંને છે. (અર્ચનાયાં ફલં હેતુઃ સેવા ચ પુષ્ટિમાર્ગે સસ્નેહ કૃપા ફલં ચૈતત્- સુબો.) સેવામાં જેમની સેવા કરવાની છે તેમના સંપૂર્ણ સુખ માટે સ્નેહપૂર્વક આગ્રહ રાખવામાં આવે છે અને તેથી, જેમની સેવા કરવાની છે તેમની અભિલાષા પ્રમાણે તથા તેમના સુખને અનુકૂળ સેવાનો આદેશ છે. જેમની સેવા કરવાની છે તેમને માટે ગ્રીષ્મ ઋતુમાં ખસ આદિ પદાર્થોથી સુગંધિત બનાવેલા શીતળ જળનો ઉપયોગ

કરવામાં આવે છે. શિયાળાની ઋતુમાં જેમાં મધુર, આમ્લ, લવણ રસ વધારે હોય એવા ભોજ્ય પદાર્થોનો ઉપયોગ કરવાનો આદેશ છે. સેવ્ય સ્વરૂપની સમક્ષ સંગીત પણ ઋતુ અને કાળ અનુસાર પ્રસ્તુત કરવામાં આવે છે. વાસ્તવિક રીતે તો સેવામાં ઉપયોગી પ્રત્યેક પદાર્થ પુષ્ટિભક્તિ માર્ગમાં અલૌકિક માનવામાં આવે છે. 'પુષ્ટિભક્તિમાર્ગમાં સેવા પ્રકાર, વર્ષ દરમ્યાનના ઉત્સવો, નિત્ય સેવાના પ્રકાર, સામગ્રી, આભૂષણ, વસ્ત્ર, સિંહાસન, ખંડપાટ, પિછવાઈ, નિજમંદિર, મણિકોઠા, તિબારી, ડોલતિબારી, રસોઈઘર, પાનઘર, ફૂલઘર, શાકઘર, ભંડાર, ચોક, સેવક, કીર્તનિયા, પરિચારક આદિ સેવા સંબંધી સર્વ પદાર્થ અલૌકિક તેમ જ ભાવનાત્મક માનવામાં આવે છે.

વાસ્તવિક રીતે પુષ્ટિભક્તિમાર્ગમાં સેવા માટે ઉપયોગી પ્રત્યેક વસ્તુ વિશેષ ભાવના સાથે જ ભગવાનને સમર્પિત થાય છે. દા.ત. ધૂપ એ સ્વામિનીના શ્વાસોચ્છવાસનું સુગંધરૂપ છે. પુષ્પોમાં વ્રજભક્તોની ભાવના છે. એટલે સેવા વિધિમાં સેવા માટે ઉપોગી સામગ્રી માત્ર સાધન ઉપકરણ નથી; પૂજામાં એવા પ્રકારની ભાવનાનો અભાવ હોવાથી પૂજાસામગ્રી માત્ર સાધન છે. પૂજાવિધિમાં પૂજા કરનાર પોતાના મનને અનુકૂળ એવાં પુષ્પ, ભોગ, સામગ્રી, ઘરેણાં વગેરે પ્રતિમાને ચડાવે છે. સેવામાં સેવ્ય પ્રત્યેની સેવકની મન, વચન અને દેહની પ્રત્યેક ચેષ્ટા સેવા છે. શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણની સર્વ ભાવથી સેવા કરવાનો આદેશ આપ્યો છે. (મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ - પ્રકાશ). સર્વભાવપૂર્વક સેવા કરવામાં આવે તે સાર્થક થાય છે. (સર્વભાવિન સેવા-સુબોધિની). 'દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અને એમની પ્રવૃત્તિઓ તથા અંતઃકરણ વગેરે સર્વ ભગવાનનાં જ છે- મારાં નથી,' એ ભાવનાને જ 'સર્વભાવ' કહેવામાં આવે છે.

સ્તોત્ર, નમસ્કાર અને નમ્રતામાં સીમાબદ્ધ થયેલી પરિચર્યામાં તથા ધૂપ, દીપ અને ઉપહારથી સીમાબદ્ધ થયેલી સામગ્રીમાં પૂજાનો પ્રકાર સમાપ્ત થાય છે. (ધૂપં દીપં ઉપહારઃ પૂજાયાં સાધનત્રયં નિદિષ્ટમ। ઇયં પૂજા સ્તોત્રનમસ્કાર પ્રહ્વીભાવાત્મિકા- સુબોધિની) સેવાના પ્રકારમાં ભગવાનની સર્વ પરિચર્યા સેવાની અંદર સમાઈ જાય છે. ભગવાનનાં વસ્ત્ર વગેરે ધોવાનું કર્મ પણ સેવા છે.

પૂજામાર્ગમાં વિભૂતિપરત્વ હોવાને લીધે પ્રતિમાને સમર્પિત કરવામાં

આવેલું નૈવેદ્ય ગ્રહણ કરવાનું નિષિદ્ધ માનવામાં આવ્યું છે અને તે એટલે સુધી કે પ્રતિમા સમક્ષ ધરવામાં આવેલા દીપનો ઉપયોગ અન્ય કાર્યમાં કરી શકાતો નથી. આ સિદ્ધાંત સેવામાર્ગમાં અમાન્ય છે. અહીં તો એમ કહેવામાં આવ્યું છે કે જે પદાર્થ પહેલાં ભગવાનને સમર્પિત કરી દેવામાં આવ્યો હોય તે જ પદાર્થ ગ્રહણ કરવો. ભગવાનને સમર્પિત કરવામાં આવેલી વસ્તુના ઉપભોગનો નિષેધ એ અન્ય સંપ્રદાયનો મત છે; સેવામાર્ગનો નહીં. (અસમર્પિત વસ્તુનાં તસ્માત્ વર્જનમાચરેત । ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ ભિન્નમાર્ગપર મતમ્- સિદ્ધાંત રહસ્ય)

પૂજાની પરિશુદ્ધિનો આધાર દેશ, કાલ, દ્રવ્યો, કર્તા, મંત્ર અને ક્રિયાની પરિશુદ્ધિ પર નિર્ભર છે. સેવામાં શુદ્ધિને માટે દેશાદિ બાબતો પર ધ્યાન આપવાની જરાય જરૂર રહેતી નથી. (સદ્યઃ શુદ્ધિઃ ઈતિ શુદ્ધિહેતુનાં દેશાદીનાં નિરપેક્ષાતામાત-સુબોધિની) સેવા સતત ચાલુ રહેતી હોવાથી તેમાં કાળનો અંકુશ રહેતો નથી. (અત્ર કાલો ન નિયામકઃ સુબોધિની) પૂજામાં સમયનો કરેલો પ્રતિબંધ રહે છે. સહજ દેશકાળથી ઉત્પન્ન થતો, લોકવેદથી નિરૂપિત થયેલો, સંયોગમાંથી જન્મેલો અને સ્પર્શમાંથી ઉદ્‌ભવેલો વગેરે જે પંચવિધ દોષ માનવામાં આવે છે તેમની નિવૃત્તિ; ભૂતશુદ્ધિ આદિ વિધાનથી થતી હોય તો જ પૂજાનો પ્રકાર નિર્દોષ કહેવામાં આવશે. આમ ન હોય તો તે સદોષ છે. સેવાના પ્રકારમાં પહેલાં તો આ દોષોનું અસ્તિત્વ જ માનવામાં આવ્યું નથી. એટલું જ નહીં પણ સેવામાં તો પ્રતિકૂળ માનવામાં આવેલા પદાર્થો પોતે જ સાનુકૂળ થઈ જાય છે. સ્નેહની આ જ અદ્‌ભુતતા છે. (સ્નેહેન વાધિતાર્થા પિ પ્રયોજકાઃ ભવન્તિ- સુબોધિની). પુષ્ટિમાર્ગમાં અર્થાત્ પરિશુદ્ધ સ્નેહમાર્ગમાં બ્રહ્મસંબંધપૂર્વક સર્વસ્વનો વિનિયોગ ભગવાનમાં થઈ જાય છે. એટલે આવી રીતે સર્વસ્વ ભગવદીય થઈ જવાથી- ભગવત્સંબંધી થઈ જવાથી એમાં દોષ હોવાનો સંભવ જ નથી? ભક્તિ અર્થાત્ પરમ સ્નેહ પોતે જ સંપૂર્ણ રીતે દોષોનું નિવારણ કરનાર છે. (ભક્તિ પુનાતિ મન્નિષ્ઠાનઃ ભાગવત).

પૂજામાર્ગમાં પ્રતિમાની અંદર દેવતાનો આવિર્ભાવ (આગમનની ભાવના) અને તિરોભાવ (અદશ્ય થવાની ભાવના) થાય છે. (દેશકાલાદિ- મધ્યસ્થઃ ષડગ્નત્વં ય આગતઃ- સુબોધિની) અર્થાત મૂર્તિ વિસર્જનં વિકલ્પાત્ આવિર્ભાવતિરોભાવવાન - લેખ) મૂર્તિમાં આ આવેશ સાકાર માનવામાં આવે

છે. સેવામાર્ગમાં પ્રતિમા સ્વયં પ્રભુસ્વરૂપ માનવામાં આવે છે પણ પ્રતિમા અલગ છે અને એમાં ભગવાનનો અલગ પ્રવેશ થાય છે એમ માનવામાં આવતું નથી. પ્રતિમા સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ જ છે.

પૂજામાંર્ગમાં મંત્રોચ્ચારપૂર્વક મૂર્તિગત અમુક વિશેષ દેવતાની અર્ચના કરવામાં આવે છે. પુષ્ટિમાર્ગમાં તો મૂર્તિ મૂર્તિ નહીં પણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે અને એ જ ભાવથી એની સેવા થાય છે. અર્થાત્ પૂજામાર્ગમાં મૂર્તિમાં વૈદિક મંત્રોચ્ચારપૂર્વક અમુક દેવતાની પ્રથમ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે અને પછી જ પ્રતિમા પૂજાને યોગ્ય બને છે. પૂજામાં દેવતાનો આવિર્ભાવ પ્રતિમામાં થાય છે. જેવી રીતે પારસમણિના સ્પર્શથી તાંબું પણ સોનું બની જાય છે તેવી રીતે સેવામાર્ગમાં ગુરુ દ્વારા પુરુષોત્તમત્ત્વનો આવિર્ભાવ કરાવવાથી પ્રતિમા સાક્ષાત્ પુરુષોત્તમરૂપ બની જાય છે. ઘરમાં પ્રવેશ પામનાર વ્યક્તિ ઘરની બહાર પણ નીકળે છે તેવી રીતે મૂર્તિમાં પ્રવેશ પામનાર દેવતા વિસર્જનવિધિથી બહાર પણ નીકળે છે, પરંતુ પારસમણિના સ્પર્શથી તાંબામાંથી જે સોનું બને તે કદાપિ તાંબું થઈ શકતું નથી પણ સુવર્ણ જ રહે છે એવી રીતે પુરુષોત્તમરૂપ પ્રતિમા, સેવામાર્ગમાં, પુરુષોત્તમરૂપ જ રહે છે.

જેવી રીતે એક સેવક પોતાના સ્વામીની સેવા કરે છે તેવી જ રીતે પુષ્ટિમાર્ગમાં ભગવાનની પરિચર્યા કરવામાં આવે છે. એટલે સેવામાં લૌકિક યુક્તિ અને સ્નેહ મુખ્ય છે. વાસ્તવિક રીતે સેવામાં સ્નેહ જ નિયામક છે. જેવી રીતે માતા સ્નેહથી પુત્રને વહાલ કરે છે અને તેનું પાલણપોષણ કરે છે તેવી રીતે સેવામાં આવા જ પ્રકારના એક પરમ અનુરાગનું અનુકરણ થાય છે. પૂજા શાસ્ત્રથી નિયમમાં રહે છે. પૂજામાં જો શીતળ જળથી પ્રતિમાને સ્નાન કરાવવાનો આદેશ હોય તો વિધિ તે અનુસાર હશે, પરંતુ પુષ્ટિમાર્ગ અનુસાર શિયાળામાં બાલપ્રભુને ઠંડી ન લાગે એવા અતિશય સ્નેહના ભાવથી ગરમ પાણીનો જ ઉપયોગ કરવામાં આવશે. સેવામાં વિધિને નહીં પણ સ્નેહને ઉત્તમ માનવામાં આવ્યો છે. (વિધિસ્નેહયોઃ સ્નેહો બલિષ્ઠઃ સુબોધિની) વાસ્તવિક દૃષ્ટિએ સેવામાં ભાવ મુખ્ય હોય છે. અહીં સાધનોની આવશ્યક્તા હોતી નથી. પૂજામાં સાધન જ મુખ્ય છે. અહીં ભાવની અનિવાર્યતા હોતી નથી. (ભાવો ભાવનાય સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે। સં.નિ)

'બસ્સો- બાવન વૈષ્ણવની વાર્તા'માં પુરુષોત્તમદાસની વાર્તાના પ્રસંગમાં પૂજા અને સેવાના તારતમ્યનું સ્પષ્ટીકરણ કરતાં ગુસાંઈજીએ કહ્યું છે કે મર્યાદામાર્ગમાં સાધનાની મુખ્યતા અને કર્મફળની ઇચ્છા રહે છે અને પુષ્ટિમાર્ગમાં સ્નેહપૂર્વક કૃષ્ણસેવા નિષ્કામ ભાવથી કરે છે. જેમાં પ્રભુને સુખ થાય તેને ભગવદ્ ધર્મ કહેવો. પૂજા વાસ્તવિક રીતે કર્મમાર્ગીય હોવાથી તેમાં ભક્તિત્ત્વ લેશમાત્ર પણ હોતું નથી, પરંતુ સેવા પુષ્ટિમાર્ગીય હોવાથી તેમાં ભક્તિત્ત્વનું મહાનુભાવો વડે શોધવા લાયક તે સ્વરૂપ રહેલું હોય છે, જેનો પરિચય શ્રી ઉદ્ધવજી નીચે પ્રમાણે કરાવે છે :-

ભગવત્યુત્તમશ્લોકૈઃ ભવતીભિરનુત્તમા।
ભક્તિઃ પ્રવર્તિતા દિષ્ટયા મુનીનામપિ દુર્લભા ॥ (ભાગવત)

સેવા અને પૂજાનો તફાવત - સારાંશ

પૂજા	સેવા
૧. કોઈપણ દેવદેવી વ્યૂહ અવતાર વગેરેને ઇષ્ટ માને	૧. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સ્વરૂપ જ ઇષ્ટ છે.
૨. કર્મમાર્ગમાં - વૈષ્ણવતંત્ર શાસ્ત્રોમાં બતાવેલી વિધિથી પૂજા થાય.	૨. સારસ્વતકલ્પમાં શ્રી ગોપીજનોએ કરેલી રીત-પ્રીત મુજબ શ્રીમહાપ્રભુજીએ બતાવેલા પ્રકારથી સેવા થાય.
૩. ઘરમાં કે મંદિરમાં નિત્ય અથવા પ્રસંગવિશેષે પૂજા થાય.	૩. ઘરમાં નિત્ય સેવા થાય.
૪. ચિત્ર યા મૂર્તિમાં આવિર્ભાવ તિરોભાવના મંત્રોથી દેવનું સ્થાપન - પ્રતિષ્ઠા થાય.	૪. શ્રી વલ્લભવંશ દ્વારા શ્રીમહાપ્રભુજીએ બતાવેલા પ્રકારે ચિત્ર યા મૂર્તિમાં સાક્ષાત્ ભગવદ્સ્વરૂપ પધરાવી, તેમને સેવ્ય (પુષ્ટ) કરીને સેવા થાય.
૫. દેવરૂપની મૂર્તિ કહેવાય.	૫. ભગવદ્રૂપ કહેવાય.
૬. સવાર - સાંજ અમુક સમયમાં પૂજા પૂરી થાય. (પાર્ટટાઇમ)	૬. આજીવન, નિત્ય સતત ચાલે.
૭. પોતાના દ્રવ્યથી જાતે થાય	૭.પોતાના દ્રવ્યથી પોતાના શરીરથી

અથવા પોતાના દ્રવ્યથી બીજા પાસે કરાવાય અથવા બીજાના દ્રવ્યથી જાતે થાય.	પોતાની જાતે થાય.
૮. દેવસુખનો વિચાર નહીં, નિયમ જ મહત્ત્વના, જેમ કે ઠંડા જળથી સ્નાન થાય, ચંદન ચડે, આખાં ફૂલ ને ફળ ચઢે.	૮. ભગવદસુખનો જ પૂર્ણ વિચાર. ઋતુકાળ અનુસાર સેવાના પ્રકારમાં ફેરફાર.
૯. પૂજામાં સકામ યા નિષ્કામ ભાવ-લૌકિક લાભ મળે તેવી અપેક્ષા.	૯. માત્ર ભગવદ્‌સુખ માટે નિષ્કામ ભાવથી જ સેવા.
૧૦. પૂજાથી વધુમાં વધુ મોક્ષની પ્રાપ્તિ.	૧૦. આ લોક અને પરલોકમાં સાક્ષાત ભગવદ્‌સેવા.
૧૧. પૂજા કરે તેને જ ફળપ્રાપ્તિ. પૂજામાં સહાય કરનારને નહીં.	૧૧. સેવામાં સહાય કરવી તે પણ સેવા.
૧૨. અન્ય માર્ગોની રીત છે.	૧૨. પુષ્ટિમાર્ગની રીત છે.

૫

બ્રહ્મસંબંધ અને તેનું તાત્પર્ય

(Brahm Sambandh and its Implication)

ભૂમિકા

ગીતાના પહેલા અધ્યાયને 'અર્જુન વિષાદ યોગ' કહેવાય છે. આ અધ્યાયમાં અર્જુનની મનઃસ્થિતિનું વર્ણન છે. ઘણા વિદ્વાનો એવી ચર્ચા કરતાં હોય છે કે આ પ્રથમ અધ્યાયની ગીતામાં આવશ્યકતા શું હતી? પરંતુ આ અધ્યાયના સંદર્ભમાં બીજો અધ્યાય શરૂ થાય છે અને તે ઉત્તરોત્તર આગળ વધે છે. જેમ જેમ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરે છે તેમ વધુ ને વધુ વિષયોની છણાવટ થતી રહે છે. બારમા અધ્યાયમાં ભગવાને સ્થિતપ્રજ્ઞની પરિભાષા આપીને ભક્તિયોગ સમજાવ્યો છે. અર્જુનના જીવનમાં હતાશા છવાઈ ગઈ છે. યુદ્ધના મેદાનમાં સામે ઊભેલા વડીલો - આપ્તજનોને જોઈ તેનાં ગાત્રો ઢીલાં થઈ ગયાં છે. મનુષ્ય જીવનમાં હતાશ થઈ જાય ત્યારે આત્મહત્યા જેવા અંતિમ પગલાનો વિચાર કરે છે. તેને કોઈ જ આરો દેખાતો નથી. શું કરવું અને શું ન કરવુંની દ્વિધાથી તે ઘેરાઈ જાય છે. અર્જુનની પણ આવી જ સ્થિતિ છે. તે હથિયાર હેઠાં મૂકી દે છે અને લડાઈ લડવાની ના પાડી દે છે. અર્જુનની આવી મનોદશામાં શ્રીકૃષ્ણ તેને તેના સ્વરૂપનું, તેના કર્તવ્યનું ભાન કરાવે છે. તેઓ સમજાવે છે કે 'તું ક્ષત્રિય છે અને અન્યાય સામે લડવું તે તારું કર્તવ્ય છે, તારો ધર્મ છે અને તે પછીના અધ્યાયોમાં જ્ઞાન, કર્મ, ભક્તિ, સાંખ્ય ઈત્યાદિ અનેક દાર્શનિક તત્ત્વોના આધારે જીવ, જગત અને બ્રહ્મના સાચા સ્વરૂપનું તેને ભાન કરાવે છે. છેક છેવટના અધ્યાયમાં અંતે ભગવાન કૃષ્ણ કહે છે-

'સર્વધર્માન્ પરિત્યજય, મામેકં શરણં વ્રજ,
અહંત્વામ્ સર્વ પાપેભ્યો, મોક્ષ ઈસ્યામી મા શુ ચ'

અહીં છેલ્લે શ્રીકૃષ્ણ અર્જુનને સમર્પણપૂર્વક શરણાગત થવાની વાત કહે છે. અર્જુન અંતે કહે છે- 'કરીષ્યે વચનં તવ' - 'તમારા વચન મુજબ હું આચરીશ.' અહીં શરણાગતિ સ્વીકારવાનો ભાવ છે. શ્રીકૃષ્ણની શરણાગતિ

સ્વીકારી અર્જુન નિશ્ચિંત બની જાય છે.

મહાભારતના યુદ્ધ દરમિયાન દ્રોણ જાહેર કરે છે કે 'આજે અર્જુન નહીં કે હું નહીં.' આ ઘોષણા પછી જ્યારે અર્જુનને પૂછવામાં આવ્યું કે દ્રોણની આવી પ્રતિજ્ઞાથી તને ડર નથી લાગતો? ત્યારે અર્જુનનો જવાબ હોય છે કે 'હું નિશ્ચિંત છું કારણ કે હું શ્રીકૃષ્ણને શરણે છું.' જો જગતનાં કાર્યોને ભગવાનની લીલા સમજી સાક્ષીભાવે જીવ જોયા કરે તો તેને કશો ઉચાટ થાય નહીં. તે હંમેશાં નિશ્ચિંત રહી શકે. ભગવાનની શરણાગતિ સ્વીકાર્યા પછી મનુષ્યે વિપરીત દેખાતાં પરિણામોમાં પણ સ્વસ્થતા જાળવવી જોઈએ, કેવળ સાક્ષીભાવે જોયા કરવું જોઈએ.

'બ્રહ્મસંબંધ'ની પ્રક્રિયામાં આ ગૂઢ તત્ત્વજ્ઞાન રહેલું છે.

નવધા ભક્તિનાં એક પછી એક સોપાન ચઢતાં ભક્ત જ્યારે સખ્ય-દાસ્ય અને આત્મનિવેદન ભક્તિના પગથિયે પહોંચે છે ત્યાંથી 'બ્રહ્મસંબંધ'ની આધારભૂમિ રચાય છે. સખ્ય ભક્તિની સીમા વટાવી દાસ્ય ભક્તિ તરફ જ્યારે જીવ આગળ વધે છે ત્યારે બ્રહ્મના અંશી પણામાં અને પોતે તેનો 'અંશ' છે માટે 'દાસ' છે, ભગવાન તેના સ્વામી છે એવો ભાવ પ્રગટ થાય છે. ભગવાનના દાસત્વના અહેસાસથી તેનામાં સર્વસ્વ સમર્પણની, પોતાનું જે કાંઈ જીવ માની બેઠો છે તે સર્વ કાંઈનું પોતાના સ્વામીનાં ચરણોમાં આત્મનિવેદન કરવાને તે તત્પર બને છે. બ્રહ્મસંબંધના મૂળમાં આજ ભાવના નિહિત છે. આમ નવધા ભક્તિનું અંતિમ ચરણ 'બ્રહ્મસંબંધ'ના ભાવની પૂર્વભૂમિકા બને છે.

બ્રહ્મસંબંધમાં બે શબ્દ છે- બ્રહ્મ+સંબંધ. તેનો સાદો અર્થ થાય 'બ્રહ્મની સાથેનો સંબંધ'. (It is an union of soul with God- બ્રહ્મ) આત્માનું પરમાત્મા સાથેનું ઐક્ય એટલે **'બ્રહ્મસંબંધ'** એમ પણ કહી શકાય. અહીં એ પ્રશ્ન થાય કે બ્રહ્મના કયા સ્વરૂપ સાથેનો સંબંધ? તો એક વાત એ પણ વિચારવાની છે કે- શ્રી વલ્લભાચાર્યની તત્ત્વદર્શીય વિચારધારાનો મૂળભૂત હેતું શો છે? (What is the sole purpose of philosophical system propounded by Shri Vallabhacharya?)

આપણે બ્રહ્મનાં ત્રણ પ્રકારનાં સ્વરૂપોને જાણીએ છીએ. તે છે-

(૧) **આધિભૌતિક** - પ્રત્યેક જીવોમાં અંતર્યામી સ્વરૂપે બિરાજતું તત્ત્વ એ બ્રહ્મનું 'આધિભૌતિક' સ્વરૂપ છે.

(૨) આધ્યાત્મિક - 'અક્ષરબ્રહ્મ' બ્રહ્મનું નિર્ગુણ- નિરાકાર સ્વરૂપ તે તેનું 'આધ્યાત્મિક' સ્વરૂપ છે, અને

(૩) આધિદૈવિક - પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ પરમાત્મા એ બ્રહ્મનું 'આધિદૈવિક' સ્વરૂપ છે. એ પરમાત્માનું પ્રત્યક્ષ અથવા સાક્ષાત સ્વરૂપ છે. શ્રી વલ્લભાચાર્યજીએ બ્રહ્મસંબંધમાં આત્માના બ્રહ્મના આધિદૈવિક સ્વરૂપ 'શ્રીકૃષ્ણ' સાથેના ઐક્યની- જોડવાની વાત કહી છે.

પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધનું તાત્પર્ય

કળિયુગમાં પ્રેમ અને પુષ્ટિ તે સરલતમ માર્ગ છે. અપરિમિત સમયથી જીવ ભગવાનથી છૂટો પડ્યો છે. અવિદ્યાને લીધે માયાજાળમાં અટવાવાના કારણે જ તેનો બ્રહ્મ સાથેનો સંબંધ તૂટી ગયો છે. તેને પુનઃ પ્રસ્થાપિત કરવા માટે પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધની આવશ્યકતા બતાવવામાં આવી છે. બ્રહ્મસંબંધ એટલે તન-મન-ધનથી પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સાથે જોડાઈ જવું. અહીં બ્રહ્મના અક્ષર સ્વરૂપમાં આત્માનું જોડાઈ જવું તે સંદર્ભ નથી. તેનું કારણ એ છે કે શ્રી વલ્લભાચાર્યજી શ્રુતિવાક્ય 'તત્ત્વમસિ' જેનો શાંકરમત પ્રમાણે અર્થ કરવામાં આવે છે, તે તેમને સ્વીકાર્ય નથી. શાંકરમત પ્રમાણે 'તત્ત્વમસિ' એટલે 'તે તું છે'. તત્-બ્રહ્મ-આત્મા. આત્માનું બ્રહ્મમાં લીન થઈ જવું તે. બ્રહ્મસંબંધમાં આત્માનું પરમાત્મામાં 'લીન' થઈ જવું- અથવા એકરૂપ થઈ જવું તેવો અર્થ નથી. વાસ્તવમાં આત્માનું પરમાત્મામાં **'તલ્લીન થઈ'** જવું તેનું નામ 'બ્રહ્મસંબંધ' છે.

'શુદ્ધાદ્વૈત' સિદ્ધાંત મુજબ શ્રી વલ્લભાચાર્યજી જીવનાં સ્વરૂપ અને સ્થિતિ સમજાવતાં કહે છે કે જીવ અપરિમિત સમયથી ભગવાનમાંથી છૂટો પડ્યો છે. તે તેનો અંશ હોવા છતાં અવિદ્યાના કારણે પોતાના સ્વરૂપને ભૂલી ગયો છે અને વિવિધ તાપને વેઠી ભવસાગરમાં અટવાઈ પડ્યો છે. બ્રહ્મથી છૂટા પડવાના કારણે તે પાંચ પ્રકારના દોષો- (૧) સહજ, (૨) દેશોત્થ, (૩) કાલોત્થ, (૪) સંયોગજન્ય અને સ્પર્શજન્યથી ગ્રસ્ત થયેલ છે. આ દાષો પંચપર્વા અવિદ્યાજન્ય છે- જેમ પ્રાણાધ્યાસના કારણે સહજ દોષ, દેહાધ્યાસના કારણે દેશોત્થ દોષ, સ્વરૂપ વિસ્મૃતિજન્ય કાલોત્થ દોળ, અંતઃકરણાધ્યાસ જન્ય સંયોગદોષ અને ઇન્દ્રિયાધ્યાસજન્ય સ્પર્શ જ દોષ જેના કારણે ભગવાન સાથેનો તેનો પુનઃ સંબંધ

શક્ય રહ્યો નથી.

શ્રી વલ્લભાચાર્યજીના ભૂતલ ઉપર પ્રગટ થવાનાં અનેક કારણોમાં દૈવી જીવોનો ઉદ્ધાર એક પ્રમુખ કારણ હતું. પરંતુ જ્યારે તેમણે એ વાતનો અનુભવ કર્યો કે પરમાત્માથી વિખૂટા પડેલા આ જીવો અવિદ્યાજન્ય દોષોથી ગ્રસ્ત થઈ નિજ સ્વરૂપને ભૂલી ગયા છે, ભગવાન સાથેનો તેમનો સંબંધ અને તેમને પરત મેળવવા માટે તેમના હૃદયમાં જે તાપ - કલેશ થવો જોઈએ તે તિરોધાન થઈ ગયો છે તો કઈ રીતે પુનઃ તેમનો સંબંધ ભગવાન સાથે સ્થાપિત કરી શકાય? કઈ રીતે તેમને ભક્તિ માર્ગે વાળી શકાય? કઈ રીતે તેમના વિવિધ તાપ (દુઃખો)ને દૂર કરી શકાય? એ વિશેની તેમના મનમાં સતત ચિંતા અને મથામણ ચાલ્યા કરતાં હતાં.

વિક્રમ સંવત ૧૫૪૯ના શ્રાવણ માસની અજવાળી એકાદશીની રાત્રીએ શ્રી વલ્લભાચાર્યજી ગોકુળમાં યમુનાજીના કિનારે ગોવિંદ ઘાટ ઉપર બિરાજી ઉપરોક્ત ચિંતનમાં નિમગ્ન હતા. તેમની બાજુમાં જ થોડા અંતરે તેમના પ્રિય શિષ્ય દામોદરદાસ હરસાની પણ તંદ્રામાં સૂતેલા છે. મધ્ય રાત્રી થતાં ત્યાં દિવ્ય પ્રકાશ ફેલાય છે અને ચિંતાતુર શ્રી વલ્લભાચાર્યજીની સમક્ષ સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ પ્રગટ થઈ તેમની ચિંતાના ઉપાય તરીકે એક મંત્ર આપી આજ્ઞા કરે છે કે 'વલ્લભ, આ મંત્ર તમે જેને પણ આપશો તેના બધા દોષો નિવૃત્ત થઈ મારી સાથે જોડાવા લાયક બનશે અને આ મંત્ર દ્વારા તમે જેને દીક્ષિત કરશો તેનો હું કદી પણ ત્યાગ કરીશ નહીં.' શ્રી વલ્લભાચાર્યે હર્ષોલ્લાસ સાથે તે સ્વરૂપને પવિત્રા ધરી મિસરીનો ભોગ ધર્યો અને તે દિવ્ય સ્વરૂપ અંતર્ધ્યાન થઈ ગયું. શ્રી વલ્લભના આનંદનો પાર ન રહ્યો. તેમણે પાસે જ સૂતેલા શિષ્ય દામોદરને ઉઠાડી પૂછ્યું, 'દમલા, તેં કાંઈ સાંભળ્યું?' દામોદરદાસ જવાબ આપે છે કે, હા, મહારાજ, મેં સાંભળ્યું તો ખરું પણ કાંઈ સમજ્યો નહીં. (ચોર્યાસી વૈષ્ણવ વાર્તા સાહિત્ય)

જીવ ભગવાનની વાણીનું રહસ્ય શું જાણી શકે? સવાર પડતાં શ્રી વલ્લભાચાર્યજીએ દામોદરદાસ હરસાનીને યમુનાજીમાં સ્નાન કરાવી સર્વપ્રથમ ગદ્યમંત્ર (ભગવાને આપેલા મંત્ર)ની દીક્ષા આપી તેને 'બ્રહ્મસંબંધ'ની દીક્ષા કહેવાય છે. તેમણે તે મંત્રની દીક્ષા અને 'બ્રહ્મસંબંધ'નું તાત્પર્ય 'સિદ્ધાંત રહસ્ય'

નામક ગ્રંથ રચી દામોદરદાસને સમજાવ્યું. આમ પુષ્ટિ સંપ્રદાયમાં દામોદરદાસ હરસાની સૌપ્રથમ શિષ્ય બન્યા.

બ્રહ્મસંબંધ દીક્ષા પદ્ધતિ કોઈ અજુગતી નથી. દીક્ષા આપવાની પ્રક્રિયા લગભગ બધા જ સંપ્રદાય-ધર્મોમાં કોઈને કોઈ પ્રકારે હોય છે. બ્રહ્મસંબંધમાં જે 'પ્રક્રિયા છે' તે મહત્ત્વની છે. તેમાં જે ક્રિયા છે તેના મહત્ત્વ કરતાં તેમાં જે આત્મનિવેદનની પ્રક્રિયા- તન- મન- ધન ઈત્યાદિ સર્વસ્વ સમર્પિત કરવાની વાત છે તે મહત્ત્વપૂર્ણ છે. પોતાનું જે સર્વ કાંઈ છે તેનું ભગવાનને સમર્પણ કરવાથી તે બધું બ્રહ્મસંબંધ થયા પછી પરમાત્માનું બને છે. બ્રહ્મસંબંધથી જીવના પાંચ પ્રકારના દોષોની નિવૃત્તિ થઈ જાય છે. તેની લૌકિક ક્રિયા બાબતો પર પ્રતિબંધ આવી જાય છે. આત્મનિવેદન કર્યા પછીની બધી જ ક્રિયા કેવળ ભગવાન માટે જ કરવાની હોય છે. તે સર્વ ક્રિયા ભગવાનની સેવા રૂપે જ કરવાની હોય છે. સેવાનું પ્રત્યેક કાર્ય અલૌકિક (Divine) હોય છે. કારણ કે ત્યારે ભગવાન એ જીવનનું દષ્ટિબિંદુ બની જાય છે (God is at the centre of all actions.) બ્રહ્મસંબંધ લઈ દોષોની નિવૃત્તિ થતાં ભગવાનની સેવા એ જ જીવનું કર્મ અને કર્તવ્ય બની જાય છે.

બ્રહ્મસંબંધની પ્રક્રિયા એ ગુરુ અને શિષ્ય વચ્ચે છે. પુષ્ટિમાર્ગમાં શ્રી વલ્લભાચાર્ય ગુરુસ્થાને છે. તેમની સ્વયંની ભૂતલ પર સ્થિતિ ન રહેતાં, તેમના વંશજ ગુરુસ્થાને છે, જેઓ આદિથી બ્રહ્મસંબંધની દીક્ષા આપે છે. શ્રી વલ્લભાચાર્યજી ભગવાનના મુખાવતાર રૂપ મનાય છે. તેમણે ભગવદાજ્ઞાનુસાર ગૃહસ્થાશ્રમ અપનાવ્યો, જેના કારણે તેમને બે પુત્રોની પ્રાપ્તિ થઈ. મોટા શ્રી ગોપીનાથજી- જેમના એકમાત્ર પુત્ર શ્રી પુરુષોત્તમજીએ ગોલોકવાસ કરતાં તેમનો વંશ આગળ ન ચાલ્યો. નાના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી; ભગવાન વિઠ્ઠલનાથજીની ઈચ્છાથી તદ્રુપ પ્રગટ થયા. તેમનું મૂળ દિવ્ય હોવાથી તેમના પુત્રો અને વંશ પણ દિવ્ય છે. શ્રી વિઠ્ઠલનાથજીને સાત પુત્રો થયા જેમના પુત્રો દ્વારા પુષ્ટિમાર્ગની પરંપરા આગળ વધી છે અને તેઓને જ ગુરુપદનું ઉચ્ચતમ પદ (Highest status) અપાય છે. બ્રહ્મનિષ્ઠ ગુરુનું સ્થાન પરમાત્મા જેવું જ છે. એવી ગુરુ પરંપરા- ગુરુ દ્વારા દીક્ષિત થવાની પરંપરા લગભગ બધા જ સંપ્રદાયમાં છે. પુષ્ટિમાર્ગમાં પરંપરાગત વલ્લભ વંશજો દ્વારા ગુરુનું

સ્થાન અસ્તિત્વમાં છે.

પુષ્ટિમાર્ગીય દીક્ષા અને તેના પ્રકાર-

પુષ્ટિમાર્ગમાં બે પ્રકારની દીક્ષા અપાય છે - (૧) નામમંત્રની દીક્ષા, (૨) બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા.

શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગના પાયામાં 'શરણ' અને 'સમર્પણ'ને મૂક્યા છે. પુષ્ટિમાર્ગ પર ચાલવા ઇચ્છનારે શરણ અને સમર્પણની મૌખિક, બૌદ્ધિક અને કાયિક પ્રતિજ્ઞા કરવા અને પાળવા પુષ્ટિમાર્ગીય દીક્ષા લેવી આવશ્યક છે. જે મનુષ્ય આ માર્ગે ચાલવા તૈયાર થાય તેને પહેલી શરણ મંત્રની દીક્ષા લેવાની હોય છે. લોકભાષામાં તેને 'નામ પમાડવું' અથવા 'કંઠી બંધાવવી' એમ પણ કહેવાય છે.શરણસ્થ થયા પછી સમર્પિત થવા 'બ્રહ્મસંબંધ મંત્ર'ની દીક્ષા આપવામાં આવે છે.

'દીક્ષા' શબ્દનો અર્થ છે "જે આપવાથી જીવનાં બધાં પાપો નષ્ટ થઈ જાય અને જે તે ધર્મ કે સંપ્રદાયનાં ધારાધોરણ મુજબ જીવન જીવવાનો અધિકાર પ્રાપ્ત થાય."

દરેક ધર્મમાં તેની અલગ અલગ દીક્ષાવિધિ હોય છે. તેની ઘણી ગંભીરતા હોય છે. દીક્ષા સ્વીકાર્યા પછી તેના નિયમોનું ગંભીરતા અને દૃઢતાપૂર્વક પાલન કરવું અનિવાર્ય હોય છે.

આથી શાસ્ત્રોએ દીક્ષા પહેલાં અને પછી 'શિક્ષા'નો આગ્રહ રાખ્યો છે. શિક્ષા એટલે જ્ઞાનપ્રાપ્તિ. પૂરી સમજ બાદ જ દીક્ષા અપાય અને લેવાય. દીક્ષા લીધા પછી કર્તવ્યપાલન માટેની સમજણ પણ આવશ્યક ગણાય કારણ કે કર્તવ્યપાલન કરવાથી જ ભગવાનનાં દર્શન અથવા તેના અનુભવનું પરમ ફળ પ્રાપ્ત થઈ શકે.

(૧) નામમંત્ર (અષ્ટાક્ષરમંત્ર)ની દીક્ષા :

શ્રી વલ્લભાચાર્યજીએ ભક્તિમાર્ગે ચાલવા ઇચ્છુક જીવાત્માઓ માટે પુષ્ટિ શરણાગતિનો માર્ગ બતાવ્યો છે. આ માર્ગની દીક્ષા રૂપે તેમણે શરણમંત્ર આપ્યો છે. આ મંત્રને 'અષ્ટાક્ષરમંત્ર' તરીકે ઓળખવામાં આવે છે. તેને 'નામમંત્ર' પણ કહે છે, તેમાં પ્રભુનું નામ રહેલું છે. આ મંત્ર એટલે **'શ્રીકૃષ્ણ શરણં મમ'**. આ મંત્રદીક્ષા 'શરણાગતિની દીક્ષા' છે.

નામમંત્ર દીક્ષાની પ્રક્રિયા-

(અ) બાળક ૧૦ દિવસનું થાય પછી ગમે ત્યારે તેને નામમંત્રની દીક્ષા આપી શકાય છે.

(બ) શ્રી વલ્લભ કુલ વંશજ (પુરુષ) ગોસ્વામી આચાર્ય દ્વારા આ દીક્ષા આપવામાં આવે છે.

(ક) આ દીક્ષા માટે 'નામમંત્ર' લેનાર વ્યક્તિ જો નામમંત્રનું ઉચ્ચારણ કરી શકે, તો તેને આચાર્ય ત્રણ વખત 'શ્રી કૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષર મંત્રનું ઉચ્ચારણ કરાવે છે અને તેના ગળામાં પ્રસાદી તુલસીની કંઠી પહેરાવે છે. (સ્વયં ઉચ્ચારણ ન કરી શકે તેના જમણા કાનમાં આચાર્ય ત્રણ વખત અષ્ટાક્ષર મંત્રનો ઉચ્ચાર કરે છે.

(ડ) નામમંત્રની દીક્ષાથી જીવનું પ્રભુ સાથે સગપણ થયું ગણાય. તેથી તેને પ્રભુના સ્મરણનો અધિકાર મળે છે.

(ઇ) પ્રભુ પ્રત્યે સ્નેહનાં બીજ રોપાય તે માટે ભગવદ્ દર્શન, સત્સંગ, શ્રવણકીર્તન, પ્રભુના રૂપ અને ગુણના, સામર્થ્યના જ્ઞાનની પ્રાપ્તિ અને તેનું સ્મરણ વગેરે જીવ કરે છે.

(ઈ) 'નામમંત્ર'ની દીક્ષાથી જીવનું ભગવાન સાથે સગપણ થયું ગણાય, હજી લગ્ન નથી થયાં માટે તેને ભગવાનની સેવાનો અધિકાર મળતો નથી.

મંત્રસિદ્ધિનો વિચાર કરી, તેનું ફળ મેળવવા અને ભોગવવાના વિચારથી જપ કરવો તે સકામ જપ છે. તેમાં આપણો સ્વાર્થ છે. તેથી તે મર્યાદા ભક્તિનો પ્રકાર છે. પુષ્ટિભક્તો પોતાના સ્વાર્થ માટે સકામ જપ કરતા નથી, પુષ્ટિભક્તો તો 'શ્રી' એટલે શ્રીસ્વામિનીજી અને 'કૃષ્ણ' એટલે પૂર્ણ પુરુષોત્તમ. એવા યુગલસ્વરૂપનું ધ્યાન કરતાં આ મંત્રના જપ દ્વારા તેમની શરણાગતિનું જ નિષ્કામભાવે ચિંતન-મનન કરે છે.

માટે જ શ્રી વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે કે-

તસ્માત્ સર્વાત્મના નિત્યં, શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્‌ભિરેવ સતતં, સ્થેયમિત્યેવ મે મતિઃ ॥

(તેથી સર્વાત્મભાવપૂર્વક હંમેશાં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' સતત બોલતા રહેવું એવો મારો (શ્રી મહાપ્રભુજીનો) અભિપ્રાય છે.)

શ્રી ગુસાંઈજી પણ આજ્ઞા કરે છે કે-

યદુકંત તાતચરણૈઃ, શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
અતએવાસ્તિ નૈશ્ચિન્ત્યમૈહિકે પારલૌકિકે ॥

(જ્યારથી શ્રી તાતચરણે (શ્રી મહાપ્રભુજીએ) શ્રીકૃષ્ણઃ શરણં મમ મંત્ર આપ્યો છે, ત્યારથી આ લોકસંબંધી અને પરલોક સંબંધી સર્વ કાર્યોમાં નિશ્ચિંતતા થઈ ગઈ છે.

શ્રી હરિરાયજી 'શિક્ષાપાત્ર'માં આજ્ઞા કરે છે કે-

અસ્માકં સાધનં સાધ્યં, શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
--ત્સ્વાપત્સ્વપિ સદા, સ્વાચાર્યચરણોદિતમ્ ॥

(અમારે સંપત્તિમાં-વિપત્તિમાં દરેક સમયે શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ કહેલો શ્રીકૃષ્ણઃ શરણં મમ અષ્ટાક્ષર મંત્ર જ સાધનરૂપ અને ફળરૂપ પણ છે.)

શ્રી હરિરાયજી આ મંત્રનું રહસ્ય સુંદર રીતે સમજાવતાં કહે છે કે : જેમ 'લૌકિકમાં કુંવારી કન્યાનું યોગ્ય યુવાન સાથે સગપણ થાય છે, ત્યારે તેને વાગ્દાન કહેવામાં આવે છે. તેના દ્વારા કન્યા તેના ભાવિ પતિનું શરણ સ્વીકારવાનો કોલ આપે છે અને ત્યારથી તે કન્યા મન અને વચનથી તેના ભાવિ પતિનું જ સ્મરણ કરે છે. સગપણ થયા પછી કન્યાને તેના સાસરે જઈને રહેવાનો અને પતિની સેવા કરવાનો અધિકાર હોતો નથી, પરંતુ પતિના કીર્તન અને સ્મરણનો અધિકાર જ મળે છે. તે જ પ્રમાણે અલૌકિકમાં જીવાત્માનું પ્રભુ સાથેનું સગપણ આ શરણમંત્ર દ્વારા થાય છે. શરણમંત્રની દીક્ષા પ્રાપ્ત થતાં જીવાત્માને પ્રભુના નામનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવાનો અધિકાર મળે છે, પ્રભુનાં દર્શનનો અધિકાર મળે છે, પરંતુ પ્રભુની સેવા કરવાનો અધિકાર મળતો નથી. જેમને શરણાગતિની દીક્ષા પ્રાપ્ત કર્યા બાદ પ્રભુની સેવા કરવાની તત્પરતા છે અને જેઓ પુષ્ટિભક્તિના માર્ગે ચાલવા તૈયાર છે, તેમના માટે 'પુષ્ટિમાર્ગની બીજી દીક્ષા 'બ્રહ્મસંબંધની દીક્ષા' આવશ્યક છે.

નિવેદન મંત્રની અથવા બ્રહ્મસંબંધની દીક્ષા

નામમંત્રની દીક્ષા એ પુષ્ટિમાર્ગીય શિષ્ય- 'વૈષ્ણવ' બનવાનું પ્રથમ પગથિયું છે. તે ભગવાન સાથેના સંબંધ- 'બ્રહ્મસંબંધ' પહેલાંની પૂર્વ પ્રક્રિયા છે. તે પછી યોગ્ય સમજણ ઊભી થતાં વ્યક્તિ બ્રહ્મસંબંધની દીક્ષા ગ્રહણ કરે

છે. આ દીક્ષાવિધિ થોડી વિસ્તૃત છે. દીક્ષાના આગલે દિવસે શરીર અને મન શુદ્ધિ માટે ઉપવાસ કરવાનો હોય છે. બીજા દિવસે દીક્ષાર્થીએ સ્વચ્છતા અને પવિત્રતાપૂર્વક (અસ્પૃશ્ય રીતે) સ્નાન કરી કોરાં વસ્ત્ર ધારણ કરી વલ્લભકુલવંશજ આચાર્ય પાસે જવાનું હોય છે. ગુરુ તેના હાથમાં તુલસીદલ (તુલસીનાં બે પાનનું જોડકું) આપી પોતાના સેવ્ય સ્વરૂપ સામે બેસાડી નિવેદનમંત્ર (બ્રહ્મસંબંધ મંત્ર) બોલાવે છે. તત્પશ્ચાત્ ગુરુ તે તુલસીદલને લઈ પ્રભુનાં ચરણાર્વિંદમાં સમર્પિત કરે છે અને દીક્ષાર્થી પ્રભુને દંડવત્ કરે છે.

બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ-

"ભગવાનથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી તેના તાપઃ કલેશનો આનંદ જેને તિરોધાન થયો છે તેવો હું જીવ, ભગવાન કૃષ્ણ, (શ્રી ગોપીજન વલ્લભ)ને મારો દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, પુત્ર, પરિવારજનો, ધન, આલોક, પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું. હે કૃષ્ણ, હું તમારો છું."

આ મંત્રમાં ભગવાન પાસે આત્મનિવેદનની કબૂલાત છે, પ્રતિજ્ઞા છે. સર્વ સમર્પણની ભાવના છે. અહીં અહંતા (I-ness) અને મમતા (My-ness) ના ત્યાગની વાત છે. બ્રહ્મસંબંધ થયા પછી ભગવાનની નિષ્ઠાપૂર્વક સેવા એ જીવનો જીવનમંત્ર બની જાય છે. જેમ નામમંત્રની દીક્ષા એ જીવની બ્રહ્મ સાથેની સગાઈ રૂપ છે તેમ બ્રહ્મસંબંધ દીક્ષા એ જીવનું બ્રહ્મ સાથેનું લગ્ન છે. અહીં આત્મા-પરમાત્માનું અતૂટ બંધન સધાય છે. જેમ લગ્ન પછી પત્નીને પતિની સેવાનો અધિકાર મળે છે તેમ બ્રહ્મસંબંધ થયા પછી જીવ ભગવાનની સેવાનો અધિકારી બને છે.

બ્રહ્મસંબંધ મંત્રનું સંક્ષિપ્ત વિવરણ :

આ મંત્ર ગદ્યમાં હોવાથી તેને 'ગદ્યમંત્ર' પણ કહે છે. તેના છેલ્લા પાંચ અક્ષર **'શ્રી પંચાક્ષરમંત્ર'** કહેવાય છે. આ મંત્ર દ્વારા જીવ પોતાનું સર્વસ્વ પ્રભુને નિવેદન (સમર્પણ) કરે છે, તેથી તેને **'નિવેદન મંત્ર'** પણ કહેવાય છે. તેના દ્વારા બ્રહ્મ સાથે જીવનો સંબંધ ફરીથી જોડાય છે. માટે તેને **'બ્રહ્મસંબંધ મંત્ર'** પણ કહેવાય છે.

બ્રહ્મસ્વરૂપ શ્રીકૃષ્ણથી છૂટા પડ્યે જીવને અગણિત હજારો વર્ષો થયાં

છે. આ માટે ગદ્યમંત્રમાં '**સહસ્ર પરિવત્સર**' કહ્યું છે.

વેદશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર બંનેની દૃષ્ટિએ 'પરિવત્સર'નું સ્વરૂપ સૂર્યનું છે. હજારો સૂર્ય એકત્ર થાય તો જે તાપ કરાવે તેવા તાપનો અનુભવ અગણિત હજારો વર્ષોના ભગવાનના વિયોગના કારણે થયો છે. આ વિયોગના લીધે જીવ પોતાનું સાચું સ્વરૂપ ભૂલી જઈ, અહંતામમતા રૂપી મિથ્યા સંસારમાં ફસાયો છે. તેથી તેને જન્મમરણની લક્ષચોરાસી યોનિમાં ભટકવું પડે છે. તેનું દુઃખ કેટલું બધું દઝાડનારું અને અસહ્ય છે તે બતાવવા 'પરિવત્સર' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ભગવાનથી વિખૂટા પડેલા આ જીવમાંથી ભગવાનનો આનંદ તિરોધાન થઈ ગયો છે. ભગવાનમાં છ ધર્મો રહેલા છે. (૧) **ઐશ્વર્ય**, (૨) **વીર્ય**, (૩) **યશ**, (૪) **શ્રી**, (૫) **જ્ઞાન**, (૬) **વૈરાગ્ય**. એ છ ધર્મો પણ જીવમાંથી તિરોધાન થયા છે. તેના કારણે તે પરાધીન, દીન, હીન, અહંકારગ્રસ્ત બન્યો છે. પંચ પર્વા અવિદ્યાના કારણે દેહાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ સ્વરૂપ વિસ્મૃતિ વળગ્યા છે. તેથી તે પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે. (**અસ્ય જીવસ્ય ઐશ્વર્યાદિ તિરોહિતમ્ - તત્ર હેતુઃ અભિધ્યાનાત્** - અણુભાષ્ય)

આ મંત્રમાં 'પ્રભુના વિયોગ' માટે '**કૃષ્ણવિયોગ**' શબ્દ યોજ્યો છે. પ્રભુ માટે બીજા કોઈ શબ્દ ન વાપરતાં 'કૃષ્ણ' શબ્દ વાપર્યો છે; કારણ કે કૃષ્ણ શબ્દનો અર્થ સચ્ચિદાનંદ છે. (કૃષ્ એટલે સત્ અને ચિત્ તથા ણ એટલે આનંદ) ભગવાનના તો અનેક અવતારો થયા છે. તેમાં કોઈ અંશ છે, કોઈ કલા છે, કોઈ વિભૂતિ છે. તેથી કૃષ્ણ એટલે ભગવાન પૂર્ણ પુરુષોત્તમ.

મંત્રમાં આગળ '**ભગવતે**' શબ્દ આવે છે. 'ભગવતે' એટલે ભગવાન. ભગવાન સૂચક બીજા શબ્દો 'પરબ્રહ્મ', 'પરમાત્મા', 'પ્રભુ' વગેરે ન વાપરતાં 'ભગવતે' શબ્દ વાપર્યો છે; કારણ કે 'ભગવાન' એટલે ઐશ્વર્ય, વીર્ય વગેરે છ ધર્મોથી યુક્ત સર્વસમર્થ પ્રભુ. જ્યારે જીવમાં ભગવાનના આ છ ધર્મો આવિર્ભાવ પામે ત્યારે જ તેને સેવા કરવાની યોગ્યતા (લાયકાત) પ્રાપ્ત થાય.

'**શ્રી ગોપીજનવલ્લભાય**' એ પદ શ્રી ગુસાંઈજીના ચતુર્થ પુત્ર શ્રી ગોકુલનાથજીએ આ મંત્રમાં ઉમેરેલ છે. તેનું કારણ એ છે કે કયા કૃષ્ણ સ્વરૂપને જીવ સમર્પણ કરે છે તે ચોક્કસ કરવા આ પદ પાછળથી ધર્યું છે. જેમ ભગવાન

શ્રીકૃષ્ણે, નિ:સાધન અને દીન બની પોતાના શરણે આવેલ વ્રજભક્તોનો ઉદ્ધાર કર્યો, તેમ જીવ પણ જો નિસાધન બની, દીનતાપૂર્વક પોતાનું સર્વસ્વ ભગવાનને સમર્પણ કરે તો પ્રભુ જીવનો અવશ્ય અંગીકાર કરે છે. તે સૂચવવા આ પદ ઉમેરવામાં આવ્યું છે.

જીવ સૌ પ્રથમ પોતાનો દેહ પ્રભુને સમર્પણ કરે છે, જે પંચમહાભૂત તત્ત્વોનો બનેલો છે. (૧) પૃથ્વી, (૨) જળ, (૩) તેજ, (૪) વાયુ અને (૫) આકાશ.

દેહ પછી ઈન્દ્રિયોનું સમર્પણ છે. ઈન્દ્રિયો કુલ દશ છે. તેમાં પાંચ કર્મેન્દ્રિયો (૧) વાણી, (૨) હાથ, (૩) પગ, (૪) ગુદા, (૫) ઉપસ્થ (જનનેન્દ્રિય) અને પાંચ જ્ઞાનેન્દ્રિયો- (૧) કાન, (૨) ચામડી, (૩) જીભ, (૪) આંખ, (૫) નાક. આ ઈન્દ્રિયો ભગવાનને સમર્પણ કરવાથી તે લૌકિક કાર્યો કરવાને બદલે સેવામાં ઉપયોગી બની જાય છે.

ત્યાર પછી 'પ્રાણ'ના સમર્પણની વાત કહી છે. પ્રાણ એટલે વાયુ. શરીરના જુદા જુદા ભાગમાં રહેતો વાયુ જુદાં જુદાં કાર્યો કરે છે તેથી તેના જુદા જુદા નામે દસ પ્રકાર કહ્યા છે. બધા વાયુની ગતિ ભગવદિચ્છાને અધીન છે, તેમ માની સુખ કે દુ:ખમાં આસક્ત ન થતાં પ્રભુના શરણે રહેવું તેનું નામ પ્રાણનું સમર્પણ કહેવાય છે.

હવે જીવાત્મા અંત:કરણ પ્રભુને સમર્પણ કરે છે. અંત:કરણ ચાર પદાર્થોનું બનેલું છે. (૧) મન, (૨) બુદ્ધિ, (૩) ચિત્ત, (૪) અહંકાર. મનનું કાર્ય સંકલ્પ કરવાનું છે. બુદ્ધિ મનના સંકલ્પ-વિકલ્પ આચરણમાં મૂકવાની સલાહ આપવાનું કાર્ય કરે છે. મનને નિર્ણય કરવામાં પણ તે મદદ કરે છે. ચિત્ત એટલે મન અને બુદ્ધિએ સાથે મળી કરેલા નિર્ણયને અમલમાં મૂકનારી વૃત્તિ. આવા ચિત્તનું પ્રભુને સમર્પણ કરી, તેને ભગવત્ સેવામાં પરોવવાથી ચિત્તની બધી વૃત્તિઓ પ્રભુમાં લાગેલી રહે છે. અહંકાર એટલે અહંભાવનું અભિમાન. જીવાત્મા મૂઢ બુદ્ધિવાળો હોવાથી એમ માને છે કે આ બધું હું જ કરું છું. આવો અહંકાર દાસધર્મનો ઘાતક છે, તેથી તે પ્રભુને સમર્પણ કરવાથી કર્તાપણાનું અભિમાન દૂર થાય છે. આમ મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકારયુક્ત અંત:કરણ પ્રભુને સમર્પણ કરવાથી જીવમાં દીનતા આવે છે.

હવે 'તદ્ ધર્માન્' શબ્દ આવે છે. 'તદ્ ધર્માન્' એટલે તેના ધર્મો અર્થાત્ ઉપર જણાવેલ દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતકરણના ધર્મો. ધર્મ શબ્દનો અર્થ અહીં 'કાર્ય' એવો કરવાનો છે. દેહ વગેરેનાં કાર્યો પણ જીવ પ્રભુને સમર્પણ કરે છે.

હવે મમતાના વિષયોના સમર્પણનું નિરૂપણ કરે છે. મમતાનો પહેલો વિષય છે- પત્ની. પત્ની માટે અહીં 'દાર' શબ્દનો પ્રયોગ કર્યો છે. આ બ્રહ્મસંબંધ જીવ કરે છે. પુરંજન આખ્યાનમાં જીવને પુરુષ કહ્યો છે. ગીતામાં પણ જીવને પુરુષ તરીકે ઓળખાવ્યો છે. તે ભગવાનનો અંશ છે. પુરુષ પોતાની સ્ત્રીનું પ્રભુને સમર્પણ કરે છે એટલે કે પુરુષ દેહધારી જીવાત્મા પોતાની પ્રિય વૃત્તિ જેમાં છે તેવી પત્ની-સ્ત્રીને સમર્પણ કરી એવી ભાવના કરે છે કે પોતાની પત્ની ભગવત્સેવામાં ઉપયોગી બને.

'આગાર' એટલે ઘર. ઘરમાં આસક્તિ ન રાખવી. ગીતાજીમાં પણ કહ્યું છે કે 'અનિકેત' એટલે ભગવદ્ભક્તે ઘરમાં આસક્તિ રાખ્યા વિના રહેવું.

ત્યાર પછી જીવાત્મા પોતાના દેહ સંબંધી 'પુત્ર' એટલે દીકરા-દીકરી એવાં બધાં સંતાનોનું સમર્પણ કરે છે. સંતાનો પ્રભુસેવામાં મદદરૂપ થશે તેવી ભાવના રાખવી તે તેનો આશય છે.

જીવાત્મા **'આપ્ત'** એટલે કુટુંબીજનોનું પણ પ્રભુને સમર્પણ કરે છે. પૂર્વજન્મનાં પાપ અને પુણ્યના ઋણાનુબંધ પૂરા કરવા પ્રભુએ જે કુટુંબમાં જન્મ આપ્યો હોય તેમાં આસક્તિ વિના રહેવું તે કુટુંબીઓનું સમર્પણ કહેવાય. તેમ તેમની સાથેનો સ્નેહનો સંબંધ ભગવત્સેવાને લઈને જ હોવો જોઈએ.

હવે **'વિત્તેહાપરાણિ'** શબ્દ આવે છે. વિત્ત + ઇહ + અપરાણિ. વિત્ત એટલે ધન. પ્રભુએ આપેલી સંપત્તિને જીવાત્મા આજ સુધી પોતાની સંપત્તિ માનતો હતો. પરંતુ સાચું જ્ઞાન થતાં તે હવે પ્રભુને સમર્પણ કરે છે. તેમ કરવાથી તે આ સંપત્તિ ઉપરથી પોતાનો માલિકીહક્ક ઉઠાવી લે છે અને પોતે કેવળ તેનો વહીવટ કરનાર બની, આજ્ઞા મુજબ તેમે સર્વ કાર્ય કરવાનાં. ધન પ્રભુની સેવામાં જ વાપરવું.

'ઇહ' એટલે આ લોક. દુનિયામાં રહેતાં આપણને પ્રતિષ્ઠા, માન, મોટાઈ મેળવવાની ભાવના થાય છે. મારું કેવી રીતે નભશે? મારું શું થશે? આવા વિચારો આવે છે. આવી ભાવના અને વિચારો ત્યજવા તેનું સમર્પણ

બતાવ્યું છે.

'અપરાણિ' એટલે પરલોક. તે પણ જીવ પ્રભુને સમર્પણ કરે છે.

આમ જીવાત્માએ પોતાના અહંતામમતાત્મક સર્વ પદાર્થો પ્રભુને સમર્પી દીધા. હવે બાકી રહ્યો જીવાત્મા પોતે. **'આત્મના સહ સમપર્યામિ'** શબ્દો દ્વારા તે આત્માનું સમર્પણ કરે છે. આત્મા એટલે જીવાત્મા તથા હૃદયમાં જીવાત્માની સાથે અંતર્યામી રૂપે રહેલ પરમાત્માનું અંતર્યામી સ્વરૂપ. આ બંનેનું તે સમર્પણ કરે છે.

અહીં **'સમર્પણ'** શબ્દનો ઉપયોગ કર્યો છે, દાન કરું છું તેમ નથી કહ્યું, કારણ કે દાન અને સમર્પણ વચ્ચે મોટો તફાવત છે. (૧) **દાન-** જે વસ્તુ આપણી માલિકીની કે સત્તાની હોય તે સંકલ્પ કરી બીજાને આપવી તેનું નામ દાન. આપેલું દાન પાછું ન લેવાય. ખરેખર જીવ પાસે પોતાની માલિકીની કોઈ વસ્તુ નથી. તેથી તેને દાન કરવાનો અધિકાર નથી. છતાં પ્રભુની માલિકીની વસ્તુઓમાં અહંકારના કારણે તે દાન આપે છે. તેથી તે અહંકારી અને મૂઢ છે. (૨) **અર્પણ-** પૂજામાર્ગમાં દેવને અર્પણ કરવાની વિધિ હોય છે. જે વસ્તુ દેવને અર્પણ કરવામાં આવે, તે આપણા ઉપયોગમાં ન લઈ શકાય. પુષ્ટિમાર્ગમાં અર્પણ વિધિ નથી. તેથી આ નિયમ પુષ્ટિમાર્ગમાં લાગુ પડતો નથી. (૩) **સમર્પણ-** જે વસ્તુ જેની માલિકીની હોય, તે તેને સોંપી દેવી તેનું નામ સમર્પણ. આપણને મળેલ ધન-ઘર-દેહ-કુટુંબ વગેરે પ્રભુની માલિકીનું છે, આપણું નથી. તે બધું પ્રભુને પાછું સોંપી દેવું તેનું નામ સમર્પણ. **'હે નાથ! આ તમારું હતું, પણ અજ્ઞાનથી તેને હું મારું માનતો હતો. તે હવે હું તમને સમર્પણ કરું છું,'** એમ કહી શ્રી ગુરુદેવ અને શ્રી તુલસીજીની સાક્ષીએ પ્રભુ આગળ કબૂલાત કરીએ તે વાચિક સમર્પણ કહેવાય.

હવે આ બધી વસ્તુઓના માલિક મટી, આપણે ટ્રસ્ટી બનીએ છીએ, તેના મલિક પ્રભુ બને છે. તેમનાં સુખ-સેવા માટે જ આ બધી વસ્તુઓનો ઉપયોગ કરવાની આપણી ફરજ બને છે. જેમ લૌકિકમાં સ્વામીએ વાપરેલી વસ્તુનો દાસ ઉપયોગ કરી શકે, તેમ આપણે પણ સમર્પણ કરી વસ્તુનો ઉપયોગ કરવો. તેથી કોઈ દોષ લાગતો નથી. પતિવ્રતા સ્ત્રીની જેમ હવે આપણું જીવન પ્રભુસુખ અર્થે જ ગાળવું જોઈએ. બધું સમર્પણ પછી જીવ માલિક મટી દાસ

બને છે.

માટે તે મંત્રમાં આગળ કહે છે કે : 'દાસોઽહમ્' = દાસ + અહં = 'હું દાસ છું'. બ્રહ્મસંબંધ થતાં પહેલાં જીવ મોહવશ હતો તેથી તે અજ્ઞાની હતો. તેનામાં ગીતાજીમાં કહેલા, આસુરી ગુણો હતા. તે અહંતામમતાથી ભરેલો હોવાથી પોતાને સર્વ વસ્તુઓનો કર્તા માનતો હતો. હવે પ્રભુકૃપાથી શ્રી વલ્લભાચાર્યજી સ્વરૂપ શ્રી ગુરુદેવ દ્વારા તેને બ્રહ્મસંબંધ થાય છે. શ્રી ગુરુ જ્ઞાનરૂપી અંજનની સળી વડે તેના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે. એટલે જીવ પોતાનું સાચું સ્વરૂપ ઓળખે છે. તેથી પ્રભુને સમર્પણ કરી તેમનો દાસ બને છે.

ગદ્યમંત્રના છેલ્લા બે શબ્દોમાં પાંચ અક્ષર હોઇ તેને પંચાક્ષર મંત્ર કહેવાય છે. તેનો અર્થ એ થાય છે, હે કૃષ્ણ! હું તમારો (તમારી) છું. જીવ બધું પ્રભુને સમર્પણ કરે, પરંતુ પ્રભુ તે ન સ્વીકારે તો? તેથી જીવ ફરીથી કહે છે કે 'હે નાથ! હું તમારો છું. તમારા શરણે આવ્યો છું.

આમ બ્રહ્મસંબંધ મંત્રનો સંક્ષિપ્ત ભાવાર્થ સમજવો જોઇએ.

બ્રહ્મસંબંધ અંગે વેદશાસ્ત્રનાં પ્રમાણો :

પુષ્ટિમાર્ગ વેદપ્રતિપાદિત છે. તેથી જેવી રીતે તેના સર્વ સિદ્ધાંતો- વેદ, બ્રહ્મસૂત્ર ભગવદ્‌ગીતા અને ભાગવત પર આધારિત છે, તેવી રીતે આ મંત્રનો ભાવ પણ વેદમાં બૃહદારણ્યક ઉપનિષદના અધ્યાય ૪ના ૫મા બ્રાહ્મણમાં, ગીતાના ૯મા અધ્યાયના ૨૭મા શ્લોકમાં તથા ૧૨મા અધ્યાયના ૧૪મા શ્લોકમાં, શ્રીમદ્‌ભાગવતના ૧૧મા સ્કંધના ૨-૩-૧૧ અને ૧૯ અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવ્યો છે. ઉપરાંત 'શાંડિલ્ય સંહિતા'ના ભક્તિ-ખંડમાં પણ તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

તદુપરાંત સ્વયં શ્રી મહાપ્રભુજીએ 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથમાં આજ્ઞા કરી છે તે મુજબ સાક્ષાત ભગવાને તેમની સમક્ષ પ્રકટ થઈને નામનિવેદન મંત્ર જીવને આપવા માટે આપ્યો છે. તેથી ભગવદ્‌વાણી હોવાથી વેદ-તુલ્ય છે. માટે તેમાં શંકાને સ્થાન નથી.

બ્રહ્મસંબંધની વિશિષ્ટતાઓ :

આ મહામંત્રની કેટલીક વિશિષ્ટતાઓ પણ આપણે સમજીએ.

(૧) તે સાક્ષાત ભગવાનના મુખારવિંદથી પ્રકટ થયો છે.

(૨) શ્રી અષ્ટાક્ષર મહામંત્રના રટણથી નવધા ભક્તિ પૈકીની પહેલી સાત ભક્તિ સિદ્ધ થાય છે અને આ મંત્ર દ્વારા છેલ્લી બે ભક્તિ સિદ્ધ થાય છે.

(૩) આ મંત્ર લીધા પછી જ મનુષ્યને ભગવદ્સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ભગવદ્સેવાની ફરજ બજાવવી અનિવાર્ય છે.

(૪) બ્રહ્મસંબંધ લેવાથી મનુષ્યનો નવો જન્મ થાય છે. તેના પૂર્વના બધા દોષો નિવૃત્ત થાય છે.

(૫) આ મંત્ર સ્ત્રી, શૂદ્ર વગેરે પણ લઈ શકે છે.

(૬) આ મંત્ર લેનાર ગમે તેવું જીવન ગાળે તો પણ પ્રભુ તેનો ત્યાગ કરતા નથી.

(૭) બાળપણમાં અજ્ઞાન અવસ્થામાં લીધું હોય તો પણ તે ફળરૂપ બને છે.

(૮) બ્રહ્મસંબંધ લીધા પછી અસમર્પિત ત્યાગ કરવાથી કોઈપણ પ્રકારના નવા દોષ લાગતા નથી.

(૯) બ્રહ્મસંબંધ લેનાર દરેક જીવ નિશ્ચિત રીતે ભગવદ્ધામની પ્રાપ્તિનો અધિકારી બને છે.

સિદ્ધાંત રહસ્ય ગ્રંથ

બ્રહ્મસંબંધનું તાત્ત્વિક દર્શન શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના ષોડશ ગ્રંથ પૈકીના સિદ્ધાંત રહસ્ય નામક ગ્રંથમાં સ્પષ્ટ કર્યું છે.

પ્રથમ શ્લોકમાં જ તેઓ ખુલાસો કરે છે કે **'સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરસઃ ઉચ્યતે'**.

આમ છતાં આગળના શ્લોકમાં બ્રહ્મસંબંધ મંત્રની ગરિમા અને ગુપ્તતા જાળવવા તે મંત્રનો ઉલ્લેખ ન કરતાં તે વિષયક જે રહસ્ય છે, તેને પોતે રજૂ કરે છે, જેની અહીં સંક્ષિપ્તમાં રજૂઆત કરી છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે 'સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં'. ભગવાને પ્રકટ થઇ કહ્યું, કયા ભગવાન? શ્રી મહાપ્રભુજીના સર્વ ગ્રંથોને વિચારતાં સ્પષ્ટ રીતે સમજાય છે કે ભગવાન એટલે પરબ્રહ્મ પરમાત્મા, જેઓ દિવ્ય છ ગુણોવાળા હોવાથી સર્વ કરવાને સમર્થ છે, જેઓ સચ્ચિદાનંદ છે, જેઓ પૂર્ણપુરુષોત્તમ ધર્મીસ્વરૂપે ગોકુળમાં નંદરાયજીને

ત્યાં શ્રીકૃષ્ણ સ્વરૂપે પ્રકટ થયા હતા, તે જ ભગવાન શ્રી મહાપ્રભુજી સામે પ્રકટ થયા હતા. તેમણે જ આજ્ઞા કરી હતી.

ભગવાનને જે આજ્ઞાઓ કરવી હોય છે તે વિવિધ પ્રકારે કરે છે જેમ કે સ્વપ્ન દ્વારા, હૃદયમાં પ્રેરણા દ્વારા, કોઈ ભગવદીય દ્વારા, કોઈ દેવદૂત દ્વારા કે આકાશવાણી દ્વારા. અહીં શ્રી વલ્લભાચાર્યજી કહે છે તેઓની સામે ભગવાન પોતે પધાર્યા છે અને સ્વમુખે આ આજ્ઞા કરી છે. અન્ય કોઈ પ્રકારે ભગવાને આ આજ્ઞા કરી નથી. તે સ્પષ્ટ કરવા અહીં કહેવામાં આવ્યું કે 'સાક્ષાત્' ભગવાને પ્રગટ થઈ મને આજ્ઞા કરી.

સાક્ષાત્ ભગવાને પ્રકટ થઈ જે વચનો કહ્યાં, તે શ્રી મહાપ્રભુજીની વિનંતીથી પૂછવાથી કે પ્રાર્થના કરવાથી કહ્યાં નથી પણ પરમ કૃપા કરવાના હેતુથી વગર વિનંતીએ કહ્યાં છે. એનું સૂચન 'ઉક્તં' સાથે વપરાયેલ 'પ્ર' ઉપસર્ગથી થયું 'પ્રોક્તં'.

આનાથી એટલું સમજાય છે કે પુષ્ટિ જીવોના ઉદ્ધારનો માર્ગ બતાવવા સાક્ષાત્ શ્રી પૂર્ણપુરુષોત્તમે સ્વેચ્છાએ સ્વયં પ્રકટ થઈને આજ્ઞા કરી હતી.

શ્રી મહાપ્રભુજી પ્રતિજ્ઞાપૂર્વક કહે છે કે 'તદક્ષરશઃ ઉચ્યતે' તે ભગવદાજ્ઞા હું તમને અક્ષરેઅક્ષર કહું છું. આ પંક્તિના અર્થઘટનમાં બે વાત જાણવા મળે છેઃ (૧) ભગવદ્વાણીને તેના મૂળ સ્વરૂપમાં સમજવાની જીવની ક્ષમતા હોતી નથી. આથી શ્રી મહાપ્રભુજીએ શ્રી ઠાકોરજીએ કરેલી આજ્ઞાના અક્ષરેઅક્ષરનો અર્થ સ્પષ્ટ થાય તે રીતે પદ્યબંધમાં તેને રજૂ કરી છે. શ્રી મહાપ્રભુજીએ ભગવદાજ્ઞાના પ્રત્યેક અક્ષરનો અર્થ વિચારીને આ ગ્રંથમાં એવી રીતે સમજાવ્યો છે કે તે બધાંને હૃદયારૂઢ થાય.

(૨) શ્રી ભાગવતના અગિયારમા સ્કંધમાં જુદા જુદા શ્લોકોમાં ભગવાને સમર્પણ - આત્મનિવેદનની આજ્ઞા કરી છે, એ જ સમર્પણની આજ્ઞા, ભગવાને ફરીથી પ્રકટ થઈને શ્રી મહાપ્રભુજીને કરી છે. સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી ભગવદાજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવાની પ્રતિજ્ઞા કરે છે, એ આજ્ઞાના ભાવાર્થનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા નથી. માટે આ ગ્રંથના બીજા શ્લોકથી સાડા આઠ શ્લોક પર્યંતનાં વાક્યો સ્વયં ભગવાનનાં જ સમજવાં.

લેખકાર શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે સમર્પણ ગદ્યમંત્ર પંચાક્ષરમંત્રના

વરણ સ્વરૂપે હોઈને તે અતિ ગોપ્ય છે. માટે શ્રીમહાપ્રભુજીએ અહીં તે કહ્યો નથી. તેમાં પણ મંત્રોને અતિ ગુપ્ત રાખવામાં આવ્યા હોય છે, જાહેરમાં કહેવાતા નથી માટે આ શ્લોકમાં ગદ્યમંત્ર કહેવાયો નથી.

મંત્ર ગુપ્ત રાખીને, એ મંત્રથી થનાર દોષનિવૃત્તિની ભગવદાજ્ઞાની વાત બીજા શ્લોકમાં કરે છે. ભાગવતાદિ શાસ્ત્રોમાં નવધાભક્તિ સમજાવતાં આત્મનિવેદન ભક્તિનું રૂપ તો સમજાવેલું જ છે. એ જ નિવેદનની પ્રતિજ્ઞા ગદ્યમંત્રમાં છે, તે વાત સ્પષ્ટ છે. જે વાત સહેલાઈથી સમજાય તેવી હોય, તેનું વિવરણ કરવાનું ન હોય, માટે અહીં ગદ્યમંત્ર કહ્યો નથી.

આમ, શ્રીમહાપ્રભુજીએ પ્રથમ શ્લોકમાં સમજાવ્યું કે શ્રાવણ માસના શુક્લ પક્ષની એકાદશીની મધ્યમરાત્રિએ સાક્ષાત્ ગોપીજન - વલ્લભ પૂર્ણપુરુષોત્તમે પ્રકટ થઈ, મને જે આજ્ઞા કરી, તે અક્ષરેઅક્ષર હું કહી રહ્યો છું.

બ્રહ્મસંબંધ મંત્ર

જે બ્રહ્મસંબંધ મંત્ર અહીં પ્રકટ કરવામાં આવ્યો નથી, તેનો ગુજરાતી અનુવાદ અગાઉ આપવામાં આવ્યો છે.

આ મંત્ર પુષ્ટિમાર્ગમાં જુદાંજુદાં નામોથી પ્રસિદ્ધ છે. તે નામો આ મુજબ છે.

(૧) બ્રહ્મસંબંધ મંત્ર :

બ્રહ્મ એટલે પરમાત્મા, પૂર્ણપુરુષોત્તમ. તેમનામાંથી જીવાત્મા છૂટા પડ્યા છે. બધા જીવાત્માનો તેમની સાથેનો મૂળ સંબંધ છે. તેમનાથી છૂટા પડ્યે, અસંખ્ય વર્ષો વીતી ગયાં એટલે તે સંબંધ સાવ ભુલાઈ ગયો. એ સંબંધ ફરી તાજો કરી, જીવાત્માને પરમાત્મા સાથે ફરી જોડી આપનારો મંત્ર તે 'બ્રહ્મસંબંધ મંત્ર.'

(૨) ગદ્યમંત્ર અને પંચાક્ષર મંત્ર :

આ મંત્રમાં ૮૪ અક્ષર છે. તે ગદ્યમાં (બોલચાલની ભાષામાં) છે. તેથી તે ગદ્યમંત્ર પણ કહેવાય છે. તેના અંતે પાંચ અક્ષરનો બીજો મંત્ર છે. તે પંચાક્ષર મંત્ર કહેવાય. ગદ્યમંત્ર એ પંચાક્ષર મંત્રનું વિવરણ છે.

(૩) નિવેદનમંત્ર :

આ મંત્ર દ્વારા જીવાત્મા ભગવાન પાસે નિવેદન- પ્રતિજ્ઞા કરે છે. નિવેદન

ત્રણ પ્રકારે થાય (૧) મનથી, (૨) વાણીથી, (૩) શરીરથી. અહીં વાણીથી-વાચિક- નિવેદન કરતાં ભગવાનને પોતાનું સર્વસ્વ સમર્પણ કરવાની પ્રતિજ્ઞા છે, માટે તેને નિવેદનમંત્ર કહે છે.

ટીકાકારો 'બ્રહ્મસંબંધ' નીચે પ્રમાણે સમજાવે છે.

(૧) શ્રી ગોકુલનાથજી : બ્રહ્મસંબંધ એટલે આ માર્ગના આચાર્ય દ્વારા ભગવાનને કરેલું નિવેદન.

(૨) શ્રીરઘુનાથજી : બૃહત્ પરથી 'બ્રહ્મ' શબ્દ બન્યો. બ્રહ્મ-સંબંધ એટલે પુરુષોત્તમ- પ્રભુને દેહ, આત્મા અને મન સોંપવાનું નિવેદન.

(૩) શ્રીકલ્યાણરાયજી : સ્વમાર્ગના આચાર્ય દ્વારા ભગવાનને નિવેદન.

(૪) શ્રીવ્રજોત્સવજી : બ્રહ્મસંબંધ એટલે શ્રીપુરુષોત્તમ સાથેનો સંબંધ અને શ્રીમદાચાર્યજીના શરણે જઈને.

(૫) શ્રીગોકુલોત્વજી : બ્રહ્મસંબંધ એટલે શ્રીપુરુષોત્તમનો સંબંધ કરીને, સર્વસમર્પણ દ્વારા તદીયત્વ સંપાદન કરવું.

(૬) શ્રીહરિરાયજી : બ્રહ્મસંબંધ એટલે કન્યા-સ્વયંવર. પોતાના બધા પદાર્થો મનથી તેમને (કૃષ્ણને) સોંપવા- તેમના માટે વાપરવા. ગુરુરૂપી દૂતી દ્વારા આ સંબંધ થાય. તે સંબંધ સંપૂર્ણ નિર્દોષ હોય. દોષમાત્રના નિવારણ માટે બ્રહ્મસંબંધ છે.

(૭) શ્રીવિઠ્ઠલેશરાયજી : બ્રહ્મ સાથેનો મારો સંબંધ.

(૮) શ્રીગિરિધરજી : આ માર્ગમાં યશોદોત્સંગ- લાલિત શ્રીકૃષ્ણ જ ઉપાસ્ય છે, પણ અજ્ઞાની લોકો તેમને અવતાર માનતા હોવાથી, તેમનું સ્વરૂપ સ્પષ્ટ કરવા અહીં 'બ્રહ્મ' શબ્દ વાપર્યો છે. બ્રહ્મ સાથે સ્વમાર્ગીય નિવેદન દ્વારા દેહ-જીવનો જે સંબંધ, તદીયત્વની પ્રાપ્તિ માટે કરવામાં આવે તે બ્રહ્મસંબંધ.

(૯) શ્રીલાલુ ભટ્ટજી : બ્રહ્મ સાથેનો સંબંધ, જેમાં બ્રહ્મને પોતાના સ્વામી ગણી, દેહ આદિ સર્વ આત્મા સહિત તેમનું છે, એમ જે ગદ્યસહિતના પંચાક્ષર મંત્રમાં કહેવામાં આવ્યું છે, તેની દીક્ષા.

(૧૦) અજ્ઞાત ટીકાકાર : બ્રહ્મ નિર્દોષ અને સમ છે. તેમની સાથેનો સંબંધ સાધક સગદ્ય-પંચાક્ષરમંત્ર બોલીને કરે, તે બ્રહ્મસંબંધ.

(૧૧) શ્રીપુરુષોત્તમજી : બધું ભગવાનને સ્વામીરૂપે સોંપવાનો સંબંધ.

તેમ કરવા ભગવાને શ્રીઆચાર્યજીને ગદ્યમાં જે આત્મસમર્પણના પ્રકારની આજ્ઞા કરી તે.

ગદ્યમંત્રમાં બોલાતા 'ભગવાન કૃષ્ણ' શબ્દોમાંનું કૃષ્ણ-સ્વરૂપ સમજવામાં ગેરસમજ ન થાય, તે હેતુથી સ્પષ્ટતાના રૂપમાં ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજીએ 'શ્રીગોપીજન-વલ્લભાય' પદ ઉમેરેલું છે, જે મૂળ મંત્રમાં નથી.

શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે કે 'બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહ જીવયોઃ સર્વ દોષ નિવૃત્તિઃ'

અર્થાત્ બ્રહ્મસંબંધ કરવાથી દેહ અને જીવના સર્વ દોષોની નિવૃત્તિ અવશ્ય થાય છે. અહીં સમજવાની વાત એ છે કે દોષ-નિવૃત્તિના પ્રારંભની પ્રક્રિયા બ્રહ્મસંબંધથી થાય છે. બ્રહ્મસંબંધ સાથે બધા દોષોની નિવૃત્તિ થઈ જતી નથી. માટે આગળના શ્લોકમાં દોષોના પ્રકાર ગણાવવામાં આવ્યા છે. તે પછી દોષનિવૃત્તિની પૂરી પ્રક્રિયા સમજાવાશે. દોષનિવૃત્તિ અને દોષનો નાશ એ બંને એક નથી, પરંતુ અલગ છે.

દોષોનું વર્ગીકરણ મુખ્ય પાંચ પ્રકારોમાં કરવામાં આવ્યું : (૧) સહજ દોષો, (૨) દેશને કારણે ઉત્પન્ન થતા દોષો (૩) કાળને લઈને જન્મતા દોષો (૪) સંયોગથી થતા દોષો અને (૫) સ્પર્શથી થતા દોષો. મૂળ શ્લોકમાં, આ પાંચ દોષો ગણાવ્યા પછી, 'ચ' શબ્દ છે. તેનાથી આ સિવાયના દોષો સમજવા, જેમાં કર્મથી થતા દોષો અને આ પાંચ પ્રકારમાં ન આવતા અન્ય દોષોનો સમાવેશ થાય છે.

આ સર્વ દોષોનો વિચાર વેદ-સાહિત્યમાં અને લોક એટલે સ્મૃતિ-પુરાણ-ધર્મ આદિ સાહિત્યમાં કરવામાં આવેલો છે.

આ દોષો પૈકી કેટલાક દોષો આત્માને દૂષિત કરે છે, તો કેટલાક દોષો સ્થૂળ અને સૂક્ષ્મ દેહ-સ્વરૂપને દૂષિત કરે છે.

(૧) સહજ દોષો : જીવ સ્વરૂપથી શુદ્ધ હોવા છતાં, અવિદ્યાને કારણે સ્વભાવથી દોષવાળો છે તે નવો દેહ ધારણ કરીને જન્મ લે છે, ત્યારે તેના પૂર્વજન્મોના દોષોનું પોટલું સાથે લઈને આવે છે, જે તેનો સ્વભાવ બને છે. તેને લીધે તેનામાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર- એવા છ મુખ્ય દોષો રહેલા છે. તે જીવના સહજ દોષો છે.

જીવ જે દેહ ધારણ કરે છે, તે દેહ માતાપિતાના સંસર્ગનું પરિણામ છે. તેથી માતાપિતાના દોષો તેને વારસામાં મળે છે. આ દેહના દોષો છે.

આ દોષો પ્રાણાધ્યાસમાંથી જન્મતા હોઈ, 'પ્રાણાધ્યાસજ' પણ કહેવાય છે. શ્રીમહાપ્રભુજી તેમને 'સ્વભાવજ દોષ' કહે છે.

(૨) દેશજ દોષ : શાસ્ત્રોમાં કેટલાક પ્રદેશો અને સ્થળોને અપવિત્ર માનવામાં આવ્યાં છે, જ્યારે કેટલાક પ્રદેશો અને સ્થળને પવિત્ર તીર્થક્ષેત્રો કહેવામાં આવ્યાં છે.

આ પ્રદેશોમાં જન્મ અને વાસ થતાં તેના દોષો લાગુ પડે છે. ત્યાંના મનુષ્ય બહુધા તામસી પ્રકૃતિના હોય છે. વળી, તે પ્રદેશોમાં પાકેલું અન્ન પણ દૂષિત હોય, તેના ઉપયોગથી પણ દોષો જન્મે છે.

આ દોષો માત્ર દેહને જ લાગે છે, જીવને લાગતા નથી. કારણ કે દેશ સાથે દેહનો સંબંધ છે, જીવનો સંબંધ નથી.

આ પ્રદેશમાં જન્મ્યાના - વતનના અભિમાનને કારણે આ દોષો લાગે છે. દેહ સાથે જોડાયેલા હોવાથી 'દેહાધ્યાસજ' દોષો પણ કહેવાય છે. શ્રીમહાપ્રભુજી તેમને 'દેશજ' દોષ કહે છે.

(૩) કાલજ દોષો : શુભ-પવિત્ર કાર્યો, ધર્મકાર્યો કરવા માટે યોગ્ય સમય અને મુહૂર્ત ઉપયોગમાં ન લેવાથી, જે દોષો લાગે તે કાલદોષ કહેવાય છે. આ દોષ પણ માત્ર દેહને જ લાગે છે, જીવને લાગતા નથી.

અત્યારે દુષ્ટકાલ કલિયુગ ચાલે છે. તેને લીધે આધિદૈવિકતા તિરોહિત થઈ છે. પરિણામે સામર્થ્યના અભાવનો દોષ લાગે છે. તેને 'સ્વરૂપ- વિસ્મૃતિ દોષ' પણ કહે છે. શ્રીમહાપ્રભુજી તેને 'કાલજ દોષ' કહે છે.

(૪) સંયોગજ દોષો : દૂષિત પદાર્થો સાથેના સંપર્કને લઈને જે દોષો આવે તે સંયોગજ દોષ કહેવાય.

આ ઉપરાંત, પતિત-પાપીઓનો સંપર્ક પણ દોષરૂપ છે. સંત પણ તેનાથી મુક્ત રહી શકતા નથી. બુદ્ધિપૂર્વક- સભાનપણે કામપૂર્તિ માટેની મથામણ પણ સંયોગદોષ છે.

આ દોષ પણ મુખ્યત્વે દેહ સાથે સંબંધિત છે. તેને 'અંતઃકરણાધ્યાસજ દોષ' કહે છે. શ્રીમહાપ્રભુજી તેને માયોદ્ભવ દોષ પણ કહે છે.

(૫) **સ્પર્શ-દોષ :** દૂષિત પદાર્થોના સ્પર્શ અને ઉપયોગથી થતા દોષો તે સ્પર્શ દોષો. તે મુખ્યત્વે ત્રણ પ્રકારના છે. (૧) માનસિક (૨) વાચિક અને (૩) કાયિક.

નિષિદ્ધ કાર્યો કરવાથી, પરસ્પરના સંપર્કથી, દૂષિત દ્રવ્ય-અન્ન વગેરેના સંસર્ગથી આ દોષો લાગે છે. સભાનપણે કામપૂર્તિમાં જોડાવું તે પણ સ્પર્શ દોષ છે. આ દોષને 'ઇન્દ્રિયાધ્યાસજ દોષ' કહે છે. શ્રીમહાપ્રભુજી તેને 'કર્મજદોષ' કહે છે.

ઉપર પ્રમાણે દોષો સમજાવ્યા પછી, આગળ આજ્ઞા કરી છે કે **'ન મંતવ્યાઃ કથંચન'** આ બધા દોષોની વાત સાંભળીને ડરી જવાની જરૂર નથી. તેની ચિંતા કરવાની પણ જરૂર નથી. ભલે વેદ, સ્મૃતિ, પુરાણ અને જગતમાં આવા દોષો બતાવવામાં આવ્યા હોય! જ્યાં સુધી કર્તા, દેશ, કાળ રહેશે, ત્યાં સુધી આ દોષો પણ રહેશે જ. તેમનો નિર્મૂળ નાશ શક્ય જ નથી. તે સંજોગોમાં દોષોની ચિંતા અને ચિંતન ન કરવાં. આ દોષો બને તેટલા ઓછા થાય તે માટે પ્રયત્નશીલ રહેવું, સાવધાન રહેવું. સદા શ્રીહરિના શરણે રહેવું. શ્રીહરિ શરણે આવેલા જીવોનું અવશ્ય રક્ષણ કરે છે.

આથી શરણાગતિ- સમર્પણ માટે બ્રહ્મસંબંધનું તાત્પર્ય અહીં બતાવ્યું. બ્રહ્મસંબંધ કરનારે આ દોષોની ચિંતા ન કરવી, તેમનો વિચાર ન કરવો. તે ભગવદ્‌સેવામાં પ્રતિબંધ બનશે નહીં.

હવે આગળના શ્લોકમાં બ્રહ્મસંબંધ પછી મનુષ્યજીવન ભગવદીય જીવન કેવી રીતે બને તે સમજાવે છે.

આગળ બતાવવામાં આવ્યું કે બ્રહ્મસંબંધ એ જીવાત્માનું પરમાત્મા સાથેનું અલૌકિક લગ્ન છે. લગ્ન પછી કન્યા પતિની સેવા કરવા માટે, પતિને સમર્પિત થઈ, પતિગૃહે પતિની સાથે રહે છે. પતિને સુખ થાય તે રીતે પતિની રાતદિવસ સેવા કરે છે. પતિમાં અનન્યતા રાખે છે. પતિમાં તેનો જે ભાવ હોય છે, તે ભાવ તે અન્ય પુરુષમાં રાખતી નથી. આવા અનન્ય પતિભાવથી પતિની સેવા કરતાં તે પતિસુખ પ્રાપ્ત કરે છે.

એ જ પ્રકારે બ્રહ્મસંબંધ લીધેલા જીવાત્માએ શ્રી પ્રભુને પોતાના સ્વામી તરીકે સ્વીકારી, તેમને પોતાના ઘરમાં પધરાવવાના છે. આપણે ઘરમાં પધરાવેલા

સ્વપ્રભુની તનુ-વિત્તજા સેવા કરવાની છે. સેવામાં આપણાં દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણનો આત્મા સાથે વિનિયોગ કરવાનો છે. બ્રહ્મસંબંધ વખતે વાચિક નિવેદન કર્યું હતું કે આ બધું તમને સમર્પણ કરું છું. સમર્પણની એ પ્રતિજ્ઞાનું પાલન કરવું, એનું કાયિક નિવેદન કરવું, એનું નામ જ સેવા છે.

પ્રભુના સુખ માટે, પ્રભુની સેવામાં અંતઃકરણ સહિત અગિયારે ઇન્દ્રિયોને જોડવાની છે. તે દ્વારા આપણાં દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ અને આત્માનો ભગવાન સાથે સંબંધ થશે, તે સૌ ભગવાનનાં-ભગવદીય બનશે. પરિણામે તેમના દોષો નિવૃત્ત થશે. તેઓ ભગવત્પ્રાપ્તિ માટે જરૂરી તનુનવત્વ પ્રાપ્ત કરશે. આમ, સેવા દ્વારા તનનું સમર્પણ અને વિનિયોગ બનાવવામાં આવ્યો છે.

પરિવારને પણ સેવામાં જોડતાં તેમનું સમર્પણ થાય છે. તેમનો ભગવદ્‌સંબંધ થતાં તેઓ પણ સર્વ દોષથી નિવૃત્ત થઈ, ભગવદ્-પ્રાપ્તિના અધિકારી બને છે. સાથે સાથે તેમનામાં રહેલી આપણી મમતા પ્રભુને સમર્પિત થઈ જાય છે. હવે તે આપણા નહીં, પ્રભુના છે એવો ભાવ દૃઢ થાય. આમ, સેવામાં આપણો અને આપણાં કુટુંબીઓનો સેવા દ્વારા ભગવદ્‌સંબંધ થતાં આપણે સમર્પિત થયા કહેવાઈએ.

સેવામાં તન સાથે ધનનું સમર્પણ પણ કરવાનું છે. માટે આપણે આપણા ઘરમાં શ્રી ઠાકોરજીને પધરાવવાના છે. તે ઘરનું પ્રભુમાં સમર્પણ છે. સમર્પિત ઘર 'ગોલોક' બની જાય છે! જે ઘરને આજ સુધી મારું માનતા હતા, તે હવે પ્રભુ માટે બનતાં, ઘરમાં રહેલી આપણી મમતા પ્રભુને સમર્પિત થઈ ગઈ. હવે ઘરની સાચવણી ને સજાવટ આપણા માટે નહીં, પ્રભુ માટે કરવાની છે.

આ પ્રકારે સર્વસમર્પણ-પૂર્વક સેવા કરવાથી અસમર્પિતના ઉપયોગના દોષથી બચી શકાય. અસમર્પિતનો ઉપયોગ થતો રહે, ત્યાં સુધી દોષનિવૃત્તિ ન થાય, ભગવત્ પ્રાપ્તિની પાત્રતા કે અધિકાર ન મળે.

મનુષ્ય જીવનમાં ચાર મુખ્ય દોષો છે, જે આપણને ભગવાનથી વિમુખ રાખે છેઃ (૧) **અસમર્પિત,** (૨) **અન્યાશ્રય,** (૩) **દુઃસંગ** અને (૪) **અસદાલાપ.** આ ચારે દોષોથી મુક્ત થવાનો સીધો રસ્તો એ છે કે સંપૂર્ણ સમર્પિત સેવામય જીવન જીવવું. અસમર્પિતનો પૂરેપૂરો ત્યાગ કરી, જીવનને સંપૂર્ણ ભગવદ્-સેવામય બનાવીએ તો તેને લીધે બાકીના ત્રણે દોષો આપોઆપ દૂર

થઈ જશે. બાકીના ત્રણ દોષોનું જન્મસ્થળ પણ અસમર્પિત જ છે. તે બધાના પાયામાં રોગનું મૂળ છે.

અસમર્પિતને સંકુચિત અર્થમાં સમજવામાં આવે છે. ભોજનના પદાર્થો પ્રભુને ધર્યા વિના લઈએ તે અસમર્પિત, એવી માન્યતા પ્રચલિત છે. બ્રહ્મસંબંધની પ્રતિજ્ઞા મુજબ સર્વ પદાર્થો અને વ્યક્તિઓ શ્રી પ્રભુને સમર્પિત થવા જોઈએ. ભોજન સામગ્રી ઉપરાંત પાત્રો, વસ્ત્રાલંકાર, રાચરચીલું, જે કંઈ આપણા ઉપયોગમાં લેવાનું હોય, તે બધું પહેલાં શ્રી ઠાકોરજીમાં વિનિયોગ થાય ત્યારે તે અસમર્પિત મટી સમર્પિત બને પછી તે આપણા ઉપયોગમાં લેવાય.

અહીં એક બીજી બાબત પણ ખાસ સમજવા જેવી છે, તે છે દાન અને સમર્પણ વચ્ચેનો તફાવત.

શાસ્ત્રમાં 'નિવેદન', 'દાન' અને 'અર્પણ' એવા ત્રણ પ્રકારો કહ્યા છે. અમુક હેતુથી દ્રવ્ય વાપરવાનું જણાવવું તે 'નિવેદન'. દાનમાં દાતા તે વસ્તુ પરથી તેનો માલિકી-હક્ક છોડી દે છે, દાન લેનારનો તે વસ્તુ પર માલિકી હક્ક બને છે. માટે દાનમાં આપેલી વસ્તુ આપણી માલિકીની ન રહેતાં તે પાછી ન લેવાય. આપણા ઉપયોગમાં પણ ન લેવાય. સ્વામીને યોગ્ય વસ્તુ સ્વામીના ઉપયોગમાં યોજવી જોઈએ.

રસોઈયો રસોઈ બનાવી તે પહેલાં સ્વામીને લેવડાવે છે. પછી તે પોતે લે છે. આને અર્પણ કહેવાય. 'અર્પણ'ની પૂર્વે 'સમ્' ઉપસર્ગ લાગવાથી 'સમર્પણ' શબ્દ બને છે. 'સમ્' એટલે ભાવપૂર્વક.

અગાઉ બ્રહ્મસંબંધ દ્વારા પ્રભુને આપણે નિવેદન કર્યું કે આ બધું આપના માટે હું વાપરીશ. તે નિવેદન હતું. તે દાન ન હતું. ત્યારબાદ સેવામાં ભાવપૂર્વક તે બધા પદાર્થોનો પ્રભુ માટે વિનિયોગ કરાવ્યો, પ્રભુને અંગીકાર કરાવ્યો. તે 'સમર્પણ' થયું. સ્વામીએ ઉપયોગમાં લીધેલા પદાર્થોનો, સેવક તરીકે, આપણા માટે ઉપયોગ થાય માટે પુષ્ટિમાર્ગમાં સમર્પણ છે.

આમ, સર્વ પદાર્થો સમર્પિત થતાં તે ભગવદ્ સંબંધથી નિર્દોષ બને છે. એટલે તે પદાર્થોના વપરાશનો કોઈ દોષ લાગતો નથી. આનાથી પ્રભુની માલિકીનું ગ્રહણ કરવાનો દોષ લાગતો નથી.

ભગવાન પૂર્ણપુરુષોત્તમ દેવોના દેવ, પૂજ્યોના પણ પૂજ્ય છે. 'સામિભુક્ત'

એટલે આપણું અર્ધું ભોગવેલું-વાપરેલું. તે કદાપિ ભગવાનને સમર્પણ-અંગીકાર ન કરાવી શકાય.

સુખદુ:ખનો અનુભવ એ પદાર્થોનો ભોગ છે, જેના કારણે આપણને સુખદુ:ખનો અનુભવ થયો, તે આપણું ભોગવેલું કહેવાય. એવા પદાર્થો પ્રભુને અંગીકાર ન કરાવાય. આપણાં વાપરેલાં અન્ન, શાકભાજી, વસ્ત્ર ઈત્યાદિ અંગીકાર ન થાય, તે અર્ધભુક્ત કહેવાય.

જેમ પદાર્થોના ઉપયોગ દ્વારા સુખ કે દુ:ખનો અનુભવ ઈન્દ્રિયો દ્વારા થતાં તે અર્ધભુક્ત બને છે, તેમ આપણને જે પદાર્થો જોતાં કે ખરીદતાં અથવા ભોજન બનાવતાં પહેલાં એવો વિચાર આવે કે 'મને આ ખૂબ ગમે છે, અથવા ભાવે છે, તેથી આજે મજા આવશે.' મનમાં આવો વિચાર થતાં તે પદાર્થોનો આપણે મનથી ઉપભોગ કરી ચૂક્યા, તેથી તે પદાર્થો પણ સૂક્ષ્મ રીતે અર્ધભુક્ત થયા કહેવાય. પછી તે પ્રભુને લાયક રહેતા નથી.

આથી પદાર્થોની ખરીદી કે બનાવટ વખતે તેમાં આપણું મન જવું ન જોઈએ. તે પ્રભુને લાયક, ઉત્તમ છે એવો જ વિચાર બન્યો રહેવો જરૂરી છે. કેમ કે પ્રભુ ઉત્તમ વસ્તુના જ ભોક્તા છે.

'કોઈ કાર્ય કરવામાં આવે, તો તે કાર્ય આપણે કેવી રીતે સમર્પણ કરવાં?'

તેનો જવાબ શ્રી વલ્લભાચાર્યજીએ સમજાવ્યો છે- 'કાર્યની શરૂઆત પહેલાં, તેમાં ઉપયોગમાં લેવાનારા પદાર્થો પ્રભુને સમર્પિત કરવા.'

આગળ બે બાબતો જોઈ (૧) અસમર્પિત વસ્તુનો ઉપયોગ-સંબંધ ન કરવો, (૨) અર્ધભુક્ત વસ્તુનું સમર્પણ ન કરવું.

આ આજ્ઞાઓનું પાલન કરવાનો માર્ગ અહીં બતાવ્યો છે.આપણા માનસિક, વાચિક કે કાયિક ઉપયોગમાં લેતાં પહેલાં, પ્રત્યેક પદાર્થ પ્રભુને અંગીકાર કરાવવો. 'સર્વ વસ્તુ'માં પત્ની-પતિ, પુત્રાદિનો પણ સમાવેશ થાય છે. વિવાહ પૂર્વે પત્ની ભગવદ્- સેવાર્થે સ્વીકારવાનું શ્રી પ્રભુને નિવેદન કરવું અને વિવાહ બાદ પત્નીની સાથે મળીને સેવા કરવી, તે પત્નીનું પ્રભુને સમર્પણ છે. એવું જ પુત્રાદિના સંબંધમાં પણ સમજવું. વિવાહાદિ લૌકિક કાર્યોમાં કે શ્રાદ્ધ, યજ્ઞાદિ વૈદિક કાર્યોમાં જે દ્રવ્ય ખર્ચવું જરૂરી હોય, તેનું પણ પ્રથમ શ્રી પ્રભુને નિવેદન કરવું. આપની આજ્ઞા લઇ તેટલો જ ખર્ચ કરવો. અન્ય પદાર્થો

પ્રભુને અંગીકાર કરી, તે પ્રસાદી પદાર્થોનો તેમાં ઉપયોગ કરવો.

આમ, દરેક કાર્ય શરૂ કરતાં શ્રી પ્રભુને નિવેદન કરી, આજ્ઞા લઈને કરવું.

'સર્વકાર્યે'માં ઐહિક-પારલૌકિક કાર્યોનો સમાવેશ થાય છે. ઐહિક કાર્યોમાં સેવામાં ઉપયોગી હોય, તેવાં જ લગ્ન, પુત્રપ્રાપ્તિ, નિર્વાહ માટે ધંધો-નોકરી સમજવાં. જે સેવામાં સાધક ન હોય, તેવાં કોઈ લૌકિક કાર્યો કરવાં નહિ. પરલૌકિક કાર્યોમાં ભગવદ્-સેવા જ મુખ્ય છે. આ બંને પ્રકારનાં કાર્યો ભગવદ્-સેવા દ્વારા ભગવદ્-સુખાર્થે જ કરવાં. અન્ય કોઈ હેતુ માટે ન કરવાં.

મહાપ્રસાદ અને પ્રસાદી-પદાર્થો પણ સેવા માટે જરૂરી શરીરના રક્ષણ અને પોષણ પૂરતા જ ઉપયોગમાં લેવા, લૌકિક ભોગ ભોગવવાના ઉત્સાહથી અધિક પ્રમાણમાં ન લેવા. નહિ તો સ્વમાર્ગમાંની આપણી સ્થિતિનો ઉચ્છેદ થશે અને આપણો અન્ય માર્ગમાં પ્રવેશ થઈ જશે! સંસાર-પ્રવાહમાં આપણે બહિર્મુખ બની જઈશું. માટે લૌકિક કાર્ય પૂર્વે શ્રી ઠાકોરજીનો ઉત્સવ મનાવી, બધું મન-વચન-કર્મથી સમર્પણ કરી, લૌકિક કાર્યમાં વાપરવું.

'શાસ્ત્રોમાં 'દત્તાપહાર' અને 'સકલં હરેઃ ન ગ્રાહ્યમ્' એવાં વચનો મળે છે, જેનો અર્થ છે- શ્રી હરિને અર્પણ કરેલું પાછું ન લેવાય, તો 'તેનું શું?'

તેના જવાબમાં શ્રી વલ્લભાચાર્યજી ખુલાસો કરે છે કે તે અન્ય માર્ગોને લાગુ પડે છે, પુષ્ટિમાર્ગને નહિ.'

'દત્તાપહાર' - દાન કરેલા પદાર્થો આપણા ઉપયોગમાં ન વાપરવા એવી જ રીતે દેવને જે વસ્ત્ર આદિ પદાર્થો ભેટ કરવામાં આવ્યા હોય, તે બધા આપણા ઉપયોગમાં ન લેવા એવાં વચન સ્મૃતિશાસ્ત્રોમાં મળે છે. દેવને જે અર્પણ કરવામાં આવે તે દેવની માલિકીનું બને, તે 'દેવદ્રવ્ય' કહેવાય.

આનું કારણ એ છે કે પુષ્ટિમાર્ગમાં જેમ બ્રહ્મસંબંધ દ્વારા આપણું સર્વ પ્રભુ માટે વિનિયોગ કરવાનો (દાન કરવાનો નહિ) પ્રકાર છે, તેવો પ્રકાર અન્ય કોઈ માર્ગ કે સંપ્રદાયમાં નથી. ત્યાં જીવાત્મા પ્રભુને સમર્પણ કરતો નથી. તેથી ત્યાં જે વ્યક્તિઓ દેવને જે કંઈ દાન કરે છે, તે તેમનું સમર્પણ નથી, દાન છે. માટે ત્યાં દેવદ્રવ્ય પોતાના ઉપયોગમાં વાપરવાનો નિષેધ છે. ખાસ કરીને આ નિષેધ પૂજા-માર્ગને લાગુ પડે છે.

ભક્તિમાર્ગ બે પ્રકારના છે : (૧) મર્યાદા ભક્તિમાર્ગ અને (૨) પુષ્ટિ

ભક્તિમાર્ગ. મર્યાદા ભક્તિમાર્ગમાં પણ બ્રહ્મસંબંધનો પ્રકાર ન હોવાથી, ત્યાં પ્રભુને નિવેદન અને સમર્પણ નથી, તેથી દેવને ધરેલું દેવદ્રવ્ય બને છે. માટે તે પ્રસાદરૂપે પણ આપણે લઈ શકતા નથી.

પુષ્ટિમાર્ગમાં જ બ્રહ્મસંબંધથી સ્વામી-સેવક સંબંધ છે. તેથી સેવકને સ્વામીનો પ્રસાદ ગ્રહણ કરવામાં બાધા નથી, બલ્કે તે તેનો સ્વધર્મ બને છે.

સ્મૃતિમાં એમ કહેવાયું કે દેવને અર્પણ કરેલા દીવાના પ્રકાશનો પણ આપણા માટે ઉપયોગ કરી શકાય નહિ. તે પૂજામાર્ગની બાબત છે એમ સમજવું. પુષ્ટિમાર્ગમાં દાનને સ્થાન જ નથી, કારણે કે આપણે પ્રભુને નિવેદન કરી ચૂક્યા છીએ કે મારું સર્વ કંઈ આપને સમર્પણ કરું છું (દાન કરતો નથી.)

પુષ્ટિમાર્ગનો સેવા પ્રકાર, પૂજામાર્ગના પૂજા પ્રકારથી તદ્દન ભિન્ન છે. સેવા દ્વારા પ્રભુને આપણો પ્રેમ (ભક્તિ) અંગીકાર કરવાનો છે, જે આપણા ઘરના એકાંતમાં જ થાય, જાહેર સ્થળોમાં, અન્ય વ્યક્તિઓની હાજરીમાં નહિ. આ પાયાની બાબતને ધ્યાનમાં રાખીને બ્રહ્મસંબંધ કરવામાં આવે છે, જેમાં જીવાત્મા પ્રભુને એમ નિવેદન કરે છે કે હું મારો સમગ્ર દેહ અને આત્મા વડે, મારાં સ્વજનોના સાથમાં, મારી સંપત્તિ અને ઘર આપને સમર્પણ કરી, આપના માટે વિનિયોગ કરીશ. આ પ્રતિજ્ઞા ત્યારે જ સાર્થક થાય કે જ્યારે આપણે ઘરમાં આપણા માથે શ્રી ઠાકોરજીને પધરાવીને સેવા કરીએ.

શ્રી વલ્લભાચાર્યજી વધુ સ્પષ્ટતા કરતાં ભગવદ્ આજ્ઞા સમજાવે છે કે 'દુનિયામાં જે રીતે સેવકધર્મ પ્રસિદ્ધ છે, તે પ્રકારે મારી સેવા કરવી. પ્રારંભમાં દાસભાવથી સેવા કરવી. તેમ કરતાં કરતાં પતિવ્રતાધર્મ- સેવકધર્મ- પાંગરશે. આ પ્રકારે સેવા કરતાં મારા દૃઢ આશ્રયથી, તે જીવાત્મા બ્રહ્મસ્વરૂપ થશે, અર્થાત્ મને સાક્ષાત્ પ્રાપ્ત કરશે.' આ જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે.'

જે સેવા કરે તે સેવક. સેવાની વ્યાખ્યા અને લક્ષણો શ્રી મહાપ્રભુજીએ આપ્યાં- ચિત્તનું પ્રભુમાં પરોવાવું તે સેવા. ચિત્ત પ્રભુનાં પરોવાય તે રીતે અને તે માટે શ્રી ઠાકોરજીની તનુ- વિત્તજા સેવા સદા કરવી. તેમાં હંમેશાં સ્વસ્વામી એવા પ્રભુનું સુખ વિચારીને જ સેવા કરવી. સેવા સ્વસુખ માટે ન કરતાં તત્સુખ માટે કરવી.

આપણો જીવાત્મા મૂળભૂત રીતે ભગવાનનો અંશ હોવાથી, તેનામાં

દાસધર્મ સહજ છે. એ દાસધર્મના મૂળ સ્વભાવને લીધે તે જગતમાં અન્યનું દાસત્વ સહજ રીતે સ્વીકારે છે અને નભાવે છે. આ જ દાસત્વના સહજ સ્વભાવનું ઊર્ધ્વીકરણ પ્રભુ પ્રત્યે કરવાનું મુશ્કેલ નથી, પણ સરળ-સુગમ છે. આથી, શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી, જેમ તમે લૌકિકમાં કોઈ મનુષ્યને સ્વામી તરીકે સ્વીકારી, તમારો સેવકધર્મ વહન કરો છો, તે જ પ્રકારે તમે શ્રી ઠાકોરજીના દાસ બની, સેવા કરતાં સેવકધર્મ વહન કરો, તો પછી સેવકધર્મ વહન કરવો અઘરો નહિ લાગે.

આમ, જીવનની બધી ક્રિયાઓ વિષે ભગવદ્દ્સુખની ભાવના વિચારવાની છે. ભાવના બદલાતાં ક્રિયામાત્ર સેવા બની જશે. ભાવના વિના કરેલી સેવા ક્રિયા બની જશે. આ પ્રકારે આપણે સેવકધર્મ બજાવવાનો છે.

અત્યાર સુધી આપણે બે મુખ્ય વાતો જોઈ. (૧) બ્રહ્મસંબંધ પછી અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. તે માટે શ્રી ઠાકોરજીની ગૃહસેવા કરવી. (૨) શ્રી ઠાકોરજીને આપણું વાપરેલું-અર્ધભુક્ત - ન ધરવું. જે પદાર્થો ઉત્તમ, શુદ્ધ અને પવિત્ર હોય, તે જ શ્રી ઠાકોરજીને અંગીકાર કરાવી, મહાપ્રસાદરૂપે વાપરવા. તેમાં સ્પર્શદોષથી બચવું જરૂરી છે, એ પણ જોયું. તે માટે 'અસ્પર્શ' અપરસ-ની વ્યવસ્થા આવી.

આમ, બ્રહ્મસંબંધ લેનાર સર્વેએ ઉપર કહ્યા પ્રમાણે સેવા દ્વારા સમર્પણ કરી, સમર્પિત પદાર્થોથી જીવન જીવવાનું છે. આવું જીવન જીવવામાં આગળ બતાવેલા દોષો નડતરરૂપ થશે નહીં અને ગૃહસેવા કરવાથી દેવદ્રવ્યનો દોષ પણ લાગશે નહિ.

આ પ્રકારે સમર્પિત જીવન જીવવાથી શું ફળ મળે? તેનો જવાબ છે, 'એવા સમર્પિત પુષ્ટિ-જીવાત્માને બ્રહ્મરૂપતા પ્રાપ્ત થાય.'

બ્રહ્મરૂપતાનો વિચાર કરીએ, ત્યારે બ્રહ્મના ત્રણ મુખ્ય ગુણો સમજાય છે : નિર્દોષતા, સમતા, આનંદરૂપતા. બ્રહ્મના આ ગુણો જ્યારે જીવાત્માને પ્રાપ્ત થાય, ત્યારે જીવાત્મા બ્રહ્મરૂપ બને. તેનું જ બીજું નામ મોક્ષ. મર્યાદા-માર્ગીય મોક્ષ જીવાત્મા જ્ઞાન કે કર્મ કે યોગની પ્રક્રિયા દ્વારા અહંતા-મમતામાંથી સંપૂર્ણ મુક્ત થાય ત્યારે તેની અવિદ્યા નિવૃત્ત થાય. અવિદ્યા નિવૃત્ત થતાં તેને નિર્દોષતા અને બ્રહ્મરૂપતા પ્રાપ્ત થાય. ત્યારે તે અક્ષરબ્રહ્મમાં લીન થઈ જાય, તે

મર્યાદામાર્ગીય મોક્ષ.

પુષ્ટિમાર્ગીય મોક્ષ આથી જુદો છે. બ્રહ્મસંબંધ બાદ સમર્પિત સેવામય જીવન જીવતાં, મહાપ્રસાદ ગ્રહણ કરતાં, તેના સર્વદોષો નિવૃત્ત થતાં, તે 'તદીય'-'ભગવદીય' બને છે. તેના પ્રાકૃત પંચ-અધ્યાસો નિવૃત્ત થતાં, તેને સચ્ચિદાનંદરૂપની પ્રાપ્તિ થાય છે. તેને લીધે તેને આ જન્મમાં, આ જ દેહથી ભગવદ્-સ્વરૂપને લીલાઓનો આંખોથી અને અંતઃકરણથી સાક્ષાત્ અનુભવ થવા લાગે છે. તેને ભજનાનંદ-સ્વરૂપાનંદ-પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

દેહ છૂટ્યા પછી પણ તે નવતનુ પ્રાપ્ત કરી, નિત્યલીલામાં પ્રવેશે છે. આ પુષ્ટિમાર્ગીય મોક્ષ એ જ ભગવદીય જીવનનું પરિણામ છે- ફળ છે. બધાને તે દુર્લભ છે, સમર્પિત જીવને જ તે સુલભ છે. પ્રભુની આજ્ઞામાં પ્રમાદ કર્યા વિના તેનું પાલન કરવાથી આ ફળ મળે છે.

તેને વિસ્તારથી સમજાવવા હવેના શ્લોકમાં ગંગાજીનું દૃષ્ટાંત આપ્યું છે.

જેમ ગંગાજીમાં સર્વ મલિનતા અને દોષોને દૂર કરવાનું સામર્થ્ય છે. ઘણા લોકો ગંગાજીમાં મળત્યાગ કરે છે, કપડાં ધૂએ છે, સ્નાન કરે છે અને ગંગાજળને અશુદ્ધ બનાવે છે. તદુપરાંત, અન્ય નાની-મોટી નદીઓ ગંગાજીમાં મળે છે. તેમનું જળ ગંગાજીમાં ભળી ગયા પછી, ગંગાજી પોતાના આધ્યાત્મિક સામર્થ્યથી તેમને શુદ્ધ, પવિત્ર ગંગાજળ બનાવી દે છે. પછી તેમની મલિનતા કે ગુણદોષ રહેતાં જ નથી.

એવી જ રીતે જે જીવાત્માનો પુષ્ટિમાર્ગીય ગુરુ દ્વારા બ્રહ્મસંબંધની વિધિપૂર્વક દીક્ષા લઈને, ભગવદ્-સેવા દ્વારા નિવેદિત સર્વ પદાર્થોનો પ્રભુમાં વિનિયોગ કરાવીને તેના ઉપયોગથી જીવે છે, તેમને તેમના દેહ અને આત્મા સાથે જોડાયેલા પાંચ પ્રકારના દોષો, ભગવદ્સેવામાં અટકાવરૂપ બની શકતા નથી.

બ્રહ્મસંબંધનો સંક્ષિપ્ત સાર

બ્રહ્મસંબંધની અનિવાર્યતા- 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથના તમામ ટીકાકારોનો એક જ મત છે કે જેમને પ્રભુની સેવા કરવી છે તેમને માટે બ્રહ્મસંબંધ અનિવાર્ય છે. જેમને સેવા કરવી નથી તેમને માટે નામમંત્ર (અષ્ટાક્ષર) મંત્રની દીક્ષા પૂરતી છે.

સમર્પણ :

(૧) ઠાકોરજીને ભોગ ધરાવ્યા વિના (સર્વ કાર્યો પણ) કાંઈ જ ગ્રહણ કરવું નહિ.

જે વસ્તુ કે પદાર્થ પ્રભુને સમર્પિત ન હોય તેનો ત્યાગ કરવો.

(૨) અડધી વાપરેલી કે ભોગવેલી વસ્તુ ક્યારેય પ્રભુને સમર્પણ કરવી નહિ.

(૩) ''પ્રભુને સોંપેલી વસ્તુ પાછી ન લેવાય'' એ મત અન્ય સંપ્રદાયનો છે પણ પુષ્ટિમાર્ગનો એવો મત નથી.

(ધરાવીને વસ્તુ લઈ શકાય એ અર્થમાં).

(૪) લોકમાં અને સમાજમાં સેવક કે દાસનો પોતાના સ્વામી કે માલિક પ્રત્યે જેવો વ્યવહાર હોય છે તેવો ભગવદીયજનનો પ્રભુ સાથે વ્યવહાર હોવો જોઈએ. સર્વ કાંઈ સમર્પણ કર્યા પછી અંગીકાર કરવું એ મુખ્ય સિદ્ધાંત છે.

બ્રહ્મસંબંધથી દોષનિવૃત્તિ :

બ્રહ્મસંબંધ લેવાથી ભગવદીયજનના દેહ અને જીવાત્માના તમામ દોષોની નિવૃત્તિ થાય છે. લોકમાં અને વેદમાં મુખ્ય પાંચ દોષો કહ્યા છે -

(૧) સહજ દોષ (જન્મથી ઉદ્‌ભવતા દોષો)
(૨) દેશના દોષ (સારો કે ખરાબ)
(૩) કાળનો દોષ (મંગળ કે અમંગળ સમય)
(૪) સંયોગ (પરિસ્થિતિ-સારી કે ખરાબ, સાનુકૂળ-પ્રતિકૂળ)
(૫) સ્પર્શ (સારો કે ખરાબ)

જેમ અશુદ્ધ જળ વગેરે એક વાર ગંગાજીમાં મળી જાય પછી જળ વગેરેના ગુણદોષનું વર્ણન ગંગાજીના સ્વરૂપથી જ થાય છે, અશુદ્ધ જળ ગંગાસ્વરૂપ બની જાય છે, તેમ સર્વવસ્તુ બ્રહ્મને સમર્પણ કરવાથી નિર્દોષ થઈ જાય છે. મહાપ્રભુજીના મતે સર્વદોષની નિવૃત્તિ બ્રહ્મસંબંધથી જ થાય છે, તે વિના અન્ય કોઈ પ્રકારે થતી નથી. 'આત્મસમર્પણથી જીવના દોષો દૂર થાય છે અને ઘોર કળિયુગમાં પણ પ્રભુને પામવાનું દ્વાર ખૂલે છે.

મંત્રદાન (દીક્ષાનું પ્રાવધાન)

(૧) ઇષ્ટદેવના નામમંત્રનું દાન

(૨) ગુરુ દ્વારા શિષ્યને આ દાન આપવામાં આવે છે.

(૩) શાસ્ત્ર/પરંપરા પ્રમાણે વિધિપૂર્વક આપવામાં આવે છે.

(૪) આ દાન શિષ્યના શ્રેય/કલ્યાણ અર્થે જ છે.

(૫) આ પ્રકારે આપેલા દાનને શ્રેષ્ઠદાન અથવા વિશિષ્ટદાન કહેવામાં આવે છે.

મંત્રદાન સંદર્ભે છ દૃષ્ટિબિંદુનો વિચાર :

(૧) મંત્રદાતા (મંત્રનું દાન આપનાર) : તત્ત્વાર્થદીપ નિબંધના 'સર્વનિર્ણય' ગ્રંથમાં દર્શાવ્યા પ્રમાણે "શરણાગતિ અને આત્મનિવેદન" દીક્ષામંત્રના અધિકારી વલ્લભવંશજો (પુરુષો) છે. દરેક સંપ્રદાયના સ્થાપકોએ શિષ્યોના કલ્યાણ માટે મંત્રદીક્ષા આપવાનો કોને અધિકાર છે એ વાતની ચર્ચા તેમના ધર્મગ્રંથોમાં કરી છે.

શિષ્યોએ પણ અધિકારી ગુરુ સંબંધી ત્રણ વસ્તુનો ખ્યાલ રાખવો જરૂરી છે :-

(અ) સંપ્રદાયના તાત્ત્વિક સિદ્ધાંતોનું જ્ઞાન ગુરુમાં છે?

(બ) સૈદ્ધાંતિક જ્ઞાન પ્રમાણે તેમનું આચરણ છે?

(ક) શિષ્યોના અજ્ઞાનને દૂર કરવા ગુરુ જાગૃત, સજાગ અને પ્રવૃત્ત છે?

આમ શિષ્યે હંમેશાં ખ્યાલ રાખવાનો હોય છે કે ગુરુ કૃષ્ણ સેવાપરાયણ, દંભ વગેરેથી રહિત અને ભાગવત તત્ત્વજ્ઞાન ધરાવનાર હોય.

(૨) પ્રતિગૃહિત : ગુરુએ યોગ્ય વ્યક્તિને મંત્રદાન આપવું. જે મંત્રનો જીવનમાં યથાયોગ્ય ઉપયોગ કરી શકે, મંત્રનું મહત્ત્વ સમજી શકે અને તેની કદર કરી શકે એવી વ્યક્તિને મંત્રદાન આપવું. મંત્રનું મહત્ત્વ, ગરિમા અને પવિત્રતા જાળવવી ખૂબ જરૂરી છે. તેથી અયોગ્ય વ્યક્તિને દાન આપવું નહિ. મંત્રની ગોપનીયતા જાળવવી- જાહેરમાં કે મોટેથી મંત્રદાન કરવું, મંત્રને છપાવવો, લખવો, દશ્ય-શ્રાવ્યમાં ઉતારી વેચવો વગેરે નિષિદ્ધ છે.

(૩) દેય વસ્તુ : ગુરુ શિષ્યને મંત્ર (દેય વસ્તુ) આપે છે તેમાં ઈષ્ટદેવતાના મંત્રને 'મંત્રભાગ' કહે છે. બાકીના ભાગને 'ઉપદેશ' કહે છે. આ સંપૂર્ણ મંત્ર (મંત્રભાગ કે ઉપદેશ)ની સાધનામાર્ગમાં અતિ મહત્ત્વની ભૂમિકા છે. ઈશ્વરનું સ્મરણ, સંપ્રદાયનું કર્તવ્ય અને આત્મજ્ઞાન આપે છે.

(૪) **સ્થાન :** બ્રહ્મસંબંધની દીક્ષા એ ગુરુ અને શિષ્ય બન્ને માટે મંગળ, પવિત્ર અને પાવનકારી પ્રસંગ છે. તેથી શાંત, પવિત્ર અને શ્રદ્ધા-ભક્તિ ઉપજાવે એવા સ્થાનને પસંદ કરવું. જે સ્થાનમાં દીક્ષા લીધા પછી દીક્ષાર્થીને અમૂલ્ય પ્રાપ્તિ થયાનો અહેસાસ થાય અને મનમાં શાંતિ, આનંદ અને સંતોષ અનુભવાય એવું સ્થાન પસંદ કરવું.

(૫) **સમય :** શિષ્ય પોતે આ માર્ગે ચાલવા માટે સંપૂર્ણપણે સજ્જ હોય અને પોતે તૈયાર થાય એ જ શ્રેષ્ઠ સમય ગણાય અને તો જ અધ્યાત્મમાર્ગે તેની પ્રગતિ/ઉન્નતિ થઈ શકે. જેમ માટીનો ઘડો નાનો અને કાચો હોય તો વધારે પાણી સમાઈ શકે નહિ અને પાણી લાંબો સમય તેમાં ટકી શકે નહિ. થોડા જ સમયમાં ઘડો ફાટી જાય અને પાણી બહાર વહી જાય. તે જ પ્રમાણે સંપ્રદાયના સ્થાપકનું, ઈષ્ટદેવનું, મંત્રનું નામ જ જાણતો ન હોય તો દેવોને પણ દુર્લભ એવા આ મંત્રની મર્યાદા કે લાભને તે ક્યાંથી સમજી શકે?

(૬) **ઉપકરણ / ભાવના :** બ્રહ્મસંબંધ દીક્ષા ગુરુ-શિષ્ય બન્ને પક્ષે સંપૂર્ણ સદ્‌ભાવપૂર્વક આપવા-લેવાની હોય છે. ગુરુ-શિષ્ય વચ્ચે પવિત્ર સંબંધ, પિતા-પુત્ર તુલ્ય સંબંધ હોય એ જરૂરી છે. ગુરુ પિતા સમાન છે. જેમ પિતા મુખ્ય ત્રણ જવાબદારી નિભાવે છે.

પોષણ : સંપ્રદાયના જ્ઞાન દ્વારા જીવનું આધ્યાત્મિક પોષણ.

રક્ષણ : કુસંગ, કુટેવ, દોષ વગેરેથી દૂર રહેવાનો ઉપદેશ આપી જીવની રક્ષા કરવી.

પ્રગતિ : અધ્યાત્મમાર્ગે જીવની પ્રગતિ થતી રહે તે માટે તેને સતત પ્રેરણા આપી તેનામાં ઉત્સાહ પ્રેરતા રહેવું.

આ રીતે યોગ્ય સમયે, યોગ્ય સ્થાને, યોગ્ય ભાવનાથી યોગ્ય વ્યક્તિ દ્વારા યોગ્ય વ્યક્તિને યોગ્ય વસ્તુનું દાન એ વિશિષ્ટ દાન છે. શાસ્ત્ર અને પરંપરાની દૃષ્ટિએ 'યોગ્ય'નો નિર્ણય ઉપર દર્શાવ્યા મુજબ કર્યો છે.

ઉપસંહાર :

શ્રી વલ્લભાચાર્યજીના સમયમાં સમગ્ર ભારત દેશના અન્ય સંપ્રદાયોમાં આ પ્રકારની દીક્ષામંત્રની વિધિ તદ્દન સામાન્ય હતી. તેથી આમ જોવા જઈએ તો આ વિધિ અસાધારણ કે અસામાન્ય ન ગણાય. પરંતુ શ્રી વલ્લભાચાર્યે

મંત્રના બાહ્યસ્વરૂપ કરતાં ભગવદીયજન સ્વેચ્છાએ પ્રભુના ચરણે સર્વસ્વ અર્પણ કરે તેના પર વિશેષ ભાર મૂક્યો હતો- આ તેમનું વિશિષ્ટ યોગદાન હતું.

ઘોર કળિયુગમાં 'સમર્પણ' ભાવથી જીવના દોષ નાશ પામે છે અને જીવને માટે મોક્ષનું દ્વાર ખૂલે છે. નવધા ભક્તિમાં 'આત્મનિવેદન' છેલ્લું સોપાન છે. પણ પુષ્ટિ ભક્તિમાં આત્મનિવેદનને પ્રથમ સોપાન અથવા તો શુભારંભ ગણવામાં આવે છે. નિષ્કામ કર્મ, સાક્ષીભાવે જગતને નિહાળવું. સર્વમાં બ્રહ્મનો ભાવ (સર્વાત્મક બ્રહ્મ) જોવો, પ્રેમ અને સેવા વગેરે આત્મનિવેદનના પગલે આપોઆપ આવે છે.

◆

૬

ચોર્યાશી વૈષ્ણવો

(Eightyfour Vaishnavs)

વાર્તા સાહિત્યનું મહત્ત્વ

કોઈ પણ સંપ્રદાય માટે તેના પ્રવર્તક આચાર્યની વાણી દ્વારા જ ઉપદિષ્ટ કર્તવ્યોપદેશ અથવા તત્ત્વોપદેશ એ પાયાગત આવશ્યકતા હોય છે. તદનુસાર તે ઉપદિષ્ટ આદર્શોને વ્યવહાર્ય બનાવનારાઓની ચરિત્રગાથાઓની પણ જરૂરિયાત સમજી શકાય છે. શ્રી વલ્લભાચાર્યજીએ જે તત્ત્વોપદેશ અને કર્તવ્યોપદેશ પોતાના વિવિધ ગ્રંથસાહિત્યમાં પ્રગટ કર્યો છે તેને ચરિતાર્થ કરનાર તેમના ૮૪ વૈષ્ણવો અને શ્રી ગુસાંઈજીના ૨૫૨ ભગવદીયોની વાર્તાસાહિત્યનું પુષ્ટિભક્તિમાર્ગમાં ખૂબ જ મહત્ત્વ છે.

શ્રી વલ્લભાચાર્યજીએ જે ષોડશ ગ્રંથ જે વૈષ્ણવ માટે પ્રગટ કર્યા છે, અથવા જે વૈષ્ણવની વાર્તા જે ગ્રંથ સાથે સંકળાયેલી છે, તે ભગવદીયના અંતઃકરણમાં એ ગ્રંથના સર્વ ભાવો અને લીલા રહસ્યો વિદ્યમાન છે કારણ કે એ વૈષ્ણવ શ્રી વલ્લભાચાર્યજીના એ ગ્રંથને ઝીલવા અને જીવવાનું સંપૂર્ણ પાત્ર છે. તેમના ૮૪ વૈષ્ણવો નિર્ગુણ ભાવાત્મક છે, જ્યારે તેમના પુત્ર શ્રી ગુસાંઈજીના ૨૫૨ ભગવદીયોમાં સાત્તિક, રાજસ અને તામસ એવા ત્રણે ગુણો આવિર્ભૂત છે, જેમનાં ચરિત્રોના અધ્યયનથી આ ભગવદીયોના તેમજ ષોડશ ગ્રંથના ગૂઢ ભાવોનો વિશેષ પરિચય પ્રાપ્ત થાય છે. ષોડશ ગ્રંથોમાં વાસ્તવમાં ભક્તિનું જ પ્રાચુર્ય છે તેથી શ્રી વલ્લભાચાર્યજી સિદ્ધાંતના રૂપમાં ષોડશ ગ્રંથ નથી સમજાવતા પરંતુ પુષ્ટિભક્તિમાર્ગ પર અભિસરણ કરતી વખતે ભક્તને જે જે સમસ્યાઓ ઉત્પન્ન થાય છે તેનું સમાધાન તેઓ ષોડશ ગ્રંથમાં કરે છે. કઈ વાર્તામાં કયું સમાધાન કેવી રીતે કર્યું છે તેનો પરિચય વાર્તાના પ્રસંગ અને ષોડશ ગ્રંથની વિવિધ પંક્તિઓના અનુસંધાનથી સ્પષ્ટ થાય છે. આમ વાર્તાસાહિત્ય એ ષોડશ ગ્રંથને વ્યવહારિક રૂપમાં સમજવા માટેનો ગ્રંથ કહી શકાય.

પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ એ શ્રી વલ્લભાચાર્યજીના નિરોધનું

સ્વરૂપ છે. પ્રપંચ વિસ્મૃતિમાં પુષ્ટિ ભક્તોનો સાક્ષીભાવ અભિવ્યક્ જ્યારે ભગવદાસક્તિમાં રમણાત્મક ભાવ. તેથી જ નવરત્ન ગ્રંથમાં તેઓ કરે છે કે **'સાક્ષિણો ભવતાખિલાઃ'** અને **'યૈઃ કૃષ્ણસાત્ કૃત પ્રાણૈઃ.'** ૮૪-૨૫૨ વૈષ્ણવની વાર્તાનો સહારો લીધા વિના ષોડશ ગ્રંથમાં અવસ્થિત આવા સાક્ષી અને રમણાત્મક ભાવોનું દર્શન સંભવ નથી. સુબોધિનીજીમાં પ્રગટ થયેલ શ્રી વલ્લભાચાર્યજીની વાણીનાં યથાર્થ દર્શન ગ્રંથ અને વાર્તાના સંગમવિલાસથી જ થાય છે- **'આત્મયાવત્ પ્રયત્નોભૂત્ તાવદ્ વૈ રમતે હરિઃ'**

પુષ્ટિમાર્ગ એ એક જીવનદર્શન છે. ઉર્ધ્વગામી મનુષ્યનું જીવન કેવું હોવું જોઈએ, તેનું અંતિમ લક્ષ્ય શું હોવું જોઈએ અને તે લક્ષ્ય પર કેવી રીતે પહોંચી શકાય તે વિશેનું તત્ત્વદર્શન આ માર્ગના પ્રણેતા શ્રી વલ્લભાચાર્યજીએ આપેલું છે. સત્યની શોધ અર્થાત્ ભગવદ્ સાક્ષાત્કાર એ મનુષ્યજીવનનું અંતિમ ધ્યેય બતાવવામાં આવ્યું છે. આ લક્ષ્યની પ્રાપ્તિના શાસ્ત્રોમાં બતાવેલ વિવિધ ઉપાયોનું સમન્વયાત્મક સ્વરૂપ તેમણે આપણને સમજાવ્યું છે. એ મંઝીલે પહોંચવાના સરળતય માર્ગ તરીકે 'પુષ્ટિમાર્ગ'નું સંસ્થાપન તેમણે કર્યું છે. તો આ માર્ગની કઈ દિશા છે, કઈ રીતે આ માર્ગે ચાલી શકાય, તેમાં કેવી અડચણો આવી શકે, કેવી રીતે તેનું સમાધાન શક્ય બને ઈત્યાદિ બાબતોનું દિશાસૂચન કરવા માટેનું જો કોઈ સાહિત્ય પુષ્ટિભક્તિમાર્ગમાં હોય તો તે છે ૮૪-૨૫૨ વૈષ્ણવોનાં જીવનચરિત્ર છે જે શ્રી વલ્લભાચાર્યજી પ્રણિત માર્ગની સાચી દિશાનું જ્ઞાન સમજણ સાથે કરાવે છે. પ્રત્યેક વૈષ્ણવના ચરિત્રમાં કાંઈકને કાંઈક માર્ગદર્શન આ પુષ્ટિભક્તિમાર્ગ ઉપર ચાલવા માટે તેમાં ઉપલબ્ધ છે. પુષ્ટિભક્તિમાર્ગમાં આવેલા શરણસ્થ જીવોને માર્ગમાં ચાલવા માટે વાર્તાસાહિત્યમાં નીચે મુજબ દિશાનિર્દેશ મળે છે-

૧. જીવે કેવી રીતે શ્રી પ્રભુની સેવામાં પ્રવૃત્ત રહેવું જોઈએ જેથી તે શ્રી ઠાકોરજીને પ્રિય બને.

૨. શ્રી વલ્લભાચાર્યજીના અભિપ્રાય મુજબ જીવ કેવું આચરણ કરે તો તે પુષ્ટિ પ્રભુની કૃપાનો અધિકારી બની શકે.

૩. જે વૈષ્ણવ આ માર્ગ ઉપર ચાલવા માંગે છે અથવા ચાલી રહ્યો છે તેની પાસેથી પુષ્ટિ પ્રભુ કેવી અપેક્ષા રાખી રહ્યા છે.

સ્વરૂપ છે. પ્રપંચ વિસ્મૃતિમાં પુષ્ટિ ભક્તોનો સાક્ષીભાવ અભિવ્યક્ત થાય છે જ્યારે ભગવદાસક્તિમાં રમણાત્મક ભાવ. તેથી જ નવરત્ન ગ્રંથમાં તેઓ આજ્ઞા કરે છે કે **'સાક્ષિણો ભવતાખિલાઃ'** અને **'યૈઃ કૃષ્ણસાત્ કૃત પ્રાણૈઃ.'** ૮૪-૨૫૨ વૈષ્ણવની વાર્તાનો સહારો લીધા વિના ષોડશ ગ્રંથમાં અવસ્થિત આવા સાક્ષી અને રમણાત્મક ભાવોનું દર્શન સંભવ નથી. સુબોધિનીજીમાં પ્રગટ થયેલ શ્રી વલ્લભાચાર્યજીની વાણીનાં યથાર્થ દર્શન ગ્રંથ અને વાર્તાના સંગમવિલાસથી જ થાય છે- **'આત્મયાવત્ પ્રયત્નોભૂત્ તાવદ્ વૈ રમતે હરિઃ'**

પુષ્ટિમાર્ગ એ એક જીવનદર્શન છે. ઉર્ધ્વગામી મનુષ્યનું જીવન કેવું હોવું જોઈએ, તેનું અંતિમ લક્ષ્ય શું હોવું જોઈએ અને તે લક્ષ્ય પર કેવી રીતે પહોંચી શકાય તે વિશેનું તત્ત્વદર્શન આ માર્ગના પ્રણેતા શ્રી વલ્લભાચાર્યજીએ આપેલું છે. સત્યની શોધ અર્થાત્ ભગવદ્ સાક્ષાત્કાર એ મનુષ્યજીવનનું અંતિમ ધ્યેય બતાવવામાં આવ્યું છે. આ લક્ષ્યની પ્રાપ્તિના શાસ્ત્રોમાં બતાવેલ વિવિધ ઉપાયોનું સમન્વયાત્મક સ્વરૂપ તેમણે આપણને સમજાવ્યું છે. એ મંઝીલે પહોંચવાના સરળતય માર્ગ તરીકે 'પુષ્ટિમાર્ગ'નું સંસ્થાપન તેમણે કર્યું છે. તો આ માર્ગની કઈ દિશા છે, કઈ રીતે આ માર્ગે ચાલી શકાય, તેમાં કેવી અડચણો આવી શકે, કેવી રીતે તેનું સમાધાન શક્ય બને ઈત્યાદિ બાબતોનું દિશાસૂચન કરવા માટેનું જો કોઈ સાહિત્ય પુષ્ટિભક્તિમાર્ગમાં હોય તો તે છે ૮૪-૨૫૨ વૈષ્ણવોનાં જીવનચરિત્ર છે જે શ્રી વલ્લભાચાર્યજી પ્રણિત માર્ગની સાચી દિશાનું જ્ઞાન સમજણ સાથે કરાવે છે. પ્રત્યેક વૈષ્ણવના ચરિત્રમાં કાંઈકને કાંઈક માર્ગદર્શન આ પુષ્ટિભક્તિમાર્ગ ઉપર ચાલવા માટે તેમાં ઉપલબ્ધ છે. પુષ્ટિભક્તિમાર્ગમાં આવેલા શરણસ્થ જીવોને માર્ગમાં ચાલવા માટે વાર્તાસાહિત્યમાં નીચે મુજબ દિશાનિર્દેશ મળે છે-

૧. જીવે કેવી રીતે શ્રી પ્રભુની સેવામાં પ્રવૃત્ત રહેવું જોઈએ જેથી તે શ્રી ઠાકોરજીને પ્રિય બને.

૨. શ્રી વલ્લભાચાર્યજીના અભિપ્રાય મુજબ જીવ કેવું આચરણ કરે તો તે પુષ્ટિ પ્રભુની કૃપાનો અધિકારી બની શકે.

૩. જે વૈષ્ણવ આ માર્ગ ઉપર ચાલવા માંગે છે અથવા ચાલી રહ્યો છે તેની પાસેથી પુષ્ટિ પ્રભુ કેવી અપેક્ષા રાખી રહ્યા છે.

શ્રી વલ્લભાચાર્યજીએ પ્રગટ કરેલા પુષ્ટિભક્તિમાર્ગનાં માર્ગદર્શક સ્મૃતિચિહ્નોનું વાસ્તવિક સ્વરૂપ એ જ પુષ્ટિમાર્ગનું વાર્તા સાહિત્ય.

વાર્તા સાહિત્યમાં સમાયેલું પુષ્ટિ ભક્તિમાર્ગનું હાર્દ

પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રી વલ્લભાચાર્યજીના ૮૪ વૈષ્ણવો તેમજ શ્રી ગુસાંઈજીના ૨૫૨ ભગવદીયોના વાર્તાસાહિત્યનું વિશિષ્ટ મહત્ત્વ છે. તેમના પૌત્ર શ્રી ગોકુલનાથજીએ તે ભગવદીયોના જીવનચરિત્રોને સંકલિત કરી પ્રકાશિત કર્યાં છે અને તેમની પાંચમી પેઢીએ થઈ ગયેલ આચાર્ય શ્રી હરિરાય મહાપ્રભુએ ભગવદીયોનાં ચરિત્રોમાં રહેલા ગુપ્ત ભાવને પ્રકાશમાં લાવવાનું-સમજાવવાનું અતિ સુંદર કાર્ય કર્યું છે.

આ ભગવદીયોની વાર્તામાં રહેલ ઉત્કૃષ્ટ તત્ત્વને અને તેના મહત્વને નીચેના પ્રસંગથી સ્પષ્ટપણે સમજી શકાય તેમ છે.

શ્રી ગોકુલનાથજી નિત્ય નિજ સેવકો સાથે બેસી ભગવદ્ વાર્તા કરતા. શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથો- સુબોધિનીજી ઇત્યાદિ પર માર્મિક વિવેચન કરતા. આ પ્રકારે તેમનો રોજનો ક્રમ હતો. એક દિવસ તેઓ દામોદરદાસ હરસાનીજીની વાર્તાના કોઈ પ્રસંગ ઉપર તેમના સેવક કલ્યાણ ભટ્ટ વગેરે વૈષ્ણવો સાથે ચર્ચા કરતાં એટલા રસમગ્ન થઈ ગયા કે શ્રી સુબોધિનીજીની કથા કહેવાનો નિત્યક્રમ ભુલાઈ ગયો. તેમ કરતાં અર્ધ રાત્રી થઈ ગઈ. ત્યારે એક વૈષ્ણવ જે રોજ તેમના સત્સંગમાં હાજર રહેતો તેણે આપશ્રીને વિનંતી કરતાં કહ્યું: 'મહારાજાધિરાજ, આજ કથા ક્યારે કહેશો? મધરાત થઈ ગઈ.' આ સાંભળી આપશ્રીએ આજ્ઞા કરી 'આજે કથાને બદલે કથાનું ફલ કહી રહ્યો છું. વૈષ્ણવોની વાર્તાને સઘળું ફલ સમજવું (અર્થાત્ તે ફલરૂપ છે). વૈષ્ણવો સિવાય અન્ય કોઈ પદાર્થ નથી તેથી પુષ્ટિમાર્ગ એ વૈષ્ણવો દ્વારા ફલિત થશે.'

આમ ભગવદીયોના વાર્તાસાહિત્યનું માહાત્મ્ય આપશ્રીએ સ્પષ્ટ કર્યું. વાર્તાસાહિત્યને તેમણે ફલદાયી ગણાવ્યું છે.

શ્રી વલ્લભાચાર્યજી પણ દામોદરદાસ હરસાનીજી જેઓ તેમના પ્રથમ કૃપાપાત્ર સેવક હતા તેને સંબોધીને કહેતા, 'દમલા! તેરે લિયે યહ માર્ગ પ્રગટ કિયો હૈ.' (દામોદર, આ માર્ગ મેં તારા માટે પ્રકટ કર્યો છે.)

શ્રી હરિરાયજીએ 'ભાવપ્રકાશ'માં 'ચોર્યાસી' અને 'બસો બાવન'ની

સંખ્યાનો ગુઢ ભાવ સમજાવતાં આ પ્રમાણે આજ્ઞા કરી છે. 'દૈવી જીવો ચોર્યાસી લાખ યોનિમાં પડેલા છે. તેમાંથી બહાર કાઢવા શ્રી મહાપ્રભુજીએ ચોર્યાસી વૈષ્ણવને શરણે લીધા છે. શ્રી આચાર્યજી વગર શ્રીનાથજી શ્રી ગોવર્ધનનાથજી રહી શકે નહીં માટે પોતાના અંતરંગ નિર્ગુણ એવા ચોર્યાસી વૈષ્ણવ (પ્રકટ) કર્યા. પ્રત્યેક લાખ યોનિમાંથી એક એક વૈષ્ણવ જેઓ નિર્ગુણ પ્રકૃતિના હતા તેમનો ઉદ્ધાર આ વૈષ્ણવો દ્વારા તેમણે કર્યો છે.

એક અન્ય ભાવ આ પ્રમાણે પણ બતાવવામાં આવ્યો છેઃ શ્રી મહાચાર્યજીનાં અંગ બાર છે જે સ્વરૂપાત્મક છે. પ્રત્યેક અંગમાં સાત સાત ધર્મો વિદ્યમાન છે- ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય અને એક ધર્મી પોતે તે સાતમો. આમ બારે અંગમાં આ સાત ધર્મો સાથે કુલ સંખ્યા ચોર્યાસી થાય તેથી આ ચોર્યાસી વૈષ્ણવો શ્રી મહાપ્રભુજીના અંગરૂપ અલૌકિક સર્વસામર્થ્યરૂપ છે.

સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમની લીલા વ્રજમંડળના ચોર્યાસી કોસ વિસ્તારમાં પ્રસરેલી છે. દૈવી જીવો જે ચોર્યાસી લાખ યોનિમાં ભટકતા હતા તેમાંના એક એક જીવને અંગીકાર કરી તેનો ઉદ્ધાર કરી લીલાસંબંધી આ જીવોને ચોર્યાસી કોસ વ્રજમાં ભગવાનની લીલામાં તે પ્રાપ્ત કરાવવાનો ભાવ પણ આ ચોર્યાસીના આંકનો અલૌકિક ગૂઢ ભાવ છે.

આમ, ચોર્યાસી વૈષ્ણવનો આંક અનેક રીતે સાર ગર્ભિત છે.

જે પ્રમાણે શ્રી મહાપ્રભુજીએ નિર્ગુણ એવા ચોર્યાસી પ્રકારના દૈવીજીવોનો ઉદ્ધાર કર્યો તેમ શ્રી ગુસાંઈજીએ અન્ય ગુણ યુક્ત- રાજસી, તામસી અને સાત્ત્વિકી ગુણોવાળા જીવોનો ઉદ્ધાર કર્યો છે. માટે તેમના સેવકો (૮૪ × ૩) = ૨૫૨- બસો બાવનનાં ચરિત્રો પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે ચોર્યાશી તેમજ બસો બાવનની સંખ્યાઓ વિવિધ ગુણો યુક્ત જીવોના ભેદ-પ્રભેદ દર્શાવે છે. શ્રી મહાપ્રભુજીના ચોર્યાસી વૈષ્ણવ એ નિર્ગુણ પક્ષના જીવોનાં ઉદાહરણ છે જ્યારે શ્રી ગુસાંઈજીના બસો બાવન ભગવદીયો તે રાજસ, તામસ અને સાત્ત્વિક ગુણરૂપ જીવોનાં પ્રમાણ છે.

આ ત્રણેય ભાવરૂપ બસો બાવન વૈષ્ણવો શ્રી ગુસાંઈજીના શ્રી અંગરૂપ હોવાની પ્રતીતિ 'ચાચા હરિવંશજી'ના વાર્તાપ્રસંગમાં સ્પષ્ટ થાય છે.

એક સમયે શ્રી ગુસાંઈજી તેમનાં વહુજી રુક્મિણીજી સાથે પ્રસન્નતાથી

વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે આપે કહ્યું કે 'મારા બધા સેવક-વૈષ્ણવો મારા અંગરૂપ છે.'

થોડા દિવસ પછી એક સમયે ચાચા હરિવંશજીને રસ્તે ચાલતાં પગમાં ઠોકર વાગી. તેમને ઘણી પીડા થઈ. તે જ સમયે ગોકુલમાં શ્રી ગુસાંઈજીના નેત્રમાં ભારે પીડા થઈ. તેમનાં પત્ની શ્રી રુક્મિણી વહુજીએ આપને પૂછયું: 'આપના નેત્રમાં અચાનક દુખાવો કેમ થયો!'

શ્રી ગુસાંઈજીએ ખુલાસો કરતાં કહ્યું, 'ચાચાજીને હમણાં પગે ઠોકર વાગી છે તેની તેમને પીડા થાય છે, માટે મારી આંખ દુ:ખવા માંડી.' જ્યારે ચાચાજીના પગે મટી ગયું ત્યારે શ્રી ગુસાંઈજીના નેત્રની પીડા પણ આપોઆપ મટી ગઈ. આમ આપે પોતાનાં પત્નીને ભગવદીય વૈષ્ણવનું સ્વરૂપ કેવું હોય તે પ્રત્યક્ષ ઉદાહરણથી બતાવ્યું.

ઉપરોક્ત વિશ્લેષણથી એક વાત સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે શ્રી વલ્લભાચાર્યજીએ ષોડશ ગ્રંથ ઇત્યાદિમાં જીવોના ભેદ-પ્રભેદ, તેમના અધિકાર તેમ જ પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાંતો વિશે જે આજ્ઞાઓ કરી છે તે સમગ્ર બાબતો ભગવદીયોનાં આ ચરિત્રોમાં પ્રગટરૂપે દૃશ્યમાન થાય છે અને તે રીતે વિચારીએ તો પુષ્ટિમાર્ગનું આ વાર્તાસાહિત્ય શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોના નિચોડરૂપ હોઈ આપણને આપશ્રીના સિદ્ધાંતો સમજવામાં અતિ ઉપયોગી બને છે.

ચોર્યાસી- બસો બાવન વૈષ્ણવોની પ્રત્યેક વાર્તા- તેના પ્રસંગોમાંથી શ્રીમદાચાર્યચરણના કોઈને કોઈ સિદ્ધાંતનું પ્રતિપાદન થતું હોય છે તેથી આ વાર્તાસાહિત્યનું અવગાહન પુષ્ટિમાર્ગને યથાર્થ રૂપે સમજવામાં ખૂબ જ ઉપયોગી છે. માટે જ પુષ્ટિમાર્ગીય સત્સંગમાં ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા પ્રસંગોને વિશિષ્ટ સ્થાન અપાયું છે.

વાર્તાસાહિત્યમાં આલેખાયેલ ભગવદીયોના જીવનપ્રસંગો ઉપરોક્ત તથ્યની પ્રતીતિ સ્પષ્ટ રૂપથી કરાવે છે. ઉદાહરણાર્થે શ્રી મહાપ્રભુજીના પ્રથમ સેવક શ્રી દામોદરદાસ હરસાનીજીના કેટલાક જીવનપ્રસંગોથી આ તથ્ય સ્પષ્ટ થાય છે.

દામોદરદાસ હરસાનીના જીવન પ્રસંગો

દામોદરદાસને શ્રી મહાપ્રભુજી 'દમલા' કહીને સંબોધતાં એનું કારણ

એ છે કે દમલા અર્થાત્ 'અમલા'. અમલાનું તાત્પર્ય છે 'મલરહિત' એટલે કે સાંસારિક વિષયો પ્રતિ આસક્તિ અથવા છળકપટ ઈત્યાદિનો અભાવ, ગુરુ પ્રત્યેનો તેમનો અનન્ય એકનિષ્ઠ સમર્પણનો ભાવ. દામોદરદાસની શ્રી વલ્લભાચાર્યજી પ્રત્યેની પ્રીતિ શ્રી ઠાકોરજીથી પણ અધિક હતી. માટે જ એક સમયે જ્યારે સાક્ષાત શ્રી ગોવર્ધનધરણ શ્રી વલ્લભાચાર્યજીને મળવા પધારે છે ત્યારે તેઓ દામોદરદાસના ખોળામાં મસ્તક રાખી સૂતા હતા. તે સમયે દામોદરદાસ શ્રીનાથજીને કહે છે: 'આપ ત્યાં જ ઊભા રહો, નિકટ આવશો નહીં, શ્રી આચાર્યજી જાગી જશે.' **ગુરુ પ્રત્યેનો આવો ઉત્કટ ભાવ પુષ્ટિમાર્ગમાં આવશ્યક છે તે બતાવવાનું અહીં તાત્પર્ય છે.**

બીજા એક પ્રસંગમાં જ્યારે શ્રી ગુસાંઈજી દામોદરદાસને પૂછે છે કે 'દાન બડો કે દાતા?' (અર્થાત્ દાન મોટું કે દાન આપવાવાળો મોટો?) ત્યારે દામોદરદાસે જવાબ આપ્યો કે 'દાતા'. જેમણે પોતાના સર્વસ્વ એવા શ્રી ઠાકોરજીને પોતાના ભક્તને દાનમાં આપી દીધા હોય તેવા દાતાથી અન્ય મોટું કોણ હોઈ શકે? દામોદરદાસનો તેમના ગુરુ શ્રી વલ્લભાચાર્યજી પ્રત્યેનો આવો ઉત્કટ ભાવ જ તેમને 'દમલા' નામનું સંબોધન અપાવનારો છે.

તેમનું 'દામોદર' નામ પણ સારગર્ભિત છે. પુરુષોત્તમ સહસ્રનામમાં શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી પ્રભુનું એક નામ **'દામોદરો ભક્તવશ્યો'** આપ્યું છે. આ નામનો વિસ્તાર કરતાં શ્રી સુબોધિનીજીમાં તેમણે ખુલાસો કર્યો છે કે 'દામોદર લીલા' પ્રસંગમાં સાક્ષાત શ્રી પુરુષોત્તમ પ્રભુ ભક્તને વશ છે તે તથ્ય અહીં પ્રગટ થાય છે. જ્યારે યશોદાજીએ શ્રીકૃષ્ણને દામનથી બાંધ્યા ત્યારે તેઓ જાતે છૂટી શકવાને સમર્થ નથી તેમ શ્રીકૃષ્ણ બતાવે છે. જ્યારે પોતે બંધાયેલી હાલતમાં આંગણમાં જાય છે અને યમલાર્જુન વૃક્ષો પડે છે ત્યારે વ્રજભક્તો દોડી આવી તેમનું બંધન છોડાવે છે. અહીં ભગવાનની ભક્તવત્સલતા પ્રગટ થાય છે. આવી જ રીતે દામોદરદાસ પણ શ્રી વલ્લભાચાર્યજીના અનન્ય ભક્ત હોઈ શ્રી આચાર્યજી તેમને વશ છે. આ કારણથી જ તેમણે દામોદરદાસને કહેલું કે 'દમલા, યહ માર્ગ મૈંને તેરે લિયે પ્રગટ કિયા હૈ' (આ માર્ગ મેં તારા માટે પ્રગટ કર્યો છે) અહીં બતાવ્યું છે કે **'મારા અન્ય ઘણા ભક્તો છે પણ હું તને વશ છું.'**

ભગવાનની નિત્ય લીલામાં દામોદરદાસનું અલૌકિક સ્વરૂપ લલિતા સખીનું છે. લલિતા સખી શ્રી સ્વામિનીજીની અંતરંગ આજ્ઞાકારિણી સખી છે જે તેમની બધી રહસ્યમય લીલાઓ જાણે છે. દામોદરદાસ પણ જીવનભર શ્રી સ્વામિનીજી સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના આજ્ઞાકારી સેવક બની રહ્યા છે. તેમણે પોતાનો ગૃહસ્થાશ્રમ ભોગવ્યો નથી. કેવળ શ્રી મહાપ્રભુજીની સેવામાં પોતાના જીવનની સાર્થકતા સમજી છે.આમાં દામોદરદાસના ગુરુ પ્રત્યેના અનન્ય ભાવનાં દર્શન થાય છે. બીજી રીતે જોઈએ તો તેમણે શ્રી ઠાકોરજી અને ગુરુમાં કોઈ ભેદ જ જોયો નથી. માટે જ તેમણે કોઈ અલગ શ્રી ઠાકોરજીના સ્વરૂપની સેવા પધરાવી નથી. પોતે શ્રી વલ્લભાચાર્યજી સ્વયંને જ શ્રી ઠાકોરજી સ્વરૂપ માન્યા છે અને તે રીતે જ તેમની પ્રત્યક્ષ સેવા કરી છે. **શ્રી ઠાકોરજી અને ગુરુમાં ભેદ નથી. 'ગુરુ સાક્ષાત્ પર બ્રહ્મ'** એ તથ્ય અહીં પ્રગટ કર્યું છે.

શ્રાવણ સુદ એકાદશીની મધ્ય રાત્રીએ ગોકુળમાં ગોવિંદઘાટ ઉપર સાક્ષાત ભગવાને સ્વયં પ્રગટ થઈ જ્યારે શ્રી વલ્લભાચાર્યને 'બ્રહ્મસંબંધ'ની આજ્ઞા કરી ત્યારે દામોદરદાસ ત્યાં નજીકમાં જ સૂતા હતા. તેમણે પણ ભગવદ્ વચન સાંભળ્યા હોવા છતાં, જ્યારે શ્રી મહાપ્રભુજીએ પૂછ્યું કે 'દમલા તેને કુછ સુન્યો?' (તેં કાંઈ સાંભળ્યું?) ત્યારે દૈન્ય ભાવે દામોદરદાસે કહ્યું: 'કૃપાનાથ ભગવાનનાં વચન સાંભળ્યાં તો ખરાં પણ કાંઈ સમજણ પડી નહીં.' આ પ્રસંગને સમજાવતાં શ્રી હરિરાયજીએ સ્પષ્ટતા કરી છે કે ભગવદ્ વચન સ્વયં જાતે સમજી શકાય નહીં. જ્યારે ગુરુ જીવ પર કૃપા કરી સમજાવે ત્યારે જ તે સમજાય. તે ઉપરાંત જો ભગવદ્-વચનથી જ પોતાને સમજણ આવી જાય તો પોતે 'ભગવનસેવક' કહેવાય, પરંતુ દામોદરદાસ તો શ્રી વલ્લભાચાર્યજીના અનન્ય સેવક છે. તો ગુરુ એવા શ્રી આચાર્યજી તેમને સમજાવે તો જ સમજાય. જ્યારે **ગુરુની કૃપા થાય ત્યારે જ હૃદયમાં જ્ઞાન પ્રગટ થાય** તે બતાવવાનું અહીં તાત્પર્ય છે.

શ્રી વલ્લભાચાર્યજીએ દામોદરદાસના હૃદયમાં પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાંત-ભગવદ્લીલાનાં રહસ્યો સ્થાપિત કર્યાં હતાં. તેમણે દામોદરદાસથી કોઈ બાબત ગુપ્ત રાખી ન હતી. તેના કારણે જ તેમણે ભગવાન પાસે ત્રણ વખત માગ્યું હતું કે 'મારા પહેલાં દામોદરદાસનો દેહ ન છૂટે.' આનું તાત્પર્ય એ હતું કે

શ્રી વલ્લભાચાર્યજીએ જ્યારે સંન્યાસ ગ્રહણ કર્યો ત્યારે તેમના પુત્રો શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી બન્ને બાલક હતા. પુષ્ટિભક્તિમાર્ગનાં રહસ્યો દામોદરદાસ થકી પોતાનાં બાળકોને પ્રાપ્ત થાય તેવો તેમનો હેતુ હતો. તેમના સંન્યાસ ગ્રહણ કર્યા પછી શ્રી ગુસાંઈજીએ એક સમય પોતાના માતુશ્રી અક્કાજીને પૂછ્યું કે: 'આચાર્યજીએ માર્ગ પ્રગટ કર્યો છે તો ઉત્સવનો પ્રકાર શું છે? અમે તો કાંઈ જાણતાં નથી' ત્યારે શ્રી અક્કાજીએ આજ્ઞા કરી કે 'આચાર્યજીએ માર્ગ તથા ઉત્સવનો બધો પ્રકાર દામોદરદાસને કહ્યો છે માટે તેમને પૂછો, તેઓ બધું કહેશે'. તે પછી શ્રી ગુસાંઈજી દામોદરદાસને ઘેર પધાર્યા ત્યારે તેમણે શ્રી ગુંસાઈજીને સન્માનપૂર્વક ભક્તિભાવથી પધરાવી ઉત્સવાદિનો પ્રકાર સમજાવ્યો. આ પ્રસંગને શ્રી હરિરાયજી સમજાવતાં કહે છે કે શ્રી મહાપ્રભુજી સ્વયં કર્તુમ- અકર્તુમ- અન્યથાકર્તુમ હોવા છતાં ભગવાન પાસે વરદાન એટલા માટે માગ્યું કે દામોદરદાસને પ્રેમલક્ષણા ભક્તિ દ્રઢ થયેલ છે અને તેઓ લલિતા સખીનું સ્વરૂપ હોવાથી શ્રી ઠાકોરજીને અતિ પ્રિય છે. તેઓ મધ્ય લીલાપાતી હોઈ શ્રી આચાર્યજી અને શ્રી ઠાકોરજી બન્નેની સેવામાં તત્પર રહે છે. તેઓને બન્નેનાં દર્શનમાં અત્યંત પ્રીતિ છે માટે શ્રી આચાર્યજી શ્રી ઠાકોરજીને વિનંતી કરે છે કે 'જેમ હું આપનો નિત્ય અનુભવ કરું છું, તેવો જ આપ પણ તેમને આપના સ્વરૂપનો નિત્ય અનુભવ કરાવશો.' દામોદરદાસ ઉપર પોતાને અત્યંત પ્રેમ હોવાથી આપે વિચાર્યું કે મારા પછી દામોદરદાસને પણ લીલા અનુભવ થાય માટે શ્રી ઠાકોરજીને આવી વિનંતી કરે છે.

દામોદરદાસજીના હૃદયમાં પુષ્ટિ રહસ્યને સ્થાપન કરવા પાછળ વલ્લભાચાર્યજીનું તાત્પર્ય તે હતું કે શ્રી ગુસાંઈજી સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ હોવા છતાં પરમોચ્ચ વૈષ્ણવ દામોદરદાસના હૃદયમાં સિદ્ધાંત સ્થાપિત કરવાથી આગળ તે સિદ્ધાંત વૈષ્ણવોમાં ફેલાય, અને તે માટે જ તેઓ આજ્ઞા કરતા કે 'દમલા, યહ માર્ગ મૈંને તેરે લિયે પ્રગટ કિયા હૈ.' શ્રી ગુસાંઈજીના હૃદયમાં તો ધર્મ પ્રસ્થાપિત સ્વયં જ છે અને ગોકુળમાં જ તે મર્યાદિત રહેત, જ્યારે શ્રીકૃષ્ણના અલૌકિક અવતારને કારણે ગોકુળમાં તો શેષ-અશેષ માહાત્મ્ય તો પ્રગટ જ છે. શ્રી વલ્લભકુલ 'બિન્દુ સૃષ્ટિ' છે જ્યારે વૈષ્ણવો 'નાદ સૃષ્ટિ' છે.તેથી તેમને તો ભક્તિ પ્રદાન કરવી આવશ્યક છે. **આમ ભક્તના હૃદયમાં ભક્તિ**

પ્રસ્થાપિત કરવાથી જ ભક્તિ માર્ગ પ્રગટ થયો છે અને અવિરત ચાલુ રહ્યો છે.

એક સમયે જ્યારે દામોદરદાસ શ્રી ગુસાંઈજી પાસે એકાંતમાં બેઠા હતા ત્યારે આપે દામોદરદાસને પૂછ્યું કે 'શ્રી મહાપ્રભુજી વિશે તમારો શું ભાવ છે?' પ્રત્યુત્તરમાં દામોદરદાસ કહે છે કે શ્રી આચાર્યજીને તેઓ જગદીશથી પણ અધિક માને છે. તેનું કારણ સમજાવતાં તેઓ 'દાન બડા કે દાતા'નું જ પ્રમાણ આપે છે. શ્રી ગુસાંઈજીને પોતે કહે છે કે કોઈની પાસે ધન ગમે તેટલું હોય તેથી શું? તે કોઈને આપે ત્યારે જ તેની મોટાઈનો અનુભવ થાય. આચાર્ય શ્રી મહાપ્રભુજીએ પોતાનું સર્વસ્વ ધન 'શ્રી નાથજી' અમારા જેવા જીવને સ્વયં દાન કરી દીધું હોઈ હું તો તેમને જ સૌથી મોટા ગણું છું.' પુષ્ટિમાર્ગમાં શ્રી વલ્લભાચાર્યજીની વિશિષ્ટતા અહીં તેમણે પ્રગટ કરી છે.

આચાર્ય ચરણ શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઈજીને કોઈપણ શિક્ષાત્મક બાબત ટકોર દામોદરદાસના માધ્યમથી કરતા. એક સમય શ્રી ગુસાંઈજી કુંભનદાસજી- ગોવિંદદાસ ઈત્યાદિ વૈષ્ણવો સાથે બેઠકમાં બિરાજી હસીમજાકની વાતો કરી રહ્યા હતા ત્યારે દામોદરદાસ ત્યાં આવ્યા અને શ્રી ગુસાંઈજીને આદર સન્માન સાથે કહ્યું કે 'મહારાજ, આપણો માર્ગ નિશ્ચિંતતાનો નથી પરંતુ તાપઃ કલેશ અર્થાત્ કષ્ટ- આતુરતાનો છે ત્યારે શ્રી ગુસાંઈજીએ દામોદરદાસ ઉપર ખિજાયા વગર કહ્યું કે 'તમારી વાત સાચી છે પરંતુ જ્યારે શ્રી આચાર્યજીની કૃપા થશે ત્યારે કષ્ટ-આતુરતાનો અનુભવ થશે. દામોદરદાસે આપશ્રીને દંડવત્ કરી પુનઃ કહ્યું કે 'મેં તો આપને એક વાર વિનંતી કરી કે આ માર્ગ આ પ્રકારનો છે પછી આપને ઠીક લાગે તેમ કરો.' આ સાંભળી શ્રી ગુસાંઈજી અતિ પ્રસન્ન થયા અને તેમણે ખુલાસો કર્યો કે પિતૃચરણ શ્રી મહાપ્રભુજી જ આપના દ્વારા આ મને કહી રહ્યા છે. તેમને જોઈને મારું ચિત્ત અતિ પ્રસન્ન થાય છે.'

શ્રી હરિરાયજી આ પ્રસંગનો ગૂઢભાવ સમજાવતાં કહે છે કે દામોદરદાસ લલીતા સખીરૂપ છે જ્યારે શ્રી ગુસાંઈજી શ્રી ચંદ્રાવલીનું સ્વરૂપ છે, જેમનો શ્રી ઠાકોરજીમાં પરકીયા રસભાવ છે. પરકીયા રસમાં પ્રીતિ અધિક હોય છે જેથી પોતાના પ્રિયતમમાં હંમેશાં ચિત્ત લાગેલું રહે છે. આ કારણે અન્ય સાથે હસી ખેલ કેવો તે લલીતા સ્વરૂપ દામોદરદાસનું કહેવાનું તાત્પર્ય છે. વાસ્તવમાં

તો બાહ્ય રીતે દામોદરદાસનો દેહ જ દશ્યમાન થતો હતો પરંતુ આઠેય પ્રહર તેમનામાં શ્રીમદાચાર્ય ચરણો શ્રી વલ્લભાચાર્યજીનો આવેશ જ રહેતો. આ પ્રસંગમાં **પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રભુ માટે તાપઃ કલેશની આવશ્યકતા સમજાવી** છે. સાથે સાથે દામોદરદાસના લીલા ચરિત્રનું પણ દર્શન આપણને અહીં થાય છે.

ઉપરોક્ત દામોદરદાસ હરસાનીજીના પ્રસંગોથી સમજાય છે કે વાર્તાસાહિત્યમાં આલેખાયેલ ૮૪-૨૫૨ વૈષ્ણવોના વિવિધ પ્રસંગો શ્રી વલ્લભાચાર્યજીના પુષ્ટિભક્તિમાર્ગના ગૂઢ સિદ્ધાંતોના વ્યવહારિક પાસાને સ્પષ્ટ કરે છે. શ્રી વલ્લભાચાર્યજીએ ષોડશ ગ્રંથ ઇત્યાદિમાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતોને જીવનમાં કેવી રીતે આચરી શકાય અને તેના દ્વારા કઈ રીતે ભગવદ્ સાક્ષાત્કાર (God Realisation) ની અનુભૂતિ થઈ શકે તેનો પ્રત્યક્ષ અનુભવ આપણને આ વાર્તાસાહિત્યનાં વિવિધ પાત્રોના જીવન પ્રસંગોમાંથી પ્રાપ્ત થાય છે. તદુપરાંત પુષ્ટિ જીવોના વિવિધ પ્રકાર જે શ્રી વલ્લભાચાર્યજીએ સમજાવ્યા છે તેનાં સ્વરૂપ લક્ષણો તેમના વિવિધ સેવકો દ્વારા સ્પષ્ટ થાય છે.

આમ, વાર્તાસાહિત્ય એ પુષ્ટિભક્તિમાર્ગને વ્યવહારિક જીવનમાં જીવવા માટેની સમજણ આપતો ગ્રંથ છે, અને તે માટે જ પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના ઘરમાં તે ઉપલબ્ધ હોય છે અને 'સત્સંગ' ઇત્યાદિ માટે તેના નિત્ય વાંચનનું મહત્ત્વ રહેલું છે.

અહીં કેવળ ઉદાહરણાર્થે દામોદરદાસ હરસાનીજીના જીવનના કેટલાક પ્રસંગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ જિજ્ઞાસુ વાચક વાર્તાસાહિત્યના પુસ્તકોમાંથી વિસ્તૃત અધ્યયન કરી શકે છે.

૭

અષ્ટ છાપ - સુરદાસજી

(Ashta Chhap Poets)

ભારતની પવિત્ર ભૂમિમાં અનેક ભક્તો, સંતો, આચાર્યો થઈ ગયા જેમણે ભક્તિરસના અસ્ખલિત પ્રવાહથી જનસમુદાયને રસપ્લાવિત કર્યા છે. આ સંતકવિઓએ પોતાની રચનાઓ દ્વારા સરળ ભાષામાં ભારતીય દર્શનનું તત્ત્વજ્ઞાન પીરસ્યું છે. સાથે સાથે પોતે અનુભૂત કરેલા ભગવાનની વિવિધ લીલાઓનાં દર્શન પણ કરાવ્યાં છે.

સોળમી શતાબ્દીમાં શ્રી વલ્લભાચાર્યજીએ સમગ્ર ભારતની પદયાત્રા કરી અનેક સેવકોને નિજશરણે લઈ પ્રેમલક્ષણાભક્તિનો પ્રબળ પ્રવાહ પ્રસરાવ્યો હતો. તેમના પછી તેમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ પણ સમાજના વિવિધ વર્ગોમાંથી અનેક સેવકોને શરણે લીધા હતા અને પિતૃચરણ શ્રી વલ્લભાચાર્યજીએ પ્રસ્થાપિત કરેલ પુષ્ટિભક્તિમાર્ગની સેવાપ્રણાલીનો અનેકવિધ વિસ્તાર કર્યો હતો.

આવા અનેક સેવકોમાં શ્રી વલ્લભાચાર્યજીના ચાર સેવકો (૧) કુંભનદાસ, (૨) સુરદાસ, (૩) પરમાનંદદાસ અને (૪) કૃષ્ણદાસ તેમજ શ્રી વિઠ્ઠલનાથજીના ચાર સેવકો (૧) ગોવિંદસ્વામી, (૨) છીતસ્વામી, (૩) ચતુર્ભુજદાસ અને (૪) નંદદાસ એમ આઠ સેવકો પુષ્ટિમાર્ગમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ઉભય ગુરુઓની કૃપાથી તેમને પુષ્ટિમાર્ગના સિદ્ધાંત હૃદયારૂઢ થયા હતા, એટલું જ નહીં, પરંતુ ભગવાનની વિવિધ લીલાઓનો સાક્ષાત અનુભવ થવાથી તેમણે તે રસમય લીલાઓનું વર્ણન પોતાની રચનાઓ- કાવ્યોમાં આલેખિત કર્યું છે. ભારતીય સાહિત્યના ઈતિહાસમાં આ આઠેય સંતકવિઓ **'અષ્ટછાપ'** ના નામથી એક વિશિષ્ટ ગૌરવવંતું સ્થાન ધરાવે છે. મુખ્યત્વે વ્રજભાષામાં ભક્તિભાવ પ્રચુર એ કીર્તનો તેનું અવગાહન કરનારને ભગવદ્ રસનું પાન કરાવવાની ક્ષમતા ધરાવે છે કારણ કે તેમની તે રચનાઓ કેવળ કોરી કલ્પનાઓ જ કે વિચારમાત્ર નથી પરંતુ ભગવદ્કૃપાથી તેઓએ હૃદયમાં જે ભગવદ્લીલાઓનો અનુભવ કર્યો તેનું પ્રત્યક્ષ વર્ણન છે. અષ્ટસખાઓનાં વિવિધ પદો કાવ્યરસિકોને કાવ્ય રસનો, સંગીતરસિકોને સંગીત રસનો અને ભક્તિરસિકોને ભક્તિ રસનો રસાસ્વાદ

કરાવી પરમાનંદની અનુભૂતિ કરાવે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ રાગ, ભોગ અને શૃંગાર દ્વારા શ્રીનાથજીની સેવાની રસમય, સુંદર અને ચોક્કસ સેવા-પ્રણાલી શરૂ કરી ત્યારે શ્રીનાથજીની અષ્ટપ્રહરની કિર્તન સેવા આ 'અષ્ટછાપ' કવિઓને સોંપી હતી.

આ અષ્ટસખાઓ કેવળ સામાન્ય મનુષ્યો જ ન હતા, પરંતુ સારસ્વતકલ્પમાં પરબ્રહ્મ પરમાત્મા જ્યારે શ્રીકૃષ્ણ સ્વરૂપે ભૂતળ ઉપર અવતરિત થયા ત્યારે તેમની વિવિધ લીલાઓમાં તેઓ શ્રીકૃષ્ણના સખા એવમ્ સખીરૂપે પ્રગટ થયેલા હતા. શ્રીનાથજી સ્વરૂપે પ્રગટ થયેલ શ્રીકૃષ્ણના તેઓ અંતરંગ સખા હતા. તેઓને શ્રીનાથજી સાનુભાવ કરાવતાં, તેઓ સાથે રમતા અને બોલતા અર્થાત્ પોતાનો સાક્ષાત્ અનુભવ કરાવતા. તેઓને શ્રીનાથજીની મંગળાથી શયન પર્યંતની સેવા દરમિયાન વિવિધ સમયનાં કીર્તનોની સેવા શ્રી વિઠ્ઠલનાથજીએ સોંપી હતી. શ્રીનાથજીનાં જે વિવિધ લીલા સ્વરૂપો છે તેમાં પ્રત્યેકની કોઈ ને કોઈ સ્વરૂપમાં વિશિષ્ટ આસક્તિ હતી. વ્રજમાં શ્રી ગિરિરાજજીનાં જે આઠ નિકુંજનાં દ્વાર છે તેમાં આ અષ્ટસખાઓનું વિશિષ્ટ સ્થાન રહેલું છે.

સમાજનાં વિવિધ સ્તરમાંથી આવનારા આ અષ્ટછાપ કવિરત્નોએ ભક્તિ રસ સભર ઉત્તમોત્તમ વિપુલ સાહિત્યની ભેટ સમાજને આપી છે, જેમાં સૌથી વિશિષ્ટ સાહિત્ય સુરદાસજીનું પ્રગટ-અપ્રગટ છે. કહેવાય છે કે તેની સંખ્યા સવાલાખ જેટલી છે. તેઓ હિન્દી સાહિત્યનો ઉજ્જવળ સિતારો કહેવાય છે. આ અષ્ટછાપ કવિઓએ ન તો કોઈ પદની અપેક્ષા સેવી હતી ન કોઈ માનપ્રાપ્તિની. શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ એ જ માત્ર તેમનું લક્ષ્ય હતું. પોતાના આરાધ્યને રીઝવવા એ જ તેમનું ધ્યેય હતું. દિનરાત કેવળ ભગવદ્ રસમાં ડૂબેલા રહેવાથી ભગવાનની જે વિવિધ અલૌકિક લીલાઓની અનુભૂતિ તેઓને થતી તેની અભિવ્યક્તિ તેઓ તેમની રચનાઓમાં કરતા. ભગવાન સ્વયં તેમનાં કીર્તનોના શ્રવણ માટે લાલાયીત રહેતા અને તેથી પુષ્ટિમાર્ગની પ્રત્યેક સેવા- સવારમાં શ્રી પ્રભુ જાગે ત્યારથી પોઢે તે પ્રત્યેક ક્રિયા દરમ્યાન અષ્ટછાપનાં કીર્તનો ગાવાની પ્રણાલી આજે પણ પુષ્ટિમાર્ગિય મંદિરોમાં અવિરત ચાલે છે. આમ આ 'અષ્ટછાપ' કવિઓનું પુષ્ટિભક્તિમાર્ગમાં અનેરું સ્થાન છે. શ્રી વલ્લભાચાર્યજીની દાર્શનિક વિચારધારાનું પ્રતિબિંબ તેમની રચનાઓમાં સ્પષ્ટપણે પ્રદર્શિત થયેલ છે.

આ અષ્ટછાપ કવિઓની સંક્ષિપ્ત માહિતી નીચે મુજબ છે.

અષ્ટછાપનું વિસ્તૃત વર્ણન

નામ	જ્ઞાતિ	દીક્ષાગુરુ	લીલામાં સખાનું નામ	લીલામાં સખીનું નામ	ગિરિરાજજીમાં સ્થાન	આસક્તિનું સ્વરૂપ	કીર્તન સેવાનો સમય	તેમની રચનાઓની સંખ્યા (અંદાજે)	કેટલો સમય ભૂતલ પર રહ્યા
કુંભનદાસ	ગોરવા ક્ષત્રિય	શ્રી વલ્લભાચાર્યજી	અર્જુન	વિશાખાં	જમુનાવતા	શ્રીનાથજી	રાજભોગ	૪૦૦	૧૧૫ વર્ષ
સુરદાસ	સારસ્વત બ્રાહ્મણ	”	કૃષ્ણ	ચંપકલતા	પારાસોલી (ચંદ્ર સરોવર)	શ્રી મથુરેશજી	ઉત્થાપન	સવાલક્ષ	૧૦૫ વર્ષ
પરમાનંદદાસ	કનોજિયા બ્રાહ્મણ	”	તોક	ચંદ્રભાગા	સુરભિકુંડ	શ્રી નવનિત પ્રિયાજી	મંગલા	૨૦૦૦	૯૧ વર્ષ
કૃષ્ણદાસ	પટેલ	”	ઋષભ	લલિતા	બિલઘુ કુંડ	શ્રી મદન મોહનજી	શયન	૭૦૦	૮૪ વર્ષ
ગોવિંદસ્વામી	સનાઢ્ય બ્રાહ્મણ	શ્રી વિઠ્ઠલનાથજી	શ્રી દામા	ભામા	કદમખંડી	શ્રી દ્વારકાધીશજી	ગ્વાલ	૪૮૦	૮૦ વર્ષ
છીતસ્વામી	ચતુર્વેદી બ્રાહ્મણ	”	સુબલ	પદ્મા	અપ્સરા કુંડ	શ્રી વિઠ્ઠલનાથજી	સંધ્યા આરતી	૨૦૦	૭૦ વર્ષ
ચતુર્ભુજદાસ	ગોરવા ક્ષત્રિય	”	વિશાલ	વિમલા	રુદ્રકુંડ	શ્રી ગોકુલનાથજી	ભોગ	૨૦૦	૪૫ વર્ષ
નંદદાસ	સનાઢ્ય બ્રાહ્મણ	”	ભોજ	ચંદ્રરેખા	માનસીગંગા	શ્રી ગોકુળચંદ્ર માજી	શૃંગાર	૪૦૦	૫૨ વર્ષ

ભક્ત કવિ સુરદાસજી

સુરદાસજીનો જન્મ દિલ્હી પાસે સિંહી નામના નાનકડા ગામમાં સારસ્વત બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. પિતાનું નામ રામદાસ, માતા-ભગવતીલક્ષ્મી. સાવ ગરીબ કુટુંબ અને તેમાં સં. ૧૫૩૫ના વૈશાખ સુદ પાંચમે ચોથા અંધ દીકરાનો જન્મ થતાં માતા-પિતાને કોઈ ખુશી થઈ નહીં. આંખે અંધ હોવાના કારણે સૌ તેને 'સુર' કહી સંબોધતા.

એક સમયે કોઈ ધનિક યજમાને તેના પિતાને દક્ષિણામાં બે સોનામહોરો આપી. પત્નીએ ચીંથડામાં લપેટી ભંડકિયામાં મૂકી દીધી. બીજે દિવસે તપાસ કરતાં જે સ્થાને તે સોનામહોરો મૂકી હતી તે ત્યાં મળી નહીં. ઘરમાં રોક્કળ થઈ ગઈ. બાળ સુરે માતાપિતાને સાંત્વન આપતાં કહ્યું તમે ફિકર કરો નહીં, નારાયણનું સ્મરણ કરો. તેણે તેમને કહ્યું કે મને ઘરમાંથી જવાની રજા આપો તો હું તેની ભાળ આપું. સુરના બતાવેલ સ્થાનેથી સોનામહોર મળતાં માતાપિતા તો ખુશ થયાં પરંતુ તેઓ ઘરમાંથી ચાલી નીકળ્યાં.

સુરે ગામ બહાર આવી એક તળાવના કાંઠે મુકામ કર્યો. તેમની વાણીમાં સત્ હતું. લોકો તેમની પાસે આવે તો તેમની સમસ્યાઓનો હલ સુરદાસ શોધી આપતા. તેમનો કંઠ મધુર હતો. સુંદર રાગમાં તેઓ ભજનો ગાતાં. ધીરે ધીરે તેમની પ્રસિદ્ધિ થવા માંડી. લોકો તેમને સંત સમજવા માંડ્યા. તેમના સેવક બની લોકો તેમની સેવા કરવા લાગ્યા. અઢારેક વર્ષની વય થતાં તો તેઓ 'સુરસ્વામી'ના નામે જાણીતા થઈ ગયા અને તેમણે પ્રભુના માહાત્મ્યનાં અને દીનતાનાં હજારો પદો રચ્યાં.

હવે તેમને શ્રીકૃષ્ણના દર્શનની તાલાવેલી લાગી. મનમાં ગ્લાનિ થતી કે 'હું નેત્રહીન છું, કઈ રીતે મને ભગવાનનાં સાક્ષાત્ દર્શન થઈ શકે? તેમને કોઈકે સમાચાર આપ્યા કે 'મથુરામંડળમાં શ્રી વલ્લભાચાર્યજી નામે દિવ્ય સંત પધાર્યા છે. તું તેને શરણે જા, તે તારી ઇચ્છા પૂર્ણ કરશે.'

પોતાની પર્ણકુટિનો વૈભવ પિતાને સોંપી પોતાના થોડા શિષ્યો સાથે તેમણે મથુરાની વાટ પકડી. આગ્રા પાસે યમુનાજીના કિનારે ગૌઘાટ ઉપર તેમણે ડેરા નાખ્યા. અહીં બાર વરસ તેમણે નિવાસ કર્યો અને ભગવાનના માહાત્મ્યનાં પદો રચી-ગાઈ જનમાનસમાં પ્રસિદ્ધિ મેળવી. 'સુરસ્વામી' તરીકે ખ્યાતિ પ્રાપ્ત

થવા છતાં તેમના મનમાં પ્રતિષ્ઠાનો મોહ ન હતો કે ધનનો લોભ ન હતો. તેમની એક જ આસ કે ક્યારેક શ્રી વલ્લભાચાર્યજી અહીં પધારશે અને મને સેવક કરી મારો મનોરથ પૂર્ણ કરશે.

દક્ષિણમાં સન્માન પ્રાપ્ત કરી સંવત ૧૫૬૬ના ચૈત્ર વદ ૧૧ના દિવસે શ્રી વલ્લભાચાર્યજી અડેલ થઈ ગૌઘાટ પધાર્યા અને ત્યાં મુકામ કર્યો. સમાચાર મળતાં જ સુરસ્વામી તેમના શિષ્યો સાથે આપશ્રી જ્યાં સંધ્યાવંદન કરી રહ્યા હતા ત્યાં આવ્યા અને સાષ્ટાંગ દંડવત્ કર્યા. શ્રી વલ્લભાચાર્યજી તેમને ઓળખી ગયા અને આજ્ઞા કરી 'આવો સુરદાસ બેસો, અમને કંઈક ભગવદ્ યશ સંભળાવો.' આ સાંભળી સુરદાસે ગાયું, **'પ્રભુ હૌં સબ પતિતન કો ટીકો.'** આ સાંભળી શ્રી વલ્લભાચાર્યજી કહે, આવી કાયરની વાણી શા માટે ઉચ્ચારો છો? હરિનો માર્ગ તો શુરાનો છે, માટે કોઈ ભગવાનની લીલાનું ગાન કરો.

સુરદાસે જવાબ આપ્યો- 'મહારાજ મને ભગવાનની લીલાનો કોઈ અનુભવ નથી. આપ એવો કોઈ અનુભવ કરાવો તો હું લીલાગાન કરું.'

શ્રી વલ્લભાચાર્યે તેમને યમુનાજીમાં સ્નાન કરાવી બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા આપી અને શ્રી ભાગવતના દશમ સ્કંધની અનુક્રમણિકાનો પાઠ રચી તેમને સંભળાવ્યો. તે સાંભળતાં જ સુરદાસએ અંતઃકરણમાં ભગવદ્લીલા પ્રત્યક્ષ અનુભવવા માંડી. તરત જ તેમણે પદ ગાયું:

'ચકઈરી ચલિ ચરન સરોવર, જહાં નહીં પ્રેમ વિયોગ'.

આ સાંભળી શ્રી વલ્લભાચાર્યજી પ્રસન્ન થયા અને 'શ્રી પુરુષોત્તમ સહસ્રનામ' સ્તોત્ર તેમને સંભળાવ્યો. તેમની કૃપાથી સૂરદાસજીના હૃદયમાં શ્રી ભાગવત્‌ની સમગ્ર લીલાઓનો અનુભવ થવા માંડ્યો. હવે તેઓ 'સૂરસ્વામી'માંથી 'સુરદાસ' બની ગયા અને ગૌઘાટથી વ્રજ તરફ પ્રયાણ કર્યું. જતીપુરામાં ગિરિરાજ આવી શ્રીનાથજીના સંધ્યાઆરતીનાં દર્શન કરતાં રસઘન અલૌકિક સ્વરૂપનાં સાક્ષાત દર્શન તેમને થયાં અને તેમના મુખમાંથી સહજ શબ્દો સરી પડ્યા: **"કૌન સુકૃત ઈન બ્રજવાસિન કો બધી બિરંચી શિવ શેષ"** અર્થાત્- અરે આ વ્રજવાસીઓનું ભાગ્ય તો જુઓ! બ્રહ્માજી, શિવજી, શેષજી જેવા મહાજ્ઞાની દેવો પણ પૂછે છે કે એમણે એવાં તો શાં સત્કાર્યો કર્યાં છે કે સાક્ષાત ભગવાન તેમના પ્રિયતમ સખા બની તેમની વચ્ચે ખેલે છે!"

શ્રી વલ્લભાચાર્યજીએ તેમને શ્રીનાથજીનાં કીર્તનની સેવા સોંપી. હવે તો કીર્તનની સેવા એ જ સુરદાસનું જીવન ધ્યેય બની ગયું. શ્રીનાથજી તેમનાં કીર્તનથી ખૂબ પ્રસન્ન રહેતા. તેમણે ગોવર્ધનની તળેટીમાં પારાસોલીમાં ચંદ્ર સરોવર પાસે પર્ણકુટિ બનાવી નિવાસ કર્યો. વિવિધ ભગવદ્ લીલાઓનાં અનેક પદોની તેમણે રચના કરી જેની સંખ્યા સવાલાખ કહેવાય છે.

તત્કાલીન બાદશાહ અકબરે તેમનાં પદોથી પ્રભાવિત થઈ પોતાના દરબારમાં આવવા નિમંત્રણ આપ્યું અને પદગાન કરવા આજ્ઞા કરી. સુરદાસજીએ ગાવાની શરૂઆત કરતાં કહ્યું:

"મન રે તૂ કર માધો સોં પ્રીત,
કામ, ક્રોધ, મદ, લોભ, માયા છાંડ, સકલ વિપરીત."

બાદશાહ કહે- બાબા, તમે મારા યશનું વર્ણન કરતું એકાદ પદ સંભળાવો, હું દિલ્હીનો બાદશાહ છું. જવાબમાં સુરદાસજીએ કેદારો રાગ છેડતા કહ્યું:

"નાહિન રહ્યો મન મેં ઠોર, નંદવંદન બસત કૈસે આનિથે ઉર ઔર"

'હે બાદશાહ! એક વખત મનમાં શ્રીકૃષ્ણ વસી ગયા પછી હવે એ મનમાં બીજી કોઈ ઇચ્છા માટે જગ્યા જ રહી નથી. હાલતાં-ચાલતાં, રાત-દિવસ અને સ્વપ્નમાં પણ મને એનાં જ દર્શન થાય છે. તમારી જેમ, અનેક લોકો અનેક પ્રકારના લોભ દેખાડે છે, પણ એમની વાતો અંતરમાં ઊતરતી જ નથી. મારાં નેત્રો તો સાંવરી સૂરત અને માધુરી મૂરતનાં પ્રગટ દર્શન વિના તરસે છે.' આવી સ્પષ્ટ વાણી સાંભળી બાદશાહ સમજી ગયો. સુરદાસજીને કાંઈક માંગવા આજ્ઞા કરી. સુરદાસ કહે, 'તમે રાજી થયા હોવ તો એટલું જ કહી દો કે ફરીથી મને કદી અહીં બોલાવશો નહીં. આવી હતી સુરદાસજીની નિડરતા અને નિસ્પૃહતા.

સુરદાસજીને તો ભગવાને દિવ્ય ચક્ષુ આપ્યાં હતાં. એક સમયે શ્રી ગિરિધરજી વગેરે ગોસ્વામિ બાલકો એ સુરદાસજીની પરિક્ષા લેવા નવનિતપ્રિયાજીને કેવળ મોતીની માળા ધરી, તે સિવાય કોઈ વસ્ત્ર શૃંગાર ધર્યા નહીં. અને સુરદાસજીને કીર્તન કરવા કહ્યું. સુરદાસજીએ ગાયું: **"દેખેરી હરિ નંગમ નંગા, જલસુત ભૂષન અંગ બિરાજત, બસન હીન છબિ ઉઠત**

તરંગા." આ સાંભળી શ્રી ગુસાંઈજીનાં બાળકો પ્રસન્ન થયાં. વૈષ્ણવો પણ ચકિત થઈ ગયા.

સુરદાસજીએ પદો વ્રજભાષામાં રચ્યાં છે છતાં ક્યાંક ક્યાંક અરબી-ફારસી ભાષા શબ્દોનો પ્રયોગ પણ જોવા મળે છે. તેમણે લોકભાષાના શબ્દો ઉપરાંત રૂઢિપ્રયોગોનો પણ ઉપયોગ કર્યો છે. તેમણે દૈત્ય, આત્મહીનતા, ભક્તવત્સલતા, પ્રભુને વિનંતી, શરણાગતિ, કલિયુગ અને માયાનો પ્રભાવ, ભગવાનના સૌંદર્યનું વર્ણન, નંદ-યશોદા-ગોપ-ગોપી ઉપરાંત વ્રજનાં સ્થળોનાં વર્ણન પણ તેમનાં પદોમાં કર્યાં છે. તેમનાં પદોમાં સ્થાનનું મહત્ત્વ અને વાસ્તવિકતા, પ્રસંગની મહત્તા, પાત્રોની સક્રિયતા, ભાવોની વ્યંજના અને શબ્દોનું લાલિત્ય ભરપૂર હોઈ સુરદાસજીને એક મહાકવિની કક્ષામાં મૂકી શકાય છે.

"મુકં કરોતિ વાચાલં, પંગું લંઘયતે ગિરિમ્,
યત્કૃપા તમહં વંદે, પરમાનંદં માધવમ્"

આ શ્લોકના ભાવને સુરદાસજીએ પોતાના નીચેના પદમાં અદ્ભુત રીતે અભિવ્યક્ત કર્યો છે.

"ચરણ કમલ વંદૌ હરિરાઈ
જાકી કૃપા પંગુ ગિરિ લંઘૈ, અંધે કૌ સબ કુછ દરસાઈ,
સુરદાસ સ્વામી કરુણામય, બાર બાર બંદૌ તિહિ પાઈ"

માયાના પ્રભાવને વર્ણવતાં તેઓ ગાય છે-

હરિ તેરૌ ભજન કિયો ન જાઈ, કહ કરૌ, તેરી પ્રબળ માયા દેતિ મન ભરમાઈ.

શ્રીકૃષ્ણના ભજનની મહત્તા બતાવતા સુરદાસજી કહે છે-

સબ તજિ ભજિયે નંદકુમાર
ઔર ભજે તૈ કામ સરે નહિ, મિટે ન ભવ-જંજાર-

પોતાને પતિતમાં પતિત બતાવતાં સુર કહે છે- **"પ્રભુ, હૌં પતિત ન કો ટીકો."** વિષય-વાસનાગ્રસ્ત જીવનું વર્ણન કરતાં કહે છે- **"અબ મૈં નાચ્યો બહુત ગોપાલ"** ભગવાનને વિનંતી કરતાં તેઓ કહે છે- **"હમારે પ્રભુ ઔગુત ચિત્ત ન ધરો."**

શ્રીકૃષ્ણની બાલલીલાનું અદ્‌ભુત વર્ણન તેમના આ પદમાં પ્રાપ્ત થાય છે-

“ઘુટુરુનિ ચલત શ્યામ મનિ-આંગન, માતુ-પિતા દોઉ દેખત રી...”
“મનિમય આંગન નન્દ કૈ, ખેલત હોઉ ભૈયા...”

તેમની માખણચોરી લીલાનું પદ તો ખૂબ જ પ્રસિદ્ધ છે- “મૈયા મૈં નહિ માખન ખાયો...”

તેમના જીવનનો અંતિમ પ્રસંગ તો તેમના હરિ-ગુરુના અદ્વૈતની ભાવનાને ઉજાગર કરે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમણે શ્રી હરિનાં તો અનેક પદો રચ્યાં પરંતુ ગુરુ શ્રી વલ્લભાચાર્યજી પર એક પણ પદની રચના શા માટે નથી કરી ત્યારે તેઓએ સારગર્ભિત પદ ગાયું કે-

“ભરોંસો દઢ ઈન ચરણન કેરો-
શ્રી વલ્લભ નખચંદ્ર છટાબીન, સબ જગમાં અંધેરો
સાધન ઔર નહીં યા કલીમે, જાસો હોય નિવેરો
સુર કહા કહે દ્વિવિધ આંધરો બીના મોલ કો ચેરો.” આશરાનું આ પદ પુષ્ટિમાર્ગમાં અતિ પ્રચલિત છે. તેમણે ૧૦૫ વર્ષે પોતાનો ભૌતિક દેહત્યાગ કર્યો હતો.

◆

૮

પુષ્ટિમાર્ગીય ઉત્સવો

(Festivals in Pushtimarg)

ભૂમિકા

ભારતીય સંસ્કૃતિ વૈદિક પરંપરાઓ અને શાસ્ત્રો પર આધારિત છે. આનંદની પ્રાપ્તિ એ મનુષ્યજીવનનું ધ્યેય રહેલું છે. આપણા પર્વો-ઉત્સવો, તહેવારો એ હૃદયના ઉમંગોની અભિવ્યક્તિ માટે તેમજ હૃદયના ઉલ્લાસ, આનંદની પ્રાપ્તિ માટે આયોજિત કરવામાં આવે છે. ભારતભરમાં પ્રત્યેક પ્રાંતમાં લોકો પોતપોતાની રીતે વર્ષ દરમિયાન અલગ અલગ પ્રસંગે પર્વો-તહેવારો ઊજવતા હોય છે. ઉત્સવો એ આપણી સાંસ્કૃતિક પરંપરાનો એક ભાગ છે. પ્રત્યેક પર્વ કે તહેવારોને તેનું પોતાનું મહત્ત્વ હોય છે અને પોતાનું માહાત્મ્ય હોય છે. કેટલાક તહેવારો વૈદિક પરંપરા સાથે સંકળાયેલ છે જ્યારે કેટલાક ધર્મ સાથે અનુબંધિત હોય છે. એવા ધાર્મિક તહેવારો કે પર્વને આપણે 'ઉત્સવ' કહીએ છીએ. પુષ્ટિમાર્ગમાં ઉત્સવોનું એક વિશિષ્ટ મહત્ત્વ છે.

આનંદ, ઉલ્લાસ અને હર્ષને એક વિસ્તૃત રૂપ આપી લોકોમાં તે પ્રસારિત કરવો, ઉત્સાહમાં વૃદ્ધિ કરવી તેને જ 'ઉત્સવ' કહેવાય છે. પુષ્ટિમાર્ગમાં સંપૂર્ણ ઉત્સાહ અને ઉમંગને પોતાના પ્રિય પ્રભુ પર સ્થિર કરી લૌકિક આસક્તિને દૂર કરી ભગવદ્ વિમુખ લોકોને પ્રભુ સન્મુખ લાવવા માટે વિવિધ ઉત્સવોનું વિધાન અને પરંપરા છે.

પુષ્ટિમાર્ગમાં આરાધ્ય પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ છે. પુષ્ટિભક્તિનું સ્વરૂપ નંદવંદન યશોદોત્સંગ લાલિત વ્રજેશ્વર શ્રીકૃષ્ણની સેવા છે. જે એવા દાસ્યભાવથી શરૂ થઈ રસેશ્વર શ્રીકૃષ્ણની રસાનંદની અનુભૂતિ સુધી લઈ જાય છે. માટે જ પુષ્ટિમાર્ગીય સેવામાં સંપૂર્ણ વર્ષ દરમિયાન પરંપરાગત રીતે વિવિધ ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવતમાં રાસ પંચાધ્યાયીના પ્રસંગમાં 'રાસોત્સવે સમ્પ્રવૃત્તે ગોપીમંડલમંડિતે'ની સુબોધિનીમાં ઉત્સવોની વ્યાખ્યા

આપતાં કહ્યું છે- **"ઉત્સવોનામ મનસઃ સર્વવિસ્મારકઃ અહલાદ ઉત્સવત્વ-સમ્પાદનાથ સજાતીયાન્ એક રસોત્પાદનાર્થં વિશેષમાહ"**- 'અર્થાત્ ઉત્સવમાં પોતાના તદને, મનને અને પોતાની સંપૂર્ણ જાતને ભુલાવી હર્ષ ઉલ્લાસમાં રસમત્ત થઇ જવું: એકરસ બનવા આનંદમાં સજાતિઓને પોતાના સમાનધર્મી લોકોને તે આનંદમાં મગ્ન કરી દેવા' તેનું નામ ઉત્સવ.'

શ્રી ગુસાંઈજીએ પુષ્ટિસેવા પ્રણાલીમાં રાગ- ભોગ- શ્રીંગારનો સમન્વય કરી ખૂબ જ સુંદર પરંપરા પ્રસ્થાપિત કરી છે. તેમણે બાર માસના ઉત્સવો નિશ્ચિત કર્યા છે, જેના અનુસાર પુષ્ટિમાર્ગીય સેવા ક્રમમાં તે મનાવવામાં આવે છે. પુષ્ટિમાર્ગમાં સેવા સ્વરૂપની સેવા પ્રકારમાં નંદાલય તેમજ નિકુંજલીલાનો ભાવ છે અને તદનુસાર જે તે દિવસે તે ઉત્સવ મનાવવામાં આવે છે જ્યારે કેટલાક ઉત્સવો વૈદિક પરંપરા પર અથવા લોકપરંપરા પર આધારિત મનાવાય છે. આમ પ્રત્યેક ઉત્સવ કે તહેવારનું વિશિષ્ટ મહત્ત્વ છે. મહદ્અંશે તેમાં સંપૂર્ણ વ્રજલીલાનો ભાવ સમાવિષ્ટ હોય છે. કેટલાક ઉત્સવો ભાગવતજીમાં વર્ણિત ભગવદ્ અવતારોની જન્મજયંતીના નિમિત્તે મનાવવામાં આવે છે જેમ કે રામજયંતી, નૃસિંહ જયંતી, વામન જયંતી, કારણ કે તે અવતારોમાં પણ કેટલાંક પુષ્ટિકાર્યો- પ્રભુએ કર્યાં છે. તે જ પ્રમાણે પુષ્ટિમાર્ગના મુખ્ય આચાર્યો- શ્રી વલ્લભાચાર્યજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી હરિરામજી ઇત્યાદિના પ્રાગટ્ય દિને પણ ઉત્સવો મનાવવામાં આવે છે.

ઉત્સવો દરમિયાન કલાકો સુધી સેવ્ય સ્વરૂપના દર્શન થાય છે તેના સંદર્ભમાં શ્રી વલ્લભાચાર્યજીએ યુગલ ગીતની સુબોધિનીમાં લખ્યું છે- **"ઉત્સવશ્રમરુચાપિ દૃશીનામ્"- ઉત્સવમિતિ શ્રગરુચા વ્રજસ્થદશ ઉત્સવ મુન્નયન - આશિષોદિત્સમાએતીતિ સંબંધઃ" "દૃશીનામુત્સવ મુન્નયન્નિતિ" દૃશિદર્શન યદિ ભગવાન્ શ્રાન્તો ભવેત્ તદા શીઘ્રં ગચ્છે. તદા દૃષ્ટિનાં પરમાનન્દ સન્તતિર્ન સ્યાત્'.** ભગવાન ઉત્સવોના સમયે દર્શનોમાં અપૂર્વ રસદાન કરે છે. ઉત્સવોમાં દર્શનોથી નેત્રોની સાથે સર્વાંગ ને સુખ પ્રાપ્ત થાય છે, પરમાનંદની ઉપલબ્ધિ થાય છે. માટે ઉત્સવોમાં દર્શન ઘણા લાંબા સમય સુધી થાય છે.

ઉત્સવના પ્રકારઃ

પુષ્ટિમાર્ગમાં ઉત્સવ ચાર પ્રકારના હોય છે. (૧) નિત્ય ઉત્સવ, (૨)

નૌમિત્તિક ઉત્સવ, (૩) પર્વના ઉત્સવ, (૪) મહાઉત્સવ. આ પ્રત્યેક ઉત્સવના પણ ચાર રૂપ છે- (૧) ઉત્સવ, (૨) મહોત્સવ, (૩) મહામહોત્સવ, (૪) મનોરથ.

ઉત્સવ, ઉલ્લાસ અને આનંદની અભિવ્યક્તિ છે. તેમાં ઉત્સાહિત વ્યક્તિ સ્વયં પ્રસન્ન થાય છે અને હર્ષ મનાવે છે. મહોત્સવમાં ઉલ્લાસ એક વ્યક્તિ સુધી સીમિત ન રહેતાં તે પુરજન (નગરજનો) પરિન (કુટુંબીઓ)માં વ્યાપ્ત હોય છે અને વ્યક્ત થાય છે. આ ઉત્સવનું વ્યાપક સ્વરૂપ છે મહામહોત્સવ અપેક્ષાકૃત અભિનવ રૂપે અલભ્ય લાભ દ્વારા હર્ષ અને ઉત્સાહની લાગણીને અભિવ્યક્ત કરાતો હોય છે. જે કોઇ મર્યાદિત દાયરામાં સીમિત નથી હોતો. આવું આયોજન ઘર-ઘર અને ગલી-ગલીમાં ઉમટી પડે છે, ફેલાયેલ હોય છે. સીમા પરીવાર અને પરિજનો સુધી સીમિત હોય છે. જેનું આયોજન વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે. જ્યારે મહામહોત્સવ તો અપરિમિત રૂપે સમગ્ર સહિયારો મનાવે છે.

શ્રીકૃષ્ણના જન્મ પર ગોકુળમાં મહામહોત્સવ મનાવવામાં આવ્યો હતો. તે આનંદ નંદબાબા અને તેમના પરીવાર સુધી સીમિત ન રહેતા આખા ગોકુળ અથવા સમગ્ર વ્રજમાં વ્યાપ્ત થયેલ હતો. અષ્ટસખામાંના ચતુર્ભુજદાસ આવા અલૌકિક મહામહોત્સવનું વર્ણન કરતાં ગાયું છે-

મહામહોત્સવ શ્રી ગોકુળધામ.
પ્રેમ મુદિત ગોપી યશ ગાવત, શ્યામ સુંદર કો લે-લે નામ.
જહાં તહાં લીલા અવગાહત, ખિરક ખોર દધિ મન્થન ઠામ,
કરત કુલાહલ નિશિ અરુ વાપર, આનંદ મેં બીતત સબ યામ
નંદ ગોપસુત સબ સુખદાયક મોહન મૂરતિ પૂરણ કામ,
ચત્રભૂજ પ્રભુ ગિરધર આનંદ નિધિ સખી સરૂપ શોભા અભિરામ.

મનોરથમાં મનની ઇચ્છાનુસાર પ્રભુ-સુખને માટે ઉલ્લાસ, ઉમંગ અને કામનાઓનો ભગવાનમાં વિનિયોગ કરવામાં આવે છે. રાસપંચાધ્યાયીમાં મનોરથનું વર્ણન આ પ્રકારે કરવામાં આવ્યું છે:

'મનોરથાન્તં શ્રતયો યથા યયુઃ' - ભા- ૧૦/૩૨/૧૩)

"મનોરથાન્તં યયુરિતિ તાભિર્યથા કથંચિત્ સંબન્ધો અભિલપિતઃ

જાતસ્તુ તતો અનન્ત ગુણ સામગ્રી- સહિતઃ અતઃ મનોરથસ્થાન્તો યત્ર તાદૃશં યયુઃ અનુભિલપિતં કથં પ્રાપ્નોયુઃ 'શ્રૃતયો યથેતિ શ્રૃતયો હિ નિરન્તરભગવદ્ગુણ વર્ણન પરા.''

અર્થાત્- પુષ્ટિમાર્ગના કોઈપણ કામના, ઈચ્છા કે આકાંક્ષાની પૂર્તિ માટે પ્રભુને યાચના કરવામાં નથી આવતી. પ્રભુ પૂર્ણ કામ છે માટે તેઓ અનન્ત ગુણ સામગ્રિયોથી મનોરથ પૂર્ણ કરે જ છે તેવો સુદૃઢ વિશ્વાસ રાખવામાં આવે છે.

પુષ્ટિમાર્ગમાં નિત્ય, નૈમિમિકપવ અને મહોત્સવ સિવાય પણ મનોરથ કરવામાં આવે છે, જે અનેક પ્રકારે આયોજિત કરાય છે. કેટલાક મનોરથો ઋતુ અનુસાર જેવા કે ઉષ્ણકાળમાં કુંજના, ફૂલમંડળી, જલવિહાર ઈત્યાદી નિત્ય ત્સવના ક્રમમાં નીત્ય નૂતન શ્રૃંગાર, નૂતનભોગ, નૂતનરાગ ઈત્યાદી સવાસથી સાયં પર્યંત અષ્ટ યાળ એવા- સુખની રસધારા પ્રવાહિત રહેતી હોય છે.

નૈમિત્તિક ઉત્સવ ગોસ્વામી આચાર્યના પ્રાગટ્ય દિવસ ઈત્યાદી અવસરે મનાવાય છે તો પર્વોત્સવ વિશિષ્ટ દિપાવલી, હોળી, રક્ષાબંધન વગેરે તહેવાર નિમિત્તે મનાવવામાં આવે છે.

પુષ્ટિમાર્ગી ઉત્સવોનો આધાર શ્રીમદ્ ભાગવત છે. નંદ મહોત્સવના દિવસે નંદ યશોદા- ગોપી ગ્વાલ ઈત્યાદીના સ્વાંગમાં પ્રભુને પલના ઝુલાવવામાં આવે છે. અન્નકોટોત્સવ તો મહાયજ્ઞના રૂપમાં છે. જેમાં વિવિધ યજ્ઞ સામગ્રીનો પ્રભુ પ્રિત્યર્થે વિનિયોગ કરાવવામાં આવે છે. કેટલાક ઉત્સવોમાં કલાત્મકતાનં પ્રાધાન્ય હોય છે.

પુષ્ટિમાર્ગીય ઉત્સવ શ્રી કૃષ્ણની વિવિધ લીલાઓનું સ્મરણ કરાવનારા હોય છે. તેમાં ભોગ, રાગ અને શ્રૃંગારનું સામંજસ્થ હોય છે. પુષ્ટિ પ્રભુ રસાત્મક છે જેથી આ ઉત્સવો પ્રભુની રસાત્મક સેવાના વિવિધ પ્રકાર પ્રદર્શિત કરે છે.

પુષ્ટિમાર્ગમાં મનાવાતા મુખ્ય ઉત્સવો

(૧) શ્રાવણ વદ ૮-૯, **જન્માષ્ટમી - નંદમહોત્સવ** - સારસ્વત કલ્પમાં પરબ્રહ્મ પરમાત્મા વ્રજમંડળમાં શ્રીકૃષ્ણ સ્વરૂપે અવતરિત થયા તેના ઉપલક્ષમાં મનાતો ઉત્સવ.

(૨) ભાદરવા સુદ ૮- **રાધાષ્ટમી** - ભગવાનની આલ્હાદિક શક્તિ શ્રી રાધાજીના પ્રાગટ્ય દિને મનાતો ઉત્સવ.

(૩) ભાદરવા સુદ ૧૧થી ભાદરવા વદ અમાસ પર્યંત - **દાનલીલા** - વ્રજની ગોપિકાઓને મથુરા દહીં- માખણ વેચવા જતાં રોકી તેઓ પાસેથી 'દાણ' માગવાની અલૌકિક લીલાના ઉપલક્ષમાં ઊજવાતો ઉત્સવ.

(૪) ભાદરવા સુદ ૧૨ - **વામન જયંતી** - ભગવાનના વામન સ્વરૂપે અવતાર ધારણ કરી બલિ રાજાનું ત્રણે લોકનું રાજ્ય છીનવી લીધું હતું તે સમયની લીલાનો ઉત્સવ.

(૫) ભાદરવા સુદ ૧૫થી ભાદરવા વદ અમાસ પર્યંત - **સાંઝી લીલા** - ભાદરવા મહિનામાં વ્રજવનિતાઓ પોતાના આંગણામાં ફળ વગેરે વિવિધ પ્રકારનાં દ્રવ્યોથી વ્રજનાં વિવિધ સ્થળોનું સુંદર આલેખન કરે છે તેના ઉપલક્ષમાં મનાતો ઉત્સવ.

(૬) આસો સુદ ૧થી ૯ - **નવ વિલાસ** - આસો માસના નવ દિવસ (નવરાત્રી) દરમિયાન વિવિધ વ્રજભક્તો શ્રી પ્રભુને પોતપોતાની નિકુંજમાં આમંત્રી તેમને વિવિધ પ્રકારની સામગ્રી આરોગાવી તેમની સાથે વિવિધ લીલાયુક્ત પોતાના મનોરથો પૂર્ણ કરે છે તે ઉપલક્ષ્યમાં મનાવાતો ઉત્સવ.

(૭) આસો સુદ ૧૦ - **વિજયાદશમી** - આ વિજયના દિવસના ઉપલક્ષ્યમાં શ્રી ઠાકોરજીને જ્વારા ધરવામાં આવે છે.

(૮) આસો સુદ ૧૫ - **રાસોત્સવ (શરદપૂર્ણિમા)** - વિસ્તૃત વર્ણન આપેલ છે.

(૯) આસો વદ ૧૪ - **રુપ ચતુર્દશી** - દીવાળીના આગલા દિવસે મનાવાતા આ ઉત્સવમાં શ્રી ઠાકોરજીને અત્યંગ કરાવી વિવિધ વસ્ત્ર શૃંગાર ધારણ કરાવવામાં આવે છે.

(૧૦) આસો વદ અમાસ - **દીપાવલી, હટડી, કાનજગાઈ** - દીપમાલાનો આ ઉત્સવ ને દિવસે શ્રી ઠાકોરજીને હટડીમાં પધરાવવામાં આવે છે. પ્રભુ વિવિધ સામગ્રી વ્રજ ભક્તોને વેચવા બિરાજ્યા હોય તેવો હટડીનો ભાવ છે. બીજા દિવસે ગોવર્ધન પૂજા હોઈ ગાયોને બોલાવી નિમંત્રણ આપવામાં આવે છે. આને 'કાનજગાઈ' કહેવાય છે.

(૧૧) કારતક સુદ ૧ - **અન્નકોટોત્સવ** - વિસ્તૃત વર્ણન આપેલ છે.

(૧૨) કારતક સુદ ૮ - **ગોપાષ્ટમી** - આ દિવસ ભગવાન શ્રીકૃષ્ણ છ વર્ષની વયના થતાં ગોપબાળકો સાથે ગાયો ચરાવવા વનમાં પધાર્યા તે નિમિત્તે ઊજવાતો ઉત્સવ.

(૧૩) કારતક સુદ ૧૧ - **પ્રબોધિની** - આને દેવ ઊઠી એકાદશી કહેવાય છે. આ દિવસે મંડપમાં શ્રી પ્રભુને પધરાવી 'તુલસીવિવાહ'નો ઉત્સવ મનાવાય છે.

(૧૪) માગશર વદ ૯ - **શ્રી ગુસાંઈજીનો પ્રાગટ્યોત્સવ** - શ્રી મહાપ્રભુજીના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી ગુસાંઈજીનો પ્રાગટ્યોત્સવ.

(૧૫) મહા સુદ ૫ - **વસંત પંચમી** મહા સુદ ૫થી ફાગણ સુદ ૧૫ સુધી હોળી ખેલ.

(૧૬) મહા વદ ૭ - **શ્રીનાથજીનો પાટોત્સવ.**

(૧૭) ફાગણ સુદ ૧૫ - **હોળી-ઉત્સવ.**

(૧૮) ફાગણ વદ ૧ - **ડોલોત્સવ.**

(૧૯) ફાગણ વદ ૨ - **દ્વિતીયા પાટોત્સવ.**

(૨૦) ચૈત્ર સુદ ૧ - **સંવત્સર.**

(૨૧) ચૈત્ર સુદ ૩ - **ગણગોર ઉત્સવ.**

(૨૨) ચૈત્ર સુદ ૬ - **શ્રી યમુનાજીનો પ્રાગટ્ય દિવસ.**

(૨૩) ચૈત્ર સુદ ૯ - **રામનવમી.**

(૨૪) ચૈત્ર વદ ૧૧ - **શ્રી વલ્લભાચાર્યજીનો પ્રાગટ્યોત્સવ.**

(૨૫) વૈશાખ સુદ ૩ - **અક્ષયતૃતીયા - ચંદનયાત્રા.**

(૨૬) વૈશાખ સુદ ૧૪ - **નૃસિંહ જયંતી.**

(૨૭) જેઠ સુદ ૧૫ - **સ્નાન યાત્રા.**

(૨૮) અષાઢ સુદ ૨ - **રથયાત્રા.**

(૨૯) અષાઢ વદ બીજથી શ્રાવણ વદ ૨ સુધી - **હીંડોળા**

(૩૦) શ્રાવણ સુદ ૩ - **ઠકુરાણી ત્રીજ**

(૩૧) શ્રાવણ સુદ ૧૧-૧૨ પવિત્રા એકાદશી - **દ્વાદશી.**

(૩૨) શ્રાવણ સુદ ૧૫ - **રક્ષાબંધન**

વિશિષ્ટ ઉત્સવો

૧. જન્માષ્ટમી - નંદ મહોત્સવ :

જન્માષ્ટમી - નંદમહોત્સવ એ પુષ્ટિમાર્ગનો સૌથી મહત્ત્વનો ઉત્સવ છે અને અટલે જ તેમને 'મહોત્સવ' કહેવાય છે. શ્રીકૃષ્ણ એ પુષ્ટિમાર્ગમાં આરાધ્ય છે અને તેનો પ્રાદુર્ભાવ સારસ્વત કલ્પમાં શ્રાવણ વદ અષ્ટમીની મધ્યરાત્રીએ થયો હતો. માટે તેને જન્માષ્ટમી કહેવાય છે. દેવકીજીનાં લગ્ન સમયની આકાશવાણીથી ભયભીત થઈ રાજા કંસે દેવકી-વાસુદેવને કારાવાસમાં પૂરી દીધાં હતાં. આજના દિવસે મધ્ય રાત્રીએ ભગવાન સ્વયં ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા, જેમણે દેવકીજીની વિનંતીથી બાળ સ્વરૂપ ધારણ કર્યું. કંસથી તેમનું રક્ષણ કરવા કાજ વસુદેવે રાત્રી દરમિયાન જ તેમને ગોકુલમાં નંદરાયજીનાં પત્ની યશોદાજીની ગોદમાં પધરાવી દીધા. તેની જાણ સવારે સમગ્ર ગોકુળમાં પ્રસરી જતાં ગોપી- ગ્વાલો દૂધ-દહીં- માખણ લઈ નંદરાયજીને વધાઈ આપવા ટોળે ટોળાં ભેગાં થયાં અને શ્રીકૃષ્ણનો પ્રાગટ્યોત્સવ ખૂબ જ ધૂમધામથી અને આનંદ ઉલ્લાસપૂર્વક ઊજવ્યો.

એ જ ભાવનાથી પ્રતિવર્ષ શ્રાવણ વદ અષ્ટમીને દિવસે પુષ્ટિમાર્ગીય મંદિરોમાં પ્રભુના વિગ્રહને પંચામૃત સ્નાન થાય છે. કેસરી વસ્ત્ર, કુલ્હે જોડના ત્રણ જોડીના શૃંગાર ધરાવાય છે. રાજભોગ સમયમાં 'શ્રી'ને તિલક થાય છે. મધ્યરાત્રીએ જન્મનાં દર્શન થાય છે જે સમયે વિષ્ણુ સ્વરૂપ શાલિગ્રામજીને પંચામૃત સ્નાન થાય છે. તિલક-માલા ઇત્યાદિ અર્ચન થયા પછી 'મહાભોગ' આવે છે. બીજે દિવસે સવારે - નવમીના દિવસે 'શ્રી' પ્રભુતા વિગ્રહને પલનામાં ઝુલાવવામાં આવે છે. મુખિયાજી- આચાર્ય શ્રી - નંદ - યશોદાનો શૃંગાર ધારણ કરે છે જ્યારે સેવકગણ ગોપી ગ્વાલ બની દૂધ દહીં ઉડાડે છે. **'નંદ ઘેર આનંદ ભયો જૈ કનૈયા લાલ કી''**ના જયઘોષ સાથે ખૂબ નાચે છે. જાણે સાક્ષાત્ બાલકનૈયો પલનામાં ઝૂલી રહ્યો હોય તેવી અદ્‌ભુત ઝાંખી કરતાં સૌ આનંદવિભોર થાય છે.

આ સમગ્ર સારસ્વત કલ્પની વ્રજની લીલા છે. જેનું વિસ્તૃત વર્ણન ભાગવતજીના દશમ સ્કંધમાં પ્રાપ્ત થાય છે. આ લીલાનું તાદશ અષ્ટસખાનાં કીર્તનોમાં આલેખાયેલું છે જે વાંચતા-ગાતા એ અલૌકિક લીલાનું દશ્ય આપણી

સમક્ષ પ્રત્યક્ષ બને છે.

૨. અન્નકોટોત્સવ :

સારસ્વત કલ્પની વ્રજલીલામાં પ્રતિ વર્ષ થતાં ઈન્દ્ર દેવના યજ્ઞ-યાગને અટકાવી શ્રીકૃષ્ણે શ્રી ગિરિરાજજીને ભોગ ધરાવવાની પ્રણાલી શરૂ કરી તે ગોવર્ધન લીલાનો આ ઉત્સવ છે. દર વર્ષે વ્રજવાસીઓ દીપાવલીના બીજા દિવસે ઈન્દ્રને ભોગ ધરતાં હતાં તેનો વિરોધ કરી શ્રીકૃષ્ણે ગિરિરાજજીને વ્રજમંડળના રક્ષણહાર તરીકે સમજાવી ગિરિરાજજીને અનેક પ્રકારનો ભોગ સમર્થ્યો. સમસ્ત વ્રજના લોકો વિવિધ સામગ્રી સિદ્ધ કરી લાવી ગિરિરાજજી આગળ સજાવી જેની માત્રા એટલી અધિક હતી જાણે કે અન્નનો કોટ સર્જાઈ ગયો. સ્વયં શ્રીકૃષ્ણે પોતે જ ગિરિરાજજીનું સ્વરૂપ ધારણ કરી ભોગ આરોગ્યા અને વ્રજ ભક્તોનો મનોરથ પૂર્ણ કર્યો.

ઈન્દ્રને ભોગ નહીં પહોંચતા તેણે કોપાયમાન થઈ સમગ્ર વ્રજમંડળ ઉપર મૂશળધાર વર્ષાની વૃષ્ટિ કરી ત્યારે વ્રજભક્તોનું રક્ષણ કરવા શ્રીકૃષ્ણે પોતાની ટચલી આંગળી ઉપર ગિરિરાજને ધારણ કરી સૌને આશ્રય આપ્યો. અંતે ઈન્દ્રને પોતાની ભૂલ સમજાતાં સાક્ષાત પરબ્રહ્મ શ્રીકૃષ્ણની માફી માગી કૃતાર્થ થયો.

ભાગવતજીના દશમ સ્કંધની ગોવર્ધન લીલા અને ઈન્દ્ર માનભંગના પ્રસંગને અનુરૂપ પ્રતિવર્ષ પુષ્ટિમાર્ગીય સેવા ક્રમમાં કારતક સુદ એકમના દિવસે અન્નકોટોત્સવ ઊજવવામાં આવે છે. સવારમાં ગોબરના પ્રતીકાત્મક ગિરિરાજજીના સ્વરૂપનું પૂજન થાય છે. આ સમયે ગાયોને ખાસ નોતરવામાં આવે છે અને તેને ખેલાવવામાં આવે છે. આને ગોવર્ધન પૂજા કહેવામાં આવે છે. આજે શ્રી પ્રભુને સફેદ જરીનાં વસ્ત્રો સાથે કુલ્હેજોડના ભાઈ શૃંગાર થાય છે. જોડ સાથે ગોકર્ણ અવશ્ય ધરે છે.

તે પછી વિવિધ પ્રકારના લીલા- સૂકા મેવા, દૂધઘટ- અન્ન-સખડીની અનેક સામગ્રી તેમજ સખડી ભોગમાં દાળ, કઢી, કઠોળ, વિવિધ શાકભાજી, ભુજેના, સુકવણી, ખીર, શીરા ઈત્યાદિ ઘણા પ્રકારનો ભોગ 'શ્રી'ને ધરાય છે. સખડી (ચોખા)નો તો ઘણો મોટો ઢેર કરવામાં આવે છે.

અન્નકોટનાં દર્શનની ઝાંખી એ વૈષ્ણવો માટે એક અલૌકિક લ્હાવો છે. પુષ્ટિમાર્ગનો આ એક અતિ વિશિષ્ટ ઉત્સવ છે.

૩. ડોલોત્સવ :

વસંત પંચમીથી વસંત ઋતુનું આગમન થાય છે જ્યારે સમગ્ર ધરતીનું વાતાવરણ અતિ ઉલ્લાસમય બની જાય છે. વૃક્ષો નવપલ્લવિત થાય છે. આંબાને મ્હોર બેસે છે. કોયલના મીઠા ટહુકા સંભળાય છે અને સમસ્ત સૃષ્ટિ નવસંચાર પામે છે. મહાસુદ પાંચમ- વસંત પંચમીથી ફાગણ સુદ પૂનમ અને બીજે દિવસે એટલે ફાગણ વદ એકમનો ડોલોત્સવ એ વિશેષતઃ વ્રજમાં ખૂબ જ આનંદ ઉલ્લાસના દિવસો મનાય છે. રોજ રંગની છોળો ઊડે છે. સામાન્યતઃ પુષ્ટિભક્તિમાં દાસ્ય ભક્તિનું મહત્ત્વ છે પરંતુ આ દિવસોમાં વ્રજ ભક્તો દાસ્યભાવને ભૂલી જઈ સખ્યભાવથી શ્રીકૃષ્ણને રંગ લગાડી તેમને ખેલાવે છે, તેમની સાથે ભાન ભૂલી ખેલે છે. અબીલ- ગુલાલનો પ્રચુર માત્રામાં ઉપયોગ થાય છે. કેસુડાથી પિચકારી દ્વારા પણમ અરસપરસ ભીંજવી આનંદની અનુભૂતિ કરાય છે. ખેલના આ ૪૦ દિવસ પછી એકતાલીસમે દિવસે આંબાની ડાળે ઝૂલો બાંધી શ્રીકૃષ્ણ રાધિકાજી સાથે ઝૂલે છે અને અન્ય સખી મંડળ એકમેકના પર અનેક પ્રકારના રંગ નાખી આનંદપ્રમોદ માણે છે.

એક આખ્યાયિકા પ્રમાણે પ્રાચીન સમયમાં પરમ વૈષ્ણવ એવા ઈન્દ્રદ્યુમ્ન રાજાને શ્રી જગન્નાથજીને આજ્ઞા કરી કે એક વર્ષમાં મારા બાર મહોત્સવ કરવા તેમાં મારો 'ડોલ'નો ઉત્સવ કરવો. પુષ્ટિ સંપ્રદાયમાં પણ શ્રી વલ્લભાચાર્યજીએ આ પરંપરા ચાલુ રાખી છે.

લીલાભાવના પ્રમાણે શ્રી નંદરાયજી- યશોદાજી પોતાના પુત્રને વાત્સલ્યતાથી ડોલ ઝુલાવે છે તો એક અન્ય ભાવ મુજબ ગોવર્ધનની તળેટીમાં જ્યાં સદા વસંત ખિલેલી હોય છે ત્યાં નિકુંજમાં ફળ-ફુલ-વૃક્ષો ઇત્યાદીની વિનંતીથી તેઓનો અંગીકાર કરવા પ્રભુએ ડોલોત્સવ મનાવી તેઓનો અંગીકાર કર્યો છે.

ચાર પ્રકારના ભક્તો (નિર્ગુણ, સાત્વિક, રાજજ્ઞ અને તામસ) સાથેના વિહારની ભાવનાથી પુષ્ટિમાર્ગીય સેવા ક્રમમાં ચાર ખેલના દર્શન થાય છે. આ દિવસોમાં સોનાના વિવિધ પ્રકારના શ્રૃંગાર ધરવામાં આવે છે.

આમ તો ડોલોત્સવને દિવસે ખેલના દિવસો સમાપ્ત થઇ જાય છે છતાં ફાગણ વદ પાંચમને દિવસને રંગપાંચમ તરીકે વિશેષતઃ મર્યાદા ભક્તિના પ્રકારમાં ઉજવવામાં આવે છે અને અગાઉની માફક જ અબીલ- ગુલાલ

ઇત્સાદીથી વિગ્રહને ખેલાવવામાં આવે છે.

૪. શરદોત્સવ્ :

ભાગવતજીના દશમ સ્કંધની રાસપંચાધ્યાયીની લીલાને અનુરૂપ શરદોત્સવ- આસો સુદ ૧૫ને દિવસે મનાવવામાં આવે છે. પૂર્વ કલ્પોમાં આપેલા વચનો અનુસાર સારસ્વત કલ્પમાં વ્રજભક્તોને ભજનાનંદનું દાન કરવા પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણે આ લીલા કરી છે. વેણુનાદ દ્વારા વ્રજભક્તોને શરદ પૂનમની રાત્રીએ ઋષિરૂપા અને શ્રુતિરૂપા ગોપીજનોને આહવાહન કરી વૃંદાવનમાં બોલાવી તેમની સાથે રસશાસ્ત્રોનુસાર ગાન-નૃત્ય ઇત્યાદી સર્વ પ્રકારની ક્રિડા દ્વારા અલૌકિક સુખનો અનુભવ કરાવી કૃતાર્થ કર્યા હતા. મહારાસનો એ પ્રસંગ સમગ્ર શ્રીકૃષ્ણલીલાનું હાર્દ છે અને તેથી તે લીલા અનુસાર પુષ્ટિ સેવામાં આસો સુદ-૧૫- શરદ પૂર્ણિમાના દિવસે શરદોત્સવ મનાવવામાં આવે છે.

શ્રી પ્રભુને રૂપેરી જરીના વસ્ત્ર- સુથન- કાછની અને મસ્તકે હીરાજડીત મુકુટ સાથે હીરાના આભરણ ધરાવવામાં આવે છે. ભોગમાં પણ વિવિધ પ્રકારની શ્વેત સામગ્રી આરોગાવવામાં આવે છે. મહારાસની લીલાનું સ્વરૂપ શ્રી ગોકુલચંદ્રમાજીનું છે, જેનું લાવણ્ય કોટી મન્મથમન્મથ કહી શકાય. શ્રી ઠાકોરજીને મધ્યમાં પધરાવી ગોપીજનોને વર્તુળાકાર સજાવટ કરવામાં આવે છે.

◆

૯

પુષ્ટિમાર્ગીય કલા

(Arts in Pustimarg)

ભૂમિકા

એક સમયે શ્રી વલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર શ્રી ગુંસાઈજી- શ્રી વિઠ્ઠલનાથજી પોતાના અંતરંગ સેવકો સાથે બિરાજતા હતા ત્યાં બે વૈષ્ણવભાઈઓ તેમની પાસે આવ્યા અને તેઓશ્રીને દંડવત કરી તેમની બાજુમાં બેઠા અને શ્રી ગુસાંઈજીને વિનંતી કરતા બોલ્યા કે અમને શ્રી ઠાકોરજીની પ્રત્યક્ષ સેવા કરવાની ઉત્કંઠા છે તો આપ અમને સ્વરૂપ સેવ્ય કરી પધરાવી આપો.

શ્રી ગુસાંઈજીએ મંદ હાસ્ય કરતા તે બે ભાઈઓને પૂછ્યું કે પહેલાં એ કહો કે તમારા રસના વિષયો- શોખ કયા છે? તમારી રુચિ શું છે? કેવી રીતે તમે સેવા કરવા ઈચ્છો છો?

એક ભાઈએ પ્રત્યુત્તર આપતાં કહ્યું કે મને કોઈ પ્રકારનો વિશેષ શોખ કે રુચિ નથી. હું કાયમ ધ્યાન ધરું છું અને પ્રાર્થના કરું છું. તે સિવાય મને કાંઈ આવડતું નથી.

બીજા ભાઈએ જવાબ આપતાં આપશ્રીને કહ્યું કે મને દુન્યવી અનેક બાબતોમાં રસ પડે છે. મને અત્તરનો શોખ છે, સંગીતમાં ખૂબ જ રુચિ ધરાવું છું. વિવિધ પ્રકારનાં વ્યંજનો મને બહુ ભાવે છે. જે કોઈ પ્રવૃત્તિમાંથી રસ ઉત્પન્ન થાય, ચાહે તે ચિત્રકલા હોય, પાકકલા હોય કે અન્ય કાઈ તે સર્વ મારા શોખના વિષય છે.

આ સાંભળી શ્રી ગુસાંઈજીએ બીજા ભાઈને કહ્યું, હું તને શ્રી ઠાકોરજીની સેવા પધરાવી આપું છું, તું પ્રેમથી સેવા કરજે. તારી સેવા પ્રભુ ચોક્કસ અંગીકાર કરશે, જ્યારે પહેલા ભાઈને કહ્યું કે પુષ્ટિ સેવામાં તારું કામ નથી. પુષ્ટિ પ્રભુ તારી સેવાથી સુખ નહીં પામે કારણ કે વિવિધતાભરી આ સુંદર સૃષ્ટિનું નિર્માણ ભગવાને કર્યું છે નિજાનંદ માટે. તે સર્વ રસોનો ભોક્તા છે, તે બધા જ પ્રકારની કલાનો ઉપભોગ કરનાર છે અને તેનાથી જ તે પ્રસન્ન થઈ શકે છે.

ઉપરોક્ત પ્રસંગ પુષ્ટિમાર્ગની વિશિષ્ટતા પ્રગટ કરે છે. પુષ્ટિ પુરુષોત્તમ

પ્રભુ વિવિધ કલાઓના ચાહક છે, સૌંદર્યના ઉપાસક છે. લોક કહેવત છે કે જે ખાઈ જાણે તે ખવડાવી જાણે. વિવિધ વ્યંજન આરોગવાની જેની રુચિ હોય તે જ પ્રભુને વિશેષ સામગ્રી આરોગાવી લાડ લડાવી શકે.

આ જ કારણે પુષ્ટિમાર્ગમાં વિવિધ કલાઓ, તેની સેવાપ્રણાલીમાં સમાહિત કરવામાં આવી છે. પુર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા સોળે કલાઓથી પરિપૂર્ણ હોઈ માનવહૃદયને પ્રેમ પ્લાવિત કરનારા છે, અને માટે જ શ્રી ગુસાંઈજીએ શ્રીનાથજીની સેવામાં રાગ-ભોગ-શૃંગારનો વિસ્તાર કરી અનેક ગણો વૈભવ વધાર્યો હતો.

'પરમાર્થ સાધિકા પુષ્ટિમાર્ગીય કલા' વિષયક 'શ્રી વલ્લભ વિજ્ઞાન'ના વર્ષ ૫ અંક ૫-૬માં પ્રથમ પીઠાધીશ નિ.લી.ગો. ૧૦૮ શ્રી પ્રશમેશજી મહારાજના પુષ્ટિમાર્ગીય કલાનું વૈશિષ્ય બતાવતાં ઉદ્ગાર તેમના જ શબ્દોમાં-

'કલા અપના અલૌકિક સંદેશ સરલ રૂપ મેં બિના કિસી ભેદ-ભાવ કે સમસ્ત માનવ કો સમાન રૂપ સે સુનાતી હૈ, જો બંધનોં સે પરે હમેં સામંજસ્ય કી પ્રેરણા દેતા હૈ. જહાં હમારી સમસ્ત વિરોધાભાસી મનોવૃત્તિયાં માનસ જગત્ કે મધુર મિલન કા મહાપ્રયાદ બનકર એક ધારામેં આદર્શ કી ઓર પ્રભાવિત હોકર દિવ્ય આનંદ કી અનુભૂતિ કે ક્ષીર સાગરમેં પરિણીત હો જાતી હૈ. આર્યશાસ્ત્રોમેં જીસે આર્ય શાસ્ત્રકારોને શુદ્ધ સનાતન સંસ્કૃતિ કે સમીકરણ કે રૂપમેં દેખા હૈ- વહી ભાવધારા જો સંકુચિત વિષય-મર્યાદા સે પરે વ્યાપક અભેદ દૃષ્ટિ કા પ્રતિપાદન કરતી હુઈ ષોડશ કલા પરિપૂર્ણ પરબ્રહ્મ કે ચરણસ્પર્શ કર ચરણોદક બનકર માનવ હૃદયકો પાવન પ્રેમ કા પ્રતિદાન દેતી હૈ.

કલા કે ઉક્ત આદર્શ- મંડિત અવિકારી સ્વરૂપ કો આચાર્ય શ્રી વલ્લભ એવં ઉનકે પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીને નિર્મલ માનવ મન કી સુંદર સુમનાવલી સ્વીકાર કરતે હુએ ઉસે શ્યામ સુંદર કે શ્રી ચરણો મેં સમર્પિત કિયા હૈ. ઈસે હમ કવીન્દ્ર રવીન્દ્ર કે શબ્દોં સે ઈસ પ્રકાર અભિવ્યક્ત કર સકતે હૈ-

"સીમાર માઝે ઓસીમ તુમી બાજાઓ આપુન સુર
આમાર મધ્યે તુમાર પ્રકાશ તાઈયતે મધુર."

કવિ કી ઈન પંક્તિઓં સે યહ સહજ હી સમઝા જા સકતા હૈ કી

વહ અપને અંતર કી સમસ્ત દુર્બલતાઓં કો મીટાકર ભગવાન કા મધુર પ્રકાશ અપને અંતર મેં કલાત્મક નિવેદન કે દ્વારા પ્રાપ્ત કરના ચાહતા હૈ. ઔર યહી હૈ પુષ્ટિમાર્ગીય કલા કી કમનીય કામના. ઈસ કલા શૈલીમેં ગુજરાત, રાજસ્થાન, ઉત્તર ભારત, દક્ષિણ એવં અન્ય કલા શૈલિયોં કા મંજુલ સામંજસ્ય હૈ. ઈસકા ચયન કિસી એક શૈલી વિશેષ કે બંધનમેં બાંધકર નહીં કિયા ગયા હૈ, કિંતુ ગ્રામીણ કલા સે લેકર અનેકવિધ કલા શૈલિયોં કા સન્નિવેશ કરક પુષ્ટિમાર્ગીય કલા શૈલીકા સૃજન હુઆ હૈ, જો કિસી ભેદ-ભાવ કે બિના પ્રત્યેક માનવ કી ભાવાંજલિ કે રૂપમેં શ્રીકૃષ્ણ કી સેવાર્પિતા હુઈ હૈ.

આચાર્યશ્રીને કલા કે ઈસી સેવાપયોગી સ્વરૂપ સે ભગવાન એવં સમાજ કી સમાન રૂપ સે સેવા કરને કી પ્રેરણા હમેં પ્રદાન કી હૈ, જો હમારે અતીત ઔર આગામી કે બીચ કી કડી બનકર યુગ-યુગ તક હમેં એકતા કા સંદેશ દેતી રહેગી. ઈસસે સહજ હી યહ સમઝા જા સકતા હૈ કી પુષ્ટિમાર્ગીય કલા કા લક્ષ્ય કલા-મંડિત આદર્શ કો પ્રાપ્ત કરના હૈ જિસસે માનવજીવન કે પરમાર્થ કો પા સકે.'

પૂ. શ્રી. પ્રશમેશજ મહારાજશ્રીએ ખૂબ સુંદર રીતે પુષ્ટિમાર્ગીય કલાનું માધ્યમ પરમાર્થ સાધિકા કેવી રીતે બને તેનું નિરૂપણ કર્યું છે.

પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલી 'યથા દેહે તથા દેવે'ના વિચાર પર આધારિત છે. સવારથી સાંજ પર્યંતની સેવા એવમ્ ઉત્સવાદિમાં વિશિષ્ટ સેવા પ્રકારમાં રાગ, ભોગ અને શૃંગારનું ખૂબ જ સમન્વયાત્મક સંયોજન કરવામાં આવ્યું છે.

રાગ-

માનવજીવનમાં સંગીતનું અત્યાધિક મહત્ત્વ છે. ભલે તે મનોરંજન માટે હોય કે મનના વિશ્રામ માટે હોય, કે પછી આનંદની અનુભૂતિ કે ઉપાસના માટે હોય. મનુષ્ય સંગીતનો આધાર લે છે. રુચિ અનુસાર સંગીત દ્વારા હૃદયના તાર ઝંકૃત થાય છે અને મન આનંદથી ડોલવા લાગે છે. સંગીત મનોયોગનું એક શ્રેષ્ઠ સાધન છે અને માટે જ તેનો પ્રાચીન સમયથી ઉપાસનાના માધ્યમના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. કોઈ દેશની સંસ્કૃતિ કેટલી ઉન્નત છે તેનો પરિચય ત્યાંના 'સંગીત' દ્વારા મળી રહે છે. લલિત કલાઓમાં પણ સંગીતનું

અતિ મહત્ત્વનું સ્થાન છે.

ભારતમાં સંગીત, સંસ્કૃતિ, ઉપાસના અને લલિત કલાઓ તેનું પ્રમુખ અંગ રહ્યું છે. ભારતમાં રાગોનું વર્ગીકરણ પુલ્લિંગ અને સ્ત્રીલિંગમાં થયેલું છે. વિભિન્ન રાગો ને વિભિન્ન રસો- કરુણા, વીર, રૌદ્ર, શૃંગાર, શાંત વગેરેના પ્રેરક માનવામાં આવ્યા છે. રાગ- રાગિણીઓની પ્રકૃતિ પણ શીત, ઉષ્ણ, સમશીતોષ્ણ માનવામાં આવી છે.

પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલીમાં કીર્તનનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ સ્થાન છ. પુષ્ટિમાર્ગમાં શ્રી ઠાકોરજી કોઈ પણ લીલા સંગીત વગર કરતાં નથી. તેઓ કીર્તન સાથે જાગે છે અને કીર્તન સાથે પોઢે છે. પુષ્ટિમાર્ગીય સેવા કીર્તનના અભાવમાં અધૂરી માનવામાં આવી છે.

સંગીતની ઉપાસનાની દૃષ્ટિથી, તેના મહત્ત્વને ધ્યાનમાં રાખી પુષ્ટિમાર્ગમાં સંગીતને કીર્તનના રૂપમાં સેવાનું રૂપ આપવામાં આવ્યું છે. શ્રી વલ્લભાચાર્યજીના સમયમાં ધ્રુપદ-ધમારની પ્રણાલી પ્રચલિત હતી, જે સદીઓથી ચાલી આવતી હતી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કવિઓએ આ શૈલીને પ્રમુખરૂપે અપનાવેલી છે. સુરદાસ ઇત્યાદિ અષ્ટછાપ કવિઓ તેમ જ અન્ય વૈષ્ણવ કવિઓએ પોતાના કાવ્યમાં સંગીતના સુંદર લય-તાલ યુક્ત સામંજસ્ય કરેલું છે. પુષ્ટિમાર્ગીય કીર્તનોને ત્રણ વિભાગમાં સામાન્ય રીતે વિભાજિત કરવામાં આવે છે. (૧) નિત્ય સેવાનાં પદ, (૨) વર્ષોત્સવનાં પદ, (૩) વસંત તથા ધમારનાં પદ.

પુષ્ટિમાર્ગની અષ્ટયામ સેવાના પ્રથમ ક્રમમાં મંગળાનાં પદ ભૈરવ, વિભાસ, રામકલી વગેરે રાગોમાં ગાવામાં આવે છે જેમ 'જાગિએ ગોપાળલાલ જનની બલિ જાઇ, આજ નંદલાલ મુખ ચંદ નયનન નીરખી વગેરે. પ્રભાતના શાંત વાતાવરણમાં ભૈરવના સૂર મનને શાંતિ અને તૃપ્તિ પ્રદાન કરે છે. તદનુસાર મંગળ ભોગમાં છગનમગન થયા છે. લાલ કીજીએ કલેવા, મંગળ આરતીમાં શ્રી ગુસાંઈજી રચિત મંગલમ્ મંગલમ્ વ્રજ ભૂવિ મંગલમ્ ઇત્યાદિ ગાવામાં આવે છે. ઋતુ ઋતુ અનુસાર અલગ અલગ રાગોમાં આ પદો ગાવામાં આવે છે. જેમ વર્ષાઋતુમાં મલ્હાર રાગનો પ્રયોગ થાય છે. શૃંગારના સમયે 'નંદભૂવન કો ભૂષણ્ માઇ', આવો ગોપાલ શૃંગાર બતાઉ ઇત્યાદિ ગવાય છે. તો રાજભોગ સમયે ઉષ્ણકાળમાં સારંગમાં- તુમકો ટેર ટેર હૌ હારી, બિરાજત

ગ્વાલ મંડલિ અહો બલ મોહન છાક ખાત, ગવાય છે. શીતકાલમાં હિળગનાં પદ આસાવરી, ધનાશ્રી, તોડી વગેરે રાગોમાં ગાવામાં આવે છે. જેમ કે 'મારા માઈ માધો સો મન માન્યો? વગેરે.

સંધ્યા સમયે ઉત્થાપન વખતે ગોરી અથવા પૂર્વી રામમાં 'આવની'નાં પદ ગવાય છે તો શયનના ભોજન વખતે કાન્હરા, હમીર, નાયી, અડાના વગેરે રાગમાં પદ ગવાય છે. જેમકે કરત બિયારુ હંસ હંસ મોહન' અબૈ દૂધ લઈ યશોદામૈયા ઈત્યાદિ શીતકાલમાં મંગલા પહેલાં અને દરમિયાન ખંડિતાનાં પદ ગાવામાં આવે છે જે માલકૌંસ, લલિત પર જ ઈત્યાદી રાગમાં હોય છે. વસંત ઋતુમાં વસંત પંચમીથી વસંત રાગ ગવાય છે. શ્રી ગુસાંઈજી રચિત અષ્ટ પદી 'વ્રજયુવતી રાત સંગે હરિરિહ' વસંતના દિવસોમાં રાજભોગના પ્રારંભમાં ગવાય છે.

વર્ષોત્સવનાં પદોનો ક્રમ જન્માષ્ટમીથી હિંડોળા સુધી ચાલે છે, જેમાં શ્રીકૃષ્ણના પ્રાગટ્ય એવમ્ વધાઈનું વર્ણન હોય છે તો સાથે સાથે ભગવાનના પ્રમેય સ્વરૂપ તથા વિરુદ્ધના ધર્માશ્રયનો સંકેત તેમાં મળે છે. ઢાઢીલીલા ઈત્યાદિનાં પદો અધિકાંશતઃ સુરદાસજી અને પરમાનંદ દાસજીનાં મળે છે. સાંઝીના પદોમાં રાધાજી ભગવાન શ્રીકૃષ્ણને વર-રૂપે પ્રાપ્ત કરવા માટે સાંઝી પૂજવાના ઉપક્રમનો ભાવ હોય છે. નવરાત્રીમાં કરખાનાં પદો ઉત્થાપન અને ભોગમાં મારુ રાગમાં ગવાય છે. શરદપૂર્ણિમાનાં કીર્તનો કેદારામાં હોય છે તો અન્નકુટ- ગોવર્ધન લીલા, ઈન્દ્રમાન ભંગ વગેરે માલવ ઈત્યાદિ રાગમાં ગવાય છે. વસંત પંચમીથી હોરી-ધમારનો પ્રારંભ થઈ સવારથી રાત્રીપર્યંતનાં કીર્તનોમાં વ્રજના લોકજીવનનું મનોરમ્ય વર્ણન મળે છે. ગંગા દશમીના ગંગામાહાત્મ્યનાં પદોમાં ભૈરવ રાગમાં 'નમો દેવિ યમુને' ગવાય છે તો સ્નાનયાત્રાથી રથયાત્રા સુધી રાજભોગમાં નૂર સારંગ અને ગોર સારંગ ગવાય છે.

વલ્લભ સંપ્રદાયમાં શાસ્ત્રીય ધ્રુપદ-ધમાર ગાયકીનું પ્રાધાન્ય છે. ચરચરી, ધુમાલી, આડા મોંતાળા, દીપ ચંદી, ઝુંમરા, રૂપક વગેરે તાલોમાં પણ અનેક પદો નિબદ્ધ છે. ઋતુની દૃષ્ટિથી રાગોમાં પરિવર્તન થાય છે. આમ પુષ્ટિમાર્ગમાં સંગીત કલાનું વૈવિધ્ય અને વૈશિષ્ટ્ય જોવા મળે છે, જેના દ્વારા પૂર્ણપુરુષોત્તમને

રીઝવવાની સાધનામાં તેનું મહત્ત્વ જણાઈ આવે છે.

ભોગ

પુષ્ટિમાર્ગમાં રાગની માફક ભોગનું વૈવિધ્ય પણ અભૂતપૂર્વ રીતે સંયોજિત કરવામાં આવ્યું છે. પુષ્ટિમાર્ગીય કલાકારની દૃષ્ટિ પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણના હૃદયને પોતાની તરફ ખેંચવા માટે નિખાલસ અને નિસ્વાર્થપણે નિષ્કામ ભાવના રૂપમાં હોય છે. જગતના ઉત્તમોત્તમ ખાદ્ય પદાર્થોનો વિનિયોગ પ્રભુની સેવામાં કરવાની ભાવના તેમાં રહેલી હોઈ સર્વ પ્રકારની કુશળતા વિવિધ સામગ્રી સિદ્ધ કરવામાં કેન્દ્રિત કરવામાં આવે છે. મુગલાઈ જમાનામાં ભારત વર્ષમાં ખાવા-પીવામાં ઉત્તમોત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં આવેલી જેનો વિનિયોગ શ્રી ગુસાંઈજીએ શ્રીજીની સેવામાં પાકકલાના સિદ્ધ કલાકારો દ્વારા વિવિધ સામગ્રીના પ્રકાર સંયોજિત કરી કરાવ્યો. દૂધ ઘર, નાગરી, અનસખડી અને સખડીના પ્રકાર અને તેની વિવિધતા તેની ઉચ્ચતમ કોટીમાં કેવળ પુષ્ટિમાર્ગમાં જ જોવા મળે છે. અહીં પાક નિષ્ણાતનો શોખ પૂરો કરવા નહીં પરંતુ શ્રી પ્રભુને અનેક પ્રકારે લાલન- પાલન કરી રીઝવવાનો ભાવ હોય છે. પુષ્ટિમાર્ગ રાગ ભોગનો માર્ગ છે, જે સેવક માટે નહીં પરંતુ 'સેવ્ય' માટે હોય છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં અનેક જગ્યાએ આનું ઉદાહરણ પ્રાપ્ત થાય છે.

પાકકલામાં શ્રી ગુસાંઈજીએ વિવિધ સામગ્રી સિદ્ધ કરવામાં ઋતુ, પદાર્થના ગુણ, આયુર્વેદનો દૃષ્ટિકોણ, તેમજ નયનરમ્યતાનાં તત્ત્વોને સમ્મિલિત કરવાનો આશય રાખેલો છે, જેથી ઋતુ ઋતુ અનુસાર ઉપલબ્ધ થતા ફલ-ફલાદિ પદાર્થો, તેના આયુર્વેદિક ગુણધર્મો અને તેના વિવિધ નયનરમ્ય આકાર-ઘાટ ઇત્યાદિ ધ્યાનમાં લઈ વિવિધ પ્રકારની સામગ્રીનું વિધાન કરાયું છે. અલગ અલગ વ્રજભક્તોના ભાવને અનુરૂપ અને વિવિધ લીલાઓને સુસંગત તેમજ વિશિષ્ટ ઉત્સવોને લક્ષ્યમાં લઈ સામગ્રીના જુદા જુદા પ્રકાર નક્કી કરવામાં આવ્યા છે. આમ, પુષ્ટિમાર્ગમાં પાક કલાનો વિનિયોગ વિશિષ્ટ પ્રકારે આયોજિત કરાયો છે.

સામગ્રીમાં ઉપયોગમાં આવતી વસ્તુઓનું સંયોજન અને ધર્મશાસ્ત્રની મર્યાદાઓ અનુસાર સામગ્રીના અલગ અલગ વિભાગ કરવામાં આવ્યા છે.

જેવા કે દૂધઘર- નાગરી, અનસખડી અને સખડી. લીલા અને સૂકા મેવા, કાચા સ્વરૂપે અથવા ઘીમાં તળીને, ઘીમાં તળેલા કંદ ઇત્યાદિ. દૂધ અને દહીંમાંથી બનેલી વિવિધ સામગ્રીને 'દૂધઘર' કહેવામાં આવે છે. જેમ પેંડા, બરફી, રબડી વગેરે અનાજના લોટને ઘીમાં શેકી બુરું, ખાંડ પધરાવી જે સામગ્રી તૈયાર કરવામાં આવે તેને 'નાગરી' કહેવાય છે. ઉદાહરણ તરીકે મગજ વગેરે. આમાં જલનો સ્પર્શ કરવામાં આવતો નથી. અનાજના લોટમાં ઘીનું મોણ દઈ કણેક બાંધવામાં આવે અને તેમાંથી બનતા વિવિધ પ્રકારોને 'સનસખડી' કહેવામાં આવે છે. જેમ કે ઠોર, મોહનથાળ, બુંદી ઇત્યાદિ. આમાં તેલ અને નમકનો ઉપયોગ વર્જ્ય છે. જે અન્ય સામગ્રી જેમાં જલ, નમક અને તેલનો ઉપયોગ કરવામાં આવતો હોય તેને 'સખડી'ની સામગ્રી કહેવામાં આવે છે. જેવી કે રોટી, પૂરી, ભૂજેના, દાળ, કઢી, શાક, ભાત વગેરે.

પુષ્ટિમાર્ગીય સેવા પ્રકારમાં મંગળાથી શયન પર્યંતના વિવિધ સમયમાં ઉપરોક્ત પ્રકારોમાંથી અલગ અલગ સામગ્રીનો ભોગ આવે છે જ્યારે વિશિષ્ટ ઉત્સવો- અન્નકોટ, જન્માષ્ટમી, દોલોત્સવ ઇત્યાદિમાં દૂધઘર, સનસખડી, સખડીના અનેક પ્રકારોનું આયોજન કરવામાં આવે છે. અન્નકોટ, છપ્પનભોગ ઇત્યાદિ સામગ્રી વિશિષ્ટ ઉત્સવોમાં સનસખડી-સખડીના અનેક પ્રકારના ભોગનું વિધાન હોય છે.

શૃંગાર

રાગ અને ભોગની માફક વસ્ત્ર શૃંગારની વિવિધતા પણ પુષ્ટિમાર્ગમાં અજોડ છે. તેમાં વિવિધ પ્રકારનાં વસ્ત્રો જેવાં કે રેશમી, સુતરાઉ, જરી, ચૂંદડી, લહેરિયા, છાપા, છીંટ વગેરેના ઉપયોગથી કિનારી વિના અથવા કિનારી સાથેના અનેક રંગો, આકારમાં ઋતુ ઋતુ અનુસાર શ્રી પ્રભુને અંગીકાર કરવામાં આવે છે. શીતકાળમાં રેશમી વસ્ત્રો આવે તો ઉષ્ણકાળમાં ખુલ્લા રંગનાં સુતરાઉ વસ્ત્રો આવે. દિવાળી સમયે- વિશિષ્ટ ઉત્સવોમાં જરીનાં વસ્ત્રો ધરાય. નવરાત્રીના નવવિલાસમાં છાપાનાં વસ્ત્રો આવે તો ઠકુરાની ત્રીજ વગેરે ઉત્સવોમાં ચૂંદડી, લહેરિયાનો ઉપયોગ થાય. આ વસ્ત્રોમાં રંગ સંમિશ્રણની વિશેષતા જોવા મળે છે.

વસ્ત્રોના પ્રકારમાં પણ બેસુમાર વિવિધતા દૃશ્યમાન થાય છે. ઉષ્ણકાળમાં કાછી, પરધની, સુથન પટકા, ધોતી ઉપરણાં, પીછોડા અથવા મલ્લકાછ જેવાં

હલકાં વસ્ત્રો આવે. જ્યારે શીતકાળ, વર્ષા, શરદ ઋતુ વગેરેમાં ઘેરદાર, ચાકદાર કે સુથન કાછની જેવાં વૈવિધ્યપૂર્ણ કિનારી મૂકેલાં વસ્ત્રો અંગીકાર કરાવવામાં આવે. શ્રી મસ્તક ઉપર પણ પાઘ, ફેંટા, દુમાલા, પત્રા, કુલ્હે, ટીપારા જેવા અનેક કલાત્મક રીતે બાંધીને ધરવામાં આવે. શીતકાલમાં ઠંડીથી બચવા માટે ફરગુલ, ગદંલ, ફતવી વગેરે પણ ઋતુનો વિચાર કરી શ્રી પ્રભુને ધરવામાં આવે છે. આ વસ્ત્રોના પ્રકારમાં પણ વસ્ત્રની જાત, રંગ અને આકારનાં વૈવિધ્ય ચિત્તાકર્ષક હોય છે.

વસ્ત્રની જેમ જ 'શ્રી'ના વિગ્રહને ધરવામાં આવતાં આભૂષણો શૃંગાર પણ એટલાં જ વૈવિધ્યપૂર્ણ હોય છે, જે ઋતુ અનુસાર તેમજ ઉત્સવાદિ પ્રકારને ધ્યાનમાં લઈ આયોજિત કરવામાં આવે છે. સામાન્યતઃ હીરા, માણેક અને પન્નાના શૃંગાર એક, બે કે ત્રણ જોડીના ઉત્સવોને અનુરૂપ ધરાય છે તો વસંત પંચમીથી ખેલના ચાલીસ દિવસ દરમિયાન સોનાનાં તેમજ મીનાનાં આભૂષણ ધરવામાં આવે છે. ઉષ્ણકાળમાં ઠંડક પહોંચાડે તેવા મોતી અથવા છીપના શૃંગાર ધરાય છે. આમ 'શ્રી'ના સુખનો વિચાર કરી વિવિધ રંગો, આકૃતિ અને વસ્તુનું સંયોજન કરી શૃંગાર ધરવામાં આવે છે. વિગ્રહના શ્રી મસ્તકે મુકુટ, ટીપારો, સહેરો, ચંદ્રિકા, કતરા, કલગી વગેરે ધરવામાં આવે છે, જેની સાથે શિરપંચ, શીશ ફૂલ, તાઈ, ગોટીનો, ત્રવલ, લૂમ ઇત્યાદિ આભૂષણો ધરાય છે. શ્રી કંઠમાં કંઠાભરણ, દુલેરી, કૌસ્તુભ, હાંસ, ત્રવલ, વૈજયંતી માળા, પદક ઇત્યાદિ અનેક પ્રકારની માળાઓ ધરવામાં આવે છે. શ્રી હસ્તમાં પણ પોંચી, કડા, બાજુબંધ, હસ્તફૂલ ઇત્યાદિ ધરાય છે, જ્યારે ચરણાર્વિંદમાં પાયલ, નૂપુર, જેંહર, પગપાન ઇત્યાદિ અનેક પ્રકારના અલંકાર 'શ્રી' સ્વરૂપને અંગીકાર કરાવવામાં આવે છે.

આમ પુષ્ટિમાર્ગમાં વસ્ત્રો તેમ જ આભૂષણોના પ્રકારની વિવિધતા બેજોડ હોય છે જેનું તાત્પર્ય શ્રી સ્વરૂપને વધુમાં વધુ ચિત્તાકર્ષક બનાવવાનો પ્રયાસ થાય છે, સાથે સાથે ઋતુ- સમય ઇત્યાદિને ધ્યાનમાં રાખી શ્રી સુખનો પણ એટલો જ ખ્યાલ રાખવામાં આવે છે.

આ પ્રમાણે રાગ, ભોગ અને શૃંગાર એ ત્રણેયમાં જેનો જોટો ન જડી શકે એવી કલાત્મકતા, સૌંદર્ય અને વિવિધતાને મધ્યબિંદુ રાખી તેનું આયોજન અને વિનિયોગ કરવામાં આવે છે.

પુષ્ટિમાર્ગમાં અન્ય કલાઓ-

પુષ્ટિમાર્ગીય ઉત્સવોમાં લીલા ભાવનાને અનુરૂપ અનેક પ્રકારની સજાવટ જુદા જુદા પ્રકારના પદાર્થો અને આકારોમાં આયોજિત કરવામાં આવે છે. જેમ કે ગ્રીષ્મ ઋતુમાં વિવિધ પ્રકારની ફૂલમંડલી, ફૂલ બંગલા, શીતલ સદન ઇત્યાદિ શ્રીની સુખાકારી માટેની સજાવટ કરવામાં આવે છે જેમાં અનેક પ્રકારનાં સુગંધિત પુષ્પો જેવા કે ગુલાબ, મોગરો, કમળ, જુઈ વગેરેનો ઉપયોગ કરાય છે. વિવિધ પ્રકારનાં અત્તરો- ગુલાબ જલ વગેરેની પણ પ્રચુરતા હોય છે, જેથી સમગ્ર વાતાવરણ આહ્‌લાદક બની શકે. તે જ પ્રમાણે વર્ષાઋતુમાં એક માસ પર્યંત હિંડોળામાં શ્રી પ્રભુને ઝુલાવવામાં આવે છે જેનું આયોજન પણ વિવિધપૂર્ણ રીતે કરવામાં આવે છે. હિંડોળામાં પણ સુગંધિત રંગબેરંગી ફૂલો, કેળ, લતાપતા, જરી, પવિત્રાં, લીલા સૂકા મેવા, શાકભાજી ઇત્યાદિ અનેક વસ્તુઓનો વિનિયોગ કરાય છે.

ભાદરવા સુદ ૧૫થી અમાસ પર્યંત રોજ 'શ્રી'ની સન્મુખ સાંઝી માંડવામાં આવે છે, જેમાં પણ ફૂલ, અનાજ ઇત્યાદિ વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે. સાંઝી એ વ્રજની લોકકલાનું પ્રતીક છે. આ અવિવાહિત વ્રજબાલિકાઓની એક પ્રકારની ક્રીડા છે. સંધ્યા સમયનો આ ખેલ હોવાને કારણે અથવા સાંઝી (સંગી)ની અભિલાષા જમાવવાની ક્રીડા હોવાને લીધે આનું નામ સાંઝી પડ્યું હોય તેમ જણાય છે. વ્રજબાલાઓ બગીચામાંથી ફૂલ વીણી લાવી આંગણામાં વ્રજનાં વિવિધ સ્થળોનું સુંદર આલેખન કરે છે, જે રમતમાં શ્રી પ્રભુ પણ સ્વયં સખીરૂપ ધારણ કરી સંમિલિત થાય છે. સાંઝી ચિત્રકલાનું એ અંગ જ છે. સાંઝી પણ વિવિધ પ્રકારે બનાવવામાં આવે છે. જમીન ઉપર, પાણીમાં તરતી, પાણીની અંદર વગેરે સુંદર રીતે જુદા જુદા આકારોમાં તે ચિત્રિત કરવામાં આવે છે. સાંઝીની કલાકૃતિ ખૂબ જ ચિત્તાકર્ષક હોય છે. આજે પણ વ્રજમાં ઘરના દરવાજાની એક બાજુ ગોબરથી ભીંત ઉપર કાંઈ ચિત્ર અથવા મૂર્તિ જેવું બનાવે છે અને તેની ઉપર ફૂલ-પાંખડીઓ ચોંટાડે છે, ભેટ-ઉપહાર પણ ચડાવે છે. સખીઓ સહુ ટોળે વળીને એકબીજાને દ્વારે ગાતી ગાતી જાય છે.

સાંઝીનો ભાવ એ છે કે શાસ્ત્રમાં પૃથ્વી પરિક્રમાનું મોટું ફલ કહ્યું છે.

તેનાથી બધાં તીર્થોની યાત્રા કરવાનું ફળ પ્રાપ્ત થાય છે. બીજા યુગોમાં આયુષ્ય બલ વધારે હતું. પરંતુ કલિયુગમાં તે ઓછું છે. કુમારિકાઓ- નાની બાળાઓ માટે તો પૃથ્વી પરિક્રમા દુષ્કર જ ગણાય. માટે તે ભાદરવા માસનાં વ્રત કરે, સાંઝી ભરે અને તે સાંઝીની પ્રદક્ષિણા ફરે એટલે પૃથ્વી પરિક્રમાનું ફલ મળે. માટે જ વ્રજનાં બધાં ધામો જેમાં ભારતનાં તમામ તીર્થોનો સમાવેશ છે તેનું આલેખન સાંઝીમાં કરવામાં આવે છે. ભાદરવા વદ ૧૪ના દિવસે કોટની સાંઝી ભરાય. કોટ એ વિરાટ સ્વરૂપના ભાવથી છે. તેમાં સાત સ્વર્ગો, સૂર્ય, ચંદ્ર, ભૂમંડળ, પર્વતો, નદી, સમુદ્રો, પશુ, પક્ષી, મીન, નર, નારી, કલ્પવૃક્ષ, કલ્પધેનુ વગેરે ચીતરવામાં આવે છે. તે કોટને ભોગ ધરે છે, તેની આસપાસ કુમારિકાઓ બેસે છે અને મંગળ ગીતો ગવાય છે અને તેની આરતી કરે છે, પરિક્રમા કરે છે. દંડવત્ કરે છે અને આનંદોત્સવ મનાવે છે. વ્રજલીલાનો આ અલૌકિક ભાવાત્મક ઉત્સવ છે જેમાં અનેક કલાઓ સમાવિષ્ટ છે.

પુષ્ટિમાર્ગીય મંદિરોમાં 'શ્રી'ને મંગળા, રાજભોગ, સંધ્યા અને શયન વખતે આરતી ઉતારવામાં આવે છે. આ આરતીના પણ અનેક પ્રકારો પુષ્ટિમાર્ગમાં પ્રચલિત છે. વિશિષ્ટ ઉત્સવોમાં થાળીમાં તે ઉત્સવોને અનુરૂપ ખાસ ચિત્રણ કરી, રંગ પૂરી તેના ઉપર દીવડામાં દીવા પ્રગટાવી 'શ્રી'ની આરતી ઉતારવામાં આવે છે. આમાં પણ આકૃતિ અને રંગનું વિશિષ્ટ મહત્ત્વ રહેલું હોય છે, જે ખૂબ જ મનભાવન હોય છે. તેમાં પલના, હિંડોળા, ફૂલમંડલી, રથયાત્રા, બંગલા, નૌચોકી, કુંજ, જલવિહાર ઈત્યાદિ અનેક પ્રકારે આકૃતિ અને રંગ દ્વારા સુશોભન કરવામાં આવે છે.

પુષ્ટિમાર્ગનાં આવાં કલાત્મક આયોજનો, રાગ, ભોગ, શૃંગારમાં વિવિધ કલાઓનો વિનિયોગ ઈત્યાદિનો હેતુ મનુષ્યની આંતરવૃત્તિ, રસ, શોખો વગેરે વિનિયોગ પ્રભુમાં જોડવાથી તેના ચિત્તનો નિરોધ થઈ શકે તે છે. શ્રી વલ્લભાચાર્યજી સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં કહે છે **'ચિત્તસ્તત્પ્રવણં સેવા'**- ચિત્તનું પ્રભુમાં જોડાઈ જવું તે અતિ મહત્ત્વનું છે અને મનુષ્ય સ્વભાવ સૌંદર્યલક્ષી હોઈ કલાના વિનિયોગ દ્વારા પોતાની કલાત્મક વૃત્તિઓને પ્રભુમાં યોજવાથી તેના ચિત્તનું ભગવાનમાં પ્રવણ સહજ બને તે તેનો ઉદ્દેશ્ય રહેલો છે.

૧૦

વૈષ્ણવ સંપ્રદાય

(Vaishnavism)

ભૂમિકા

વૈષ્ણવ ધર્મ (Vaishnavism) નો મૂળ સ્ત્રોત વૈદિક ધર્મ છે. તેથી વૈદિક ધર્મની માફક તે પણ ઉદારતાનું પ્રતીક છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતા અને ભાગવત તે તેના બે મુખ્ય ગ્રંથ છે. વૈષ્ણવ ધર્મ ભક્તિપ્રધાન છે. ભક્તિનો સંબંધ મનુષ્યના હૃદય સાથે છે. તેમાં માનવ હૃદયની સંવેદનશીલતા પ્રગટ થાય છે. ભારતમાં જૈનો તેમજ બુદ્ધ પહેલાં અહિંસાના સર્વપ્રથમ ઉદ્‌ઘોષ વૈષ્ણવ સંપ્રદાયે કરેલ છે. મહાભારતમાં ઉલ્લેખ પ્રમાણે વસુ રાજાએ કરેલા મહાયજ્ઞમાં એક પણ પશુનો બલિ આપવામાં આવ્યો ન હતો. ભારતની મૂર્તિકળા અને શીલ્પ કળા પર વૈષ્ણવ સંપ્રદાયનો પ્રભાવ જોવા મળે છે. ભારત ઉપરાંત કંબોડિયા, થાઈલેન્ડ વગેરે દેશોમાં પણ વૈષ્ણવ ધર્મનો પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે.

વૈષ્ણવ સંપ્રદાયનો વિકાસ

વૈષ્ણવ સંપ્રદાયનો વિકાસ ચાર તબક્કામાં થયેલો જણાય છે.

૧) વૈદિક દેવ-વિષ્ણુ.
૨) દાર્શનિક આધાર- નારાયણ.
૩) ઐતિહાસિક દેવ વાસુદેવ (કૃષ્ણ) અને
૪) સંતો અને આચાર્યોના અધિષ્ઠાન- ગોપાલકૃષ્ણ.

ભારતની પ્રાચીન ધર્મ પરંપરા સનાતન અને પંચરાત્ર ધર્મના સમન્વયથી ભાગવત ધર્મ રૂપમાં પ્રગટી અને તેની પૂર્ણતા વૈષ્ણવ સંપ્રદાયમાં થયેલી માલૂમ પડે છે. વૈષ્ણવ સંપ્રદાય એ આસ્તિકવાદી છે. વિષ્ણુ તેના સર્વોચ્ચ દેવ મનાય છે. વૈષ્ણવ ધર્મ વિષ્ણુની ભક્તિ- ઉપાસના પર આધારિત છે. વિષ્ણુની ઉપાસના કરનારને 'વૈષ્ણવ' કહેવામાં આવે છે. વિષ્ણુ એ વ્યાપકત્વનું પ્રતીક છે. સંપૂર્ણ વિશ્વ એ તેના અસીમ સામર્થ્યની અભિવ્યક્તિ છે.

વૈષ્ણવ સંપ્રદાય ઔદાર્યનું પ્રતીક હોઈ અહિંસા, શુદ્ધતા, પવિત્રતા, લોકકલ્યાણ વગેરે તેની વિશેષતા છે. સાહિત્ય કલા, સમાજ-ધર્મ એ બધાં જ

ક્ષેત્ર ઉપર વૈષ્ણવ સંપ્રદાયનો પ્રભાવ જોવા મળે છે. પરબ્રહ્મ પરમાત્મા વિષ્ણુ અનાદિ-અનંત છે. તે 'નિર્ગુણ' અને અવિનાશી છે. છતાં ભક્તની ભાવનાનુસાર 'સગુણ' રૂપે પ્રગટ થાય છે. ઉપનિષદમાં વર્ણિત પરબ્રહ્મ, વિષ્ણુ કે નારાયણ ઈત્યાદિ નામોમાં ભેદ નથી. ભક્તો માટે તે જ પરમપુરુષાર્થ રૂપ હોઈ અનેક અવતારો ધારણ કરી તે અવારનવાર પ્રગટ રૂપે ભક્તોને દર્શન આપે છે.

વૈદિક સંહિતામાં વિષ્ણુનું વર્ણન

વિષ્ણુ અને તેનાં લોકોત્તર કાર્યોનો ઉલ્લેખ લગભગ બધી જ વૈદિક સંહિતાઓમાં જોવા મળે છે. ઋગ્વેદમાં ઈન્દ્ર લગભગ ૨૫૦, અગ્નિ ૨૦૦ સૂક્તોમાં વર્ણિત છે, જ્યારે વિષ્ણુનો ઉલ્લેખ ચાર સૂક્તમાં પ્રાપ્ત થાય છે. આમ છતાં વીરતા, શૌર્ય, પરાક્રમ અને મહત્તાની દૃષ્ટિએ ઋગ્વેદમાં વિષ્ણુનું સ્થાન વરુણ, અગ્નિ, ઈન્દ્ર, ઈત્યાદિથી વિશેષ છે. શુક્લ યજુર્વેદમાં વિષ્ણુને સંબોધીને કહેવાયું છે- 'હે પ્રભુ, તું તારા પરાક્રમથી અમારા શત્રુનો નાશ કર અને અમને ખૂબ ધન, ગૃહ વગેરે મેળવી આપ.' તેના બીજા અધ્યાય મંત્રમાં વિષ્ણુને ત્રણે લોકનો સ્વામી ગણાવ્યો છે. કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં વિષ્ણુનો મહિમા બતાવાયો છે. તદુપરાંત અથર્વવેદ, મૈયાયણી સંહિતા, સામવેદ સંહિતા, વાજસનેયી સંહિતા, સામવેદ સંહિતા ઈત્યાદિમાં પણ વિષ્ણુ પરમ પદ તથા તેનું ત્રિપાદ સર્વવ્યાપકત્વ અને તેની મૈત્રીભાવનાનો ઉલ્લેખ જોવા મળે છે. અથર્વવેદના સાતમા મંડલનું છવ્વીસમું સૂક્તમાં 'વિષ્ણુસૂક્ત' છે.

બ્રાહ્મણ ગ્રંથોમાં ઐતરેય બ્રાહ્મણમાં 'વિષ્ણુઃ સર્વા- દેવતાઃ' એમ કહેવાયું છે. કૌષિતકી બ્રાહ્મણ, શતપથ બ્રાહ્મણ, તાંડ્ય બ્રાહ્મણ, તૈત્તિરીય આરણ્યક ઈત્યાદિ સર્વેમાં વિષ્ણુના ગૌરવની ગાથા જોવા મળે છે.

વૈષ્ણવ મત અનેક નામોથી જાણીતો છે. પહેલાં તેને **'એકાંતિક ધર્મ'**ના નામે ઓળખવામાં આવતો. વાસુદેવની ઉપાસનાના કારણે તેને **'ભાગવત મત'** પણ કહેવામાં આવે છે. પાંચરાત્ર સૂત્રોમાં વિરાટ પુરુષ નારાયણના સંદર્ભમાં તે **'પાંચરાત્રિક મત'** તરીકે પણ ઓળખાય છે. ભાગવતમાં તેમજ વિષ્ણુપુરાણમાં તો વિષ્ણુના ગૌરવની અનેક ગાથા જોવા મળે છે.

વૈષ્ણવ સંપ્રદાયના મુખ્યાધાર ગ્રંથ

વૈષ્ણવ સંપ્રદાયના મુખ્યાધાર ગ્રંથો નીચે મુજબ સર્વમાન્ય છે-

૧) વેદ, ઋગ્વેદ - તેમાં વિષ્ણુ સૂકત, પુરુષ સૂકત, શ્રી સૂકત ઈત્યાદિ.

૨) ઉપનિષદ - ઈશ, ઐતરેય, કઠ, કેન, છાંદોગ્ય, તૈત્તિરીય, પ્રશ્ન, બૃહદારણ્યક, મુંડક, માંડુક્ય, શ્વેતાશ્વેત વગેરે.

૩) ઈતિહાસ - વાલ્મીકિ કૃત રામાયણ, મહાભારત, ભીષ્મ પર્વ, શાંતિ પર્વ, અનુશાસન પર્વ.

૪) વૈષ્ણવ પુરાણ - વિષ્ણુ પુરાણ, નારદ પુરાણ, વિષ્ણુ ધર્મોત્તર પુરાણ, પદ્મ પુરાણ, વરાહ પુરાણ, ગરુડ પુરાણ, ભાગવત પુરાણ.

૫) આગમ શાસ્ત્ર - વૈખાનસ સંહિતા, મરીચી સંહિતા, અત્રિ સંહિતા, પાંચ રાત્ર સંહિતા વગેરે.

વૈષ્ણવ સિદ્ધાંત

વૈષ્ણવ સંપ્રદાયના મૂળ સિદ્ધાંત નીચે મુજબ છે.

(૧) બ્રહ્મના સગુણ રૂપને વૈષ્ણવ સંપ્રદાયમાં વિશેષ માન્યતા આપવામાં આવી છે. વિષ્ણુના ચોવિસ અવતારોનો ઉલ્લેખ ભાગવતમાં હોઈ રામ, કૃષ્ણ ઈત્યાદિ બ્રહ્મનાં રૂપોનું વૈષ્ણવ સંપ્રદાયમાં વિશેષ સ્થાન છે.

(૨) બધા વૈષ્ણવ સંપ્રદાય જીવ-જગતને સત્ય માને છે. શંકરાચાર્યના માયાવાદને ઘણું કરીને વૈષ્ણવ સંતોએ માન્યતા આપી નથી.

(૩) બધા જ વૈષ્ણવ સંપ્રદાય ભક્તિ સાધનાને વિશેષ મહત્ત્વ આપે છે.

(૪) બધા જ વૈષ્ણવ સંપ્રદાય વિવિધ ગ્રંથોના સમન્વયની ભાવનાને વિશેષ મહત્ત્વ આપે છે.

(૫) વૈષ્ણવ સંપ્રદાય ઈન્દ્રિય દમનને બદલે ઇન્દ્રિયોને ભક્તિમાર્ગ દ્વારા ઈશ્વરાભિમુખ કરવાનો અભિગમ અપનાવે છે.

(૬) ભક્તિ સાધનાનાં દ્વાર બધાને માટે ખુલ્લાં છે. વૈષ્ણવ ભક્તિ સાધના વ્યક્તિગત છે, તેમજ જાત-પાંતમાં ભેદભાવ રાખતી નથી.

(૭) વિશ્વાસ, શ્રદ્ધા, દૈન્ય, અકિંચનતા, ઉપાસ્ય ઈશ્વરની મહત્તા, ઈશ્વરની ભક્તવત્સલતા વગેરે બધા જ વૈષ્ણવ સંપ્રદાયમાં સમાનરૂપે સ્વીકૃત હોઈ તેમાં ‘મધુરા ભક્તિ’નું પ્રાધાન્ય છે.

(૮) સામાન્યપણે વૈષ્ણવ સંપ્રદાયમાં સગુણ-બ્રહ્મનાં સ્વરૂપો- રાધાકૃષ્ણ, વિષ્ણુ તેમ જ રામ-સીતાને ભજવામાં આવે છે.

વૈષ્ણવિઝમની ઐતિહાસિક એવમ્ સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ
Historical/ Cultural Background of Vaishnavism

શ્રી વલ્લભાચાર્યજીના અવતાર સમયની ભારતની સ્થિતિ આવી હતી. ધર્મઝનૂની મુસ્લિમ શાસકો મુશ્કેલીઓ ઊભી કરી રહ્યા હતા. તેઓ એકમાત્ર ઈસ્લામને દુનિયાભરમાં ફેલાવવા માંગતા હતા. પરાણે હિન્દુઓનું ધર્મપરિવર્તન કરવાની પ્રવૃત્તિ કરી રહ્યા હતા. તેઓને આક્રમક ઈશ્વરવાદી (aggressive theist) કહી શકાય. એકમાત્ર અંલ્લાહના રૂપમાં જ ભગવાનને તેઓ માને છે અને તે રીતે તેઓને 'એકેશ્વરવાદી' (Monotheist) કહી શકાય. મૂર્તિપૂજાના વિરોધી હોવાના કારણે તેઓ ભગવાનના સાકાર સ્વરૂપનો સ્વીકાર કરતા નથી. તેઓ રીઢા (Incorrigible) એટલે કે સુધરે નહીં તેવા (beyond Improvement) હતા. તેઓ અજ્ઞાની નહીં પરંતુ આગ્રહી એકેશ્વવાદી હતા.

બીજી બાજુ તે સમયમાં હિન્દુઓ અનેક પ્રકારના સંપ્રદાયોમાં વિઘટિત હતા. ત્યારે છ મુખ્ય સંપ્રદાયો (Sects) અસ્તિત્વ ધરાવતા હતા. (૧) શિવ-ઉપાસના (Shaivism), (૨) વિષ્ણુ-ઉપાસના (Vaishnavism), (૩) ગણપતિ-ઉપાસના (Ganppatya) , (૪) દેવી-ઉપાસના (Shaktas), (૫) કાર્તિક્ય-ઉપાસના (Skandas) અને (૬) ભાસ્કર- ઉપાસના (Sauras). એમ તે રીતે લોકો અલગ અલગ દેવો-દેવીઓની પૂજા કરતા હતા. શૈવ અને વૈષ્ણવ વચ્ચે ત્યારે ઝઘડા થતા. બધા સંપ્રદાયો આપસમાં લડતા રહેતા. હિન્દુ સમાજ પૂરી રીતે વિભક્ત હતો. મુસ્લિમો ત્યારે રાજકીય પ્રવૃત્તિ કરતા પરંતુ તેમનો અસલી મુદ્દો ધાર્મિક હતો. ધર્મપરિવર્તન તેમનું લક્ષ્ય હતું. 'કાપાલિક' અર્થાત્ ખોપડીના ઉપાસકો તો ભયાનક હતા. પ્રજા ચાર વર્ણોમાં વહેંચાયેલી હતી- બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. અનેક જાતિ- પેટાજાતિઓમાં સમાજ વહેંચાયેલો હતો. અત્યારે પણ જુદી જુદી ૪૦૦૦ જનજાતિઓ અસ્તિત્વ ધરાવે છે. જાતિભેદ-વર્ણભેદ પ્રચુર માત્રામાં ચાલી રહ્યો હતો. જાતિવાદના કારણે ઘણા પ્રશ્નો ઊભા થયેલા. બ્રાહ્મણ, ક્ષત્રિયો વચ્ચે વેર ચાલ્યા કરતું. બ્રાહ્મણો ગુરુ હતા. તેઓના મતે શુદ્રને વેદ જાણવાનો અધિકાર ન હતો. દયાનંદ સરસ્વતીએ આની સામે પ્રચંડ અવાજ ઉઠાવેલો. તેઓ ઝોળીમાં વેદનું પુસ્તક રાખતા અને પૂછતા કે બતાવો, વેદમાં ક્યાં છૂતાછૂત વિશે લખેલું છે. બ્રાહ્મણો પણ અંદર અંદર

ઝઘડતા. બ્રાહ્મણોની પણ ઘણી પેટાજાતિઓ હતી. તેઓ પણ આપસમાં લડતા ઝઘડતા રહેતા. તેમનું મુખ્ય કાર્ય વેદ ભણાવવાનું હતું, પરંતુ તેઓ તે કરતા નહીં. પંડિતો મઠો- આશ્રમો બાંધતા, પરંતુ ધર્મોપદેશ ન કરતા, કેવળ પોતાની સ્વાર્થમય પ્રવૃત્તિઓ કરતા. શંકરાચાર્યો પણ પાંચ અલગ અલગ મઠોમાં વહેંચાઈ ગયેલા. પાંચે શંકરાચાર્યો મંઠાધિપતિ બનેલા. તેઓ માયાવાદનો જૂઠો પ્રચાર કરતા. તેમણે ભ્રાંતિવાદ (Illusionism)નો પ્રચાર કરવા માંડેલો. તેઓ જગત મિથ્યા છે, બધું ભ્રમમાત્ર છે વગેરે વાતોથી લોકોને બહેકાવતા.આવી વિષમ સામાજિક પરિસ્થિતિ તે સમયમાં પ્રવર્તિત હતી.

ઉપરોક્ત દેશ-કાલની પરિસ્થિતિમાં શ્રી વલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ થયો હતો. તેમણે અવતાર ધારણ કરી દેશના આધ્યાત્મિક જગતમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. તેમણે શ્રુતિવાક્ય **'એકં સત્ વિપ્રાઃ બહુધા વદન્તિ'** પ્રમાણે એક જ તત્ત્વનાં અનેક નામ- અનેક રૂપ હોઈ શકે તે પ્રતિપાદિત કર્યું. (There can be many names, many forms, many ways. He emphasized that Shri Krishna, Shri Hari, Vishnu etc. are the names whom we call 'Ultimate Reality') તેમણે શીખવ્યું કે શ્રીકૃષ્ણ એ **'પરમતત્ત્વ'** છે. 'Reality' એટ્લે અસ્તિત્વ + વૃત્તિ (Existence + Mental Modification). વૃત્તિ અસ્તિત્વને સમૃદ્ધ બનાવે છે. અને તે પુરુષોત્તમ છે. તેનું જ નામ 'સચ્ચિદાનંદ' છે. તેમાં સત્ (Existance) + ચિત્ત (Knowledge) + આનંદ (Bliss) સમાહિત છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે 'સત' તત્ત્વમાંથી જગત અસ્તિત્વમાં આવ્યું અને સત્ + ચિત્ત્ તત્ત્વોમાંથી જીવસૃષ્ટિ ઉત્પન્ન થઈ. બીજી રીતે જોઈએ તો બ્રહ્મમાંથી ચિત્ત્ અને આનંદ તત્ત્વો તિરોહિત (Concealed) થતાં તે જગતરૂપ બન્યું અને આનંદ તત્ત્વ માત્ર તિરોહિત થતાં તે 'જીવ'રૂપ બન્યા. આમ આ એક છૂપાછૂપી (Hide and Seek) ની રમત છે. સામાન્યતઃ કોઈ જ દુઃખ ઇચ્છતું હોતું નથી. બધા જ સુખની ઇચ્છા રાખે છે. વિશ્વમાં સુખ-પ્રાપ્તિ માટેની જ બધી દોડ છે. વિશ્વમાં આનંદ તત્ત્વનું તિરોધાન થયેલ હોઈ તેને શોધવા સૌ કોઈ પાછળ પડ્યા છે. આ એક વાસ્તવિકતા છે. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે આ સમગ્ર જગત એ ભગવાનની લીલા છે. (It is Cosmic Lilla - Where Anand aspect of Brahm is hidden). શ્રુતિવાક્યો પ્રમાણે સૃષ્ટિનું નિર્માણ ભગવાને નિજાનંદ માટે કર્યું છે. કોઈ કર્મ જ્યારે જાણીને અને સ્વેચ્છાએ

કરવામાં આવે ત્યારે તેનું દુઃખ નથી લાગતું. જેમ કોઈ પણ રમતમાં બહારથી આનંદદાયક ન દેખાતું હોવા છતાં જેઓ રમત રમે છે તેઓ તેનો આનંદ અનુભવ કરે છે. તેનું કારણ એ છે કે તે સ્વયંસ્ફુરિત (spontaneous) હોય છે.

◆

૧૧

ભારતના સંતો
(Saints of India)

ભૂમિકા

ભારતીય સમાજના ઘડતરમાં ભારતના વિવિધ સંતોનું ખૂબ જ મહત્ત્વનું યોગદાન રહેલું છે. **'સંત'** શબ્દ જે અર્થમાં અંગ્રેજીમાં 'Saint' શબ્દ રૂઢિગત રીતે વપરાય છે તે જ અર્થમાં તે છે. જેમ 'Religion' એ **'ધર્મ'** શબ્દના અર્થમાં અંગ્રેજીમાં બોલાય છે. વાસ્તવમાં 'સંત' તથા 'ધર્મ' શબ્દોના અર્થ અનુક્રમે Saint અને Religion શબ્દોથી વધુ વ્યાપક છે. પાશ્ચાત્ય જગતમાં Saint તરીકેની માન્યતા ચર્ચની સત્તા (Authority) દ્વારા આપવામાં આવે છે. મધર ટેરેસાને હાલ ત્રણ વર્ષ પર જ 'Saint' તરીકેની પદવી આપવામાં આવેલી. જ્યારે ભારતમાં આવા પ્રકારની કોઈ વિશિષ્ટ સત્તા નથી જે કોઈને 'સંત' તરીકે પ્રતિષ્ઠિત કરે. અહીં તો સમાજ જ સંતને **'સંત'**ની કક્ષામાં બેસાડે છે, અથવા માન્યતા પ્રદાન કરે છે. ભારતમાં સમાજના કોઈ પણ વર્ગ કે વર્ણમાંથી સંત બની શકે છે, ચાહે તે ચાંડાલ પણ કેમ ન હોય. 'સંત' હોવું એ કેવળ બ્રાહ્મણોનો ઈજારો નથી. આપણે ત્યાં બ્રાહ્મણ સંતો થઈ ગયા તેમ વૈશ્ય-ક્ષત્રિય કે શૂદ્ર પણ 'સંત'ની કક્ષાને પામ્યા છે. જ્ઞાનેશ્વર, નામદેવ, કબીર, મીરાંબાઈ, નરસિંહ મહેતા ઇત્યાદિ અનેક ઉદાહરણો જોવા મળે છે.

ભારતીય સમાજ ચાર વર્ણોમાં વહેંચાયેલ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. આ ચારે વર્ણોમાંના પ્રત્યેક વર્ણની વ્યક્તિઓને વિશિષ્ટ કાર્યો સોંપવામાં આવ્યાં છે. બ્રાહ્મણોને માટે વેદોનું અધ્યયન અને અધ્યાપન અપેક્ષિત હતું. ક્ષત્રિયોનું કાર્ય રક્ષણનું, વૈશ્યોનું કાર્ય ઉત્પાદનનું અને શૂદ્રોને સેવાનું કાર્ય સોંપાયેલ હતું.

પરંતુ વાસ્તવિક પરિસ્થિતિમાં વેદોનું જ્ઞાન કેવળ ૩૦ જેટલા બ્રાહ્મણો વચ્ચે સંગ્રહાયેલ રહ્યું હતું, એટલે કે વેદો-જાણે કે તિજોરીમાં પુરાયેલ હતા. તે બ્રાહ્મણોએ વેદોને પોતાના સુધી જ સીમિત રાખેલા. તેઓ પણ વેદોનો પાઠ

કરતા, છતાં ન તો તેની તેમને સમજણ હતી કે ન તેના વિશેનું સંપૂર્ણ જ્ઞાન હતું. હિન્દુઓ વેદોની એક પવિત્ર ગ્રંથ તરીકે પૂજા કરતા, પરંતુ તેના જ્ઞાન વિશે તેમને માહિતી કે જ્ઞાન ન હતું. એમ કહેવાતું કે **'વેદોડખિલો ધર્મ મૂલમ્'**- વેદો ધર્મનું મૂળ છે, પરંતુ વેદનું જ્ઞાન સામાન્ય લોકોને પ્રાપ્ત થતું નહીં. સ્વામી દયાનંદ સરસ્વતી પહેલી વ્યક્તિ હતા જેમણે વેદોનો અનુવાદ હિન્દીમાં કર્યો, અંગ્રેજીમાં વેદોનો અનુવાદ કરનારા પ્રથમ 'Maxmullar' હતા. કેશવચંદ્ર સેન (K.C. Sen) કરીને કોલકતામાં થઈ ગયા, જેઓ વૈદિક સત્તા (Authority)નો વિરોધ કરતા, કારણ કે વેદનું જ્ઞાન સર્વગ્રાહ્ય ન હતું, સર્વવિદિત ન હતું. તેનું કારણ એ હતું કે તે સંસ્કૃત ભાષામાં હોઈ સામાન્ય લોકોની સમજણ બહારનું હતું.

જેમ પશ્ચિમમાં 'ફેમિલી બાઈબલ' છે તેમ આપણે ત્યાં 'ફેમિલી વેદો' ઉપલબ્ધ નથી. મૂળ બાઈબલનો ગ્રંથ લેટિન અને ગ્રીક ભાષામાં હતો, જેનો પાછળથી અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવેલો. પંદરમી શતાબ્દીમાં માર્ટિન લ્યુથરે બાઈબલનો વિરોધ કરેલો કારણ કે ત્યારેં તે અંગ્રેજી ભાષામાં ન હોઈ સામાન્ય સમાજની સમજણ બહાર હતો. તે જ પ્રમાણે સંસ્કૃત ભાષા બોલચાલની ભાષા ન હોઈ વેદની વાણીને સામાન્ય લોકો સમજી શકતા નહીં. સંસ્કૃત દેવભાષા (Language of God) કહેવાય છે, પરંતુ રોજ વ્યવહારમાં તેનો ઉપયોગ થતો નહીં. એટલે લોકો વેદોના જ્ઞાનથી વંચિત રહેતા. આમ વેદ થોડાક બ્રાહ્મણોમાં જ સીમિત રહી ગયેલા.

વેદોનું જ્ઞાન શું છે? (What is vedic wisdom!) : તત્ત્વજ્ઞાનની ભાષામાં વેદોમાં જે અંતિમ સત્ય છે, અંતિમ મૂલ્ય છે, (Ultimate or Final value i.e. Real) છે તેમ બતાવવામાં આવ્યું છે, તે જ **સત્યમ્ શિવમ્ સુંદરમ્** છે, સાચું છે, કલ્યાણકારી છે અને સુંદર છે.

હકીકતમાં વેદોને સાચવનારા બ્રાહ્મણો જે જ્ઞાન પ્રગટ ન કરી શક્યા તે ભારતના સંતોએ કર્યું છે. ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખવામાં સંતોનો બહુ મોટો ફાળો છે.

સંત તુકારામે કહ્યું છે : **'આમ્હાશી ચ ઢાવા, ઈતરાની વહાવા ભાર માથે'**- અર્થાત્ અમે જાણીએ છીએ, બીજા તો તેનો ભાર માથે ઉપાડીને

ફરે છે, (We know real meaning of vedas whereas others merely carry its burdon).

સંત જ્ઞાનેશ્વરે ચારસો વર્ષ પૂર્વે 'જ્ઞાનેશ્વરી' લખેલી છે, જે વેદતુલ્ય ગણાય છે. સંતો ભગવાનના માણસો ગણાય છે- (They are men of God.) ઋષિ, આચાર્ય, સંત-એ અલગ અલગ સમયમાં થઈ ગયેલ આધ્યાત્મિક વિભૂતિઓ માટે વપરાતા શબ્દો છે. 'આચાર્ય' તેને કહેવાય જે શાસ્ત્રો પ્રમાણેનું આચરણ કરે. આચાર્ય વૈદિક જ્ઞાનના વિદ્યાર્થી હતા, સાથે વૈદિક જ્ઞાનના શિક્ષક તેમજ વૈદિક જ્ઞાનનું આચરણ કરનારા પણ હતા.

સંતોને કોઈ વિશિષ્ટ સંસ્થા માન્યતા નથી આપતી હોતી, પરંતુ તેઓ ભગવાનના માણસો હોય છે, ભગવાનને માટે અને ભગવાનને આધારે જીવતા માણસો હોય છે. જ્યારે તેઓને સમાજ માન્યતા અથવા રાજ માન્યતા, પ્રાપ્ત થાય છે, ત્યારે તેઓ પુજનીય બને છે. તેઓની વાણીમાં જુસ્સો (Force) અને દૃઢમાન્યતા (Conviction) હોય છે. તેઓ પરમ સત્યના પૂજારી હોય છે.

સંતો 'રાજમાન્ય', 'સમાજમાન્ય' અને 'ઈશમાન્ય' હોય છે, કારણ કે તેઓ લોકો દ્વારા પ્રમાણિત થયેલ હોય છે. સંતો ભગવાનમાં મનુષ્યનાં દર્શન કરે છે, અને મનુષ્યમાં ભગવાનનાં દર્શન કરે છે. તેઓ માને છે કે ભગવાનને કષ્ટ આપવું જોઈએ નહીં. શબરીનું ઉદાહરણ રામાયણમાં જાણીતું છે કે તે ભીલડી હોવા છતાં તેણે શ્રીરામચંદ્રજીને એઠાં બોર ખવડાવ્યાં હતાં. તેનો આશય હતો કે ક્યાંક બોર ખાટાં હોય તો પ્રભુને શ્રમ પડે તેવો ભગવાનના સુખનો ભાવ તેના મનમાં હતો. સંતો પ્રેમાળ અને કરુણાવાન હોય છે.

સંતોએ કયા કામ કર્યાં છે?-

(૧) સંતોએ સગુણ બ્રહ્મને 'પરમતત્ત્વ' (Highest Reality) તરીકે માન્યતા આપી છે. સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ એ એક જ સાતત્ય-(Reality)ના બે પાસાં છે, પરંતુ સગુણ બ્રહ્મ હૃદયની લાગણીઓનો પ્રતિસાદ આપી શકે છે, માટે સંતોએ તેમની વાણી કે રચનાઓમાં વિષ્ણુ, હરિ, શ્રીકૃષ્ણ ઈત્યાદિ નામોનો પ્રયોગ કર્યો છે.

(૨) તેમણે પ્રતિપાદિત કર્યું છે કે મોક્ષપ્રાપ્તિ માટે ભક્તિ એ જ સાચો માર્ગ છે - સર્વોચ્ચ માર્ગ છે. શ્રી શંકરાચાર્યજી નિર્ગુણ બ્રહ્મના ઉપાસક અને

જ્ઞાનના પક્ષપાતી હોવા છતાં તેમના ગ્રંથ 'વિવેક ચુડામણી'માં કહે છે કે **'મોક્ષકારણ સામગ્ર્યાં ભક્તિરેવ ગરીયસી'** અર્થાત્ મોક્ષ મેળવવાનો શ્રેષ્ઠ ઉપાય 'ભક્તિ' છે. 'માનસપૂજા' નામક ગ્રંથમાં તેઓ લખે છે- **'સદા સેવ્યઃ કૃષ્ણ'.**

(૩) બધા જ સંતોએ જ્ઞાન અને કર્મ કરતાં ભક્તિને ઉત્તમ ગણાવી છે. જ્ઞાન એ કેવળ શાબ્દિક જ્ઞાન (Academic knowledge) છે. કર્મકાંડ કે જ્ઞાન કરતાં ભક્તિનો દરજ્જો ઊંચો છે.

ભક્તિને પાંચમો પુરુષાર્થ કહેવામાં આવ્યો છે, એટલું જ નહીં, પરંતુ તે ઉચ્ચતમ (Highest) પુરુષાર્થ છે. ભક્તિ એ મોક્ષ કરતાં ઉચ્ચતર છે, તે માન્યતાનો સ્વીકાર મોટા ભાગના સંતોએ કરેલો છે, કારણ કે ભક્તિ દ્વારા ભગવાનના આનંદ તત્ત્વનો અનુભવ કરી શકાય છે. ભગવાનના આનંદનો અનુભવ કર્યા પછી જગતના અન્ય બધા આનંદ તુચ્છ લાગે છે. ભક્ત અને ભગવાનનો સંબંધ પતિ-પત્નીના પારસ્પરિક પ્રેમ અથવા બે પ્રેમીઓ વચ્ચેના અનુરાગ જેવો હોય છે. વાસ્તવમાં આપણે તે સ્તર પર જતા નથી. આપણે તેને આપણા સ્તર પર લઈ આવીએ છીએ. જેમણે 'મધુરા ભક્તિ' અપનાવી છે તેવા સંતોએ પોતાની રચનામાં રાધાકૃષ્ણ કે શ્રીકૃષ્ણ-રુક્મિણીનાં ઉદાહરણ ઉધ્ધરત કર્યાં છે. શ્રી વલ્લભાચાર્યજીએ બાળકૃષ્ણના સ્વરૂપને મહત્ત્વ આપ્યું છે અને તેની સેવા કરવાનો ઉપદેશ આપ્યો છે. સંતોએ ભગવાનના રસમાધુર્ય (juicy aspects)ને, અને તેમનામાં રહેલા 'આનંદ તત્ત્વ'ના વૈશિષ્ઠ્યનું નિરૂપણ કર્યું છે.

(૪) સંતોએ જાતિ કે વર્ણ પ્રત્યે દુર્લક્ષ સેવ્યું છે, અર્થાત્ તેને કાંઈ મહત્ત્વ આપ્યું નથી. ભક્તિમાં પણ જાતિ તત્ત્વને બાકાત કરવામાં આવ્યું છે. (Caste Concideration is ignored in Bhakti). સંત તુકારામે કહ્યું છે કે જો હું બ્રાહ્મણ હોત તો અહંકારથી મરી જાત. જાતિને કારણે અહંકાર (Egoism અને Egotism) પેદા થાય છે. અહંકાર ભક્તિમાં બાધારૂપ છે.

(૫) સંતોએ ધર્મને કોઈ સીમામાં કેદ કર્યો નથી. તેઓ ખુલ્લા ધર્મ (Open Relision)માં માનનારા હોય છે. પાશ્ચાત્ય તત્ત્વચિંતક હેન્રી બર્ગસને (Henry Bergoson) બે પ્રકારના ધર્મ (Religion) બતાવ્યા છે- ખુલ્લો ધર્મ

(Open Religion) અને બંધ ધર્મ (Closed Religion). તેમના મતે બંધ ધર્મ એ પાદરીઓ- ધર્મગુરુઓ માટે છે. ('Closed Religion is for Priests). કેટલાક ધર્મસ્થાનોમાં સ્ત્રીઓને, શુદ્રોને પ્રવેશ હોતો નથી. જ્યારે ખુલ્લો ધર્મ ઉપદેશકો-સંતો માટે છે. ('Open Religion' is for Prophets and saints.) સંતોનો ધર્મ ખુલ્લો હોય છે- અપ્રતિબંધિત હોય છે, સૌ કોઈને તેમાં પ્રવેશ પ્રાપ્ત હોય છે.

હિન્દુ સમાજ-હિન્દુ ધર્મ માટે સંતોનું યોગદાન

(Contribution of Saints to Hindu Society- Hinduism)

ભારતમાં સંતો 'ઈશ-માન્ય' (God man) ગણાય છે. આપણે ત્યાં સમાજના લોકો સંતોને માન્યતા આપે છે. જ્યારે પાશ્ચાત્ય દેશોમાં પોપ દ્વારા સંતોને માન્યતા અપાય છે.

હિન્દુ ધર્મ અને હિન્દુ સમાજના આધ્યાત્મિક વિકાસમાં સંતોનું અતિ વિશિષ્ટ મહત્ત્વ રહેલું છે, જેના વિવિધ પાસાંઓ નીચે મુજબ જાણી શકાય-

(૧) સંતો પોતાના આધ્યાત્મિક વિકાસ દ્વારા સંતપણાને પ્રાપ્ત કરે છે અને સમાજને સદોપદેશ તેમજ ઈશ્વરોપદેશ દ્વારા વિશિષ્ટ દૃષ્ટિકોણ આપે છે. સંત સૂરદાસજીનું જ્વલંત ઉદાહરણ પ્રાપ્ત છે. તેમનામાં ભવિષ્ય કથન કરવાનું અલૌકિક સામર્થ્ય હતું. પોતાનું ગામ ત્યજી યમુના નદીના કિનારે તેમણે વાસ કરેલો. તેમના પદો-કિર્તનોમાં 'કૃષ્ણભક્તિ'- કૃષ્ણ પ્રત્યેનો અનન્ય પ્રેમ દૃષ્ટિગોચર થાય છે. તેમણે સગુણ બ્રહ્મને પ્રાધાન્ય આપેલું અને ઈશ્વરને વ્યક્તિગત સ્તર ઉપર સ્વીકારેલા. શ્રીકૃષ્ણને પોતાના ઈશ્વર તરીકે તેમણે સ્વીકારેલા છે. સગુણ બ્રહ્મ એટલે નિજી ઈશ્વર (personal God). શ્રીકૃષ્ણને પરમતત્ત્વના રૂપમાં સ્વયં અવતારી (અવતાર નહીં) તરીકે તેમણે સ્વીકારેલા. તેમણે ગાવા માટે જ્યારે બોલાવવામાં આવ્યા ત્યારે બાદશાહ અકબરના નિમંત્રણને પણ ઠુકરાવી દીધું હતું, એમ કહીને કે પોતાની વાણી કેવળ કૃષ્ણ ભક્તિ માટે જ છે. એમની કૃષ્ણ પ્રત્યેની અનન્યતા અને પોતાના વિચારોની દૃઢતા સમાજને નવીન દૃષ્ટિકોણ પૂરો પાડે છે. સંતોમાં આવી ખુમારી હોય છે.

(૨) સંતોએ ઈશ્વરને આ સૃષ્ટિના કર્તા (Creator), નિયામક અથવા પાલક (Operator) અને નષ્ટ કરનાર (Dissolutor)ના રૂપમાં ગણાવ્યા છે. ઈશ્વર જ વિશ્વનું ઉપાદાન કારણ (Material Cause), જેમાંથી વિશ્વ બન્યું

છે અને નિમિત્ત કારણ (Efficient Cause)- જેના દ્વારા વિશ્વ બનાવવામાં આવ્યું છે તે ગણાવ્યા છે.

‘ભક્ત’ એટલે જે ‘વિભક્ત’ એટલે કે જુદા નથી, અર્થાત્ પોતાને ભગવાનથી અલગ ન માને તે. માટે જ તેને ભક્ત કહેવાય. જ્યાં સંત છે ત્યાં ભગવાન છે. જેમ ખુરશી લાકડાથી અલગ ન હોઈ શકે તેમ બધું જ ભગવાનનું સ્વરૂપ છે, બધું જ ભગવાનમાં છે - (All is God, there is nothing external from God) આને 'Pan Theism' કહેવાય. ખુરશીમાં લાકડું ‘ઉપાદાન કારણ’ છે - સુથાર ‘નિમિત્ત કારણ’ છે અને ખુરશી તે ‘કાર્ય’ છે.

સદ્‌વસ્તુ શાસ્ત્રની દૃષ્ટિથી (Ontologically) કહીએ તો મનુષ્ય ઈશ્વરથી અલગ થઈ શકતો નથી. (It is imposible for man to be seperated from God, psycologically we are connected to God.) આ વાત સંતોએ કહી છે. આ વિચાર સંતોએ આપ્યો છે.

(૩) સંતોએ કહ્યું છે કે ભગવાનનાં અનેક નામો છે. આપણે ઈસ્લામના એકેશ્વરવાદ (Mono Theism)ના પડકારને ઝીલવો પડ્યો છે. તેઓ કેવળ એકમાત્ર ‘અલ્લાહ’ને જ ઈશ્વર માને છે. અન્ય કોઈ ઈશ્વરના અસ્તિત્વને તેઓ સ્વીકારતા નથી. સાધનાની દૃષ્ટિએ ઈશ્વરના કોઈ એક રૂપનો જ સ્વીકાર કરી તેને વળગી રહેવું જોઈએ. સાધના માટે આ જરૂરી છે. એક જ તત્ત્વને માનવું જરૂરી છે. તેને ‘અનન્યાશ્રય’ કહેવાય. શ્રી વલ્લભાચાર્યજીએ પણ આવો જ દૃષ્ટિકોણ આપ્યો છે. કૃષ્ણ પરમોચ્ચ તત્ત્વ હોઈ એકમાત્ર તેમની જ આરાધનાનો તેમણે ઉપદેશ આપ્યો છે.

(૪) સંતોએ સમજાવ્યું છે કે ભગવાનનાં ઘણાં નામ હોઈ શકે છે, પરંતુ કોઈ એક નામના મંત્રનો જપ કરવો જરૂરી છે. એક વાર કોઈ મંત્રનો જપ કરવા માંડીએ તો તેનાથી ટેવાઈ જવાય છે, પછી તે કોઈ પણ મંત્ર હોય- પંચાક્ષર-અષ્ટાક્ષર કે દ્વાદશાક્ષર, માટે જ અલગ અલગ મંત્રની દીક્ષાની પ્રથા શરૂ થયેલ છે અને તેનું વિશિષ્ટ મહત્ત્વ છે.

(૫) સંતોની વાણીમાં જાતિવાદને કોઈ સ્થાન નથી. ભક્તિમાં જાતીય ભેદ (Castism) સંભવી શકે નહીં. ભક્તિનો સર્વ કોઈને એકસરખો અધિકાર છે. સંતોનાં દ્વાર બધાંને માટે ખુલ્લાં હોય છે, ચાહે તે બ્રાહ્મણ હોય કે શૂદ્ર,

કોઈ ભેદ હોતો નથી. ભક્તિ બધાને માટે છે. અમુક કરી શકે અને અમુક ન કરી શકે તેવો ભેદ ભક્તિમાં ન હોઈ શકે. સંતો કોઈ ધર્મને મર્યાદામાં બાંધી દેતા નથી. તેઓ ખુલ્લા મનથી વાત કરે છે. ભક્ત હોય તે ભક્તિનું સ્વરૂપ સમજાવી શકે- શીખવી શકે. નામદેવ મહારાજ હરિજનવાસમાં જઈ કીર્તન-સત્સંગ કરતા હતા. નરસિંહ મહેતા પણ પોતાની જ્ઞાતિની પરવા કર્યા વગર હરિજનવાસમાં ભજન કરવા જતા. તેમના મનમાં કોઈ ભેદભાવ ન હતો. સંતોએ પોતે આચરણમાં મૂકી આ સત્યને સમજાવ્યું છે.

(૬) સંતો પ્રેમ અને કૃપા વરસાવે છે (Saints are persons of Love and Grace). તેમના મતે ઈશ્વર નિર્દયી નહીં, પરંતુ પ્રેમ અને કૃપાળુતાની મૂર્તિ હોય છે. માટે જ **'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ'**નો દૃષ્ટિકોણ (Concept) આપણે ત્યાં છે. 'ઈશ્વર માતા-પિતા જેવા કૃપાળુ અને પ્રેમાળ હોય છે' એમ કહેવાનું અહીં તાત્પર્ય છે.

(૭) સંતોએ બતાવ્યું છે કે ઈશ્વર આપણી સાથે એકાત્મ થઈ શકે છે- (God has power to indulge with us). તે આપણાં સુખ, દુઃખનું ધ્યાન રાખે છે. દુનિયામાં અન્ય કોઈ આપણી કદર ન કરે પણ ભગવાન આપણી કદર કરે છે (God takes care of innermost instict of human action, and personality).

એક નવયુવાન સ્ત્રીને બાળક જન્મ્યું. બાળકના જન્મતાંની સાથે તે વેળાએ જ તેના પતિનું મૃત્યુ થયું. સ્ત્રી તે આઘાતને જીરવી ન શકી. અન્મનસ્ક થઈ ગઈ. તેની વાચા હણાઈ ગઈ. તે કોઈ પણ પ્રતિભાવ આપવા અસમર્થ બની ગઈ. જ્યારે તેની પાસે તેના નવજાત બાળકને લઈ જવામાં આવ્યો ત્યારે તેની લાગણીઓનો ધોધ ફૂટી નીકળ્યો અને તે રડી પડી. તેના બાળક પ્રત્યે તે કહેવા લાગી કે 'હે બાળક, હું તારે માટે જીવીશ'. આમ અંદર ધરબાયેલી લાગણી બહાર આવી. આ પ્રકારે ભગવાનની પણ કરુણા પ્રગટ થાય છે. તે આપણી દરકાર કરે છે, માટે તેને 'કરુણા સાગર' કહે છે. સાચા ભક્તના દુઃખને તે સહન કરી શકતા નથી. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે-

'પરિત્રાણાય સાધુનાં, વિનાશાયચ દુષ્કૃતમ,
ધર્મસંસ્થાપનાર્થય, સંભવામિ યુગે યુગે'.

(૮) સદ્‌વસ્તુ શાસ્ત્ર- (Ontology) એ 'પરમતત્ત્વ'નું વિજ્ઞાન છે. સગુણ બ્રહ્મ આપણી લાગણીઓનો પ્રતિસાદ આપે છે. માટે જ પ્રાર્થનાનું મહત્ત્વ છે. આપણી સાચા હૃદયથી કરેલ પ્રાર્થના ભગવાન સાંભળે છે અને તેનું નિરાકરણ કરે છે, કારણ કે ભગવાન ભક્તને પ્રેમ કરે છે. - તેને ચાહે છે. શ્રી વલ્લભાચાર્યજીએ મધુરાષ્ટક ગ્રંથમાં કહ્યું છે- **'મધુરાધિપતેરખિલં મધુરં.'** અહીં ભગવાનની મધુરતાના આસ્વાદની વાત કહી છે, ભગવાનના મધુર તત્ત્વ (Sweetness of God) વિશે સંકેત આપેલ છે. ભગવાનમાં જે કાંઈ છે તે મધુર છે. આપણે તેનો આસ્વાદ લેવાનો છે- તેની મધુરતા માણવાનો દૃષ્ટિકોણ આપણે વિકસાવવાનો છે. સંતોએ આ વાત આપણને સમજાવી છે, અને પોતાની રચનાઓ દ્વારા ભગવાનની મધુરતાનો આસ્વાદ લેવડાવ્યો છે.

(૯) સંતોએ ભગવાનના મૂર્ત સ્વરૂપને પ્રાધાન્ય આપી તેના સગુણ તત્ત્વને આપણી સમક્ષ પ્રગટ કર્યું છે. ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ ઝટ આપણી સમક્ષ આવતું નથી, અર્થાત્ તે સમજાતું નથી, માટે તેનું ધ્યાન થઈ શકતું નથી. તેથી સંતો મૂર્ત સ્વરૂપને આપણી સમક્ષ પ્રસ્તુત કરે છે. તેમણે ભગવાનના કોઈ એક નામ ઉપર ભાર મૂક્યો છે. જેમ કે શ્રીકૃષ્ણનું નામ. જ્યારે પણ આપણને કાંઈ તકલીફ પડે ત્યારે શ્રીકૃષ્ણના નામનું સ્મરણ કરીએ. શ્રીકૃષ્ણનું નામ લેવાથી ભય દૂર થાય છે, કારણ કે ભગવાનનું અસ્તિત્વ સર્વત્ર છે. આપણે તેનું નામ લઈએ- સ્મરણ કરીએ ત્યારે એ ચોક્કસ આપણી સમક્ષ પ્રગટ થાય છે. ઉદાહરણ માટે આપણે કોઈ ભાવતી વસ્તુને યાદ કરીએ તો તરત જ આપણા મોંમાં પાણી આવે છે. તે જ પ્રમાણે ભગવાનના નામમાં પણ એવી તાકાત છે કે તેને યાદ કરતાં તેમનું અસ્તિત્વ છતું થાય છે, તેનો અનુભવ આપણે કરી શકીયે છીએ. સંતો 'ગુરુ'નું પણ કાર્ય કરે છે. ગુરુ એ વ્યક્તિગત માર્ગદર્શક છે, માટે તેમના પ્રત્યે માન હોવું ઘટે. મંગલાચરણમાં કહેવાયું છે-

'અજ્ઞાન તિમિરાંધસ્ય, જ્ઞાનાંજન શલાકયા
ચક્ષુરુનમિલિતં યેન, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ'

અર્થાત્ ગુરુ જ્ઞાનરૂપી અંજન શલાકાથી આપણા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી આપણી આંખો ખોલી આપણને પ્રકાશની પ્રતીતિ કરાવે છે.

આપણે પરમતત્વ-(Ultimate Reality)ને ઓળખતાં નથી. ગુરુનું કાર્ય

આપણામાં આત્મવિશ્વાસ જગાડવાનું, આપણને આત્મશક્તિ આપવાનું છે, આપણને પરમતત્ત્વની ઓળખાણ કરાવવાનું છે. સામાન્યતઃ આપણે ગુનાહિત હોવાનો અહેસાસ કરતાં હોઈએ છીએ. તે ભય દૂર કરવાનું કામ ગુરુનું છે. આપણે પાપ કરીએ છીએ કે નહીં તે જોવાનું કામ ગુરુનું છે, અને તે ન થાય તેમ શીખવવાનું તેમનું કાર્ય છે. જો યોગ્ય ગુરુ ન મળે તો ભગવાનને ગુરુના રૂપમાં સ્વીકારવા જોઈએ તેમ સંતો કહે છે. તે હંમેશાં આપણું માર્ગદર્શન કરવા હાજર હોય છે. સંત તુકારામને કોઈ ગુરુ ન હતા. તેમને સ્વયં ભગવાન ગુરુરૂપે મળ્યા હતા. ગુરુ એવા હોવા જોઈએ જેમને ઈશ્વર સાક્ષાત્કાર થયો હોય. જો તેવા ગુરુ મળે તો જેમ ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે **'ન મે ભક્ત્યા પ્રણશ્યતિ'** અર્થાત્ મારા ભક્તનો કદી નાશ થતો નથી.

(૧૦) સંતો સ્વયં 'ભાગવત' છે. ભાગવતજીની રચના વેદવ્યાસજીએ તેમને સમાધિમાં જે અનુભૂતિ થઈ તેના આધારે કરેલ છે. વેદો ભગવાનનો નિશ્વાસ છે. જ્યારે ગીતા ભગવાનની સભાનતાપૂર્વક કહેલી વાણી છે. ભાગવત એ પુરાણ છે જે વેદના નિચોડરૂપ છે. આમ શ્રુતિ-વેદ, સ્મૃતિ અને પુરાણ એ ભારતીય દર્શનના આધારભૂત ગ્રંથો છે. સંતો ભગવદ્ગીતાને પણ શ્રુતિરૂપ જ માને છે. ભગવાનની સ્વયંની વાણી હોઈ તે વેદતુલ્ય ગણાય છે. તે જ મુજબ ભાગવત એ ભક્ત થવા માટેનો ભક્તિગ્રંથ છે. તેમાં પ્રહ્લાદજી વગેરે અનેક ભક્તોનાં ચરિત્રોની ગાથા છે. તેમાં ભક્તિની શિક્ષા છે. ભગવાન પાસેથી ભક્તોએ મેળવેલ સિદ્ધિઓનું તેમાં વર્ણન છે. ભક્તિના સામર્થ્યનું ભગવાનની વિવિધ લીલાઓનું તેમાં ચિત્રણ છે. ભગવાનનું સામર્થ્ય પ્રાપ્ત થતાં, યોગીક કાર્યશક્તિ પ્રાપ્ત થતાં ભક્ત નમ્ર બને છે. તે શક્તિનો તે દૂરુપયોગ કરી શકતો નથી. તેમનામાં દૈન્યતા આવે છે કારણ કે તેઓ જાણે છે કે આ શક્તિ તેમના 'ઉપાસ્ય'ની છે. 'આ ભગવાને આપ્યું છે' તેનું તેમને ભાન હોય છે. સાચા ભક્તને અહંકાર ન હોઈ શકે. જો તે અહંકારી બને તો તે સંસારમાં ફસાઈ જાય. સંસાર 'અહંતા મમતાત્મક' છે. માટે આપણે ઈશ્વરપરાયણ (God-Centric) બનવું જોઈએ. જો કોઈ એમ પૂછે કે શા માટે, તો કહેવાય કે સુખી થવા માટે, શાશ્વત આનંદ પ્રાપ્ત કરવા માટે. મનુષ્ય જ્યારે ભૌતિક સુખોને ભોગવે છે, ત્યારે તેનાથી અંતે તે કંટાળી જાય છે. શાશ્વત આનંદ પ્રાપ્ત કરવા

માટે તેણે ભક્તિ તરફ આવવું પડે છે, કારણ કે 'આનંદ' એ ભગવાનનું એક તત્ત્વ છે (Bliss is an aspect of God). તેનામાં મીઠાશ છે, માધુર્ય છે (He is an ocean of sweetness). તેની આગળ સંસારનું બધું સુખ તુચ્છ લાગે છે (All Joys of the world become insignificant when one experiences Bliss of God).

(૧૧) લોકભાષા માટેનો આગ્રહ એ સંતોની વિલક્ષણતા છે. સંસ્કૃત દેવભાષા હોવા છતાં તે કેટલાક લોકો પૂરતી જ સીમિત રહી છે. આથી વેદોનું જ્ઞાન બહુજન સુધી પહોંચી શકતું નથી. આવી જ પરિસ્થિતિ પશ્ચિમમાં પંદરમી શતાબ્દીમાં બાઈબલ વિશે હતી, જે લેટીન/ગ્રીક ભાષામાં લખાયેલ હતું. ત્યારે કેટલાક લેભાગુ પાદરીઓ 'સ્વર્ગપત્રિકા' અથવા 'મોક્ષપત્રિકા' વેચતા હતા. તેઓને ચર્ચ બાંધવા પૈસાની જરૂર હતી એટલે આ રીતે ધર્મનો દુરુપયોગ થવા માંડેલો. આનો વિરોધ જર્મનીની 'માર્ટીન લ્યુથર' નામની વ્યક્તિએ કરેલો. તેણે કહ્યું કે તમે પૈસા ખર્ચી સ્વર્ગમાં ન જઈ શકો. તે જમાનામાં પોપનું સ્થાન ભગવાનથી બીજા નંબરે જ (Next to God) ગણાતું હતું. પોપથી ભૂલચૂક થાય જ નહીં (Pope is Infallible) તેમ મનાતું. માર્ટીન લ્યુથરે ત્યારે કહ્યું કે આ બાઈબલ વિરુદ્ધની વાત છે. તેણે આ બાબતનો સખત વિરોધ કર્યો અને ત્યારથી ક્રિશ્ચયાનિટીનો 'પ્રોટેસ્ટન્ટ'ના રૂપમાં ફાંટો પડ્યો. પ્રોટેસ્ટન્ટ ક્રિશ્ચયાનિટી ત્યારથી અસ્તિત્વમાં આવી. તે પછી બાઈબલ ગ્રંથને અંગ્રેજીમાં તૈયાર કરવામાં આવ્યો. આપણે ત્યાં માધવ ગોવિંદ રાનડે (M. G. Ranade) કરીને એક જજ હતા. તેઓ ભારતીય અર્થશાસ્ત્રના સ્થાપક હતા. તેમણે સંતોને માન્યતા આપી હતી. જેમ સોળમી શતાબ્દીમાં પશ્ચિમમાં માર્ટીન લ્યુથરે કાર્ય કર્યું હતું, તેમ આપણા દેશમાં સંતોએ કર્યું છે. સંતોએ લોકભાષામાં વેદોનું જ્ઞાન પીરસ્યું છે, ભક્તિની વાણી ઉચ્ચારી છે, ભગવાનને ઓળખાવ્યા છે. તેમણે લોકોની ભાષામાં ધાર્મિક વિચારો વ્યક્ત કર્યા છે. શ્રી વલ્લભાચાર્યજીએ વ્રજભાષા જેવી લોકભાષાને પ્રોત્સાહન આપ્યું છે. સુરદાસજી વગેરે ભક્ત કવિઓએ વ્રજભાષામાં રચનાઓ કરી છે. આમ, સંતોએ પ્રાકૃત ભાષામાં વેદોની વાણીને વ્યક્ત કરી સમાજને શિક્ષિત કર્યો છે. સંત જ્ઞાનેશ્વરે આજથી સાતસો વર્ષ પહેલાં લોકભાષા મરાઠીમાં 'જ્ઞાનેશ્વરી' લખેલી જે ભક્તિનો ઉત્કૃષ્ટ ગ્રંથ ગણાય છે.

સંસ્કૃત ભાષા પાયાની ભાષા છે. બધી લોકભાષાઓનું તે ઉદ્‌ગમ સ્થાન

છે. તેમાંથી જ મરાઠી, ગુજરાતી વગેરે અનેક ભાષાઓ ઉદય પામી છે. માટે સંતોએ એવી અનેક લોકભાષામાં રચનાઓ કરી ધાર્મિક વિચારો લોકો સમક્ષ પહોંચાડ્યા છે.

(૧૨) દયા અને કરુણા સંતોનાં મૂળભૂત (Inherent) ગુણો છે. તે તેમનાં જીવનમૂલ્યો (Values) છે. આપણે આ મૂલ્યોને ચાલુ રાખવાં જોઈએ. આવાં મૂલ્યો ભગવાનમાં છે. તેઓ સત્ય (સાતત્ય- Truth), શુભ (કલ્યાણકારી- Good) અને સુંદરતા (Beauty)નો સુભગ સંગમ છે. તેમનામાં **'સત્યમ્- શિવમ્- સુંદરમ્'**નું સામંજસ્ય છે, અભિવ્યક્તિ છે. સંતો દ્વારા તૈયાર થયેલ સાહિત્યનો આશય આવા સત્ય, શુભ અને સુંદરતાની અભિવ્યક્તિ છે. સંતોમાં ભગવદીયતા (Godliness) રહેલી હોય છે. ભક્તિ એ ભગવદીયતા (Godliness) પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે.

(૧૩) 'મોક્ષ' એ પરમ પુરુષાર્થ છે. ભક્તિ તેનાથી ઉચ્ચ કક્ષાએ છે. ભક્તોએ ભક્તિને મોક્ષ કરતાં વધુ મહાત્મ્ય આપ્યું છે. ભક્તો સતત દિવ્યતાનો અનુભવ કરે છે. તેઓ ભક્તિને ઉચ્ચ ગણે છે. ભગવાનની દિવ્યતાનો અનુભવ ભક્તો કરતાં હોય છે. શ્રી વલ્લભાચાર્યજીએ સર્વભાવાત્મિકા ભક્તિનું પ્રાધાન્ય બતાવ્યું છે. સંતોએ ભગવાન સાથેના પ્રેમને પતિ-પત્ની કે પ્રેમી-પ્રેમિકાના સંબંધમાં વર્ણવ્યો છે. શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી કૃષ્ણના બાળસ્વરૂપની, બાલકૃષ્ણની ભક્તિ સ્વીકારી છે. કેટલાક સંતોએ દાસ્યભક્તિ સ્વીકારી છે. બાલકૃષ્ણમાં વાત્સલ્યભાવ હોઈ તે નિર્દોષ પ્રેમની અભિવ્યક્તિ છે. ઘણા સંતોએ પણ આવા વાત્સલ્યભાવની અભિવ્યક્તિ તેમની રચનાઓમાં કરી છે.

યમનિયમ ઈત્યાદિ, નૈતિક મૂલ્યો (Ethical values) માટે આવશ્યક છે અને તેનાથી જ આધ્યાત્મિક મૂલ્યો- (spiritual Values)ને ગ્રહણ કરી શકાય છે. યોગમાં યમ, નિયમ, આસન વગેરે પ્રક્રિયાઓનું વર્ણન છે. આસન સિદ્ધ કરવું એટલે એવો Posture ધારણ કરવો કે જે ધ્યાનમાં ઉપયોગી બની શકે. નૈતિક મૂલ્યો વગર આધ્યાત્મિક મૂલ્યો હોઈ શકે નહીં. આપણી સમગ્ર જીવનયાત્રા એ નૈતિક મૂલ્યો થકી છે. આપણે સુખાર્થી છીએ. તે ભક્તિ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. ભક્તિ એ મોક્ષનું સાધન છે, છતાં મોક્ષથી ભક્તિનું સ્થાન ઊંચું છે. તેને પાંચમા પુરુષાર્થ તરીકે- ઉચ્ચતમ પુરુષાર્થ કહેવાય છે.

(૧૪) વ્યક્તિગત આત્મામાં વિશ્વાસ રાખવાનો (Belief in the Individuality of the Soul) ઉપદેશ સંતોએ આપ્યો છે. તેઓ કહે છે, જીવ અસત્ય નથી. જીવ (આત્મા) સત્ છે- (Reality) છે. જીવ ભગવાનનો અંશ છે (It is a part of Divinity.) તે ભગવાનનો અંશ છે માટે તે સત્ય છે. જીવ શરીરથી અલગ છે. જીવ ભગવાન જેવો જ સત્રૂપ છે. તેને મોક્ષ પામવાનો અર્થાત્ જન્મ-મરણની ઘટમાળમાંથી છૂટવાનું- છે. તેનામાં મુક્ત થવાની ઈચ્છા- (desire for liberation) હોવી જરૂરી છે. મોક્ષ એ મૃત્યુ ઉપરનો વિજય છે. મોક્ષની પ્રાપ્તિ એ મનુષ્યનું ધ્યેય હોવું જોઈએ. મોક્ષની શક્યતા મનુષ્ય યોનિમાં જ છે, કારણ કે મનુષ્ય જીવનમાં જ આવી સમજણ શક્ય છે. માટે કહ્યું છે કે મનુષ્યને ભક્તિ માટે વિશિષ્ટ ગણવામાં આવ્યો છે.

અગિયારમી શતાબ્દીમાં saint Anselna એ કહ્યું છે કે કોઈ નાસ્તિક (Atheist) હોઈ શકતો જ નથી. કોઈ કહે કે 'હું ઈશ્વરમાં માનતો નથી.' ઈશ્વર એટલે 'Perfact Being'. ઈશ્વરમાં ન માનવું એ જ ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર છે.

મનુષ્ય વિચારશીલ પ્રાણી છે. ગીતામાં કહ્યું છે- **'મન એવ મનુષ્યાણાં-કારણં બંધન્ મોક્ષયોઃ'** મનુષ્યનું મન જ બંધન અને મોક્ષ માટે કારણરૂપ છે. મનના વિચારો- મનના ભાવો જ મુશ્કેલી રચે છે. મન જો ભગવાનમાં જ લાગેલું રહે તો તેને અન્ય કોઈ બાબતમાં વિચારવાનું ન રહે. સુરદાસજીએ બાદશાહને કહેલું કે તેનું મન કૃષ્ણને સમર્પિત છે તો તેનો ઉપયોગ તે અન્ય કોઈ માટે કરી શકે નહીં. આમ મનનો નિગ્રહ કરવો અથવા- મનને ભગવાનમાં જોડવું એ જ 'ભક્તિ' છે.

આમ, હિન્દુ સમાજને અધ્યાત્મનાં વિવિધ પાસાંનું જ્ઞાન કરાવવા, ભગવાન અને ભક્તિના સ્વરૂપને સમજાવવા, મનુષ્યને સાચે માર્ગે દોરવા અને હિન્દુ ધર્મના હાર્દને સરળ ભાષામાં જનસમુદાય સમક્ષ રજૂ કરવામાં સંતોએ, ભક્તોએ, આચાર્યોએ મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

◆

૧૨

ગુજરાતમાં વૈષ્ણવવાદ

(Vaishnavism in Gujarat)

ભૂમિકા

માનવ સંસ્કૃતિના વિકાસના ત્રણ યુગ માનવામાં આવ્યા છે.

(૧) વેદયુગ (શ્રુતિયુગ) : આ યુગમાં ભક્તિ-કર્મ અને જ્ઞાન વિશેનું પ્રતિપાદન કરતાં ગ્રંથોની રચનાઓ થઈ, જે પદ્ય અને ગદ્ય બન્નેમાં હતી. વેદોની સંહિતા પદ્યમાં છે, તેમાં મંત્રો છે. અલગ અલગ ઈષ્ટદેવતાઓ પ્રત્યેની પ્રાર્થનાઓ જેમાં કંઈક અપેક્ષિત માગણીઓનો ઉલ્લેખ મળે છે. આમાં ભક્તિની અભિવ્યક્તિ છે, જોકે ક્યાંય 'ભક્તિ' શબ્દનું નામ જોવા મળતું નથી. આમ પદ્યાત્મક મંત્રોની રચના એ **'સંહિતા'**. બીજા **'બ્રાહ્મણ'** ગ્રંથો છે જે 'ગદ્ય'માં લખાયેલ છે. સંહિતામાં જે વાતો પદ્યમાં લખાયેલ હતી તેને સરળતાપૂર્વક સમજાવવા માટે 'બ્રાહ્મણ ગ્રંથો' ગદ્યમાં રચવામાં આવેલા છે. તેમાં યજ્ઞ-યાગાદિનાં વિધિ-વિધાન, શું કરવાથી શું પ્રાપ્ત થાય, ઈત્યાદિ બાબતોનો ઉલ્લેખ જોવા મળે છે. આમ સંહિતામાં 'ભક્તિ' જોવા મળે છે તો બ્રાહ્મણોમાં કર્મકાંડની વાતો વિશેષ છે. તે પછીના વિભાગોમાં **આરણ્યક** અને ઉપનિષદોમાં **'પરમસત્ય'** (Ultimate Reality) વિશે, 'બ્રહ્મ'ને અનુલક્ષીને ચર્ચા કરવામાં આવી છે. આમાં જ્ઞાન વિષયક બાબતોને સમાવિષ્ટ કરવામાં આવી છે. આ સર્વે ગ્રંથો સંસ્કૃત ભાષામાં આલેખાયેલા છે.

(૨) સ્મૃતિયુગ : આ કાળમાં સ્મૃતિ અને પુરાણોની રચના થઈ છે. રામાયણ, મહાભારત, ઈતિહાસ, પુરાણો, સૂત્રો-ધર્મસૂત્રો આદિની રચના આ યુગ દરમિયાન કરવામાં આવી છે. તેમાં ધર્મ - તેના કાયદા-કાનૂન, વિધિ અને નિષેધ - શું કરાય, શું ન કરાય - (Do and Don't) ઈત્યાદિની ચર્ચા આ ગ્રંથોમાં કરવામાં આવી છે. રામાયણ અને મહાભારત તેમ જ વિવિધ પુરાણોમાં ઉપનિષદની વાતોને સરળતાથી ઉદાહરણો-દાખલાઓ દૃષ્ટાંત, આખ્યાન, ઉપાખ્યાન વગેરેનો પ્રયોગ કરી સામાન્ય જનતા સમજી શકે તે રીતે

આ ગ્રંથો આલેખાયેલ છે. મહાભારતમાં ગીતાનો ઉપદેશ એ આ યુગની દેન છે- માટે જ ગીતાને 'સ્મૃતિ' કહેવાય છે.

(૩) ભાષાયુગ : આ ત્રીજો તબક્કો છે. જે દરમિયાન સંત-કવિઓ દ્વારા અનેકાનેક રચનાઓ પ્રગટ થઈ છે. આ તબક્કો 'સંત-કવિઓની વાણીનો યુગ' કહેવાય. ભારતના પ્રત્યેક પ્રદેશમાં અનેકાનેક સંતો અને કવિઓ દ્વારા વેદના વિચારોને વ્યક્ત કરતી રચનાઓ કરવામાં આવી છે જે સામાન્ય લોકોના હૃદય સુધી પહોંચી શકે. કારણ કે તેમનું લખાણ પ્રાકૃત ભાષામાં-લોકભાષામાં કરવામાં આવ્યું છે. કઠિનમાં કઠિન તત્ત્વજ્ઞાનને મધુર-સંગીતમાં ઢાળીને સરળ ભાષામાં લોકોના હૃદય સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ આ સંતકવિઓએ કરેલો છે. માટે આ યુગને **સંતકવિઓની ભાષાનો યુગ** કહેવાય છે.

'સોક્રેટિસ' સત્યનો શોધક- અન્વેષક હતો. તે સત્ય માટે જીવ્યો અને સત્ય ખાતર જ મર્યો. પ્લુટો તેનો શિષ્ય હતો. સોક્રેટિસને જ્યારે મૃત્યદંડ આપવામાં આવ્યો ત્યારે પ્લુટોએ તેને ભાગી જવા કહ્યું. ત્યારે સોક્રેટિસે જવાબ આપ્યો હતો કે 'મેં આખું જીવન સત્યને ખાતર વિતાવ્યું અને હવે મારો અંતરાત્મા કહે છે કે મારે સત્યને છોડવું જોઈએ નહીં, છેવટે તેણે સત્યને માટે પોતાનો જાન આપ્યો. આ જ પ્રમાણે સંતોએ સત્યના મહત્ત્વને શીખવવાનું કાર્ય કર્યું છે. તેમણે પરમ સત્યને-તાત્ત્વિક સત્યને લોકો સુધી પહોંચાડવાનું કાર્ય કર્યું છે. વેદોની ગહન વાણી જે સામાન્ય લોકો સમજી ન શકે તેને તેમણે લોકો સુધી તેમની ભાષામાં પહોંચાડી છે. એમ કહેવાય કે સંતો 'તત્ત્વજ્ઞાન'ને આકાશમાંથી પૃથ્વી પર લઈ આવ્યા- (They brought philosophy from Haven to Earth.) આમ સામાન્ય લોકોનાં ઘરોમાં- ઝૂંપડાંઓમાં 'તત્ત્વજ્ઞાન'ને સંત-કવિઓ લઈ આવ્યા.

સાતમી શતાબ્દીથી સોળમી શતાબ્દી દરમિયાન પ્રાદુર્ભૂત થયેલા આચાર્યો- શંકરાચાર્ય- રામાનુજાચાર્ય-મધ્વાચાર્ય-નિમ્બાર્કાચાર્ય-વલ્લભાચાર્ય વગેરેએ તત્ત્વજ્ઞાનને સંસ્કૃત ભાષામાં બૌદ્ધિકો સુધી પહોંચાડી અને જ્ઞાનની ગંગા વહેતી કરી. સાતમી સદીથી ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધીનો યુગ સંત-કવિઓનો રહ્યો. તે દરમ્યાન તેમણે ભક્તિની જ્ઞાનગંગાને લોકભાષાનો પ્રયોગ કરી નીચામાં નીચા સ્તરના માણસો સુધી પહોંચાડી જેના કારણે પ્રત્યેક

માણસ માટે 'તત્ત્વજ્ઞાન'ના હાર્દને સમજવું સરળ થઈ શક્યું અને તેના દ્વારા તેઓ મોક્ષ પ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધી શક્યા.

ભારતના બધા જ પ્રદેશોમાં અનેકાનેક સંત-કવિઓ થઈ ગયા છે. તેઓએ તેમજ ઉપરોક્ત આચાર્યોએ તો બૌદ્ધિકોને શીખવવાનું જે સરકારનું કાર્ય છે તે કર્યું છે, જ્યારે આ સંત-કવિઓએ N.G.O. - ગેરસરકારી સંસ્થાઓનું કાર્ય કર્યું છે. આજ સમય દરમ્યાન વૈષ્ણવ સંપ્રદાયનો પણ સારો વિકાસ થયો છે.

વૈષ્ણવ સંપ્રદાય :

વૈષ્ણવ સંપ્રદાયની સૌથી મોટી દેન એ રહી કે વૈષ્ણવ આચાર્યોના વિચારો મુજબ જો જગતને સત્ય માનીએ તો તેમાં કરવાનાં કાર્યો પણ ભગવાનનાં કાર્યો હોઈ તેમાં આળસ ન રાખી શકાય. તેમના મુજબ જીવ પ્રભુનો અંશ છે તો પ્રાણીમાત્રને મદદ કરવી તે મનુષ્યની એક પવિત્ર ફરજ ગણાય. તદુપરાંત જાતિવાદના ભેદને મિટાવવાનું મહત્ત્વનું કાર્ય વૈષ્ણવ સંપ્રદાયે કર્યું છે. એક અંદાજ મુજબ ગુજરાતમાં સૌથી વધુ વૈષ્ણવોની સંખ્યા છે. તેથી ગુજરાતમાં વૈષ્ણવવાદ (Vaishnavism) સારા પ્રમાણમાં વિકસ્યો છે. બાર કે તેરમી શતાબ્દીથી અઢારમી શતાબ્દી દરમ્યાન અનેક ભક્તકવિઓ અહીં થઈ ગયા છે, જેમણે ભક્તિસભર રચનાઓ દ્વારા લોક-શિક્ષણનું અદ્‌ભુત કાર્ય કર્યું છે.

તેમાં નરસિંહ મહેતા એ પ્રથમ સંત કવિ હતા. તેમની રચનાઓમાં શુદ્ધાદ્વૈત ઉપરાંત કેવલાદ્વૈતની પણ છાંટ જોવા મળે છે. જાતે તેઓ નાગર હતા અને હૃદયથી ભક્ત હતા. માટે તેઓ આર્દ્ર, વિનમ્ર ઉપરાંત શિષ્ટ હતા. તેમની ભાષા ખૂબ જ શિષ્ટ હતી. આજે દલિતોના ઉદ્ધારની વાતો થાય છે, જેઓની સમસ્યાએ એક વરવું રૂપ ધારણ કર્યું છે. વર્ષો પહેલાં ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુએ કહેલું કે 'દલિતોનો ઉદ્ધાર એ અમારું લક્ષ છે. તેને માટે એક વર્ષ 'અનામત'ની વ્યવસ્થા કરવી જોઈએ અને તે પછી તેઓ જાતે પોતાની વ્યવસ્થા કરે.' પરંતુ દલિતોના ઉદ્ધાર કે તેમને સમકક્ષ ગણવાનું સાચું કાર્ય નરસિંહ મહેતાએ કરેલું. તેઓ હાથમાં કરતાલ લઈ ભજન ગાવા હરિજનવાસમાં ગયેલા અને તેઓને ગળે લગાડ્યા હતા. ગાંધીજીએ પણ

આવાં જ દલિતોદ્ધારના અનેક કાર્ય કર્યાં છે. હરિજનના બાળકને દત્તક લેવાની પહેલ તેમણે કરી હતી. આવું વાતાવરણ ઊભું કરવામાં સંત-કવિઓનો બહુ મોટો ફાળો છે. તેઓએ કરેલાં કાર્યો જ તેને માટે જવાબદાર છે.

ગાંધીજીએ નરસિંહ મહેતારચિત- **'વૈષ્ણવ જન તો તેને રે કહીએ...'** સુપ્રસિદ્ધ ગાયિકા સુબ્બાલક્ષ્મીના કંઠે ગવડાવી તેને પૂરા વિશ્વમાં પ્રચલિત કર્યું. આ કાવ્યમાં ખ્રિસ્તી ધર્મનાં દશ મૂળ તત્ત્વો (Ten-Commandments) નું જાણે કે તત્ત્વજ્ઞાન સમાયેલું છે. ગીતામાં કે ભાગવતના અગિયારમા સ્કંધમાં વર્ણવાયેલાં ભક્તોનાં લક્ષણો આ ગીતમાં સમાવિષ્ટ છે. નરસિંહ મહેતાના વ્યક્તિત્વમાં આવા ઉચ્ચ સંસ્કારો હતા તે માટે ગુજરાતને ગર્વ છે. આ કવિ સગુણ-નિર્ગુણ બ્રહ્મની વાત ખૂબ જ સરળ ભાષામાં કરે છે. તેમાં તત્ત્વજ્ઞાનની ગહેરાઈ હોવા છતાં સામાન્ય માણસ સરળ રીતે તેને સમજી શકે તેવી તેમની ભાષા છે. - તેઓ લખે છે - **'નીરખને ગગનમાં એક હું શ્રી હરિ તે જ હું તે જ હું...'**

"શ્યામના ચરણમાં ઈચ્છું છું મરણને કોઈ અહીંયાં નહીં કૃષ્ણતોલે". આવી સરળતાપૂર્વક શ્રી વલ્લભાચાર્યના તત્ત્વજ્ઞાનની વાત ભક્તકવિ કરી શકે છે. તેઓએ ભારપૂર્વક સ્પષ્ટ કર્યું છે કે કૃષ્ણ પરમાત્મા એ અવાતર નથી પરંતુ **'અવતારી'** છે. તેઓ સ્વયં ભગવાન છે. તેઓએ કહ્યું છે- **'તત્ત્વનું તું પણું તુચ્છ લાગે'**-

તેવા જ બીજા સંતકવિ દયારામ થઈ ગયા. ભક્તકવિ દયારામભાઈ કહે છે - **ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે** અર્થાત્ કવિ કહે છે કે કૃષ્ણની શરણાગતિ સ્વીકારનાર ભક્ત નિશ્ચિંત હોય છે.

વળી કવયિત્રી ભક્ત પાનબાઈ લખે છે - **'મેરુ તે ડગે રે જેના મન ન ડગે'**- કેવી અનન્ય નિષ્ઠા તેમણે આ વાક્યમાં પ્રગટ કરી છે!

સુરદાસજીએ દ્રૌપદી વસ્ત્રહરણનો પ્રસંગ આલેખ્યો છે, તેમાં તેઓ કહે છે-

'સૂરશ્યામ જબ સિંહશરણ ગ્રહી. શ્યાલો સે કાહે ડરી'. એટલે કે 'કૃષ્ણરૂપી સિંહનું શરણ સ્વીકાર્યા પછી દુ:શાસન જેવા શિયાળોથી ડર શાનો?' કેટલી અદ્‌ભુત શ્રદ્ધા તેમણે વ્યક્ત કરી છે.

નરસિંહ મહેતાએ પુષ્ટિ સંપ્રદાયમાં આસ્થા રાખનાર માટેના લોકોમાં ચેતના જગાડવાનું કાર્ય કર્યું છે. **'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા...'** વગેરે તેમનાં રચેલાં પ્રભાતિયાં આજે પણ લોકો સુમધુર અવાજમાં ગાઈ આનંદ માણે છે અને રસતરબોળ બને છે.

શંકરાચાર્યજીનું ચર્પટ છંદમાં લખાયેલ **'ભજગોવિંદમ્'** પણ ભક્તિની ઉત્તમોત્તમ રચના છે. આમ, ગુજરાતમાં વૈષ્ણવવાદના વિકાસમાં અને તેના દ્વારા મનુષ્યજીવનને અધ્યાત્મવાદી બનાવવામાં ઉપરોક્ત કવિઓનું અસાધારણ યોગદાન રહ્યું છે.

આપણે મુખ્યત્વે ત્રણ કવિઓ પર ચર્ચા કરીશું.

(૧) નરસિંહ મહેતા (૨) મીરાંબાઈ (૩) દયારામ.

તદુપરાંત ઓગણીસમી સદીના સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ વિશે પણ ચર્ચા કરીશું.

આ ભક્તકવિઓના જીવન અને કાર્યોમાં ઊંડા ઊતર્યા વગર તેમનું કાર્ય-તેમનાં કાવ્યો દ્વારા સામાન્ય લોકોને સમાજને શું લાભ થયો તે દૃષ્ટિકોણથી આપણે તેમને મૂલવવાના છે.

સંત કવિઓનું મહત્ત્વ :

શા માટે સંત-કવિઓ વિશે જાણવું જરૂરી છે? તેઓની ભાષા સ્થાનિક (Local) ભાષા હોય છે. તેમણે સામાન્ય બોલચાલની ભાષા (Colloquial language)નો પ્રયોગ કરેલો છે. તેમાં તેમણે પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરેલો હોય છે. તેમના સમયમાં 'જ્ઞાન' થોડા લોકોની ઈજારાશાહી હતી, ત્યારે ખૂબ જ અસ્પષ્ટ જ્ઞાન (Obscure knowlege)ને તેમણે કવિતામાં પ્રદર્શિત કર્યું, જેથી તે સામાન્ય લોકોને ઘેર ઘેર પહોંચી શકે. તે સમયે ગરીબ અને તવંગર વચ્ચે આર્થિક દૃષ્ટિથી મોટી ખાઈ હતી. ઉચ્ચ અને નિમ્ન જાતિ એમ સમાજમાં ભેદ પ્રવર્તતો હતો, ધાર્મિક શિક્ષણ આપનાર પણ સામાન્ય લોકો પર રાજ્ય કરતાં હતાં અને તેમનો ગેરલાભ લેતાં, તેમનું શોષણ કરતાં તેના કારણે સમાજ બે વર્ગોમાં વહેંચાઈ ગયેલો. તેઓ વચ્ચે ખાઈ (Water tight comparment) જેવી પરિસ્થિતિ સર્જાયેલ હતી. આવા કપરા સંજોગોમાં સંતકવિઓ દ્વારા સાદી ભાષામાં લખાયેલ કવિતાઓએ સમાજને એકસૂત્ર કરવાનું મહદ્કાર્ય કર્યું છે.

તેમણે સમાજને જોડવાનું-વિપરીત વસ્તુઓને એકસાથે લાવવાનું, લોકકલ્યાણનું કાર્ય કર્યું છે.

'જાતપાત કો કોના પુછે, બ્રહ્મને પૂજે તે બ્રહ્મજ્ઞાની' ઈત્યાદિ રચનાઓએ સામાન્ય જણને એકસૂત્ર કરવાનું કાર્ય કર્યું છે. ડો. આર. ડી. ભંડારકરે કહ્યું છે- It is the saint who is Supreme. સંત સૌથી ઊંચો છે. બુદ્ધે દયા-સહાનુભૂતિ, પ્રેમ-અહિંસાનાં તત્ત્વને દાખલ કર્યાં હતાં. 'તપ વિના મુક્તિ નથી,' આવો ઉપદેશ આપતાં તેમણે શિષ્યોને કહ્યું હતું કે 'તેઓએ બધા લોકોની વચ્ચે જઈ ઉપદેશ આપવો', એવો મધ્યમ માર્ગ તેમણે અપનાવ્યો હતો.

ભગવદ્ગીતા એ સમન્વયનું શાસ્ત્ર છે. ગીતાની વાણી સારગર્ભિત છે. તેમાં કૃષ્ણ કહે છે- **'યોગક્ષેમં વહામ્યહમ્'**- અર્થાત્ લૌકિક- અલૌકિક બધાનું હું ધ્યાન રાખીશ. **'ન મે ભક્તઃ પ્રણશ્યતિ.'** મારા ભક્તોનો નાશ થતો નથી. અહીં અર્જુન તો નિમિત્ત માત્ર (Symbolic) છે. વાસ્તવમાં કૃષ્ણે ઉપદેશ લોકકલ્યાણ માટે કર્યો છે. તેમણે અર્જુનને લડવા માટે તૈયાર કર્યો ત્યારે તેમનો હેતુ લડવાનો ન હતો, પરંતુ ફરજ બજાવવાનો, ફળની આશા વગર ફરજ અદા કરવાની શિખામણનો તેમાં હેતુ હતો. કૃષ્ણ કહે છે કે 'તેં જે કર્યું છે તેનું ફળ મારે આપવાનું છે. તે હું કરીશ. તું કેવળ નિષ્કામ ભાવે કર્મ કરે જા.' સત્યકામ-જાબાલીનું ઉપનિષદનું દૃષ્ટાંત પણ આ જ વાત કહે છે- 'જ્યારે સોમાંથી હજાર ગાયો થાય ત્યારે આવજે, એમ સત્યકામને ઋષિએ કહેલું ત્યારે ત્યાં પણ કર્મ કરવાની જ વાત કહેવામાં આવી હતી.

ભારત અનેક લોકોનો - અનેક ભાષાઓનો ભાતીગળ દેશ છે. અહીં અનેક પ્રકારે ભેદ રહેલા છે. દેશ આટલાં બધાં રાજ્યોમાં વહેંચાયેલો છે. વચમાં અનેક વિદેશી આક્રમણો થયાં. ત્યારે લોકોમાં નિરાશા જન્મે તેવી અનેક વાર સ્થિતિ પેદા થઈ હતી. તેવા સમયમાં લોકોમાં ઉત્સાહ પ્રેરવાનું. લોકોને જાગૃત કરવાનું કાર્ય ભક્તકવિઓએ, સંતોએ કર્યું છે. તેમણે લોકોને એકનિષ્ઠાના, અનન્ય આશ્રયના (Single Pointed Devotion) પાઠ ભણાવતાં શીખવ્યું કે જ્યારે આપણે એમ માનીએ કે આપણો ઈશ્વર સર્વજ્ઞ- (omniscience), સર્વવ્યાપી (Omnipresent), સર્વશક્તિમાન (Omnipotent) છે તો પછી ડર શેનો?

(૧) નરસિંહ મહેતા (૧૪૦૦-૧૪૮૦)

નરસિંહ મહેતાને ગુજરાતના આદિ કવિ હોવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના નક્ષત્રનો તેજસ્વી સિતારો છે. તેમની કવિતામાં તત્ત્વદર્શન અને કાવ્યનો જે સુભગ સમન્વય છે તેવો અન્યત્ર દુર્લભ છે. સૌરાષ્ટ્રના તળાજા ગામે તેમનો જન્મ થયો હતો. જાતે તેઓ નાગર બ્રાહ્મણ હતા. નરસિંહ મહેતા ભક્ત પ્રવર, સાચા વૈષ્ણવ અને શ્રેષ્ઠ કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. તેમનું જીવન અને કવન ભક્તિના રંગે રંગાયેલું હતું. તેમના જીવનમાં અનેક ચમત્કારી કહી શકાય તેવા પ્રસંગો ઘટ્યા હતા, તેમની કસોટીઓ થઈ હતી પરંતુ પ્રારબ્ધથી દૂર ભાગી જવાની વૃત્તિ તેમનામાં ન હતી, પણ જે કંઈ સ્થિતિ આવે તેને સ્વીકારી લેવાની ભાવના હતી. 'જે કાંઈ જગદીશને ગમે છે તે મને તેથી અધિક પ્રિય છે' એવો ભાવ તેની શ્રીકૃષ્ણ પરની અગાધ અને દઢ શ્રદ્ધાને આભારી છે અને તેથી તેમની રચનાઓમાં સ્થિતપ્રજ્ઞ ભાવ નિરૂપાયો છે.

તેમના પિતાના શ્રાદ્ધનો પ્રસંગ આર્થિક અકળામણ છતાં નિર્વિઘ્ને પત્યો હતો. પુત્ર શામળશાનો વિવાહ, પુત્રી કુંવરબાઈનું મામેરું ઈત્યાદિ અવસરો તેમની પરીક્ષાના હતા. ઈશ્વર પરની અતૂટ શ્રદ્ધાને કારણે આ પ્રસંગો ઉકેલાઈ ગયા હતા. બીજા એક પ્રસંગમાં એક વખતે કેટલાક યાત્રિકો જૂનાગઢ આવ્યા અને તેમને દ્વારકા જવું હતું, જે માટે હૂંડી જરૂરી હતી. તેમણે હૂંડી લખી આપનાર વિશે તપાસ કરી. ત્યાં કોઈએ મજાકમાં જ નરસિંહ મહેતાનું ઘર બતાવ્યું. ભક્તહૃદય નરસિંહ મહેતા તો કોઈને નિરાશ શાના કરે? તેમણે તો યાત્રિકોને બેટ દ્વારકામાં વસતા શામળ શેઠના નામે હૂંડી લખી આપી. તેમને પોતાની નાગરી નાતે કરેલી મશ્કરીનો ખ્યાલ આવી ગયો હતો, પરંતુ ખાતરી હતી કે **"હું હરિનો, હરિ છે મમ રક્ષક, એ વિશ્વાસ વીસરાય નહીં. જે હરિ કરશે તે મમ હિતનું, એ ભરોસો જાય નહીં."** યાત્રિકો દ્વારકા ગયા બાદ ત્યાં 'શામળ શેઠ નામની કોઈ વ્યક્તિ નથી' એમ ખબર પડતાં થયું કે નરસિંહ મહેતાએ આપણી સાથે બનાવટ કરી અને વૈષ્ણવ હોવાનો ડોળ કરી આપણું ધન લઈ લીધું. પરંતુ **'હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે'** આવી નરસિંહ મહેતાની શ્રદ્ધા ફળી અને સ્વયં ભગવાને શેઠ શામળા

બની સામેથી આવી યાત્રિકોને તેમની રકમ ચૂકવી આપી.

આમ, નરસિંહ મહેતાની ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અનેક વખત કસોટીની એરણ પર ચઢી હતી પરંતુ ક્યારે પણ તેમાં તેઓ નાસીપાસ થયા ન હતા. માટે જ તેઓ સંસારનો ત્યાગ કરી પલાયનવૃત્તિની વાત નથી કરતાં. પરંતુ સંસારમાં રહી, તેની સામાજિક વ્યવસ્થાને અનુકૂળ રહી, તેમાં અનાસક્ત ભાવે ભક્તિપૂર્વક શ્રીકૃષ્ણ પર સંપૂર્ણ શ્રદ્ધા રાખવાની શિખામણ આપે છે.

નરસિંહની કવિતામાં તત્ત્વદર્શનની ભરમાર જોવા મળે છે. વેદ ઉપનિષદની વાણીને તેમણે ખૂબ જ સહજરૂપે પોતાની કવિતામાં વ્યક્ત કરી છે, તો તેમની ભક્તિની અભિવ્યક્તિ પણ અજોડ છે. પ્રેમલક્ષણા ભક્તિની જીવંત મૂર્તિ એટલે જ 'નરસિંહ'. નવધાભક્તિથી રંગાયેલા હોવા છતાં તેમની ભક્તિ નવીન દેખાતી એવી નિરાળી- પ્રેમમૂલક ભક્તિ છે. તેમની તાત્ત્વિક અનુભૂતિની આધારશીલા સ્નેહ છે. પ્રેમના પાયા પર પરમેશ્વરના પૂર્ણ સ્વરૂપનું જે દર્શન તેમણે કર્યું છે તે તેમની રચનાઓમાં ઝળકે છે.

નરસિંહ મહેતા સગુણ અને નિર્ગુણને અભિન્ન ગણે છે. આના કારણરૂપે નિર્ગુણની એને હૃદય પ્રતીતિ હતી, પરંતુ સગુણ સ્વરૂપ દ્વારા નિર્ગુણને પામવાની એની ભક્તિભાવના હતી. માટે જ તેમનાં પદોમાં નિર્ગુણ બ્રહ્મ તેમજ સગુણ ઈશ્વર એમ બન્નેનાં દર્શન થાય છે, કારણ કે તેમનો દૃષ્ટિકોણ બન્ને સ્વરૂપના સમન્વયનો છે.

નરસિંહ મહેતાનું પદ સાહિત્ય

નરસિંહ મહેતાનાં પદોમાં વિવિધ પાસાંઓ જોવા મળે છે. તેમણે જ્ઞાનનાં, બોધપ્રદ, તત્ત્વજ્ઞાન વિષયક વગેરે અનેક પ્રકારનાં પદોની રચના કરી છે જેનો ગુજરાતી સાહિત્યમાં જોટો નથી.

જ્ઞાનનાં પદો :

'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો તે જ હું તે જ હું, શબ્દ બોલે
શ્યામના ચરણમાં ઈચ્છું છું મરણને કોઈ અહીંયાં નથી કૃષ્ણ તોલે
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે, સોનાના પારણામાંહી ઝૂલે'

●

'બત્તી વિણ તેલ વિણ, સૂત્ર વિણ જો વળી, અચળ ઝળકે સદા વિમળ દીવો,
નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો, વણ જિહ્વાએ રસ સરસ પીવો.'

●

'જાગીને જોઉં તો જગત દીસે નહિ ઊંઘમાં અટપટા ભોગ ભાસે
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રુપ છે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે.'

નરસિંહ બ્રહ્મના નિર્ગુણ અને સગુણ સ્વરૂપને, ભક્તિ અને તત્ત્વજ્ઞાનને તેમની સૌંદર્યમય કાવ્યભાષામાં એકરસ કરી બતાવે છે અને એ ભક્ત કવિ તરીકે તેમની શ્રેષ્ઠ સિદ્ધિ છે. **'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'** આ પંક્તિમાં નરસિંહે ફિલસૂફીના સત્યને સહજતાથી નિરૂપી એક ભવ્ય ચિત્ર ઉઠાવ્યું છે જે કદાચ જગતની જ્ઞાનકવિતામાં વારંવાર જોવા ન મળે. સ્વયં પરમાત્માએ એના હૈયામાં અને કાવ્યમાં જ્ઞાનદીપ પ્રગટાવ્યો હોય એમ લાગે! એને પ્રતાપે નરસિંહની ભક્તિમાં જ્ઞાનઝરણું આટલી સરળતાથી વહે છે.

"વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે, કનકકુંડલ વિષે ભેદ ન્હોયે, ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે." તેમ જ, **"શ્યામ શોભા ઘણી, બુદ્ધિના શકે કળી, અનંત ઓચ્છવમાં પંથ ભૂલી."**

ઉપરોક્ત પંક્તિમાં નિરૂપેલાં દૃષ્ટાંતોની પ્રેરણા ઉપનિષદોમાંથી લીધી હોય એવું લાગે છે. છાંદોગ્ય ઉપનિષદના શ્વેતકેતુ- ઉદાલક સંવાદનો 'મૃત્તિકેત્યેવ સત્યમ્' નો સિદ્ધાંત સદૃષ્ટાંત રજૂ થાય છે. ''બુદ્ધિના શકે કળી''માં 'અપ્રાપ્ય મનસા સહ' નો જ પડઘો સંભળાય છે.

બોધનાં પદોઃ

''સમરને શ્રીહરિ, મેલ મમતા પરી, જોને વિચારીને મૂળ તારું
તું અલ્યા કોણ? ને કોને વળગી રહ્યો? વગર સમજે કરે મારું મારું.''

●

'શા સુખે સૂતો? સંભાર શ્રીનાથને, હાથ તે હરિ વિના કોણ સ્હાયે?
યાન ધર હરિ તણું અલ્પ મતિ આળસુ! જેણે કરી જન્મનો દુઃખ જાયે''

અહીં નરસિંહની વાણી જ્ઞાનગંભીર બને છે અને ત્યારે તે ાત્મસાક્ષાત્કારના માર્ગનો બોધ આપતો કોઈ અનુભવી બ્રહ્મજ્ઞાની જેવો

જણાય છે.

ભક્તિ પદોઃ

'જ્ઞાની નરસૈંયો' 'પ્રણયી ભક્તનરસૈંયો' મટી શકતો નથી. તેનાં પ્રેમલક્ષણાભક્તિનાં પદો આંતર્ભક્તિથી ઊછળે છે. ગગનમાં ઘૂમી રહેલા પ્રભુને પામવાનો માર્ગ તો કેવળ પ્રેમનો જ છે.

'વ્હાલો પ્રેમને વશ થયા રાજી રે, એમાં શું કરે પંડિત ને કાજી રે!'
'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર તત્ત્વનું ટૂપણું તુચ્છ લાગે'
'નવધામાં નવ હોય નિવેડો તો દશધામાં દેખાયે રે'

નિઃસ્વાર્થ પ્રેમની ઇચ્છા રાખતાં નરસિંહનાં પદો આરંભથી જ સનાતન પ્રેમરસથી સિંચાયાં છે. પ્રભુને ઉદ્દેશીને રચાયેલી અને પ્રેમરસથી છલકાતી તેમની કવિતા આજે પણ મોહપાશ લગાડે છે. પ્રેમ-વિહ્‌વળ મનોદશાને તે દરેક પદમાં અનોખી અને સુંદર રીતે મૂકે છે અને આમ તે ગુજરાતીમાં અદ્‌ભુત પ્રણયગીત રચે છે.

'છાની કેમ રહું, વન વેણું ગાજે સાંભળતાં અંગે અનંગ જાગે'
'નંદના નંદશું નેહ જેને નહીં, તે રે માનવ ખર-શ્વાન તોલે'

કૃષ્ણાશ્રય : અનન્યાશ્રય :

નરસિંહની કૃષ્ણભક્તિ અનન્ય છે. શ્રીકૃષ્ણનો અનન્યાશ્રય તેમણે કેળવેલો છે. પરમતત્ત્વની શ્રીકૃષ્ણ પરમાત્મા સિવાય જેને બીજું કાંઈ ગમે નહિ અને જેને માનવદેહની સાર્થકતા શ્રીકૃષ્ણના અનન્ય શરણમાં જણાય છે તે નરસિંહ ગાય છેઃ

કૃષ્ણ કહો, કૃષ્ણ કહો, વળી વળી કૃષ્ણ કહો, કૃષ્ણ કહેતા સુખ લહિયે
મારે તો આશરો એક હરિ નામનો, છેક આવ્યો હવે ક્યારે જઈએ;
ભણે નરસૈંયો એ નામને આશરે, નામ તે મૂર્તિમાં લીન રહીએ

શ્રીકૃષ્ણની લીલાનાં અને સખીભાવનાં પદોઃ

જ્ઞાન, ઉપદેશ અને ભક્તિનો મહિમા ગાતાં ગાતાં નરસિંહ કેટલાંક પદોમાં તન્મયતાથી કૃષ્ણલીલાનાં પદો ગાવા માંડે છે. કોઈ પદમાં તે જશોદાને

ધન્યવાદ આપે છે, તો કોઈમાં એ બાળકૃષ્ણનાં કુંડળ, મુકુટ, શ્યામવર્ણ, પીતાંબર વગેરેનાં વર્ણનમાં રસમગ્ન થઈ જાય છે. ગોપીભાવ એ નરસિંહની લાક્ષણિકતા છે, જે ઊડીને આંખે વળગે એવી છે.

'પુરુષ પુરુષાતન લીન થયું માહરું, સખીરૂપે થયો ગીત ગાવા'

નરસિંહ ગોપી બની ગાય છે. એનું પુરુષપણું ખરે જ આલોપ થઈ ગયું છે. ગોપીભાવ પ્રાપ્ત કરવામાં જ એને મોક્ષ દેખાય છે.

પ્રભાતિયાં:

નરસિંહ કવિતાનું કીર્તિશિખર એમનાં પ્રભાતિયાંને ઘટાવી શકાય. પ્રભાતિયાં એટલે ઝૂલણા છંદમાં ગાઈ શકાય તેવાં પદો. તેમાં નરસિંહની ભક્તિ અને જ્ઞાનની કોટી જોવા મળે છે. તેમાંથી સદાચારનો બોધ પણ પ્રાપ્ત થાય છે, જેમ કે- **'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ઘેનમાં કોણ જાશે.'**

'વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે' જેવાં નરસિંહનાં કેટલાંક પદો તો વિશ્વ-સાહિત્યમાં સ્થાન પામે તેવાં નીવડ્યાં છે. ગાંધીજી અને ભગવાન સ્વામીનારાયણ પૂર્વે નરસિંહે દલિતોને હરિના જન ગણી તેમને ત્યાં ભજન કરવાની હામ ભીડી અને તેમ કરવામાં તેને લોકનિંદા પણ સહન કરવી પડી.

સાહિત્યજગતના સિતારાઓના તેમના વિશેના અભિપ્રાય તેમની વિરલ પ્રતિભાને સ્પષ્ટ કરે છે:

''જ્ઞાનનાં પદોમાં ગુજરાત બહારના કબીર, નાનક, તુકારામ, ચૈતન્ય, જ્ઞાનદેવ- એ સર્વેની તુલનામાં આવે એટલી ઉચ્ચતા માત્ર નરસિંહે જ પ્રાપ્ત કરી છે.'' **-ચંદ્રકાંત મહેતા.**

''નરસિંહની કવિતા આપણને કોઈ નવા રાહ પર લઈ જાય છે. એ કાંઠે બેસી છબછબિયાં નથી કરતો, પણ ધૂનામાં પડી પાણીની અગાધતામાં પાણી સાથે એકરૂપ થઈને મહાલે છે.'' **-કે.કા. શાસ્ત્રી.**

તેમના 'નીરખને ગગનમાં' પદ વિશે નરસિંહરાવ દિવેટિયા લખે છે- ''આખી દુનિયાના સાહિત્યમાં આ કદાચ પ્રથમ સ્થાન ભોગવે એવું કાવ્ય છે. એમાં ઊંચામાં ઊંચા તાત્ત્વિક વિચારોને અજબ કવિત્વ શક્તિથી ગૂંથ્યા છે.''

સર્વવ્યાપી છતાં શ્યામની એક મનોહર મૂર્તિનાં દર્શન એવા બ્રહ્મની વાત કરતાં નરસિંહ કહે છે કે ગગનમંડળમાં ઘૂમી રહેલ બ્રહ્મ એ જ ભગવાનનો દ્વૈતભાવ બીજી પંક્તિમાં બતાવાયો છે. 'મુરલી મનોહર માટેના પિચ્છધરના જ અંશરૂપ હું છું. પરંતુ અજ્ઞાનથી, માયાનાં આવરણોથી હું મારા સ્વરૂપથી બહિર્મુખ થયેલો છું. આત્માનું સ્વરૂપ સચ્ચિદાનંદ છે. એ સ્વરૂપને ભૂલેલ એવો હું હવે ભવસાગરમાં ભૂલો પડ્યો છું. સંપૂર્ણપણે શરણાગત ભાવ રાખી હું શ્યામનાં ચરણોમાં શરણું શોધું છું, કારણ કે અહીં તેની તોલે આવે એવું કોઈ નથી.'

આવા તત્ત્વજ્ઞાની- ભક્ત કવિ નરસિંહને શત શત વંદન!

(૨) મીરાંબાઈ :

મીરાંનો જન્મ રાઠોડ વંશમાં મેડતાના વૈષ્ણવધર્મી રાજકુટુંબમાં રતનસિંહને ઘેર ઈ.સ. ૧૪૯૮માં કૂડકી ગામમાં થયો હતો. નાનપણથી મીરાંબાઈ કૃષ્ણ ભક્તિના રંગે રંગાયેલાં હતાં. તેમના વડીલોની ધર્મ ભક્તિના સંસ્કાર શૈશવમાં બનેલા પ્રસંગોથી તેમનામાં વધુ દૃઢ બન્યા હતા. બાળસહજ મીરાંનો પ્રશ્ન- 'મા, મારો વર કોણ?' ના ઉત્તરમાં ગિરિધારીની મૂર્તિ બતાવી માતા તેને કહે છે ''આ તારો વર.'' બસ અહીંથી જ મીરાંની ગાંઠ ગિરિધારી સાથે બંધાઈ ગઈ અને એક નાનાસરખા બીજમાંથી ભક્તિનાં અંકુર ફૂટી એક અદ્ભુત વટવૃક્ષ બની ગયું.

'મેરે તો ગિરિધર ગોપાલ'ની રટણા કરતી મીરાંનું જીવન અનેકાનેક મુશ્કેલીઓમાં વીત્યું છતાં શ્રીકૃષ્ણ પ્રત્યેની તેની શ્રદ્ધા કદી ડગી નહીં. શૈશવથી માંડીને સારુપ્ય મુક્તિ સુધીની સમયાવધિ દરમ્યાન ક્યારેય તેની ભક્તિમાં ઓટ નથી આવી. તેની ભક્તિ નિર્મળ છે. તેમાં ક્યાંય કૃત્રિમતા નથી. સ્વયંભૂ ભક્તિની પ્રશંસા કરતાં મહાત્મા ગાંધીજી એક પ્રશ્નના જવાબમાં જણાવે છે: 'મીરાંના ઉદ્ગારમાં કૃત્રિમતાનું નામ સુધ્ધાં નથી. મીરાં ગીત ગાઈ ગઈ છે, તેનાથી ગાયા વિના રહેવાયું નહિ માટે, સીધું હૃદયમાંથી નીકળ્યું છે, કુદરતી ઝરણાની પેઠે જાણે ફૂટી નીકળ્યું ન હોય!''

મીરાં ભક્ત કે કવિ? નાનાલાલ કવિ એનો પ્રત્યુત્તર આપે છે: ''મીરાં ઉભય હતાં. ભક્તશિરોમણીમાં મીરાં ઝળકે છે અને ઝળકશે. આવું આગવું

વ્યક્તિત્વ ધરાવતી ગુજરાતી સાહિત્યની પ્રથમ અને સર્વોત્તમ કવયિત્રી મીરાંનું નામ ૧૬મા શતકના કવિવૃંદમાં સૌથી ઉજ્જવળ છે.''

મીરાંબાઈની ભક્તિને તપાસીએ તો તે ગોપીભાવયુક્ત જણાશે અને તેથી જ તો ગિરિધર ગોપાલને પતિ માની તેને મીરાં પ્રેમ કરી શકી.

મીરાંનાં પદોને કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે માર્ગો મળ્યા છે, પરંતુ તેમાં વધુ ભક્તિ ભળી છે અને કર્મ તથા જ્ઞાન ગૌણ બની રહ્યાં છે.

કર્મની ગતિ માટે જણાવતાં મીરાં લખે છે-

'કરમગત ટારાંણા રી ટરાં, હરિ મને પાર ઉતાર,
નમી નમી વિનંતી કરું છું.'
જગતમાં જન્મીને બહુ દુ:ખ દેખ્યાં
સંસાર શોક નિવાર. નમી નમી...
કષ્ટ આપે મને કર્મના બંધન
દૂર તૂં કર કિર્તાર. નમી નમી...
આ સંસાર વહ્યો વહ્યો જાય છે
લખ ચોરાથી ઘાટ. નમી નમી...
મીરાં કે પ્રભૂ ગિરિધર નાગર,
આવાગમન નિવાર. નમી નમી...

મીરાં અહીં દુ:ખ, નિવૃત્તિ અને જન્મમરણની શૃંખલામાંથી મુક્તિ ઈચ્છે છે.

આવી જ ભાવના તેણે નીચેના પદમાં પણ અભિવ્યક્ત કરી છે-

'અબ તો માધવ મોહે ઉગાર...'

કૃષ્ણાશ્રય : અનન્યાશ્રય:

મીરાંનો અનન્ય પ્રેમ શ્રીકૃષ્ણ પ્રત્યે હતો છતાં રામને સંબોધીને પણ તેમણે અનેક પદો રચ્યા છે-

- પાયોજી મૈને રામ રતન ધન પાયો.
- મેરો મન રામહિ રામ રટે રે.
- રામ-નામ રસ પીજૈ મનુઆ! રામ નામ રસ પી જૈ

- રામ-નામ મેરે મનબસિયો, રસિયો રામ રિઝાઉ

- રામ રમકડું જડિયું રે, રાણાજી!

કૃષ્ણ તો તેમનો પતિ, પ્રિયતમ હતાં. તેની તો તે દિવાની હતી. કૃષ્ણ ભક્તિના અનેક પદોમાં તેની અનન્યતા ઝળકે છે.

- 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ, દૂસરો ન કોઈ,
જાકે સિર મોર મુગુટ, મેરો પતિ સોઈ.'

- 'બોલમા, બોલમા, બોલમા રે રાધાકૃષ્ણ વિના બીજું બોલમા રે.'

- 'હું તો પરણી મારા પ્રીતમની સંગાથ, બીજાના મીંઢળ નહિ રે બાંધુ.'

- 'શ્યામ! મ્હાને ચાકર રાખોજી, ગિરધારીલાલ! ચાકર રાખોજી.'

- 'મોર મુગટ પીતાંબર સોહે ગલ વૈજંતી માલા,
બિન્દ્રાબન મેં ધેનુ ચરાવે, મોહન મુરલીવાલા.'

આવા અનેક પદો તેની અનન્ય નિષ્ઠાના ઉત્તમ દૃષ્ટાંતો છે. મીરાં નાનપણમાં જ કૃષ્ણ ઉપાસક બની. એની કૃષ્ણરઢ જન્મજન્માંતરની હતી.

પ્રેમલક્ષણાભક્તિનાં પદો:

મીરાંની ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ હતી. મીરાંની સંસાર પ્રત્યેની વિરક્તિ એ દઢ વૈરાગ્યનું જ્ઞાન કરાવતી હતી, અને એ વૈરાગ્ય તેની ભક્તિને આભારી હતો. મીરાંને નાની ઉંમરમાં જ પરમેશ્વર પ્રત્યે પ્રીતિ બંધાઈ હતી. પરમેશ્વરના પ્રેમનો એને અનુભવ થયો હતો. મીરાંનો પ્રેમ સંસારની વિરક્તિના પરિણામરૂપ ન હતો, જે અંગે સ્પષ્ટતા કરતાં નિરંજન ભગત લખે છે-

"સંસાર પ્રત્યે વૈરાગ્ય હતો, તેથી મીરાંને પરમેશ્વર પ્રત્યે રાગ નથી. પણ પરમેશ્વર પ્રત્યે રાગ હતો માટે મીરાંને સંસાર પ્રત્યે વૈરાગ્ય છે."

કેવળ ઈશ્વર જ સત્ય છે. સંસારના બંધનો મિથ્યા છે. જગતની જંજાળ જૂઠી છે. પરમાત્મા પરમાનંદ સ્વરૂપ છે. તેમની અનુભૂતિ પછી જગતના કોઈ પણ પદાર્થમાં આસક્તિ થવી શક્ય જ નથી. મીરાંબાઈનું આજ લક્ષ્ય કૃષ્ણ પ્રત્યેનો અતૂટ અનુરાગ, માયા અને મોહથી સહજ રીતે મુક્તિ, જેમ સર્પ કાંચળી ઉતારે તેટલી સરળતા અને સહજતાથી કોઈ પણ દર્દ વિના તેમણે સંસારના

રોગોથી/ વિરોગોથી મુક્તિ મેળવી. સ્થળ, દેશ, સમય કે સંજોગોથી કદી ન બંધાયેલી મીરાંને સંસાર પણ કદી બાંધી શક્યો નથી. સંસારમાં રહ્યા છતાં જળ કમળવત્ સંસારથી અલિપ્ત રહેવું અઘરું જરૂર છે પરંતુ અસંભવિત નથી, એ મીરાંએ સાબિત કરી બતાવ્યું છે.

મીરાંનાં પદોનો વિષય પ્રેમ છે. એ પદોમાં નિર્દોષતા રહેલી છે. તેની ભક્તિ હૃદયપૂર્વક, એકનિષ્ઠ અને અનન્ય હતી. પ્રેમની વેલને તેણે આંસુથી સીંચી હતી. આંસુ એ વિરહનું પ્રત્યક્ષ રૂપ છે. મીરાં વિરહના તાપે તપાઈ ખરી પણ તરડાઈ નથી અને એ જ એની ભક્ત તરીકેની અપૂર્વ સિદ્ધિ છે.

'અંસુવન જલ સીંચ સીંચ પ્રેમવેલી બોઈ'
'હેરી મૈં તો પ્રેમદીવાની, મેરો દરદ ન જાને કોઈ'
'ઘાયલકી ગત ઘાયલ જાને ઓર ન જાને કોઈ'

જોકે ભક્ત અને કવયત્રિ મીરાંનું ખરું દર્શન તેનાં પ્રભુમિલન અને પ્રભુવિરહનાં પદોમાં થાય છે, કારણ એમાં તત્ત્વજ્ઞાન કે જ્ઞાનનાં સૂત્રો નહિ પણ સ્ત્રીહૃદયનો કોમળ પ્રેમ પ્રગટ થાય છે. તેની વિરહવ્યથા તો હૃદયને હલબલાવી મૂકે એટલી ઉત્કટ છે.

'ગોવિંદ કબહું મિલે પિયા મોરા'
'પ્યારે દર્શન દીજો આજ, તુમ બિન રહ્યો ન જાય'
'શ્યામ બિન પલક ન લાગે મોરી'
'હરિ બિન મથુરા સૂના લગત હૈ, જૈસે ચંદ્ર બિન રૈન અંધેરી'

'મૈં સાંવરે કે રંગ રાચી'... એ પદમાં આગળ મીરાંબાઈ જણાવે છે-

'ઉનબિન અબ જગ ખારો લાગત, ઔર બાત સબ કાંચી,
મીરાં શ્રી ગિરિધરનલાલ સૂં ભગતિ રસીલી જાંચી'

તેની પદાવલિમાં ભક્તિ છે છતાં તત્ત્વની ઊંડી સૂઝ, એક જ ઈશ્વર છે તેવું નિરૂપણ અને તેના સિવાયનું સઘળું વ્યર્થ છે, એવો ઉદ્‌ઘોષ જોવા મળે છે.

'અખંડ વર'ની અભિલાષા રાખતી મીરાં કૃષ્ણની જનમોજનમની દાસી

હતી. મીરાં શ્રીકૃષ્ણને પોતાના પ્રિયતમ- પોતાના પતિ તરીકે નીરખે છે-

'પરણી શું મારા પ્રભુજીની સાથ,
બીજાનાં મીંઢળ નહીં બાંધું'

'પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો'
'અખંડ વરને વરી સાહેલી, હું તો અખંડ વરને વરી'
'અમર ચૂડલો પહેરી, મારે વરવું છે.'

મીરાંએ કૃષ્ણને હૃદયની ઉત્કટતાથી ચાહ્યા છે. તેણે કેવળ શુદ્ધ દિવ્ય પ્રેમ કરી જાણ્યો છે. મીરાંના નિરૂપણમાં સગુણ નિર્ગુણનો વિવાદ નથી. તેનાં પદોમાં નિર્ગુણોપાસના અને માધુર્ય ભક્તિનો સમાનુપાત જોવા મળે છે. વ્રજની ગોપી સમ વિરહમાં તપી મીરાંનું અંતર કૃષ્ણમાં જ સદા નિમગ્ન રહેવા છતાં તેમાં નિર્ગુણ- સગુણ એવો ભેદ નથી. મીરાંનાં પદોમાં કોઈ ખંડન- મંડન કે વાદ- પ્રતિવાદ નથી. મીરાંને સગુણ- નિર્ગુણ, આકાર- નિરાકાર બન્નેનો અનુભવ છે. મીરાંનું દર્શન સંવાદ- સમન્વયનું દર્શન છે.

મીરાંનો પ્રેમ એ પૂર્ણ પ્રેમ છે. મીરાંની સર્જનશક્તિનું પ્રેરણાબળ અને ભાવોની સભરતા, ભક્તિની ઋજુતા એ પ્રેમ જ છે. તેને કૃષ્ણપ્રેમની કટારી વાગી ચૂકી છે-

'પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની રે
જળ જમુનાનાં ભરવા ગ્યાં'તાં, હતી ગાગર માથે હેમની રે
કાચે તે તાંતણે હરિજીએ બાંધી, જેમ ખેંચે તેમ તેમની રે
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, શામળા સુરત શુભ એમની રે'

●

'પ્રીત પૂરવની રે શું કરું?
ઓ રાણાજી, મારી પ્રીત પૂરવની રે શું કરું?
હો મેવાડા રાણા, મનડું લોભાણું તેને શું કરું?'

●

નાખેલ પ્રેમની દોરી ગળામાં અમને નાખેલ પ્રેમની દોરી

●

‘મીરાંને પૂર્વજન્મની પ્રીત રે,
મીરાંને હૈડે લખાણાં હરિનાં નામ રે, નામ નહિ રે છોડું.’

●

‘જો તુમ તોડો પિયા, મૈં નહીં તોડું,
તોરી પ્રીત તોડી કૃષ્ણ કૌન સંગ જોડું?’

●

મીરાંએ દાસ્ય, સખ્ય અને દાંપત્ય ભાવો દ્વારા સાયુજ્યતનું સૌભાગ્ય પ્રાપ્ત કરી લીધું હતું, જેને પરિણામે વિયોગ અક્ષય સંયોગમાં પરિણમ્યો અને તેની સાધના સિદ્ધ થઈ ગઈ.

ભક્તિ અને પ્રપત્તિમાં ભક્તિ, શ્રદ્ધા અને પ્રેમના પાયા પર દઢ બને છે, જ્યારે પ્રપત્તિમાં આપણે માત્ર સર્વાર્પણ કરીએ છીએ. શરણાગતિ સાથે પ્રેમ અને શ્રદ્ધા પણ જરૂરી છે, જે મીરાંમાં હતાં. માટે જ તેઓ કહે છે-

‘શ્યામ મોરી બાંહડલી જી ગહો
વા ભવસાગર મઝધાર મેં થે હી નિભાવણ હોત
મ્હાંમે ઔગણ ઘણા છે હો પ્રભુજી થેં હી સહો તો
મીરાં કે પ્રભુ હરિ અવિનાશી લાજ બિરદ હી બહો.’

●

‘મેં તો તેરી શરણ પડી રે, રામા જ્યું જાણે ત્યું તાર.’

●

‘હરિ બિન કૂણ ગતિ મેરી?
તુમ મેરે પ્રતિપાલ કહિયે, મૈં રાવરી ચેરી’

●

અબ મેં શરણ તિહારી જી મોહિ રાખૌ કૃપા નિંધાન
મીરાં કો પ્રભુ સાંચી દાસી બનાઓ ઝૂઠે ધંધોંસે મેરા ફંદ છુડાઓ.

ગોપીના મનોભાવો દર્શાવતાં પદો “હાં રે કોઈ માધવ લ્યો, વેચન્તી વ્રજનારી રે” કે “નંદલાલ નહિ રે આવું રે ઘેર કામ છે”માં મીરાંનો સ્ત્રીસહજ

પ્રેમ આસ્વાદ્ય લાગે છે. પ્રભુભક્તિમાં મસ્ત મીરાં સંસાર, લોકનિંદા વગેરે પ્રત્યે બેફિકરાઈથી ગાય છે, **"કરના ફકીરી ફિર ક્યા દિલગીરી, સદા મગનમેં રહેના જી". "પગ ઘુંઘરૂ બાંધ મીરાં નાચી રે."**

મીરાંના ભક્ત હૃદયની આરતભરી અરજ સનાતન પ્રાર્થના સમાન બની ગઈ છે, **"હરિ તુમ હરો જનકી ભીર" "તુમ સુણો દયાલ મોરી અરજી".**

રાજઘરાનાની કવયિત્રી મીરાં એ મધ્યકાલીન ભારતમાતાને અમૂલ્ય ભેટ છે. મીરાંની સરળ અને શુદ્ધ ભક્તિનું સ્થાન ભક્તિના ઈતિહાસમાં અદ્વિતીય છે. મીરાંએ ભક્તિરસનાં ગીતો ગાયાં છે. કૃષ્ણને વલ્લભ તરીકે ભજ્યા પણ તેની ઝંખના તો કૃષ્ણની દાસી થઈને રહેવાની જ હતી. કૃષ્ણની ભક્તિ કરતાં તેને સમાજનો અને સમાજની રૂઢિનો સામનો કરવો પડ્યો. તેમ છતાં એની ભક્તિને ઊની આંચ આવી નથી. મીરાંનાં પદોમાં ગહન દર્દ છે; આકરી વિરહવ્યથા છે. તેનાં પદોની નજાકત અને માધુર્ય આજે પણ લોકોનાં હૃદયને વશીભૂત કરે છે. કાવ્યરસિકો, સંગીતપ્રેમીઓ, ભક્તો-સંતો અને સામાન્યજનોના હૃદયમાં મીરાંની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. સંત કવયિત્રી મીરાં વૈષ્ણવ અને બિનવૈષ્ણવ બંને સમાજમાં સમાનભાવે આદરણીય બની છે, કારણ એની દૃષ્ટિ બ્રહ્માત્મક બની હતી. "અહીં એક જ પુરુષ વાસુદેવ છે; બાકી સર્વ જગત સ્ત્રીમય એટલે કે ગોપીમય છે." 'वासुदेव पुंमान एकः स्त्रीमयं इतरं जगत्' આવી ઉન્નત સ્થિતિએ પહોંચેલી મીરાં સૌને વંદનીય છે.

ભક્તકવિઓએ રચેલું ભક્તિસાહિત્ય આપણા ધાર્મિક-સાંસ્કૃતિક જીવનનો મોંઘોમૂલો વારસો છે. આપણાં ધાર્મિક-આધ્યાત્મિક જીવનમાં આજ સુધી એનાં પ્રેરણા અને પ્રભાવ જોવા મળે છે.

(૩) દયારામ (૧૭૭૬ - ૧૮૫૨):

જીવનદર્શન

દયારામ ભક્તિયુગના છેલ્લા જ માત્ર નહીં પરંતુ એક તેજસ્વી સિતારા સમા છે. સાહિત્યકારોએ તેમને 'પ્રેમનો કવિ' કહ્યા છે. તેમનાં જીવન અને કવનને તત્ત્વના દર્શન સાથે નરસિંહ અને મીરાંની જેમ જ પ્રગાઢ સંબંધ છે. પ્રથમ પંક્તિના કવિઓમાં તેમનું સ્થાન અનન્ય છે. મધ્યકાલીન યુગના તેઓ સમર્થ ભક્તકવિ ગણાય.

દયારામનો જન્મ દક્ષિણ ગુજરાતમાં નર્મદા નદીના કાંઠે આવેલ ચાણોદ ગામમાં સંવત ૧૮૩૩ના ભાદ્રપદ માસના શુક્લ પક્ષ વામન દ્વાદશીને દિવસે સાઠોદરા નાગર ગૃહસ્થને ઘેર થયો હતો. બાળપણમાં જ માતાપિતાના સંસ્કારોમાં રસવૃત્તિ અને ધાર્મિક વૃત્તિનું સિંચન પુષ્કળ પ્રમાણમાં થયું. અગિયારેક વર્ષની ઉંમરમાં જ માતાપિતાની છત્રછાયા ગુમાવતાં તેમનો ઉછેર તેમના મોસાળ ડભોઈમાં થયો હતો. નાનપણમાં જ ભક્તિનાં બીજ વવાઈ ગયેલ હોઈ સંસાર પ્રત્યે તેમને આસક્તિ ન હતી અને તેઓ શ્રી હરિના વિચારમાં જ મશગૂલ રહેતા. મીરાંની માફક તેઓ પણ કહેતા કે મારાં લગ્ન તો શ્રીકૃષ્ણ સાથે થઈ ગયાં છે, હવે બીજાં લગ્ન શાનાં હોય? માટે જ તેમણે ગાયું છે કે **'એક વર્યો ગોપીજન વલ્લભ નહીં સ્વામી બીજો.'** કુટુંબીજનોના દબાણને વશ ન થવા તેઓ ઘર છોડી ચાલી નીકળેલા અને વ્રજમંડળ તેમજ અન્ય અનેક તીર્થોમાં તેમણે પરિભ્રમણ કર્યું.

ડાકોરવાળા ઈચ્છારામ ભટ્ટજીનો પ્રભાવ તેમના જીવનમાં પડવાથી તેમના હૃદયમાં રહેલ કવિને પોષણ મળતાં તેમને જીવનની દિશા મળી. તીર્થાટનના અનુભવથી તેમનું વિશિષ્ટ વ્યક્તિત્વ ઘડાયું. અનેક ચમત્કારીક પ્રસંગોનો તેમના જીવનમાં મહત્ત્વનો ફાળો રહ્યો અને એક ભક્તકવિ તરીકે તેઓ ઊભરી આવ્યા. કૃષ્ણદર્શનની લાલસા અને કૃષ્ણમિલનનો રઘવાટ તો તેમનામાં નાની વયે જ પ્રગટ થઈ ચૂક્યો હતો અને તેથી જ તેમની રચનાઓમાં કૃષ્ણપ્રેમ ઝલકી આવે છે.

દયારામ 'પ્રેમલક્ષણા ભક્તિ'ના કવિ છે. નરસિંહ મહેતાથી પ્રારંભાયેલી ગોપીભાવની કવિતા દયારામમાં તેની પરાકાષ્ટા સુધી પહોંચે છે. દયારામે કેવળ કૃષ્ણને જ તેમની કવિતાનો વિષય બનાવ્યા છે. દયારામ પુષ્ટિમાર્ગના પંથી હતા. તેમણે વલ્લભકુળ ગોસ્વામી પાસે બ્રહ્મસંબંધ દીક્ષા લઈ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકા મુજબ બાલકૃષ્ણની સેવા પધરાવી હતી. પુષ્ટિમાર્ગ એ ભગવાનની કૃપા દ્વારા ભગવાનને મેળવવાનો માર્ગ છે જ્યાં ભગવાન પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ નિયામક છે. તેના પ્રણેતા શ્રી વલ્લભાચાર્યજી મુજબ બ્રહ્મ સત્ય છે એટલું જ જગત પણ સત્ય છે અને જીવ ભગવાનનો અંશ છે. આ સિદ્ધાંતને દયારામે પૂરેપૂરો આત્મસાત કરી લીધેલો હતો જે તેમની રચનાઓમાં સ્પષ્ટ જણાય છે.

દયારામની નસેનસમાં ગોપીભાવ નીતરતો. એમના રોમેરોમમાં ગોપીભાવ પાંગરતો. એમના અણુઅણુમાં શ્રીકૃષ્ણ બિરાજતા. એમના અંતરમાં નટવર નાગર નાચતા. એમનું વદન ગોપીજન વલ્લભના ગુણ ગાતું. 'કૃષ્ણનું જ ભજન, એનું જ કવન, એનું જ સેવન, એનું જ શરણ' આવી હતી દયારામની જીવનચર્યા.

દયારામ સંગીતનિપુણ હતા. મૃદંગ અને તબલાના ઉસ્તાદ હતા. જલતરંગ વગાડે ત્યારે લોકોની ઠઠ જામતી. બીન અને સિતાર છેડે ત્યારે આનંદરસની છોળો ઊડતી. પોતાના વ્હાલસોયા તંબુરને હાથમાં લઈ કોકિલ કંઠે ગાન કરે ત્યારે આનંદ રસનો સાગર હિલોળા લેતો. એમના આવા સંગીત શોખને કારણે રાજા-મહારાજા, સરદાર શ્રીમંતો પણ તેમના પ્રશંસક હતા. તેમનું શિષ્યમંડળ પણ ખાસ્સું મોટું હતું. તેમને ત્યાં રોજ ભગવદ્ મંડળી થતી, રોજ ભગવદ્ નામ લેવાતું, એકાદશીએ જાગરણ થતું, ગ્રંથોનું વાંચન થતું.

દયારામનું સમગ્ર જીવન દેશાટન, અભ્યાસ, સાહિત્યસર્જન, ભગવદ્ ભજન અને ભગવદ્ સેવામાં જ પસાર થયું હતું. તેમની પાસે અખૂટ શબ્દભંડાર હતો, અવલોકન શક્તિ અજોડ હતી. તેઓ વેદ, દર્શન શાસ્ત્રો, પુરાણો ઈત્યાદિમાં પારંગત હતા, એટલું જ નહીં પરંતુ કલાવિષયક શાસ્ત્રોના પણ સારા જાણકાર હતા. શ્રીકૃષ્ણ સંબંધ વિનાની વાણીને તેઓ વૃથા માનતા અને તેથી કહેતા: **'કૃષ્ણ ભજો, કૃષ્ણ કહો, કૃષ્ણ સુણો પ્રાણી; કૃષ્ણ સંબંધ વિના વંધ્યા સહુ વાણી.'**

સાહિત્યિક રચનાઓ:

દયારામે ભારતની વિવિધ ભાષાઓમાં તરેહ તરેહના તાલમાં, જાતજાતના છંદમાં, ભાતભાતના રાગમાં વિવિધ તેમજ વિશાળ સાહિત્ય રચ્યું છે. તેમણે સર્વ રસને તેમની રચનાઓમાં સમાવ્યા છે. તેમણે ગુજરાતીમાં આશરે દોઢસો અને વ્રજભાષામાં પોણોસો ગ્રંથો લખ્યા છે. તે સિવાય પદ, ગરબી, ગઝલ, હોરી, ખ્યાલ, ઠુમરી, કેરવા, રેચતાં, પીસતાં, પ્રબંધ ઈત્યાદિ પણ ખૂબ લખ્યાં છે.

તેર વરસની વયે તેમણે ધવલ ધનાશ્રી રાગમાં 'શુદ્ધાદ્વૈત સિદ્ધાંત'ની સ્પષ્ટ છણાવટ કરતું કાવ્ય લખ્યું હતું. તેમની રચનાઓમાં પત્રલીલા, અજામિલ આખ્યાન, વસ્તુવૃંદ દીપિકા, શ્રીમદ્ ભાગવત અનુક્રમણિકા, શ્રીમદ્ ભગવદ્

ગીતા માહાત્મ્ય, સૂર સુરાવલી, સત્સૈયા, વ્રજલીલામૃત અને રસિકવલ્લભ ગ્રંથ ઉલ્લેખનીય છે. **'પુષ્ટિપથ રહસ્ય'** અને **'ભક્તિ પોષણ'** એ એમની અનોખી રચનાઓ છે.

દયારામનું કાવ્યવૈવિધ્ય:

દયારામની વિપુલ કાવ્યરચનાઓનું વિષયવાર વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય-

(૧) સિદ્ધાંત વિષયક : તેમની કૃતિઓ રસિક વલ્લભ, પુષ્ટિ પથ રહસ્ય ઈત્યાદિમાં દયારામે શુદ્ધાદ્વૈત સિદ્ધાંતની દૃષ્ટિએ બ્રહ્મ, જીવ, જગત વગેરેનું સ્વરૂપ આલેખ્યું છે, એટલું જ નહીં પરંતુ અન્ય આચાર્યોના વાદ સાથે શ્રી વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈતવાદને સરખાવી સયુક્તિક અને તર્કબદ્ધ રીતે સર્વોપરિતા બતાવી છે. 'સંપ્રદાય સાર' ગ્રંથમાં તેઓ કહે છે:

"ચો સંપ્રદાય જે ભક્તિ કેરા, તેના ભાખ્યા ભેદ,
શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું, પ્રતિપાદન કર્યું સવેદ."

ભક્તિપોષણ અને ભક્તિવિધાન જેવા ગ્રંથોમાં નવધા ભક્તિ, પ્રેમલક્ષણા ભક્તિની સર્વોચ્ચતા, પ્રેમ આસક્તિ, વ્યસનની અવસ્થા ઈત્યાદિ અનેક બાબતોની સ્પષ્ટતા તેમની રચનાઓમાં દૃષ્ટિગોચર થાય છે. ભક્તિપોષણમાં તેઓ ગાય છે:

"શ્રવણ કીર્તન શ્રીકૃષ્ણનું, સ્મરણ સેવન અર્ચન,
વંદન, દાસત્વ, સખ્યતા, વળી આત્મ-નિવેદન,
આત્મ-નિવેદન નવધા કહિયે, પ્રેમલક્ષણા દશમી લહિયે,
એ ભક્તિ સહુ સાધન-કાજ, જે પામે વશ થાય વ્રજરાજ...
સેવો શ્રીકૃષ્ણ કૃપાલ."

(૨) ભક્તિ કાવ્યો : કૃષ્ણભક્તિથી ઓતપ્રોત દયારામનાં કાવ્યો શ્રીકૃષ્ણ- પ્રેમથી રંગાયેલ હોય તે સ્વાભાવિક છે, કારણ કે તેઓએ જેમ સત્સૈયામાં ગાયું છે-

"બિન સંબંધ હરિ કાવ્ય સબ, અતિ અદ્‌ભુત હું ન કામ,
આરકૂટ ભૂખન રુચિર પે જિમિ મિલે ન દામ."

શ્રીકૃષ્ણભક્તિ વિનાનું અદ્ભુત કાવ્યપાન વ્યર્થ છે એવો તેમનો સ્પષ્ટ મત અહીં તેમના જ શબ્દોમાં વર્તાય છે. ભગવાન અને ભક્ત વચ્ચેના પ્રેમની પરાકાષ્ટા આથી વિશેષ કઈ રીતે વ્યક્ત થઈ શકે?- તેઓ કહે છે-

"પ્રીત વહાં પરદા કહાં, પરદા વહાં કહાં પ્રીત,
પ્રીત વહાં પરદા ભયા, સોં પ્રીત નહિ વિપરીત."

(૩) આખ્યાનો : અજામિલાખ્યાન, મીરાં ચરિત્ર, રુક્મિણી વિવાહ, સત્યભામા વિવાહ વગેરે દયારામરચિત આખ્યાનો અતિ પ્રસિદ્ધ છે. તદુપરાંત જ્ઞાન, વૈરાગ્ય, દીનતા ઉપદેશ વગેરેનાં પદો પણ વિપુલ પ્રમાણમાં છે. 'વ્યવહાર ચાતુરી' નામક ગ્રંથમાં ઉપદેશ આપતાં દયારામ કહે છે-

"જે જે વાતે મીઠું કડવું, આપણને જેમ લાગેજી,
તે જ પ્રમાણે સમજી લેવું, જે સહુને સુખ દુઃખ જાગેજી."

(૪) ગરબીઓ : દયારામને ગરબીનો 'બાદશાહ' કહી શકાય. ગરબીઓની રચનામાં તેઓ અજોડ છે, જેમાં પદાવલીની કોમળતા, લયનું લાલિત્ય, ભાવની ઋજુતા પ્રતિબિંત થાય છે. તેમની ગરબીની રચનાઓ દિલને ડોલાવનારી છે. રાધાકૃષ્ણના કે રાધા અને સખીના સંવાદોમાં પાત્રને ઉચિત વાણી અને દલીલોનું તર્કયુક્ત સચોટપણું દયારામને અન્ય કવિઓથી જુદા તારવે છે. ગોપીની વાણી! જોઈએ-

"મારગડો મૂકો રે મોહનલાલજી, આઘા રહો, ન કહો આવજો,
વારું છું હું સખણા રહેજો શામળા, નહિતર મારા મુખથી ખાશો ગાળ જો."

એક અન્ય ગોપી સાથે કાન્હાનો સંવાદ-

'કાંઠે તે ઊભો કાહાનજી રે લોલ, ભાઈ મુને ઘડૂલો ચઢાવ
હું તને ઘડૂલો ચડાવું રે લોલ, થાય મ્હારા ઘર કેરી નાર...'

(૫) પ્રકીર્ણ રચનાઓ : દયારામે અનેક પ્રકીર્ણ વિષયો પર વિવિધ પ્રકારની રચનાઓ કરી છે. 'પ્રશ્નોત્તર માલિકા', 'વૃંદાવન કટાવ' વગેરે કૃતિઓ શબ્દચાતુર્યવાળી, કૂટ અર્થવાળી પ્રહેલિકાઓ તથા કુંડળિયા તેમણે રચ્યાં છે. તેમણે રચેલી શબ્દોની અદ્ભુત રમત માણીએ.

'મથુરા બીચકો બરન તજી રહે ઉલટી રહી દોષ,
જો ના રહત તો બદન બીચ, સમુજી તજો હે સોય.'

(૬) **અન્ય ભાષાનાં કાવ્યો :** દયારામે ગુજરાતી ઉપરાંત અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ ઉપદેશાત્મક રચનાઓ કરી છે જે તેમનું અન્ય ભાષાઓ પરનું પ્રભુત્વ પ્રદર્શિત કરે છે. બાર ભાષામાં તેમનો છપ્પો અદ્‌ભુત છેઃ

ગિરિધર મુંજો પ્રાણ (કચ્છી)
માદર પિદર બિરાદર (ફારસી)
માટા મુંચી બિનિપું (તેલુગુ)
જાની જીયકી પીર (હિંદી)
હરિ નકો કોણા ચા પ્રેમ (મરાઠી)
નંદ મહરકો પુતવા દયા (પુરવી)
તુંહિ સામલડા પ્યારા (પંજાબી)
દુશ્મન ખલક બિસારા (બિસારા)
સ્વામી તિકડેઈ કડારા (દ્રવિડ)
મનોરથ પૂર્યા સારા (ગુજરાતી)
વૈત્વમેવ સ્વામી નિરંતર (સંસ્કૃત)
પ્રભુ થાંકી દાસી માકો કાંઈડર (મારવાડી)

શુદ્ધાદ્વૈત દર્શન પ્રત્યે દયારામનો અભિગમ

દયારામની શ્રી વલ્લભાચાર્યજી પ્રત્યે નિષ્ઠા અનન્ય હતી. તેથી તેમની 'શુદ્ધાદ્વૈત' વિચારધારા પ્રત્યે તેમની અડગ શ્રદ્ધા અને સ્પષ્ટ ખ્યાલો દૃઢ હતા. તેમના જીવ, જગત અને બ્રહ્મ વિશેની સંકલ્પના સ્પષ્ટ અને સરળ છે. તેઓએ શુષ્ક નહીં પણ રસિક બનાવી તે વિચારસરણી રજૂ કરવાની કલા હસ્તગત કરેલી જેથી આવા તત્ત્વદર્શીય ગંભીર વિષયને પણ ખૂબ સરળ ભાષામાં તેઓએ રજૂ કરેલી છે.

પરમોચ્ચ તત્ત્વને સમજાવવા તેઓ લખે છે-

શ્રીમન્નારાયણ વિશ્વરૂપ સમાન અક્ષર બ્રહ્મ
તેહેમના પણ પ્રભુ પરમ કારણ પૂર્ણ પુરુષોત્તમ
જેહની ન કોઈ બરાબરી, તો અધિક ક્યહાં થકી હોય?
જન દયા પ્રીતમ તે જ પરમેશ્વર ન બીજા હોય.

નિર્ગુણ-સગુણ બ્રહ્મ વિશે સ્પષ્ટતા કરતાં દયારામ કહે છે-

નિર્ગુણ સગુણ શ્રુતિનો અર્થજી, એમ કર્યો માહાત્મ્ય સમર્થજી,
પ્રાકૃત ગુણ નહિ જેમાં લેશજી, અપ્રાકૃત ગુણ ભર્યા અશેષજી.
સત ચિત્ આનંદ આદિ અનંતજી, ઐશ્વર્યાદિ સહ ભગવંતજી
અગુણ સગુણ એ બ્રહ્મ વિચારજી, કેવળ- નિર્ગુણ કહે ગમારજી.

માયાવાદીના 'બ્રહ્મ સત્ય જગન્મિથ્યા' અર્થાત્ જગત એ બ્રહ્મનું માયામાં પ્રતિબિંબ માનવાની વિચારધારાનું ખંડન કરતાં દયારામ. તાર્કિક દલીલો આપે છે-

તું લાવતો નથી લાજ મને જે ખોટું સંભવશે કહી,
(જો) તારા મતમાં બ્રહ્મને તો રૂપ મૂળગું છે નહિ,
વળી દર્પણ સ્થાને માયા કહી તે માયા કપટનું નામ,
તે કપટમાં ક્યહાં અમલતા ગણો આદર્શ ઠરે ઠામ.
પ્રતિબિંબ ન પડે રૂપ વણ નિર્મલી વસ્તુ પાખ્ય,
પવનનું પ્રતિબિંબ કાષ્ઠમાં ક્યહું પડ્યું દીઠું ભાખ્ય.

બ્રહ્મ જગતનું કારણ છે અને જગત એ બ્રહ્મનું કાર્ય છે અર્થાત્ બ્રહ્મ જ જગતમાં વિવિધ નામ રૂપે નિજ ક્રીડાર્થે વિલસી રહ્યો છે, એ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતને સમજાવવા દયારામ લખે છે-

એક જ બ્રહ્મ બહુ રૂપે થાય, નામ રૂપનો ભેદજી,
વસ્તુતઃ તત્ત્વે સર્વ ઠેકાણે, એક જ તેહ અભેદજી,

નામ રૂપ અને ગુણ કરી ભેદજી, સકળ રૂપ શ્રી હરિ કહે વેદજી
વિચિત્ર લીલા રચી સમર્થેજી, રમણ પોતાને કરવા અર્થેજી.

નામ રૂપાદિ વિવિધ પેખીને દ્વૈતપણું નહિ લેશજી
નાગર નટુવો ચતુર શિરોમણી, ધરે અનેક તે વેશજી
એ વાડીમાં બ્રહ્મ વિલસે, જગ હરિ ક્રીડા ભાંડજી,
બાહ્યભ્યંતર રમણ કરે- પ્રભુ અનંત કોટિ બ્રહ્માંડજી.

કાર્યકારણ ભાવના સિદ્ધાંત મુજબ બ્રહ્મ જગતનું ઉપાદાન, નિમિત્ત તેમ જ સમવાયી કારણ છે તેની દૃષ્ટાંત સાથે રજૂઆત તેઓ આ રીતે કરે છે-

વણ ત્રય હેતુ કારજ ન હોયજી, શ્રુતિ, સ્મૃતિ બોલે સહુ કોયજી
ઉપાદાન ઘટ મૃત્તિકા લહિયેજી, નિમિત્ત કારણ કુલાલ કહિયેજી

કહિયે વળી સમવાયી કારણ, વિવર ચક્ર ને દંડ
એ ત્રણ કારણ થકી,સમજી લે રચ્યું બ્રહ્માંડ.

જીવ બ્રહ્મનો અંશ છે તે બતાવવા દયારામ કહે છે-

અણુ જીવ કર્માદિક વશ, ભોગને વિવિધ કલેશ
છે મહદ્ બ્રહ્મ સ્વતંત્ર, આનંદ, કર્માદિક નહિ લેશ,

જીવ કર્માધીન ફલ ભોગવે છે પરંતુ બ્રહ્મને કર્મનું બંધન નડતું નથી.

દયારામ- ભક્ત કવિ :

દયારામની કવિતામાં કૃષ્ણપ્રેમની ઝંખના અને મિલનનું માધુર્ય બંને ખૂબ જ રસિકતાથી વર્ણવાયું છે. દયારામમાં ભાવવૈવિધ્ય છે. તેમણે શુષ્ક તત્ત્વજ્ઞાનને કદીયે પોષ્યું નથી. નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મને સ્થાને સગુણ સાકારને વધુ વહાલપ આપી દયારામે પોતાની કવિતાને પરમેશ્વર સુધી પહોંચાડવાના પગથિયારૂપે વ્યક્ત કરી છે. કૃષ્ણ સિવાય તેમને કશું ભાવતું નથી. તેઓ કહે છે-

સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું,
મને ન ગમે બ્રહ્મ સદન અડવું.

કૃષ્ણ એ જ પ્રિયતમ, કૃષ્ણ એ જ સ્વામી, કૃષ્ણ જ અંતર્યામી, કૃષ્ણ એ જ રસરૂપ અને તેમનું સર્વસ્વ. જ્ઞાન અને કર્મ પ્રત્યે આદર હોવા છતાં ભક્તિના પ્રવાહને તેઓ મુખ્ય ગણે છે. ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચવાનાં સોપાનો પ્રેમ, આસક્તિ, વ્યસન અને તન્મયતાનો નિર્દેશ કરતાં દયારામ ગાય છે-

કહિયે પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે તેનો તે સ્નેહ,
વિયોગ થાય ત્યારે તપે તન, ત્યાંહાંનું ત્યાંહાં વળગ્યુ રહે મન,
એકવાર આખા દિવસમાં મળ્યા વિના ન રહેવાય;
જો ના મળે તો વિકળ થાય, આસક્તિ એ તો કહેવાય.
કહેવાયે વ્યસન, આવું જ્યારે થાય,
સામા સામી હૃદય વિંધાય;
'તન્મયતા' તે મૃત્યુ સમાન,
આ ચારે આવે, આપે હરિદાન.
તન્મયતાનું લક્ષણ છે એક
મૃત્યુ સાદૃશ્ય પણ મરણ ન છેહ.

તેમની અમૂલ્ય રચના ભક્તિ પોષણ એ ભક્તિનો ગ્રંથ છે, જેમાં

પુષ્ટિમાર્ગનું સંપૂર્ણ હાર્દ સમાયેલું છે. ભક્તિનો મહિમા ગાતા તેઓ કહે છે

ચાર વેદ, ખટ શાસ્ત્રનો વારે વારે કર્યો રે વિચાર;
ઉપનિષદના અર્થનો શોધતાં નીકળ્યો એ સાર;
નીકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ, સત્સંગમાં કરવી આસક્તિ;
પૂર્ણ પુરુષોત્તમને યુગ્મ ચરણે સર્વ સમર્પી રહેવું શરણે;
સેવો શ્રી કૃષ્ણ કૃપાલ.

પુષ્ટિ ભક્તિ માર્ગમાં આરાધ્ય શ્રીકૃષ્ણ છે, માધ્યમ સેવા છે, સાધન સત્સંગ છે અને નિયામક ભગવાનની કૃપા છે. માટે જ દયારામ કહે છે-

“નિશ્ચયના મહેલમાં વસે મારો વાલમો, વસે વ્રજ લાડીલો રે...”
“.... સત્સંગ દેશમાં ભક્તિ નગર છે. પ્રેમની પોળ પૂછી જાજો રે.”
“વિરહતાપ પોળિયાને મળી, મહેલે પેસજો, સેવા સીડી ચડી ભેળા થાજો રે...”
“...એરે મંડાણનું મૂળ હરિ ઈચ્છા, કૃપા વિના સિદ્ધ નવ થાય રે”

પુષ્ટિ સિદ્ધાંતના મર્મને, શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શનના ગાંભીર્યને આટલી સરળ અને સહજ રીતે સામાન્ય લોકો સુધી પહોંચાડવાનું અદ્ભુત કાર્ય કર્યું છે ભક્તકવિ દયારામે.

(૪) સ્વામીનારાયણ સંતકવિઓ :

પંદરમી અને સોળમી સદીમાં નરસિંહ અને મીરાંનો પદપ્રવાહ તેના શિખર પર પહોંચ્યો ત્યાર પછી શૈવ અને વૈષ્ણવ ભક્તિમાં થોડી ઓટ આવી. તે દરમિયાન સત્તર અને અઢારમી સદીમાં જૈનોના રાસ પ્રબંધ, આખ્યાન-સંસારી વાર્તાનું કથન વિશિષ્ટ રહ્યું. ત્યારપછી અઢારમી અને ઓગણીસમી સદીમાં સ્વામીનારાયણ સંતકવિઓનું સમૃદ્ધ સંત-સાહિત્યનું અપૂર્વ યોગદાન જોવા મળે છે.

સ્વામીનારીયણ સંપ્રદાયનો પરિચયઃ

“સ્વામીનારાયણ સંપ્રદાયનો ઉદય એ ગુજરાતના ધાર્મિક અને સામાજિક જીવનની એક નોંધપાત્ર ઘટના છે. એના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીનો જીવનકાળ લગભગ ૧૮મી સદીના પૂર્વાર્ધથી ૧૯મી સદીના ઉત્તરાર્ધ- ઈ.સ. ૧૭૮૧થી ઈ.સ. ૧૮૩૦ સુધી વિસ્તરેલો છે. એ ગાળામાં ગુજરાતનું રાજકીય

જીવન વિશેષ ડહોળાયેલું હતું. મુસલમાનો પાસેથી મરાઠા પાસે અને મરાઠા પાસેથી ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસે, એમ સત્તાની ફેરબદલીનો એ સમય હતો. ત્યારના રાજાઓ વિલાસિતામાં ડૂબી ગયા હતા. સર્વત્ર અરાજકતા ફેલાયેલી હતી. આવી પરિસ્થિતિનો લાભ લઈ કેટલીક કોમોએ લૂંટફાટ, ચોરી, ડકેતી આરંભી દીધી હતી અને તેથી લોકોના જાનમાલ જોખમમાં મૂકાયા હતા. આવા અસ્થિરતાના કાળમાં લોકમાનસ નબળું પડ્યું. ધર્મની ગહન વાતો સમજવાની ક્ષમતા લોકોમાં રહી નહોતી. પંડિતો-બ્રાહ્મણોમાં ધર્મની ઘણી શિથિલતા આવી ગઈ હતી. લોકો વહેમ અને અંધશ્રદ્ધામાં રાચતા થયા. વામમાર્ગી, કુંડાપંથી વગેરે ખાખી-વૈરાગી સાધુઓએ પોતાની સિદ્ધિને નામે પ્રચલિત વહેમો અને ભૂતપિશાચની માન્યતાઓને પોષીને પ્રજામાં અનેક રીતે ત્રાસ વર્તાવવા માંડેલો. આવા વિપરીત કાળમાં ભગવાન સ્વામીનારાયણ પ્રગટ થયા હતા.

આમ, રાજકીય અંધાધૂંધી, ધર્મને નામે જિવાતું અંધશ્રદ્ધાળુ કે અનીતિમય જીવન, વારંવાર ઊતરતા દુકાળના ઓળા, લૂટારુંઓના ત્રાસ આદિથી કથળેલા પ્રજાજીવન માટે શ્રી સહજાનંદ સ્વામીનું કાર્ય એક આશીર્વાદરૂપ થઈ પડ્યું. તેમણે ધર્મને જીવનવ્યવહાર સાથે જોડી વૈરાગ્યમિશ્રિત કૃષ્ણભક્તિ પ્રવર્તાવી. સમાજજીવનમાં અને મોક્ષપ્રાપ્તિના માર્ગે જ્ઞાતિ, વર્ગ કે ઊંચનીચના ભેદભાવ વિના સર્વના સમાન અધિકારની હિમાયત કરી. કાઠી-કોળી જેવી લૂંટારુ બનતી જતી કોમનાં જીવનપરિવર્તન, વ્યસનમુક્તિ, કુરિવાજ નિવારણ (સતી, દીકરીને દૂધપીતી કરવી વગેરે રિવાજો), વહેમ, અજ્ઞાન નિવારણ જેવાં રચનાત્મક કાર્યો કર્યાં. સમૈયા, ધાર્મિક ઉત્સવો (ફૂલદોલ, વસંત, ઠાકોરજીને જળઝીલણ)માં કથા, સત્સંગ અને ભજન-કીર્તનની રમઝટ બોલાવી સૌને ભક્તિના રંગે રંગી બ્રહ્માનંદમાં ગુલતાન કર્યા.

સહજાનંદ સ્વામીએ તત્ત્વજ્ઞાનની વધુ વાતો નથી કરી. તેમણે પોતાના અભ્યાસ પછી સ્વામીનારાયણ સંપ્રદાયમાં રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતનું તત્ત્વજ્ઞાન માન્ય છે તેમ જાહેર કર્યું અને તેમાં પોતાનાં મૌલિક સૂચનો ઉમેર્યાં. આને **'નવ્યવિશિષ્ટાદ્વૈતવાદ'** તરીકે તેમણે ઓળખાવ્યો. પોતાના તે સિદ્ધાંત સાથે તેમણે વલ્લભ સંપ્રદાયની સેવારીતિનો સમન્વય સાધ્યો જેને **'વચનામૃત'** ગ્રંથમાં સરળ, મિતાક્ષરી, તળપદી અને વાર્તાલાપની જીવંત પ્રવચનશૈલીમાં

અસરકારક રીતે રજૂ કર્યો. તેમના બીજા મુખ્ય ગ્રંથ 'શિક્ષાપત્રી'માં નીતિનિયમો આપી આચાર-વિચારનો સમન્વય કરવા પર ભાર મૂક્યો. આ ગ્રંથોમાં તેમણે સામાન્યમાં સામાન્ય મનુષ્ય અને વિદ્વાન વચ્ચેના વાર્તાલાપના રૂપમાં પોતાના સિદ્ધાંત રજૂ કરેલા છે. આ વાર્તાલાપમાં બ્રાહ્મણોથી માંડી શૂદ્રો સુધી બધા હાજર રહેતા હતા. લોકભાષામાં દૃષ્ટાંતો, આખ્યાનો, ઉપમા- અલંકાર વગેરેનો ઉપયોગ કરી લોકોનાં મન સુધી પહોંચવાનો પ્રયત્ન તેમણે કર્યો હતો. આસપાસના વાતાવરણમાંથી, રોજબરોજના પ્રસંગોમાંથી તેમણે દૃષ્ટાંતો આપ્યાં જેનાથી તાત્ત્વિક વાતો ખૂબ જ સરળ બનાવી લોકો સમક્ષ મૂકી.

શિક્ષાપત્રીમાં તેમણે લખ્યું છે કે, **'સર્વે વૈષ્ણવોના રાજા વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજીના ઉત્સવો અમને માન્ય છે.'**

તેમની સાથે પાંચસો સંત રહેતા જેઓ **'પરમહંસ'** તરીકે ઓળખાતા. તેઓ સમાજના ખૂણે ખૂણે પહોંચી વળ્યા અને અધ્યાત્મ સેવા, સાહિત્ય સેવા તેમજ સમાજસેવાના ત્રિવેણી સંગમનું કાર્ય શરૂ કર્યું. આ પરમહંસ મંડળમાં કેટલાક કવિઓ હતા. તેમણે વિપુલ પદ્યરચના કરી ગુજરાતી સાહિત્યમાં અપૂર્વ યોગદાન આપ્યું છે. આ રીતે સહજાનંદ સ્વામી દ્વારા સામાજિક ઉત્થાનનું અભૂતપૂર્વ કાર્ય થયું છે.

સ્વામીનારાયણીય સંતકવિઓ અને તેમનું સાહિત્ય

કીર્તનભક્તિ એ નવધા ભક્તિનો એક પ્રકાર છે. કળિયુગમાં કીર્તનભક્તિનો સવિશેષ મહિમા દર્શાવાયો છે. સંતોએ પોતાનું સર્વસ્વ પરમાત્માના ચરણમાં સમર્પિત કર્યું હતું. તેથી સંતોએ પોતાની વાણીનો ઉપયોગ પરમાત્માના ગુણગાન ગાવામાં જ કર્યો. પરમાત્માનું નામકીર્તન કરતાં કરતાં આધ્યાત્મિક કલ્યાણ સાધવું એ તેમનું મુખ્ય લક્ષ્ય હતું.

ઉપરોક્ત પાંચસો પરમહંસોમાંના સંતકવિઓમાંના દસેક જેટલા સંત કવિઓ વધુ પ્રચલિત છે. જેમાં **પ્રેમાનંદ** (પ્રેમસખી), **મુક્તાનંદ**, **બ્રહ્માનંદ**, **નિષ્કુળાનંદ**, **દેવાનંદ**, **ભૂમાનંદ**, **મંજુકેશાનંદ**, **પૂર્ણાનંદ** આદિ છે. તેમના દ્વારા રચાયેલાં પદસાહિત્ય આધ્યાત્મિક જ્ઞાનથી ભરપુર છે. આ સંતકવિઓનાં પદો સાંપ્રદાયિક સીમાને ઉલ્લંઘીને વ્યાપક ગુજરાતી સમાજનું આસ્વાદ્ય કવિતાધન બનેલ છે. ગુજરાતી સાહિત્યના નિષ્ણાતોએ નોંધ્યું છે કે નરસિંહ મહેતા પછી

અસરકારક રીતે રજૂ કર્યો. તેમના બીજા મુખ્ય ગ્રંથ **'શિક્ષાપત્રી'**માં નીતિનિયમો આપી આચાર-વિચારનો સમન્વય કરવા પર ભાર મૂક્યો. આ ગ્રંથોમાં તેમણે સામાન્યમાં સામાન્ય મનુષ્ય અને વિદ્વાન વચ્ચેના વાર્તાલાપના રૂપમાં પોતાના સિદ્ધાંત રજૂ કરેલા છે. આ વાર્તાલાપમાં બ્રાહ્મણોથી માંડી શૂદ્રો સુધી બધા હાજર રહેતા હતા. લોકભાષામાં દૃષ્ટાંતો, આખ્યાનો, ઉપમા- અલંકાર વગેરેનો ઉપયોગ કરી લોકોનાં મન સુધી પહોંચવાનો પ્રયત્ન તેમણે કર્યો હતો. આસપાસના વાતાવરણમાંથી, રોજબરોજના પ્રસંગોમાંથી તેમણે દૃષ્ટાંતો આપ્યાં જેનાથી તાત્ત્વિક વાતો ખૂબ જ સરળ બનાવી લોકો સમક્ષ મૂકી.

શિક્ષાપત્રીમાં તેમણે લખ્યું છે કે, **'સર્વે વૈષ્ણવોના રાજા વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજીના ઉત્સવો અમને માન્ય છે.'**

તેમની સાથે પાંચસો સંત રહેતા જેઓ **'પરમહંસ'** તરીકે ઓળખાતા. તેઓ સમાજના ખૂણે ખૂણે પહોંચી વળ્યા અને અધ્યાત્મ સેવા, સાહિત્ય સેવા તેમજ સમાજસેવાના ત્રિવેણી સંગમનું કાર્ય શરૂ કર્યું. આ પરમહંસ મંડળમાં કેટલાક કવિઓ હતા. તેમણે વિપુલ પદ્યરચના કરી ગુજરાતી સાહિત્યમાં અપૂર્વ યોગદાન આપ્યું છે. આ રીતે સહજાનંદ સ્વામી દ્વારા સામાજિક ઉત્થાનનું અભૂતપૂર્વ કાર્ય થયું છે.

સ્વામીનારાયણીય સંતકવિઓ અને તેમનું સાહિત્ય

કીર્તનભક્તિ એ નવધા ભક્તિનો એક પ્રકાર છે. કળિયુગમાં કીર્તનભક્તિનો સવિશેષ મહિમા દર્શાવાયો છે. સંતોએ પોતાનું સર્વસ્વ પરમાત્માના ચરણમાં સમર્પિત કર્યું હતું. તેથી સંતોએ પોતાની વાણીનો ઉપયોગ પરમાત્માના ગુણગાન ગાવામાં જ કર્યો. પરમાત્માનું નામકીર્તન કરતાં કરતાં આધ્યાત્મિક કલ્યાણ સાધવું એ તેમનું મુખ્ય લક્ષ્ય હતું.

ઉપરોક્ત પાંચસો પરમહંસોમાંના સંતકવિઓમાંના દસેક જેટલા સંત કવિઓ વધુ પ્રચલિત છે. જેમાં **પ્રેમાનંદ** (પ્રેમસખી), **મુક્તાનંદ**, **બ્રહ્માનંદ**, **નિષ્કુળાનંદ**, **દેવાનંદ**, **ભૂમાનંદ**, **મંજુકેશાનંદ**, **પૂર્ણાનંદ** આદિ છે. તેમના દ્વારા રચાયેલાં પદસાહિત્ય આધ્યાત્મિક જ્ઞાનથી ભરપુર છે. આ સંતકવિઓનાં પદો સાંપ્રદાયિક સીમાને ઉલ્લંઘીને વ્યાપક ગુજરાતી સમાજનું આસ્વાદ્ય કવિતાધન બનેલ છે. ગુજરાતી સાહિત્યના નિષ્ણાતોએ નોંધ્યું છે કે નરસિંહ મહેતા પછી

ભક્તકવિ તરીકે પ્રેમાનંદનું નામ આવે. ગુજરાતી કવિતાની ચિરસ્થાયી સમૃદ્ધિમાં સ્વામીનારાયણ સંત કવિતાનું મહત્ત્વનું યોગદાન છે.

સ્વામીનારાયણ કવિઓની કવિતાનો વિષય

૧) પ્રેમાનંદનાં પદોની સંખ્યા લગભગ ૧૦થી ૧૨ હજાર જેટલી છે. તેમણે ગુજરાતી ઉપરાંત હિન્દી, વ્રજ, રાજસ્થાની અને ક્યાંક મરાઠી ભાષામાં પણ પદો રચ્યાં છે. નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ, મુક્તાનંદ, દેવાનંદ પૈકી દરેકનાં પદો હજારોની સંખ્યામાં છે.

૨) આ કવિઓએ મુખ્યત્વે ભક્તિ, જ્ઞાન-વૈરાગ્ય અને બોધનાં પદો રચ્યાં છે. સાચા વૈષ્ણવનાં લક્ષણો, હરિભક્તે પાળવાના નિયમો, તાત્ત્વિક સિદ્ધાંત વગેરેને આવરી લેતાં પદો છે.

૩) તેઓ સહજાનંદ સ્વામીને પૂર્ણ અને પ્રગટ પુરુષોત્તમ માનતાં અને તેમની પ્રગટ ભક્તિ કરતા. તેથી તેમની બહુવિધ લીલા પણ એમની રચનામાં આલેખાઈ છે.

૪) પ્રગટ પ્રભુના સાંનિધ્યમાં પરમાનંદનો સ્વાનુભવ અને પ્રગટની પ્રાપ્તિનો કેફ નિરૂપતાં પદો શ્રોતાને ભાવજગતમાં લઈ જાય એટલાં રસ અને માધુર્યસભર છે.

૫) થાળ, આરતી, હાલરડાં, ઉદ્ધવસંદેશ, વાર, બારમાસી, તિથિ, ઉત્સવો, હોરીખેલ, શ્રીકૃષ્ણની બાળલીલા, દાણલીલા, રાસલીલા કે ગોપીહૃદયની ઊર્મિઓને વાચા આપતાં પ્રેમલક્ષણા ભક્તિનાં પદો અને ગરબીઓ જેવી અનેક પ્રકારની રચનાઓ પણ તેમણે કરી.

સંત કાવ્યોની વિશિષ્ટતા

૧) આ સંતો માત્ર કવિ જ નહિ પણ વિશેષ સહજાનંદ પ્રભુમાં મસ્ત ભક્તો હતા. કવિતા તો એમને માટે માત્ર સાધનરૂપ જ હતી.

૨) તેમને કવિત્વની કુદરતી બક્ષિસ હતી. તેથી પ્રેમાનંદ, નિષ્કુળાનંદ કે બ્રહ્માનંદના વૈરાગ્યનાં પદો પણ શુષ્ક નહિ પણ રસભીનાં લાગે છે.

૩) એમણે મુખ્યત્વે સહજાનંદ સ્વામીની પ્રીતિ માટે, નિજાનંદ માટે, પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરવા માટે કે લોકહિતાર્થે કાવ્યરચના કરી હતી.

તેથી જ તેમની કવિતા કલાત્મક ઊંચાઈ સાધી શકી. તેમની સરળ, નિખાલસ અને ભાવપૂર્ણ કવિતા મર્મસ્પર્શી બની શકી છે.

૪) કવિતા એમને માટે શોખ, અહં કે પ્રતિષ્ઠાનો નહિ પણ ઈશ્વરની પ્રસન્નતાનો વિષય હતો. તેથી તેમની કવિતામાં શ્રદ્ધાનું તત્ત્વ વિશેષ ધ્યાનાકર્ષક બની રહે છે.

૫) આ સંતકવિઓને સંતવાણીની પરંપરાનો ઊંડો ખ્યાલ હતો, એ તેમના કાવ્યના વિષયો, કલ્પના-વિચાર-ભાવ, અલંકાર, લયભંગિ અને વાગ્ભંગિમાં જોવા મળે છે.

૬) તેઓ કાવ્યશાસ્ત્રના અને સંગીતના ઉચ્ચ કસબીઓ હતા. એમાંના ઘણા કવિઓ સારા ગવૈયા અને શાસ્ત્રીય સંગીતના પણ જાણકાર હતા. તેથી એમનાં પદોમાં પરજં, મલ્હાર, કાફી, ધનાશ્રી, કલ્યાણ આદિ રાગરાગિણીઓ, રાગ-સ્વર-તાલની સુંદર ગોઠવણી, તાજગીભર્યા અલંકારો અને સંગીતમાધુર્ય સારા પ્રમાણમાં જોવા મળે છે, તેમજ લોકપ્રચલિત ઢાળના ઉપયોગને કારણે પણ તેમનાં પદો અત્યંત લોકપ્રિય પણ બની શક્યાં છે.

૭) જોકે એમની કવિતા મુખ્યત્વે એમના આધ્યાત્મિક વિકાસરૂપે પ્રગટ થઈ છે, તેથી તેમની વાણીને તેમની આધ્યાત્મિક-સાધનાથી અલગ કરીને જોવી યોગ્ય નથી.

૮) ભાગવતકારે વેદ (નિગમ) રૂપી કલ્પવૃક્ષના પક્વ ફળનું રસપાન કરવાનું કહ્યું છે. આ સંતોની વાણી સચ્ચિદાનંદ પરમાત્માની રસાત્મક કહાણી છે. તેથી જ એમની વાણીનો રસ પીવાથી આંતરિક રીતે સમૃદ્ધ થવાય છે.

૯) કવિ પોતાના યુગનો પ્રતિનિધિ હોય છે. અખાએ પોતાના સમયની રાજકીય પરિસ્થિતિ અને વરવાં વાતાવરણને ફક્ત બે પંક્તિમાં તાદશ કર્યું:

ઈસ નગરીમેં ના સુખે સોણાં, નિત માંગે ઔર નિત હોય રોણાં;
જિસ નગરીકા રાજા કઢંગા, સર્વે લોક ચલે 'આપ' રંગા.

કંઈક આવી જ વાત પ્રેમાનંદના પદમાં જોવા મળે છે:

સહજાનંદ સ્વામી રે, જો ન પ્રગટત આ સમે રે;
મતિયા ને પાંખડી રે, શબ્દની જાળમાં રે; બાંધી બાંધી બોળત જીવ અપાર રે

કાળીગાની ફોજુ રે, કરત આંત જોરને રે; કરી ગુરુ પંડિતમાં પહરવેશ રે
મુક્તાનંદ કહે છે રે, તેનાં દુઃખ ટાળિયાં રે; જાઉ એને વારણે વારંવાર રે

સંતોએ સહજાનંદના પોષાક અને અલંકારોનું વર્ણન કર્યું છે તે પરથી તે જમાનાના પોષાકો અને અલંકારોનો ખ્યાલ આવે છે.

સંતકવિઓનાં પદોનું મૂલ્યાંકનઃ

તત્ત્વજ્ઞાન આલેખતાં પદો

મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ.
અતિ તેજોમય રે, રવિ શશી કોટીક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય.
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.

અક્ષરધામનું વર્ણન કરતાં કવિ પ્રેમાનંદ 'અતિ તેજોમય' છતાં 'શીતળ શાંત' એવી અનોખી વિશિષ્ટતા દર્શાવે છે. બ્રહ્માનંદ અક્ષરના વ્યાપક રૂપને સમજાવવા 'અંબર'નું રૂપક પ્રયોજે છે. અક્ષરબ્રહ્મથી પર સર્વોપરી પરબ્રહ્મની ઓળખાણ તદ્દન સરળ ભાષામાં પ્રેમાનંદ આપે છેઃ

જયશ્રી નારાયણ સર્વકારણ સદા, જયશ્રી અક્ષરપતિ અંતર્યામી
જયશ્રી ધર્માત્મજ પ્રગટ પુરુષોત્તમ, જયશ્રી સહજાનંદ સુખદ સ્વામી.

વૈરાગ્યનાં પદઃ

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી;
અસંખ્ય ગયા ધન-સંપત્તિ મેલી, તારી નજરું આગે જી.
જોબન ધનનું જોર જણાવે; છાતી કાઢી ચાલે જી,
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલે જી
બહારે તાકી રહી બિલાડી, લેવા વાર ન લાગે જી.

બ્રહ્માનંદનું આ ઉત્કૃષ્ટ અને પ્રસિદ્ધ પદ ગાંધીજીને પણ પ્રિય હતું. શરીર પતંગિયાની જેમ જ સુંદર છે, પણ ક્ષણભંગુર છે. ઉંદર-બિલાડી અને પતંગિયાનાં રૂપક દ્વારા કવિજીવનની ક્ષણભંગુરતા, દારૂ પીધેલ ઉંદરડાના રૂપક દ્વારા જુવાનીનો મદ અને છાક, ટાંપીને રાહ જોતી બિલાડીના રૂપક દ્વારા કાળની

ઝપટ કવિ અસરકારક રીતે રજૂ કરે છે.

ચપેટા કાલકા ઐસા, ઝપેટા બાજકા જૈસા;
કડાકા ગાજકા જાનો, સડાકા બીજુરી માનો
મીન જ્યું બગલે લપકાવે, દાદુર જ્યું સાપ સપકાવે;
ઐસે તું કાલ મુખ જૈહો, ફેરી તું પ્રાની પછતૈ હો
સુમર લે શ્યામ સુખદાયી, પ્રેમાનંદ કહત હિત લાઈ.

“આ પદ (રેખતા)માં કાળના ઝપાટા માટે આપેલાં દૃષ્ટાંતોની નવીનતા, ચપેટા-ઝપેટા, લપકાવે- સપકાવે જેવા શબ્દાનુપ્રાસો અને અર્થાનુસારી ક્રિયાપદોનો સુંદર પ્રયોગ આજના નવકવિઓને ગમી જાય એવો છે. પ્રેમાનંદના કાવ્યકૌશલનો આ ચમત્કાર છે.”- અનંતરાય રાવળ

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટી ઉપાય જી;
અંતર ઊંડી જે ઈચ્છા રહે, તે તો કેમ તજાય જી.
ઉષ્ણ રતે અવનિ ઉપરે, બીજ ન દીસે બહાર જી;
ઘન વરસે વન પાંગરે, એમ ઈન્દ્રિ વિષય વિકાર જી.

આ પદને ગાંધીજીની ‘આશ્રમ ભજનાવલિ’માં સ્થાન મળ્યું છે. કેટલાંક કાવ્યો શાશ્વત સમય માટે હોય છે. આ એવું જ એક પદ છે. આ પદનો ઉપાડ જ કેટલો સુંદર છે? ત્યાગ અને વૈરાગ્યના સૂક્ષ્મ ભેદને કેટલી માર્મિક રીતે સમજાવ્યો છે!

બોધનાં પદો

સમાજના વાતાવરણને દૂષિત કરતાં તત્ત્વો-જુગાર, દારૂમાટી, પરસ્ત્રીગમનમાં રચ્યાપચ્યા જીવોને ઢંઢોળીને બહાર કાઢવા કવિઓ તેમને શિખામણ આપે છે:

રે નર સમજ સયાને કૌવા
કપટ ચપટ કરી જનમ ગુમાયો, ખેલ ગંજીફા જૌવા;
નારી ધન જોબન બીચ ડૂબો, હરિકો નામ ન લૌવા
પ્રેમાનંદ કહે આવેંગે જમરા, માર લે જાયેંગે લઠૌવા

આવી આજ્ઞાની, દીશાશૂન્ય જીવોને સંસારમાં ભટકતા જોઈ પ્રેમાનંદ સમજાવે છે કે પ્રગટ પ્રભુની આજ ઓળખાણ કરી લો નહિતર કાળ તો કોળિયો

કરવા તત્પર જ છે!

ચપેટા કાલકા ઐસા, ઝપેટા બાજકા જૈસા;
કડાકા ગાજ કા જાનો, સડાકા બિજુરી માનો

સંતકવિઓની સમાજસેવા

૧) સંતકવિઓ વ્યક્તિગત સાધનાની સાથેસાથે સમાજસેવામાં પણ પ્રવૃત્ત રહે છે. તેથી જ સમસ્ત સંતસાહિત્ય વ્યક્તિ અને સમાજ વચ્ચે સેતુ બની રહે છે.

૨) પ્રગતિશીલ સંત અને ભક્ત પરમ સત્યની ઉપાસનાની સાથેસાથે માનવ માનવ વચ્ચે સંવાદિતા સ્થાપવાનું સૌથી મહત્ત્વપૂર્ણ કામ કરે છે.

૩) 'ભક્ત'નો અર્થ જ 'જોડવું' એવો છે. આ ભક્તકવિઓએ લોકોને આરાધ્ય દેવ સાથે, લોકહિત સાથે, માનવ-માનવ સાથે જોડવાની હંમેશાં કોશિશ કરી છે. ભક્ત ક્યારેય વિભક્ત ન હોય એ વાત કેટલી સાચી છે.

૪) ભારતવર્ષના કરોડો લોકોને તેમણે પ્રેમના તંતુથી બાંધ્યા છે. પ્રેમરસથી નીતરતાં તેમનાં પદો લોકહૃદયની અંદર આજે પણ રાજ કરે છે.

૫) સંસારના દુઃખથી દાઝેલા, અપમાનિત, શોષિત અને વ્યાકુળતાથી ઊભરાતા વિશ્વને તેમણે ભક્તિ-સંગીત વડે સુગંધિત રાખ્યું છે. ભક્તિકાવ્યનો ધોધ વહાવી તેમણે પ્રજામાં વીજળી-શક્તિ પેદા કરવાનું અને બળ્યાઝળ્યા આત્માને શાંતિ આપવાનું અદ્‌ભુત કામ કર્યું છે.

૬) આનંદ, વિરહ, ભય આદિ હૃદયના સૂક્ષ્મ ભાવોને તેમણે ગીતરૂપે શબ્દો દ્વારા અને સંગીતરૂપે સ્વર દ્વારા વ્યક્ત કર્યા છે. (**'માધોજી મેરે તો તુમ હી એક પાંવ ધરનકો ઠીકાનો'.**)

૭) સમાજના અજ્ઞાની અને નીચલા થરને અનન્ય શરણાગતિ અને એકનિષ્ઠાથી નિર્ભય કર્યા. તેમનામાં આત્મવિશ્વાસ જગાડ્યો. (**ડર ન રહ્યો બીજા દેવનો ગ્રહ્યો હરિએ હાથ, મૈં તો તેરે બિરૂદ ભરોસે બહુનામી.**)

૮) યાંત્રિક રીતે થઈ રહેલાં ધાર્મિક વિધિવિધાનો પર પ્રહારો કરી લોકોના અજ્ઞાનને દૂર કર્યા, તો બીજી બાજુ અમૂલ્ય માનવદેહને વેડફી નાખતા જીવોને ક્યારેક તલવારની ધાર જેવા શબ્દોથી ચાબખા મારી ઢંઢોળ્યા. (**રે મૂરખ**

નર શયાને ઉલુ), તો ક્યારેક દૂધની ધાર જેવા પોષક અને મીઠાં શબ્દોથી તેમની સૂતી સંવેદનાને જગાડી! (**શીલકી શૈલી, સંતોષકી મુદ્રા ત્યાગકા તબલ બજાઉંગી**). વર્ણાશ્રમની પ્રથા પર પ્રહાર કરી મોક્ષનો માર્ગ સહુને માટે ખુલ્લો છે એ વાત છડેચોક કહી (**ગાડર આણીએ ઊનને કારણે; કાંતેલા કોકડા તે જ ખાયે.** (મુક્તાનંદ.) **જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ; આજ ધર્મવંશીને દ્વાર નરનારી** (પ્રેમાનંદ).

૯) ગીત અને સંગીત બંનેનાં સુંદર સંયોજનથી તેમનાં પદો લોકજીવનમાં ઓતપ્રોત થઈ ગયા અને લોકજીવનનો એક મહત્ત્વનો ભાગ બની ગયા. સંપ્રદાયના નિત્યનિયમ પ્રમાણે સવારે પ્રભાતિયાથી લઈને રાત્રે લીલા-ચેષ્ટાના ગાન સુધીનાં પદો દ્વારા લોકજીવનમાં અંતરંગ ભાગ બની ગયા. સવારે **"પ્રાતઃસમે શ્રી પુરુષોત્તમની મૂર્તિ મનમાં સંભારું રે"**થી દિનચર્યા શરૂ કરીને રાત્રે શ્રી હરિના લીલાચેષ્ટાના ગાનથી દિવસની પૂર્ણાહુતિ-આમ ભક્તને પ્રભુમય રાખવાની એક દીર્ઘદૃષ્ટિ રહેલી છે.

૧૦) તેમની ભક્તિરસપૂર્ણ ગરબીઓએ તો ગુજરાતનાં સ્ત્રી-પુરુષોનાં ચિત્ત હરી લીધાં. (**મારાં નેણાં ચકોર, તમે ચંદ રે, સુંદર શામળિયા; મારી પ્રીત કોયલ, તમે ઋતુરાજ રે, સુંદર શામળિયા.**)

૧૧) પ્રાપ્તિનો પૂર્ણાનંદ, પરમાનંદનો સ્વાનુભવ તેમની વાણીમાં એટલો બધો છલકાય છે, જે આજે કળિયુગમાં પણ શ્રોતાને દિવ્ય આનંદની મસ્તીમાં ઘસડી જાય છેઃ

આજ આનંદનાં વધામણાં, હૈયે હરખ ન માંય;
અમળતી વાત તે આવી મળી, શું કહું સુખની સીમાંય.
આજ અમૃતની હેલી થઈ, રહી નહીં કાંઈ ખોટ;
એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયા કલ્યાણ કોટ.
(નિષ્કુળાનંદ)

માવજી મુજ પર ખૂબ અઢળક ઢળ્યા, માહેરૂ મંદિર ધામ કીધું
સુખ તણાં સિંધુ સહેજે મળ્યા શામળો, તમ થકી માહેરૂ કાજ સીધું.

આ રીતે સંતકવિઓએ ભક્તિની ગંગા વહાવી પ્રજાને રસભીના કર્યા અને ઉન્નત જીવન જીવવા માટે સારું પ્રેરણાબળ પૂરું પાડ્યું. મનુભાઈ પંચોળીએ

એક સરસ વાત નોંધી છે-

“રાજામહારાજાઓની સવારીઓ આવી અને ગઈ, સામ્રાજ્યો રચાયાં અને ભંગાયાં પણ ભારતવર્ષના કરોડો લોકોનાં હૃદયમાં આ સંતકવિઓ આજે પણ રાજ કરે છે.”

◆

૧૩

આસામમાં વૈષ્ણવવાદ - શંકરદેવ

(૧૪૪૯થી ૧૫૬૯)

(Vaishnavism in Aasaam - Shankar Dev)

(1449-1569)

ભૂમિકા

સંતોએ આપણી સંસ્કૃતિને બચાવી છે. અજ્ઞાન અને વિપરીત જ્ઞાન બન્નેથી પ્રજાને બચાવવાનું અતિ મહત્ત્વનું કાર્ય સંતોએ કર્યું છે. વિપરીત જ્ઞાન અજ્ઞાનથી પણ વધુ ખતરનાક હોય છે. કારણ કે તે મનુષ્યને ગેરમાર્ગે દોરે છે. અંગ્રેજોના જમાનામાં જ્યારે તેમનાં પ્રલોભનોથી તેમ જ ઈસાઈ કલ્ચરથી આપણી પ્રજા પ્રભાવિત થઈ હતી, ત્યારે સંતોએ, ભક્તકવિઓએ આપણી સંસ્કૃતિની રક્ષા કરી છે. સંતો ખોટી માન્યતાઓ, ખોટા રિવાજ સામે બળવો કરી, તેનો પ્રતિરોધ કરી અને હકારાત્મક વલણ અપનાવી સમાજને સાચી દિશા બતાવવાનું રચનાત્મક કાર્ય કરે છે અને લોકોને સાચા માર્ગે દોરે છે.

પહેલાંના જમાનામાં વેદો બંધ કરી રાખેલાં પુસ્તકો (Sealed Books) ના રૂપમાં હતા. લોકો સંસ્કૃત ભાષા જાણતા ન હતા. અથવા સામાન્ય લોકો માટે સંસ્કૃત ભાષા પ્રતિબંધિત હતી. ત્યારે સંતોએ ભારતમાં ભક્તિનું આંદોલન છેડ્યું. તે જમાનાના બધા જ આચાર્યો વેદ પ્રતિપાદક હતા, પરંતુ ત્યારે વેદોનો બહુ પ્રચાર ન હતો. વેદ, ઉપરાંત બ્રહ્મસૂત્રો અને ગીતા મહત્ત્વના ગ્રંથો છે. તેમાં ગીતા વધુ પ્રચલિત હતી. ગીતા વિશે લોકો વધુ જાણતા હતા. ભગવાન શ્રીકૃષ્ણની સ્વયંની વાણી હોઈ ગીતામાં લોકોની વિશેષ શ્રદ્ધા હતી. જ્યારે ગીતા સાંભળીએ ત્યારે જાણે ભગવાનની વાણી શ્રવણ કરતાં હોઈએ તેવો અનુભવ થાય. તેમાંથી જીવનના પ્રત્યેક તબક્કા માટે માર્ગદર્શન મળી રહે છે, પ્રત્યેક ગૃહસ્થને તેની મૂંઝવણનો ઉકેલ તેમાંથી પ્રાપ્ત થઈ શકે છે. તે પછી ભાગવતને પણ બધા આચાર્યોએ સ્વીકાર્યું અને પ્રમાણરૂપ માન્યું છે. ભાગવત એ ભક્તિનો ગ્રંથ છે.

'ધર્મ' જીવન જીવવાની કળા શીખવે છે. સામાન્યતઃ બ્રાહ્મણોનું કાર્ય

વેદોના રહસ્યને લોકો સમક્ષ રજૂ કરવાનું હતું. પરંતુ તેમણે તે ફરજ અદા કરી નહીં. એ કામ અર્થાત્ વેદોનું જ્ઞાન સામાન્ય લોકો સુધી પહોંચાડવાનું કામ સંતોએ કર્યું છે. સંતો કહે છે ભગવાન આપણા હૃદયમાં વસે છે. શરીરમાં હૃદય એ ભગવાનને બિરાજવાનું સ્થાન છે. ભારતના પ્રત્યેક પ્રદેશમાં કોઈને કોઈ સંતો પેદા થયા છે જેમણે વેદોના જ્ઞાનને, ધર્મની ભાવનાને, ભગવાનના મહત્ત્વને આમલોકો સમક્ષ, તેઓ સમજી શકે તે ભાષામાં રજૂ કરી ભક્તિનું આંદોલન છેડ્યું છે. 'બંકા' અને 'ચોખા' નામે મહારાષ્ટ્રીયન સંતો થઈ ગયા. જેઓ પીછડી જાતિના હતા. વાસ્તવમાં સંતો ન્યાત- જાતથી પર હોય છે. આ સંતોએ ખૂબ સરસ વાત કરી છે. તેમણે શેરડીનું ઉદાહરણ આપી સમજાવ્યું છે કે જેમ શેરડી બહારથી કઠણ લાગે, પરંતુ અંદરનો રસ ખૂબ જ મીઠો હોય, તેમ અંદરનો ભાવ કેળવવાની જરૂર છે, કેવળ બહારના દેખાવનું મહત્ત્વ નથી. ઈશ્વર આપણો ભાવ જુએ છે.

શંકરદેવ :

તે જ પ્રમાણે આસામ પ્રદેશમાં પણ એક સંત થઈ ગયા જેમનું નામ **શંકરદેવ** હતું. તેમનો જન્મ બ્રહ્મપુત્રા નદીની બાજુના સ્થાને આવેલા ગામમાં એક કાયસ્થ પરિવારમાં થયો હતો. તેમનાં માતા-પિતા મહાદેવજીના ભક્ત હતા એટલે તેમને 'શંકર' નામ આપવામાં આવેલું. આસામમાં નાગને દેવ માનવામાં આવે. તેમના શિક્ષા ગુરુ મહેન્દ્ર કડલી શંકરને નાગનો અવતાર માનતા, તેથી તેઓ 'શંકરદેવ' કહેવાયા. તેમના ગુરુએ તેમને વેદ શિખવાડેલા. તેમના સમયમાં રાજકીય અરાજકતા પ્રવર્તતી હતી. સામાજિક પરિસ્થિતિ ખૂબ ડામાડોળ અને અસ્થિર હતી. ત્યારે ધાર્મિક પરિસ્થિતિ પણ સારી ન હતી, અંધાધૂંધી પ્રવર્તતી હતી. અનેક વાદો અને પંથો ત્યારે અસ્તિત્વમાં હતા. અનેક મિશનરીઓ ધાર્મિક પ્રવૃત્તિમાં કાર્યરત હતી. શૈવ-શાક્તો ઈત્યાદિ આપસમાં ઝઘડતા રહેતા. તે જ રીતે હિન્દુ નેતાઓ પણ આપસમાં લડતા-ઝગડતા. આવી ડામાડોળ રાજકીય તેમ જ ધાર્મિક પરિસ્થિતિમાં શંકરદેવને નેતૃત્વ સંભાળવા આમંત્રણ, આપવામાં આવ્યું. શંકરદેવે નેતૃત્વ માટેનું આમંત્રણ સ્વીકારી સમાજની સાચી પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા સમગ્ર પ્રદેશની પદયાત્રા કરી, જેથી સમાજમાં શું ચાલી રહ્યું છે તેની પ્રાથમિક જાણકારી મળી રહે. સામાન્યતઃ

બધા આચાર્યો-તીર્થયાત્રા-પદયાત્રા કરતા હોય છે. તેની પાછળ તેમનો આશય પુણ્ય કમાવાનો નથી હોતો પરંતુ સમાજની વાસ્તવિક પરિસ્થિતિને જાણવાનો હોય છે.

શંકરદેવે ભાગવતનો સત્તાવાર ગ્રંથ તરીકે સ્વીકાર કરેલો. તેના આધારે તેમણે ભક્તિમાર્ગને અપનાવ્યો જેને પોતે **'મહાધર્મ'** નામ આપ્યું. સમાજના બધા જ વર્ગો આ મહાધર્મને અપનાવી શકતા. તે કોઈને પણ માટે પ્રતિબંધિત ન હતો. જેમ ભાગવત એ કોઈ એક જાતિ માટે નથી તેમ મહાધર્મ પણ અમુક જાતિ માટે જ નહોતો, પરંતુ સમાજના પ્રત્યેક સ્તરના લોકો તેને અનુસરી શકતા.

ઈશ્વર વિશેનું જ્ઞાન 'પ્રત્યક્ષ' કે 'અનુમાન' પ્રમાણ ન આપી શકે, તેથી તે માટે 'શ્રુતિ પ્રમાણ'નો સ્વીકાર અનિવાર્ય છે. શ્રુતિ પ્રમાણ ને જ 'શબ્દ પ્રમાણ'- (Verbal Testimony) કહેવાય છે. ભાગવત પણ વેદતુલ્ય હોઈ તેને પણ શબ્દ પ્રમાણ ગણવામાં આવ્યું છે. ભાગવત દ્વારા આત્મચેતના પ્રગટ થાય છે. બધા મહાનુભાવો આત્મચેતના (Intution) દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે, અર્થાત્ 'આંતર્‌મનનું અજવાળું' પ્રગટ થાય છે.

શંકરદેવ **'અદ્વૈતવાદી'** હતા. અર્થાત્ 'અદ્વૈત' તત્ત્વજ્ઞાનમાં વિશ્વાસ ધરાવતા હતા, ભાગવત ધર્મનું પાલન કરતા તેઓ માયા વિશિષ્ટ બ્રહ્મના ઉપાસક હતા. માયા એટલે શક્તિ. તેમના મતે માયા વિશિષ્ટ બ્રહ્મ એટલે 'શ્રીકૃષ્ણ અથવા પુરુષોત્તમ'. માયા ભગવાનની એક શક્તિ છે, જેના દ્વારા ભગવાન પોતાનાં કાર્યો કરે છે.

શંકરદેવ મનુષ્ય-મનુષ્ય વચ્ચે ભેદભાવ રાખતા નહીં. તેઓ બધાને સમાન ધોરણે જોતા. તેમના મતે 'ભક્ત ચાંડાલ' એ 'અભક્ત બ્રાહ્મણ'થી વિશિષ્ટ છે - ઊંચો છે. વાસ્તવમાં વર્ણાશ્રમ પ્રથામાં વર્ણો તેના કાર્યના આધારે નિશ્ચિત કરવામાં આવ્યા હતા. **'બ્રહ્મમ્ જાનાતિ ઈતિ બ્રાહ્મણ.'** બ્રાહ્મણનું કાર્ય બ્રહ્મને જાણવાનું, સમજવાનું અને સમજાવવાનું હતું. ક્ષત્રિયનું કાર્ય યુદ્ધ કરવાનું હતું. વૈશ્ય એટલે વ્યાપારી અને શૂદ્ર એટલે જે સમાજની સેવા કરે તે. શંકરદેવ કેવળ જન્મ જાતિના આધારે વર્ણભેદ કરતા નહીં.

આસામમાં વૈષ્ણવિઝમના વિકાસમાં શંકરદેવનું પ્રદાન-ફાળો

શંકરદેવે ત્યારે નછૂટકે રાજકીય નેતૃત્વ સંભાળેલું પરંતુ તે તેમણે ત્યજી દીધું. રાજકીય અરાજકતામાંથી ધાર્મિક અરાજકતા ફેલાય છે. તેના કારણે અનેક સંપ્રદાયો બિલાડીના ટોપની માફક ઊભરી આવેલા. અનેક પાખંડી લોકો વિવિધ પ્રકારના ચમત્કારોથી લોકોને ભ્રમિત કરતા હતા. ચમત્કાર એ સમાધિતા માટે અવરોધરૂપ છે. સામાન્ય રીતે લોકો બધું મફત પ્રાપ્ત કરવાની ચાહ રાખતા હોય છે. પરંતુ ઈશ્વરપ્રાપ્તિ તેમ સહજ થઈ શકતી નથી. તેને માટે સાધના આવશ્યક હોય છે. આત્મપરિવર્તન માટે નિષ્ઠાયુક્ત પ્રયત્ન જરૂરી છે. માણસે પોતાના અંતરમાંથી બદલાવાનું હોય છે. ભગવાનને મેળવવા માટે આંતરિક શુદ્ધિ, આંતરિક પરિપૂર્ણતા જરૂરી છે. લોકો ભગવાનને મેળવવા માટે યાત્રા કરતા હોય છે. પરંતુ કેવળ પ્રવાસથી ભગવાન મળે નહીં. તેને માટે સાધના જરૂરી છે.

શંકરદેવે ભાગવતને ઘણું મહત્ત્વ આપ્યું છે. ભાગવતને તેઓએ પૂજનીય તેમજ પ્રમાણગ્રંથ તરીકે સ્વીકાર્યું હતું. તેમણે ભાગવત ઉપર પ્રવચનો આપવા માંડ્યાં. જે સ્થાનોમાં તેઓ પ્રવચન આપતાં તેને **'સત્ર'** કહેવામાં આવતાં. તેને **'મઠ'** પણ કહેવાતા. તે સ્થળો ધાર્મિક કેન્દ્રો હતાં, જેને સામાન્યતઃ મંદિરો કહેવામાં આવે છે. તે સ્થાનોમાં ભાગવત વિશે ચર્ચા કરવામાં આવતી, તેમજ ધાર્મિક પ્રવચનો પ્રજાને આપવામાં આવતાં.

અધ્યાત્મ (Spirituality)માં ટૂંકો માર્ગ (short cut) હોઈ શકે નહીં. ભક્તિ એ સરળ માર્ગ છે.

ભક્તિના બે પ્રકાર છે. જે ભક્તિ કોઈ આશયથી, કોઈ કાર્યની સિદ્ધિ માટે કરવામાં આવે તે **'ગૌણી ભંક્તિ'** કહેવાય, જ્યારે જે કેવળ ભગવાનને પ્રાપ્ત કરવાના હેતુથી- 'શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવા' તે જ તેનો હેતુ હોય, ઉપાસ્યને મેળવવા માટે જ કરવામાં આવતી હોય તેવી ભક્તિ- **'પરાભક્તિ'** - કહેવાય.

શંકરદેવના ઉપાસ્ય 'શ્રીકૃષ્ણ' હતા. કૃષ્ણનાં ત્રણ રૂપો પુરાણોમાં પ્રાપ્ત થાય છે. (૧) ઐતિહાસિક માનવરૂપમાં- (Historical Person), જેમણે અનેક વિશિષ્ટ કાર્યો કર્યાં. (૨) અવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણ જેમણે પૌરાણિક કથામાંની વિવિધ લીલાઓ કરી બતાવી અને (૩) ભગવાન સ્વયં - (God

Himself). એક મહાપુરુષનું આદર્શ વ્યક્તિત્વ (Ideal Human Being), બીજો અવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણ, જેમણે કરેલાં અનેક કાર્યોનો પુરાણોમાં ઉલ્લેખ છે અને ત્રીજા 'પરમ તત્ત્વ-અવતારી-પરબ્રહ્મ' પોતે, (Highest Reality) જેને **'સગુણ બ્રહ્મ'** કહેવામાં આવે છે.

શ્રી વલ્લભાચાર્યજી પરાભક્તિને 'નિર્ગુણ ભક્તિ' પણ કહે છે. શ્રીકૃષ્ણે સમજાવ્યું છે કે જીવન કેવું હોવું જોઈએ. જીવનનાં વિવિધ પાસાં વિશે તેમણે ગીતામાં બોધ આપ્યો છે. તેઓ યોગેશ્વર કે મહા યોગેશ્વર કહેવાય છે. (He was at the height of transcendental stage). એ સમાધિ અવસ્થામાં કૃષ્ણનું સ્વરૂપ છે. કૃષ્ણ કહે છે, મારે કશું મેળવવાનું નથી છતાં કામ કરી રહ્યો છું. તેમણે કંસને માર્યો- કંસનો ઉધ્ધાર કરવા અને સમાજને બચાવવા. અહિં ક્રૂરતા નથી પરંતુ દયાનો ભાવ છે. જેમ એક સ્કૂલ માસ્ટર વિદ્યાર્થીને સજા કરે તો તે તેના ભલા માટે કરતા હોય છે. ક્રૂરતાનો હેતુ દયાનો હોય છે એમ કૃષ્ણના કાર્યોમાં દયાનો ભાવ નિહિત હોય છે. તે ક્યારેય નિર્દયી હોતા નથી.

મહાપુરુષિયા પંથ

શંકરદેવે પોતાનો પંથ સ્થાપિત કર્યો હતો, જે 'મહાપુરુષિયા પંથ' અથવા **'એક શરણિયા પંથ'** તરીકે જાણીતો થયો. આ એક વૈષ્ણવ સંપ્રદાય જ હતો અથવા ભાગવત ધર્મ હતો. તેઓ કેવળ શ્રીકૃષ્ણને જ 'પરબ્રહ્મ' તરીકે સ્વીકારતા તેવો તેમનો અનન્યાશ્રય હતો. શંકરદેવ **'મહાપુરુષ'** કહેવાતા માટે તેમનો પંથ **'મહાપુરુષિયા પંથ'** તરીકે પણ જાણીતો થયો. તેમનો મંત્ર હતો- **'શરણ મે જગન્નાથ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ.'** અર્થાત્ જગન્નાથ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ મારું શરણ છે. તેમણે ચતુર્વિધ શરણાગતિ-ચાર પ્રકારની શરણાગતિનો ઉપદેશ આપેલો. એ ચાર પ્રકારની શરણાગતિ છે-

(૧) ભગવાનની શરણાગતિ- Surrender to God

(૨) ગુરુની શરણાગતિ - Surrender to Guru

(૩) 'નામ' પ્રત્યેની નિષ્ઠા - Divine Name, શ્રદ્ધાપૂર્વક, નિષ્ઠાપૂર્વક અને ગંભીરતાપૂર્વક ઈશ્વરનું નામ લેવું.

(૪) ભક્તો કોઈ પણ જાતિ કે ધર્મના હોઈ શકે. (Devotees can be from any community).

‘મહાપુરુષિયા પંથ’ વૈષ્ણવ સંપ્રદાયના મુખ્ય સિદ્ધાંત

(૧) ભગવાનને જાણવાનાં ત્રણ સાધન છે- પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દપ્રમાણ શબ્દપ્રમાણ એ Indirect Source છે જ્યારે પહેલાં બે- Direct Source છે. ભગવાન છે પણ તેને જાણી શકાય નહીં-અર્થાત તે અજ્ઞાત છે- અજ્ઞેય છે. તેવા જ્ઞાનને ‘Agnosticism’ કહેવાય. તેવી વ્યક્તિ ‘Agnostic’ કહેવાય. અજ્ઞાત એટલે unknown Knowledge or અજ્ઞેય- which cannot be known. શબ્દપ્રમાણ વગર તેને જાણી શકાય નહીં.

આત્માની મુક્તિ (Liberation of Soul) અને ભગવાનનો સાક્ષાત્કાર (Realisation of God) તેમાં બહુ તફાવત નથી. આચાર્ય કહે છે કે ભગવાનનો સાક્ષાત્કાર ભક્તિ દ્વારા સંભવ છે. ભક્તિ દ્વારા ઈશ્વરને જોઈ શકાય છે, જાણી શકાય છે, અનુભવી શકાય છે. વિવેકાનંદે રામકૃષ્ણ પરમહંસને પૂછેલું કે શું તમે ઈશ્વરને જોયા છે? તેમણે જવાબ આપેલો કે - હું તને જોઉં છું તેનાથી પણ સ્પષ્ટ રૂપે મેં તેમને જોયેલા છે. શંકરદેવ કહે છે કે આપણા પ્રયત્નમાં કૃપા મળે (Efforts+Grace) તો ઈશ્વરને જોઈ શકાય છે. બ્રહ્મ વિશેનું જ્ઞાન (Knowledge) આવશ્યક છે. આવું જ્ઞાન Rational હોઈ શકે કે વિશ્વાસથી મેળવી શકાય. તેઓ કહે છે, ઈશ્વર નિર્ગુણ અને સગુણ બન્ને છે. સગુણમાં નિર્ગુણનું અસ્તિત્વ છે જ. સગુણ બ્રહ્મનો હોદ્દો ઊંચો છે. શ્રીકૃષ્ણ સગુણ છે. તે જગન્નાથ છે- જગતનો નાથ છે, સર્વ વ્યાપક છે. તે સર્વજ્ઞાતા (Ommiscience) છે, સર્વવ્યાપક છે. (Omnipresent). આ સંકલ્પનાત્મક જ્ઞાન (Conceptual knowledge) છે. આમાં વિચારોની સ્પષ્ટતા (Clarity of Thought) જરૂરી છે. આ એક આવશ્યક પૂર્વ શરત છે.

(૨) ભક્તિ-શંકરદેવ ‘દાસ્ય ભક્તિ’નો આગ્રહ રાખે છે, જેવી હનુમાનજીની હતી. તેઓ પોતાને ‘રામદાસ’ કહેતા. શ્રી વલ્લભાચાર્ય પણ પોતાને ‘કૃષ્ણદાસ’ કહેતા. કૃષ્ણદાસ એટલે કેવળ કૃષ્ણનો દાસ-કૃષ્ણ સિવાય કોઈનો નહીં, એવું અનન્ય દાસત્વ જરૂરી છે. તેઓ કહેતા હું ઈશ્વરનો દાસ છું, જે મારી અંદર બેઠેલો છે. આને માટે આપણાં પ્રયત્ન અને એકનિષ્ઠા જરૂરી છે, જેનાથી મન વિશુદ્ધ થાય. માણસનું મન બહિર્મુખ હોય છે, માટે પ્રાર્થના જરૂરી છે. જ્યારે ભક્ત એકનિષ્ઠ બની પ્રાર્થના કરે છે ત્યારે ઈશ્વરકૃપા

તેના ઉપર વરસે છે. આપણે ઈશ્વર તરફ આગળ વધીએ ત્યારે ઈશ્વરકૃપા આપણી તરફ આવે છે. આપણને સાધ્ય અને સાધન બન્નેનું જ્ઞાન હોવું જરૂરી છે. જ્યારે દાસ્ય ભક્તિ સિદ્ધ થાય ત્યારે 'અનન્ય ભક્તિ' પ્રગટ થાય છે. ગીતામાં ભગવાને અર્જુનને ગીતા સંભળાવી ત્યાં અર્જુન-વ્યક્તિગત નહીં પરંતુ તે સમગ્ર માનવજાતનું પ્રતિનિધિત્વ કરે છે. અનન્ય ભક્તિ એટલે 'એકમાત્રની ભક્તિ'. આને જ ''અનન્યાશ્રય' કહેવાય જેનો વલ્લભાચાર્ય પણ આગ્રહ રાખે છે.

ગીતામાં શ્રીકૃષ્ણ કહે છેઃ

અનન્યાશ્ચિન્તયન્તો મા યે જના : પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥

'અર્થાત્-'' જે અનન્ય પ્રેમી ભક્તજન મુજ પરમેશ્વરને નિરંતર ચિંતન કરતાં નિષ્કામ ભાવે ભજે છે તે નિત્ય-નિરંતર મારું ચિંતન કરનાર ભક્તોનું 'યોગક્ષેમ' હું પોતે વહન કરું છું.''

યોગક્ષેમ એટલે **'અપ્રાપ્યની પ્રાપ્તિ'** અને **'પ્રાપ્તિની રક્ષા'**. યોગ કરતાં ક્ષેમ ઘણું અઘરું છે. ભગવાન કહે છે હું તને મદદ કરનારો છું. આ આધ્યાત્મિક વિકાસ (Spiritual Development) ની વાત છે. ભગવાન કહે છે- 'હું તારી સાથે છું.' ભગવાનમાં અનન્યત્વ આવે ત્યારે આ પ્રકારનો અનુભવ થાય છે.

(૩) **સત્સંગ**- સત્સંગ એટલે સત્પુરુષોનો-સંતોનો, સત્કર્મનો-સત્કાર્યનો સંગ, અર્થાત્ ભગવાનનો સંગ. સંત એટલે જ ભગવાન. મનુષ્યે સાધક બનવાનું છે. સત્સંગમાં ભાવપુષ્ટિ મળે છે. અર્થાત્ તેનાથી ભાવને પોષણ મળે છે. વિચારો દૃઢ થાય છે. પુષ્ટિ એટલે પોષણ, સદ્ભાવ (Emotional Nurishment).

મધુસૂદન સરસ્વતીએ **'ભક્તિ રસાયન'** નામક ગ્રંથ લખ્યો છે. તેમણે મૂર્તિપૂજાને યોગ્ય ઠેરાવી છે. તેમના મતે જ્યારે ભક્તનું મન પીગળે ત્યારે ભગવાન સાકાર બને છે. ભક્તિ એ દશમો રસ છે. It is science of Aesthetics (સૌંદર્યશાસ્ત્ર). જ્યારે એ રસ જાગૃત થાય ત્યારે ભક્તિ પ્રગટે છે.

એક વિચારવાળા ભક્તો જ્યારે મળે ત્યારે આપણા વિચારોને પોષણ મળે છે. (Like minded people support our thoughts and we get emotional nourishment). આપણો સદ્ભાવ મજબૂત થાય છે.

યોગની ત્રણ અવસ્થાઓ છે. સંકલ્પ-સાધક-સિદ્ધાવસ્થા. યોગમાં ઉપર ચઢ્યા પછી એટલે કે સિદ્ધાવસ્થાએ પહોંચ્યા પછી પણ નીચે ઊતરી જવાય છે, માટે ભગવાનની કૃપા જરૂરી છે.

સિદ્ધાવસ્થા એ સમાધિની સ્થિતિ છે. સંકલ્પ અવસ્થામાંથી સાધકાવસ્થા અને તેનાથી આગળ સિદ્ધાવસ્થાની સ્થિતિ પ્રાપ્ત થાય છે. એ આધ્યાત્મિક વિકાસના તબક્કા છે. 'સમાધિ' એ એક તાત્પુરતી-થોડા સમયની સ્થિતિ છે- તે ટકાવી રાખવી જરૂરી છે. આમ શંકરદેવે સત્સંગ અને સાધનાનું મહત્ત્વ સમજાવ્યું છે.

(૪) ભગવાનની નિષ્કામ ભક્તિ- (Selfless service of God)- ભગવાનની ભક્તિ અહેતુકિ અર્થાત્ કોઈ આશય વગરની કે અપેક્ષા વગરની હોવી જરૂરી છે. આ કોઈ સામાજિક સેવા નથી. ભગવદ્ સેવામાં ભક્ત બદલામાં કોઈ ચીજની અપેક્ષા રાખતો નથી. તે પ્રાણીમાત્રમાં પ્રેમ રાખે છે. **'સર્વ ભૂતેષુ હિતે રતઃ'**. ભગવદ્ સેવા એ જ માત્ર તેનું કાર્ય હોય છે.

આમ ઉપરોક્ત ચાર શંકરદેવના **'મહાપુરાણિયા પંથ'**ના મુખ્ય સિદ્ધાંત અથવા આધાર છે.

જ્યાં ભગવતોપદેશ કરવામાં આવે છે. તે સ્થાનને 'સત્ર' કહેવામાં આવે છે. સત્ર એટલે એવું સ્થાન જ્યાં ભાગવત વિશે ચર્ચા કરાતી હોય - તે એક ધાર્મિક સ્થાન- (Religious Centre) છે. તેને **'નામઘર'** અથવા- **'કીર્તન ઘર'** કે **પ્રાર્થના** ગૃહ પણ કહેવાય છે. 'સત્ર' એ ભગવદ્ ગૃહ છે.

શંકરદેવને આસામના શંકરાચાર્ય કહી શકાય, જોકે તેઓ શંકરપીઠનું પ્રતિનિધિત્વ ન કરી શકે કારણ કે તેઓ બ્રાહ્મણ ન હતા.

શંકરદેવે ત્રણ પ્રકારની મિલકત (wealth) આપવાનાં ત્રણ હેતુઓ પરિપૂર્ણ કર્યા છે. (He has fulfiled three fold purposes of giving three fold wealth.) તેમણે ભક્તિનું પ્રતિપાદન કર્યું છે. તેમની ધરપકડ કરવા બે વખત તેમના ઉપર ધરપકડ માટેના Arrest warrants કઢાયા હતા. કેટલાક લોકો, જેઓ કર્મકાંડમાં માનતા (Ritualist) હતા અને જાતિભેદમાં ચુસ્તપણે માનનારા પરિવારો હતા તેઓ તેમના વિરોધી હતા. તેઓની 'Dog in Manjer Policy' હતી. જેમ એક કૂતરો ઘાસની ગાંસડી ઉપર બેસી જાય. ગાય જ્યારે

ઘાસ ખાવા આવે તો તે ત્યાંથી ઊઠે નહીં, ગાય પૂછે 'તારે ઘાસ ખાવું છે?' તો કૂતરો કહે ના, પરંતુ તે ત્યાંથી ઊભો થઈ ગાયને ઘાસ ખાવા ન દે. ખાય નહીં અને ખાવા પણ ન દે એવી વૃત્તિ શંકરદેવના વિરોધીઓની હતી.

એકનાથનો પુત્ર હરિ પ્રસાદ કાશીમાં ભણતો, પરંતુ જ્યારે એકનાથે ભાગવતનો અનુવાદ કર્યો ત્યારે તેણે તેનો વિરોધ કર્યો હતો. ખોટા પ્રચારનો વિરોધ કરવા જર્મનીમાં માર્ટિન લ્યુથરે ૯૫ થિસીસ લખી વહેંચી હતી. શ્રી વલ્લભાચાર્યે પણ કાશીમાં પત્રાવલંબન નામનો ગ્રંથ લખી કાશી વિશ્વનાથના મંદિરે લગડાવ્યો હતો જે વાંચી લોકોની ખોટી ભ્રમણા દૂર થાય. તે જ પ્રમાણે શંકરદેવે પણ ભક્તિનો પ્રચાર કરી લોકોને સાચું જ્ઞાન આપ્યું હતું. તેમનો 'કર્મયોગ' એ તેમની ભક્તિનો એક ભાગ હતો. (He was constructive devotional activist). ભાગવતના સિદ્ધાંતોને લોકભાષામાં લોકો સુધી પહોંચાડવાનું કામ તેઓએ કર્યું. શંકરદેવે લોકોને સમગ્ર સમયે ઈશ્વરને યાદ કરવાનો ઉપદેશ આપ્યો. તેઓ કહે- 'જો તમે આખો સમય ઈશ્વરને યાદ કરશો તો તમને ત્રણ પ્રકારની મિલકત અર્થાત્ ફળ મળશે. ('Remember HIM all the time. If you remember HIM whole day, you would get threefold wealth').

(૧) જેઓ ભગવાનનું નામ લે તેમનામાં 'પ્રેમલક્ષણા ભક્તિ' પ્રગટ થાય છે.

જ્ઞાનના ત્રણ પ્રકાર અથવા તબક્કા હોય છે.

(અ) માહિતી- અર્થાત્ વર્ણન- (Information i.e. Collection of facts)

(બ) જ્ઞાન- (knowledge) એટલે પ્રાપ્ત કરેલ માહિતીને જોડવી. (Connecting facts) જે જાણકારી મળી હોય તેનું સંકલિત સ્વરૂપ તે જ્ઞાન છે.

(ક) બુદ્ધિમત્તા- (Wisdom) જે જ્ઞાન પ્રાપ્ત થાય તેનાથી માનવીય પ્રશ્નોનો હલ શોધી શકાય તેને Wisdom કહેવાય.

આમ 'Wisdom' માં Information સમાવિષ્ટ છે.

માનવ અસ્તિત્વના કારણે ઘણા પ્રશ્નો-પ્રોબ્લેમ ઊભાં થતા હોય છે. જેવાં કે જન્મ-મરણની સમસ્યા તેમ જ ચિંતા વગેરે. (Existential Problem- which arises from existance of human being.) (Problem of Birth-Death, Dread etc.) આ સમસ્યા એ અસ્તિત્વ (existance) ના કારણે છે.

ચિંતા (Dread) એ બધી સમસ્યાની જડ છે. કોઈ પણ તેનાથી બચી શકતું નથી. (Nobody is free from these problems.)

એક સારો- સજ્જન ડોક્ટર હતો. તે બધાને મદદ કરતો. બધાનાં દુઃખદર્દ દૂર કરતો. એક વખત તેને પોતાને કાંઈક દુઃખાવો થયો તો વિચારવા લાગ્યો કે હું બધાને મદદ કરું છું, બધાને ઉપયોગી થાઉં છું તો મને જ દુખાવો શા કારણે થવો જોઈએ. તેણે તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો લાવીને વાંચ્યા ત્યારે તેને સમજાયું કે તે પણ બધાની જેવો જ એક સામાન્ય મનુષ્ય છે. ઈશ્વરીય કાનૂન બધા માટે એકસરખો છે. ત્યારે તેણે કહેવા માંડ્યું કે 'મને દુઃખાવો કેમ ન થાય?' (આખીર તે પણ એક સામાન્ય માણસ જ છે.)

કોઈ વ્યક્તિ એમ કહે કે અમુક કામ મેં કર્યું. પરંતુ એ પૂર્ણ સત્ય નથી. કોઈ માણસ સંપૂર્ણપણે કોઈ કાર્ય માટે જવાબદાર ન હોઈ શકે. ઘણાં પરિબળો તેમાં કામ કરતાં હોય છે. આપણને આપણી સીમાઓનું જ્ઞાન હોવું જોઈએ, આપણી ક્ષુલ્લકતાનું આપણને ભાન હોવું જોઈએ. આપણે ક્ષુદ્ર હોવા છતાં ભગવાનની સેવા કરીએ છીએ તેવું અભિમાન સેવીએ છીએ. વાસ્તવમાં ભગવાન આપણું ધ્યાન રાખતો હોય છે. (He takes care of us. There is some cosmic fact which works.) ભગવાનની દયાથી બધું સારું બને છે, એમ જો હૃદયપૂર્વક માનીએ તો આપણા મનમાં ભગવાન પ્રત્યે સહજ રીતે પ્રેમ ઉદ્‌ભવે અને આપણામાં પ્રેમ ઉદભવે તો જ ભગવાનનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે આપણે ભાગ્યશાળી બનીએ. જ્યારે ભગવાનના પ્રેમનું જ્ઞાન આપણને પ્રાપ્ત થાય ત્યારે 'પ્રેમલક્ષણા ભક્તિ' ઉદય પામે. આમ યથાર્થ જ્ઞાન દ્વારા પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટ થાય.

(૨) શરીર રૂપી ગૃહ અને વિરક્તિ (વૈરાગ્ય)

મારું શરીર મારું ગૃહ છે. સંતો કહે છે- દેહ 'કાળ'નું છે, અને ધન 'કુબેર'નું છે. એટલે કે વાસ્તવમાં આપણું કાંઈ નથી. આપણો દેહ એક કાળ પર્યંત ટકે છે. પછી તેનો નાશ થવાનો છે. ધન પણ જીવનભર આપણે એકઠું કરીએ, પરંતુ આપણે સાથે કાંઈ જ લઈ જવાના નથી. ટાટા-બિરલા કે અંબાણી અબજોપતિ હોવા છતાં ગયા ત્યારે ખાલી હાથે ગયા હતા. એક દિવસ આપણે શરીર છોડવાનું છે. આપણું ધન છોડવાનું છે એવું જ્યારે આપણને ભાન થાય

ત્યારે **'અનાસક્તિ'** (Detachment) નો ભાવ ઉત્પન્ન થાય.

(૩) ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે 'હું બધાના હૃદયમાં બિરાજું છું, મને ભૂલતાં નહીં.' કૃષ્ણને ભૂલીએ નહીં તો ભગવદ્ પ્રેમનો અહેસાસ થાય. તુકારામે કહ્યું છે- **'રૂપ પહાતા લોચન'**. ભગવાનના સ્વરૂપમાં ભગવાન હોવાનો ભાવ જાગે ત્યારે મૂર્તિ- 'સ્વરૂપ' બને છે - (Image of God becomes figure of God.) એ જ Personal God અર્થાત્ **'સગુણ બ્રહ્મ'** છે. 'Personal God' એટલે જેની સાથે વ્યક્તિગત સંબંધ સ્થાપિત કરી શકાય. શ્રી વલ્લભાચાર્યજીની સેવા કરવાની આજ્ઞા પાછળ આ જ રહસ્ય રહેલું છે.

તુકારામે ઉદાહરણ આપ્યું છે- ભૂખ અને ખોરાકનું. જ્યારે ભૂખ લાગી હોય અને આપણે ખોરાક લઈએ તો સંતોષ થાય છે, આનંદ મળે છે. ભૂખ એ શરીરની અપેક્ષા (Demand) છે. ભૂખ સંતોષાય ત્યારે આનંદ મળે એ ભગવાનની કૃપા છે. તરસ્યા હોઈએ ત્યારે પાણી પીએ તો આનંદ પ્રાપ્ત થાય છે. પ્રેમલક્ષણા ભક્તિની સ્થિતિમાં ભગવાન સ્વયં આપણી સેવા કરે છે (He is serving you out of 'Love', or Compassion and Mercy.)

ભક્તિ વિષેનું જ્ઞાન આમ ત્રિવિધ સંપત્તિ પ્રાપ્ત કરાવે છે.

શંકરદેવ જાતિવાદના વિરોધી હતા. તેઓ સર્વ પ્રત્યે સમાન ભાવમાં માનતા હતા. સામાન્ય રીતે ખૂબ જ વિદ્વાન પંડિત સામાન્ય પંડિત તરફ નફરતની દૃષ્ટિથી જોતો હોય છે. સામાન્ય વ્યક્તિ પણ સૌજન્ય અને ન્યાયની અપેક્ષા રાખતો હોય છે. પ્રત્યેક માણસમાં સહજપણે 'Dignity' હોય છે. આ વિશ્વનો રક્ષણહાર (Protector) પ્રત્યેક પ્રાણીમાત્રમાં નિવાસ કરે છે. ગીતામાં કહેવાયું છે- 'પંડિતાઃ સમદર્શિતા'. સાચા વિદ્વાન સર્વ પ્રત્યે સમભાવ રાખે છે. શંકરદેવની પણ એ જ લાક્ષણિકતા હતી. કહેવાયું છે કે સંતો-ઋષિ અને નદીઓનું મૂળ-કુળ જોવું નહીં.

આપણે વિષમદર્શી છીએ, માટે બીજાને હલકા સમજીએ છીએ. બીજાને હલકા ચીતરી આપણે મોટા થવાની કોશિશ કરીએ છીએ. ભગવદ્ ગીતા કહે છે- 'અપિચેત સુદુરાચારો'- બધા જ સુધરી શકે છે. માટે કોઈને પણ ધુત્કારી શકાય નહીં. સંતોનો 'ભૂતકાળ' હોય છે, જ્યારે પાપીઓને 'ભવિષ્ય', અર્થાત્ તેમને સુધરવાની હંમેશાં તક હોય છે. (Saints have Past and sinners have future.) શંકરદેવ સર્વને સમાન દૃષ્ટિથી જોતા.

વ્યાસપીઠ પરથી જે બૌદ્ધિક ચર્ચા કરવામાં આવે એને 'પ્રવચન' કહેવાય. 'Discourses' એટલે આધ્યાત્મિક વિષયનું પ્રવચન. શંકરદેવે પ્રસ્થાપિત 'સત્ર'નો ઉપયોગ પ્રવચન માટે થતો. તેઓ ભાગવતાદિ વિષયના પ્રવચન લોકભાષામાં કરતા. તેમણે ભાગવતનો લોકભાષામાં અનુવાદ કરેલો. આ ઉપરાંત તેમણે એકાંકી નાટકો પણ લખેલાં અને ભજવેલાં પણ ખરાં. તેઓ સારા ચિત્રકાર હતા. 'ભક્તિ'નો પ્રચાર કરવા માટે તેમણે 'કલા'નો ઉપયોગ કરેલો. તેમણે કવિતાઓ તેમ જ અન્ય સાહિત્ય આલેખ્યું અને ચિત્રો પણ દોર્યાં, જેના દ્વારા સામાન્ય માણસને 'ભક્તિ'નો પરિચય કરાવી શકાય. ભક્તિ સંગીતથી ઉચ્ચ ભાવનાઓ જાગૃત થાય છે. તેનાથી અભણ લોકોને પ્રશિક્ષણ મળે છે. નાટક-ડ્રામાથી કથા વસ્તુ આસાનીથી સમજી સકાય છે. તેમાં ભાવાભાવની ભાષાનો પ્રયોગ થાય છે. શંકરદેવે આવાં અનેક માધ્યમોનો પ્રયોગ કરી આસામમાં ભાગવતની વાતો- કથાઓ ફેલાવવાની કોશિશ કરી હતી, અને તે દ્વારા 'લોક શિક્ષણનું' કાર્ય કર્યું હતું.

શંકરદેવ પછી તેમના મુખ્ય શિષ્ય 'માધવ દેવે' તેમનું કાર્ય આગળ વધાર્યું. શંકરદેવ ગૃહસ્થ હતા જ્યારે 'માધવ દેવ' અવિવાહિત રહ્યા. તેઓ સારા આયોજક (Organiser) હતા. શંકરદેવના સત્રમાં કોઈ મૂર્તિને સ્થાન ન હતું. જોકે તેઓ તેના વિરોધી પણ ન હતા. માધવ દેવે મૂર્તિ પ્રસ્થાપિત કરી અને ત્યારથી સત્રમાં મૂર્તિપૂજા શરૂ થઈ. તેમણે, લોકભાષામાં ઘણાં પુસ્તકો લખ્યાં છે, તેના દ્વારા તેમણે ભાગવતનો ખૂબ પ્રચાર કર્યો હતો.

◆

૧૪

બંગાળમાં વૈષ્ણવવાદ

(Vaishnavism in Bengal)

શ્રીકૃષ્ણ ચૈતન્ય- (સન ૧૪૮૫ - ૧૫૩૩, વિક્રમ સં. ૧૫૪૨થી ૧૫૯૦)

બંગાળમાં વૈષ્ણવવાદના ફેલાવામાં શ્રીકૃષ્ણ ચૈતન્યનો મહત્ત્વનો ફાળો રહેલો છે. તેમના પછી વૈષ્ણવીઝમનો વિકાસ તેમના શિષ્યો રૂપ ગોસ્વામી, જીવ ગોસ્વામી, સનાતન ગોસ્વામી વગેરેએ કર્યો.

શ્રીકૃષ્ણ ચૈતન્યનો જન્મ સન ૧૪૮૫માં પશ્ચિમ બંગાળમાં આજના કલકત્તા શહેર પાસે નવદ્વીપ નદિયા નામના ગામમાં થયો હતો. તેઓ બંગાળી બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ જગન્નાથ મિશ્ર અને માતાનું નામ શચીદેવી હતું. તેઓ ગૌરવર્ણના હોવાથી તેમને 'ગૌરાંગ' પણ કહેવામાં આવતા. તેમનું નાનપણનું નામ 'વિશ્વંભર' હતું, પરંતુ સંન્યાસ ગ્રહણ કર્યા પછીનું નામ 'ચૈતન્ય' અથવા 'ચૈતન્ય મહાપ્રભુ' પડ્યું. તેમણે શિક્ષણ-દીક્ષા ઈશ્વરપુરીથી લીધાં હતાં. તે સમયના જાણીતા પંડિત માધવેન્દ્રપુરીના ઈશ્વરપુરી શિષ્ય હતા. તેમના જીવનનાં ૪૮ વર્ષમાંથી તેમણે ૨૪ વર્ષ શિક્ષા-દીક્ષા, અધ્યયન, અધ્યાપન તેમ જ ગૃહસ્થાશ્રમમાં વિતાવ્યા પછી પચીસમાં વર્ષે તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો હતો.

તેમનાં પહેલાં લગ્ન લગભગ વીસ વર્ષની ઉંમરમાં 'લક્ષ્મીપ્રિયા' નામક કન્યા સાથે થયાં હતાં. તેમણે પૂર્વ બંગાળમાં એક પાઠશાળા ખોલી હતી જ્યાં તેઓ રહેતા પણ હતા. બંગાળીમાં પાઠશાળાને 'ટોલ' કહેવાય છે. તેઓ બે વર્ષ પત્નીથી દૂર રહ્યા માટે એમ કહેવાય છે કે તેમની પત્ની તેમના વિયોગમાં સ્વર્ગવાસી થઈ ગઈ. તે પછી તેમણે બીજાં લગ્ન 'વિષ્ણુપ્રિયા' નામની કન્યા સાથે લગભગ બાવીસ વર્ષની ઉમ્રમાં કર્યાં. તેની સાથે પણ અલ્પ સમય વિતાવી પચીસ વર્ષની ઉંમરમાં તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો.

તે સમયમાં અધ્યયન-અધ્યાપનની વૈદિક પરંપરા હતી. તેથી વૈશેષિક, ન્યાય, વ્યાકરણ વગેરે ભણવું જરૂરી હતું. જો વિદ્યાર્થી આટલું ભણી લે તો વેદોનો અર્થ તથા સાર સમજવામાં સરળતા રહે. જેમ આજના યુગમાં

ભૌતિકશાસ્ત્ર (Physics) ભણવા માટે ગણિતનું જ્ઞાન જરૂરી હોય છે તેમ વેદાંતને માટે તે વિષયોનું અધ્યયન આવશ્યક હતું.

બાળપણથી જ ચૈતન્યની રુચિ ભગવદ્ નામ સ્મરણ અને સંકીર્તનમાં રહી હતી.

એક વખતે ચૈતન્ય બિહારમાં 'ગયા' ગયા હતા. ત્યાં એક વિશિષ્ટ શિક્ષકને મળ્યા જેઓ કૃષ્ણભક્ત હતા. તે સમયે ચૈતન્યની ઉંમર લગભગ ૧૬-૧૭ વર્ષની હતી. ચૈતન્ય તેમની પાસે ભણવા ગયા, પરંતુ તે શિક્ષકે તેમને ભણાવવાની ના પાડી દીધી કારણ કે તે શિક્ષક જ્યારે પણ ચૈતન્યને જોતા તો તેમને તેમનામાં ભગવાનનું સ્વરૂપ દેખાતું. શિક્ષકે તેમને કહ્યું કે તેઓ ક્લાસ નહીં ચલાવી શકે, પરંતુ હવે તેઓ સંકીર્તન કરશે. ત્યારબાદ તેમણે સામૂહિક 'નામસંકીર્તન' તેમ જ 'જપ-યજ્ઞ' શરૂ કર્યો.

ચૈતન્યના સમયમાં બંગાળમાં શાક્તોનું જોર હતું. લોકો ઘણું કરીને શક્તિ તથા મનસા દેવીની પૂજા કરતા હતા. વામમાર્ગી તાંત્રિક આચારો તથા તામસી સાધનાની ત્યારે પ્રધાનતા હતી. વિષ્ણુભક્તિનો પ્રચાર અલ્પ માત્રામાં હતો. એવા સંક્રાંતિ કાળમાં ચૈતન્યે વામમાર્ગીઓનું ધ્યાન વૈષ્ણવ ધર્મની સાત્ત્વિક ઉપાસના તેમજ કૃષ્ણભક્તિ તરફ વળ્યું. ચૈતન્યનો પ્રભાવ બંગાળ, ઓરિસ્સાથી લઈ વ્રજમંડળ સુધી વિસ્તર્યો.

ચૈતન્ય સંપ્રદાયનું પ્રવર્તન તેમની પ્રેરણાથી ગૌડ પ્રદેશ એટલે કે પ્રાચીન બંગાળમાં થયું. તેમનું જન્મસ્થળ ગૌડ પ્રદેશ હોવાના કારણે તેમનો સંપ્રદાય 'ગૌડીય સંપ્રદાય'ના નામથી પણ ઓળખાય છે. ચૈતન્ય વિષ્ણુપુરાણ, હરિવંશ, ભાગવત અને બ્રહ્મવૈવર્ત પુરાણથી પ્રભાવિત થયેલ હોઈ કૃષ્ણભક્તિમાં વિશેષ રુચિ ધરાવવાના કારણે તેમણે વૈષ્ણવ મતનું એક વિશિષ્ટ રૂપ પ્રદાન કર્યું છે.

તેઓને નામ- સંકીર્તનમાં વિશેષ રુચિ હતી માટે તેઓ ત્રણ વાતને મહત્વ આપતા-

૧) ભગવન્નામ.

૨) ભગન્નનામ જ સર્વોપરી

૩) ભગવન્નામમાં જ બધું છે- સર્વ કાંઈ છે.

તેમના મતે ભગવાનના નામના જપથી જ તેના અર્થનો સંકેત મળે

છે. માટે તેમણે નામસંકીર્તન ઉપર વિશેષ ભાર મુકી તેની પદ્ધતિ અપનાવી.

એક વખત ચૈતન્યના કેટલાક વિરોધીઓએ તેમનો વિરોધ કર્યો. તેમાં 'જધાઈ' તથા 'મધાઈ' નામના બે દારૂડિયાઓ હતા. કેટલાક મુસ્લિમોએ પણ તેમનો વિરોધ કર્યો હતો. તે સમયે 'રાજા હુસેન શાહ' બંગાળના નવાબ હતા. તેમણે જોયું કે આખું ગામ 'નામસંકીર્તન' કરી રહ્યું છે. ચૈતન્યનો આવો પ્રભાવ જોઈ રાજાએ કહ્યું કે આને રોકવાને બદલે તેને ચાલુ રહેવા દો કારણ કે તેમાં ભક્તિભાવ (Devotional power)- દૈવીશક્તિ છે. નામસંકીર્તનના પરિણામમાં જે પ્રતિભાવ છે તે આનંદદાયક છે. નામસંકીર્તન દ્વારા ભગવાન પોતાની મેળે ભક્ત તરફ ખેંચાઈ આવે છે. આપણે તેના રસમાં એટલા નિમગ્ન થઈ જઈએ છીએ કે ભગવાન સાથે ઓતપ્રોતતા અનુભવાય છે. જેમ બાળકો ટીવીમાં મહાભારત જોતાં હોય છે ત્યારે જોતાં જોતાં તેઓ એટલાં બધાં ભાવવિભોર થઈ જાય છે કે ક્યારેક ઊભાં થઈ જાય છે અને સામે યુદ્ધ ચાલતું હોય તો તેઓ પણ આપસમાં યુદ્ધ કરવા લાગી જાય છે. અર્થાત્ તેઓ જેવું જોઈ રહ્યાં હોય તેવું જ કરવા લાગી જાય છે, તે દશ્યમાં પોતે એકાકાર થઈ જાય છે.

તાનસેન અકબરના દરબારનાં નવ રત્નોમાંના એક હતા. તેમના ગુરુ સ્વામી હરિદાસ હતા. બાદશાહે તાનસેનને પૂછ્યું કે 'તું હરિદાસ જેવો કેમ નથી બની શકતો?' ત્યારે તાનસેને કાંઈ જવાબ ન આપ્યો. એક વખત તાનસેન સ્વામી હરિદાસની પાસે ગયા અને તેમની સામે કોઈ રાગ ગાયો, પરંતુ તે ખોટી રીતે ગાયો. તરત જ સ્વામી હરિદાસે તેને ટોક્યા અને કહ્યું કે આ રાગ આ રીતે નહીં, પણ આમ ગવાય, એમ કહી પોતે તેને રાગ ગાઈ સંભળાવ્યો. તે વખતે બાદશાહ અકબર ત્યાં હાજર હતા. આ ઘટના તેમણે સ્વયં જોઈ. એટલે તે વિશે તાનસેનને પૂછ્યું ત્યારે તાનસેને જવાબ આપ્યો કે 'મહારાજ, હું તો આપના માટે ગાઉં છું, જ્યારે સ્વામીજી ભગવાન માટે ગાય છે- એ બન્ને બાબતમાં ફરક છે.' ભગવાન ભક્તાધીન છે. ભગવાન માટે ગવાય ત્યારે દિવ્યતા પ્રગટે છે, ભક્તિ ઉદય પામે છે.

ચૈતન્યના સમયમાં ઓરિસાનો રાજા પ્રતાપ રુદ્ર હતા, જેઓ પણ ચૈતન્યના નામસંકીર્તનથી પ્રભાવિત થઈ તેમના શિષ્ય બની ગયા હતા.

ચૈતન્ય એટલે કે વિશ્વંભરના એક સહપાઠી હતા, જેમનું નામ 'રઘુનાથ'

હતું. તેઓ બન્ને સાથે જ ભણતા હતા. એક વખત વિશ્વંભરે એક પુસ્તક લખી તેના મિત્ર રઘુનાથને બતાવ્યું. એટલે રઘુનાથ રોવા લાગ્યા અને કહે કે મેં પણ આ જ વિષય ઉપર પુસ્તક લખ્યું છે. તો તેમણે તે પુસ્તક ગંગાજીમાં ફેંકી દીધું. કૃષ્ણ ચૈતન્ય માટે એમ કહેવાય છે કે તેમણે કોઈ પુસ્તક વગેરે લખેલ નથી પરંતુ વ્યાકરણ ઉપર સંસ્કૃતમાં લખેલ એક પુસ્તક ઉપલબ્ધ છે જેને 'શ્રી શિક્ષાષ્ટક' કહેવામાં આવે છે. બીજી તેમની કેટલીક તર્કશાસ્ત્ર ઉપરની નોંધ (manuscript) પણ પ્રાપ્ત થયેલ છે. તેમણે કેટલાંક સૂત્રો બનાવેલ છે જે તેમના ભક્તોમાં પ્રચલિત છે.

ચૈતન્ય અનુસાર ભક્તિના પાંચ ભાવ છે.

૧) **શાંત** (Stage of Peace)- **એના દ્વારા ભક્તિનો પ્રારંભ થવો જોઈએ.**

૨) **દાસ્ય** (Servant of God)- ભગવાનના 'દાસ' બનવું જોઈએ. દાસત્વથી ભક્તિ પ્રાપ્ત થાય છે.

૩) **સખ્ય** (To be friend)- ભગવાનના મિત્ર બનવું જોઈએ. એ 'સખ્ય ભક્તિ' કહેવાય છે. જેમ અર્જુન ભગવાનના સખા હતા. સખ્ય ભક્તિમાં ભગવાન સાથે સાહજિક સંબંધ જોડાય છે.

૪) **વાત્સલ્ય** (Personal Affection)- સ્નેહ અથવા પ્યાર. આ પ્રકારની ભક્તિમાં કોઈ ફરિયાદ હોતી નથી. જેમ બાળક પાસે સ્નેહ સિવાય કશું જ માગી ન શકાય. અહીં દુઃખ પડે તો પણ ફરિયાદ ન કરી ન શકાય કે ન તેની પાસે કોઈ અપેક્ષા રાખી શકાય. વાત્સલ્યભાવ એ એકદમ નિર્દોષ હોય છે, નિર્વિકાર હોય છે.

૫) **માધુર્યભાવ**- મધુરા ભક્તિ (Sweetest Love)- પરમાત્માની સાથે પ્રેમ- મધુરભાવ હોવો આવશ્યક છે. પ્રેમમાં મીઠાશ હોવી જરૂરી છે. મધુરા ભક્તિથી અનેરો આનંદ પ્રાપ્ત થાય છે.

ભગવાનના સ્વરૂપમાં સત્-ચિત- અને આનંદ એ ત્રણ તત્ત્વો છે. આનંદ કેવળ ભક્તિથી જ પ્રાપ્ત થઈ શકે છે. માટે જ શ્રી વલ્લભાચાર્યજી કહે છે - **'મધુરાધિપતેરખિલં મધુરમ્'.** ભગવાનમાં સર્વ કાંઈ મધુર છે.

ચૈતન્ય સંપ્રદાયમાં નામસાધના જ મુખ્ય છે.

૧. નામમાં ભગવાનનાં વિવિધ નામોનો ઉલ્લેખ (Indicates various names of God).

૨. નામમાં ભગવાનના વિવિધ ગુણોનું વર્ણન (Indicates His Virtues).

૩. નામમાં ભગવાનના વિવિધ આકારોનું વર્ણન (Indicates His Various Forms).

૪. નામમાં તેમનાં કાર્યોનું વર્ણન (Indicates works or deeds).

આમ 'નામ' એ કેવળ શબ્દ માત્ર નથી પણ તે ગુણ (Quality) છે, કાર્યો (Deeds) છે, અને રૂપ (Form) છે. ભગવન્નામમાં ગુણ, કાર્ય, રૂપ બધું જ આવી જાય છે. જ્યારે આપણે ભગવાનનું નામ લઈએ છીએ, ત્યારે તેની આ વિશેષતાને કારણે ભગવદ્ અનુભૂતિ થાય છે.

કૃષ્ણ ચૈતન્યે સંન્યાસ ગ્રહણ કર્યા પછીનું જીવન યાત્રા-પ્રવાસમાં વિતાવ્યું હતું. તેમણે ૨૫ વર્ષથી ૩૦ વર્ષની ઉંમર દરમિયાન દક્ષિણ ભારતની યાત્રા, વૃંદાવનની યાત્રા, બંગાળની યાત્રા કરી હતી અને જીવનનાં અંતિમ ૧૮ વર્ષ જગન્નાથજીમાં રહીને પસાર કર્યાં.

તેમની એક રચના વિવાદાસ્પદ છે, જેનું નામ છે 'પ્રેમામૃત'. વલ્લભસંપ્રદાયના લોકો તેને તેમની રચના માને છે, જ્યારે કૃષ્ણ ચૈતન્ય સંપ્રદાયવાળા તેને ચૈતન્યની રચના માને છે. વાસ્તવમાં તેમની એક જ રચના 'શ્રી શિક્ષાષ્ટકમ્' પ્રાપ્ત છે.

તેમના બે શાસ્ત્રાર્થ થયેલા મનાય છે-

૧) રાય રામાનંદની સાથે ચર્ચા.

૨) પ્રબોધનાંદ સરસ્વતીની સાથે ચર્ચા.

તેમના એક સાથી 'સ્વરૂપ દામોદર' હતા જેમની સાથેની વાર્તા-ચર્ચા આજે પણ પ્રસિદ્ધ છે.

ચૈતન્ય પરંપરામાં નિત્યાનંદ અને અદ્વૈતાનંદને મહત્ત્વ આપવામાં આવ્યું છે છતાં દાર્શનિક વિચારોના પ્રતિપાદનની દૃષ્ટિથી જીવ ગોસ્વામી તથા બલદેવ વિદ્યાભૂષણનું સ્થાન વિશિષ્ટ છે. વૈષ્ણવ ધર્મના લગભગ બધા જ સંપ્રદાયોએ કોઈને કોઈ વિશિષ્ટ દાર્શનિક સિદ્ધાંતની રજુઆત કરી છે અને તેના સંદર્ભમાં વિશેષ સિધ્ધાંત ગ્રંથો પણ રચ્યા છે પરંતુ ચૈતન્ય સંપ્રદાયે કેવળ ભક્તિ તત્ત્વને વધુ મહત્ત્વ આપ્યું છે. તેમણે ભાગવતાદી પુરાણોના આધારે કૃષ્ણચરિત્રને પોતાની ભક્તિનો આધાર બનાવી વૈષ્ણવ મતને એક નવું રૂપ પ્રદાન કર્યું છે.

તેમના શિષ્યો- રૂપ ગોસ્વામી, જીવ ગોસ્વામી અને સનાતન ગોસ્વામીએ તેમના આ મતનો જ વધુ પ્રચાર કર્યો હતો.

રૂપ ગોસ્વામીએ લલિત માધવ, દાનકેલિ કૌમુદી અને વિદગ્ધ માધવમાં કૃષ્ણલીલાનું વર્ણન કર્યું છે. તદુપરાંત લઘુ ભાગતામૃત, ઉજ્જવલ નીલમણિ, ભક્તિરસામૃત સિન્ધુ વગેરે ગ્રંથોમાં પણ ભક્તિરસનું અદ્‌ભુત વર્ણન કર્યું છે. ચૈતન્ય મતની શાસ્ત્રીય સ્થાપનામાં જીવ ગોસ્વામીનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન રહેલું છે. અઢારમી શતાબ્દીમાં થઈ ગયેલ આ મતના વ્યાખ્યાકાર બલદેવ વિદ્યાભૂષણે બ્રહ્મસૂત્ર ઉપર ચૈતન્ય મતાનુસાર ગોવિંદ ભાષ્યની રચના કરેલ છે.

ગૌડીય સંપ્રદાયનો દાર્શનિક સિદ્ધાંત-

ગૌડીય સંપ્રદાયનો દાર્શનિક સિદ્ધાંત **'અચિંત્ય ભેદાભેદ'**ના નામથી ઓળખાય છે. ચૈતન્ય મતાનુસાર બ્રહ્મ, જીવ અને જગતમાં 'ભેદ' અને 'અભેદ' હોવા છતાં તે 'અચિંત્ય' છે, અર્થાત્ 'પરમતત્ત્વ'ની શક્તિ અકલ્પનીય છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણ સર્વશક્તિમાન છે તથા જીવ અને જગતની સ્થિતિ તેમની શક્તિના રૂપે રહેલ છે. બ્રહ્મની સાથે જીવ-જગતનો સંબંધ શક્તિમાન અને તેની શક્તિની માફક રહેલ છે. શક્તિમાનથી શક્તિનું અસ્તિત્વ અલગ દેખાતું નથી પરંતુ તેનું કાર્ય પૃથક જણાય છે, જેમ કસ્તુરી અને તેની ગંધ, અથવા અગ્નિ અને તેનો તાપ. આમ, અસ્તિત્વની દૃષ્ટિથી બ્રહ્મનો જીવ અને જગતથી 'અભેદ' છે. પરંતુ કાર્યની દૃષ્ટિથી ભેદ વર્તાય છે. આ ભેદાભેદ સંબંધ નિત્ય અને સત્ય હોવા છતાં 'અચિંત્ય' છે. એટલે કે મનુષ્યની સામાન્ય સમજની બહાર છે. તેંનો નિર્ણય તર્ક કે યુક્તિ દ્વારા કરી શકાય નહીં. માટે જ આ સિદ્ધાંતને 'અચિંત્ય ભેદાભેદ' કહેવામાં આવે છે. શ્રુતિઓમાં પણ પરસ્પર ભેદાભેદ દર્શાવતાં સૂત્રો દૃશ્યમાન થાય છે. આમ બ્રહ્મ અંશી છે અને જીવ અંશ છે.

તેમના મતે સર્વશક્તિમાન અનંતગુણયુક્ત પરબ્રહ્મ જ વિશ્વનાં સર્જન, સ્થિતિ અને સંહારકર્તા છે તથા જગતના નિમિત્ત અને ઉપાદાન કારણ છે. ભગવાન શ્રીકૃષ્ણ અનંત શક્તિ સંપન્ન છે, જેમની શક્તિઓ ત્રણ પ્રકારની છે (૧) અંતરંગા શક્તિ, (૨) બહિરંગા શક્તિ અને (૩) તટસ્થ શક્તિ.

અંતરંગા શક્તિને 'સચ્ચિદાનન્દાત્મિકા શક્તિ' પણ કહેવાય છે જેનાથી

ભગવાનનો આનંદાનુભવ થઈ શકે છે જ્યારે બહિરંગા શક્તિ એ માયા અથવા જડ શક્તિ છે. જે જડ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે. તટસ્થ શક્તિ 'જીવ'ની ઉત્પત્તિનું કારણ છે.

ભગવાન કૃપાવશ જીવ તથા જગતના હિતમાં અનેક રૂપ ધારણ કરે છે, જે ભગવાનના વિવિધ અવતાર છે. આ અવતાર ત્રણ પ્રકારના છે- (૧) પુરુષાવતાર, (૨) ગુણાવતાર અને (૩) લીલાવતાર. જેમાં છેલ્લા લીલાવતારમાં શ્રી કૃષ્ણાવતારને તેમના માધુર્ય ઈત્યાદિ ગુણોના કારણે અન્ય અવતારોથી વિશિષ્ટ ગણવામાં આવ્યો છે.

'અચિંત્ય ભેદાભેદ' મત અનુસાર સાચો ભક્ત 'ધર્માર્થકામમોક્ષ' પુરુષાર્થને મહત્ત્વ ન આપતાં નિકુંજમાં ભગવાનની મહારાસ લીલાના આસ્વાદને જ પરમ પુરુષાર્થ અને મુક્તિ માને છે.તેમની માન્યતાનુસાર ભગવદ્ પ્રેમનો શાશ્વત અનુભવ જ 'મોક્ષ' છે. જીવ ગોસ્વામીએ પાંચ પ્રકારની મુક્તિ- સાલોક્ય, સાર્ષ્ટિ, સારુપ્ય, સામીપ્ય અને સાયુજ્યનો ઉલ્લેખ કરેલો છે છતાં આ સંપ્રદાયના આચાર્યો ભગવાનની લીલાના રસાસ્વાદનો જ મુક્તિ રૂપે સ્વીકાર કરે છે.

શ્રીકૃષ્ણ ચૈતન્યના તત્ત્વદર્શનનાં મુખ્ય સૂત્ર

(૧) શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ- પરમ તત્ત્વ છે - બીજો કોઈ જ નહીં. (Shri Krishna is the supreme Reality -One without second.)

(૨) શ્રીકૃષ્ણ સર્વ સમર્થ છે- તેમના સામર્થ્યની સીમા નથી. (Shri Krishna is always vested with infinite power-potential.)

(૩) શ્રીકૃષ્ણ પરમ રસરૂપ-અમૃત રસમય છે- ભક્તિ રસ દશમો રસ છે. (Shri Krishna is Nectarine of all Rasas.) (રસ)

(૪) બધાં જીવો (આત્માઓ) અંશરૂપ, અણુ-સ્વરૂપ સ્વતંત્ર (એક બીજાથી અલગ) ભગવાનમાંથી છૂટા પડેલા છે. (All jivas i.e. Individual Souls) are marginal, intermediate, atomic and distinct parts of the Lord.)

(૫) માયા (પ્રકૃતિ) વ્યામોહિકા એ ભગવાનની મોહિત કરવાવાળી શક્તિ છે- (It is deluding external potency of power.)

(૬) તેમની આંતરિક આધ્યાત્મિક ક્ષમતા છે. (Internal spiritual potency.)

(૭) પ્રેમના કારણે ઈશ્વર બચાવનારો છે. (Saving or Reclaiming-By Love of God-who is advent of the saviour.)

(૮) નામસ્મરણ એ કેવળ ભગવાનનું નામ લેવાની યાંત્રિક (Mechanical) ક્રિયા માત્ર નથી. તેમાં (૧) નામની સાથે (૨) રૂપ (Form) (૩) ગુણ (Virtues) અને (૪) ભગવાનનાં કાર્યો (Deeds of God) પણ સમાવિષ્ટ છે.

ચૈતન્ય મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના સમકાલીન હતા. તેઓ બન્ને આપસમાં બે વખત મળ્યા હતા. તેમનો એક પ્રસંગ ખુબ જ જાણીતો અને માર્મિક છે.

આપસની ચર્ચા દરમિયાન જ્યારે ચૈતન્ય મહાપ્રભુએ ભગવન્નામનો મહિમા બતાવતાં કહ્યું કે 'જો ગાયનાં શિંગડાં ઉપર રાઈનો દાણો ટકે તેટલી વાર મનુષ્ય ભગવન્નામ લે તો તેનો બેડો પાર થઈ જાય.' ત્યારે સતત ભગવન્નામ લેવાની આવશ્યકતાને સ્પષ્ટ કરવા શ્રી વલ્લભાચાર્યજીએ કહ્યું કે 'જો ગાયનાં શિંગ ઉપર રાઈનો દાણો રહે તેટલી વાર પણ ભગવન્નામ છૂટી જાય તો જીવ બહિર્મુખ થઈ જાય એટલે કે તે ભવસાગરમાં ડૂબી જાય'.

આવો છે ભગવન્નામનો મહિમા !

◆

૧૫

વૈષ્ણવિઝમની સામે આધુનિક પડકાર

(Modern challanges before Vaishnavism *)

૧. ધર્મ અને રિલિજિયનનો મર્મ (The concept of Dharma and Religion)

'Religion' શબ્દ લેટીન 'Religase'માંથી બન્યો છે. જેનો અર્થ છે 'જોડવું' (To bind). આમ Religion એટલે મનુષ્યનું ઈશ્વર સાથેનું જોડાણ. આ સિદ્ધાંત (notion) સામાન્યતઃ બ્રહ્મજ્ઞાનીઓ (Theologiaus) દ્વારા સ્વીકૃત થયેલ છે, જે 'Aquinas'માં પ્રાપ્ત થાય છે. (see summa Theologiae, II-II, 9, lxxxi). આ એક સદ્‌ગુણ (virtue) છે જેનો હેતુ ઈશ્વર પ્રત્યે ભક્તિ (worship) પ્રગટ કરવાનો છે, જે અસ્તિત્વની આધારશીલા અને ભૌતિક વ્યવસ્થાના પાયારૂપ છે. ઈશ્વર પ્રત્યેની ભક્તિ સાધારણતઃ શ્રદ્ધા અને વિશ્વાસના સદ્‌ગુણોથી વણાયેલ હોય છે. આ એક નૈતિક ન્યાયિક સદ્‌ગુણ છે કારણ કે તેના દ્વારા ઈશ્વર પરત્વે આપણી ભાવનાઓની અભિવ્યક્તિ થાય છે.

ઈશ્વર પ્રત્યેની ધાર્મિક ભાવના (Religious Attitude) મૂલતઃ ન કેવલ તેમની સર્વોપરિતા (Sovereign Majesty) છે, પરંતુ આપણી તેમના પરની સંપૂર્ણ નિર્ભરતા (Absolute dependance) વિશેની આપણી માન્યતા (recognition)ના કારણે હોય છે. આપણે ઈશ્વર પ્રત્યેના આદરની અભિવ્યક્તિ ન પણ કરીએ છતાં તેમના માહાત્મ્યના કારણે તેમની પૂજ્ય ભાવથી પ્રાર્થના, સમર્પણ ઈત્યાદિ દ્વારા આરાધના કરવી આવશ્યક છે. આમ, ધર્મની ભાવના (૧) આપણી ઈશ્વર પ્રત્યેની આંતરિક ભક્તિ (Internal acts of devotion) અને પ્રાર્થના તેમજ (૨) બાહ્ય ક્રિયાકર્મ (External Rites), ધાર્મિક વિધિ (ceremonic Rites) ઈત્યાદિ દ્વારા અભિવ્યક્ત થતી હોય છે.

ઈશ્વર મૃત્યુ પામેલ નથી પરંતુ ચોક્કસ જીવે છે (Niezsche). ધર્મ

★ On the basis of english notes given by Mariano Iturbe

(Religion, Virtue) : તે જુદા અર્થમાં લેવામાં આવે છે. તેનો તફાવત ત્રણ તબક્કાઓ (stages) માં સમજી શકાય છે.

(૧) વેદોની આજ્ઞાઓનું પાલન; એટલે કે વેદોમાં બતાવાયેલ યજ્ઞયાગાદિ દ્વારા સ્વર્ગ ઈત્યાદિ ઉચ્ચતમ સુખોની પ્રાપ્તિ અર્થાત્ વૈદિક કર્મકાંડ. ધાર્મિક તેમજ નૈતિક ક્રિયા.

(૨) નૈતિક સદ્ગુણો- અહિંસા, સત્યતા, સંયમ વગેરે. સ્મૃતિમાં સામાન્યતઃ ધર્મની વ્યાખ્યામાં નૈતિક આચરણને આવરી લેવાય છે. વિશેષતઃ ચાર સદ્ગુણ (cardinal virtues) બતાવવામાં આવ્યા છે -નીતિ, સંયમ, નિયમ અને ધર્મ.

(૩) યોગ દ્વારા આત્મજ્ઞાન. જ્યારે દુર્ગુણો (impurities) દૂર થાય ત્યારે મનુષ્યના સ્વાભાવિક ગુણો પોતાની મેળે પ્રગટ થાય છે. સાચો ધર્મ એ છે કે ઈશ્વર પ્રત્યેની ભક્તિ દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે.

ભાગવતપુરાણ ધર્મના એક નવા સ્વરૂપને બતાવે છે- કોઈપણ અપેક્ષા કે સ્વાર્થ (ulterior motive) વગર ઈશ્વરની આરાધના એટલે નિષ્કામ ભક્તિ.

ધર્મ એ મનુષ્યજીવનના ચાર પુરુષાર્થો- ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંનો પ્રથમ છે.

ભગવદ્ગીતામાં 'મનુષ્ય'ને 'પુરુષ' કહેવામાં આવ્યો છે. અર્થાત્ (૧) તે વિવેક બુદ્ધિવાળો (rational), સ્વતંત્ર (free) અને જવાબદાર (responsible) વ્યક્તિ છે. (૨) તેનાં કાર્યો ઉપરોક્ત પુરુષાર્થોના રૂપમાં હોવા જોઈએ.

ધર્મ- એટલે કે જીવનના સંજોગો અનુસાર ફરજો બજાવવી.

અર્થ- પોતાના તેમજ લોકકલ્યાણાર્થે દ્રવ્યપ્રાપ્તિ.

કામ- કામોપભોગ અથવા દૈહિક સુખાર્થે (hedonism) નહીં, પરંતુ શારીરિક તેમજ માનસિક આવશ્યકતાઓની વિવેકબુદ્ધિ (rational) દ્વારા સંતોષ પ્રાપ્ત કરવો.

ઉપરોક્ત ત્રણેય પુરુષાર્થો સાંસારિક મૂલ્યોનો નિર્દેશ કરે છે જ્યારે 'મોક્ષ' પુરુષાર્થ અંતિમ અને સંપૂર્ણ સુખ વિશે છે જેને 'Aquina'ના Imperfect અને Perfect happinessના દૃષ્ટિકોણ સાથે સરખાવી શકાય.

મોક્ષની પ્રાપ્તિ માટે જરૂરી છે-

(૧) ધર્મ (Religion) ને વ્યક્તિગત ગુણધર્મ તરીકે સ્વીકારવો, સ્વાનુભૂતિ (personal calling) ને પ્રતિધ્વનિત કરવી અને ઈશ્વર સાથે વ્યક્તિગત સંબંધ સ્થાપિત કરવો જોઇએ.

(૨) મનુષ્ય સામાજિક વ્યક્તિ હોવાથી આવશ્યકતા અનુસાર સુવ્યવસ્થિત સંપ્રદાય અને સિદ્ધાંત સ્વીકારવો જોઈએ.

૧. માનવ-ધાર્મિક પ્રાણી- (Human Being as a Religions Being Bible) મનુષ્ય- ઈશ્વરની પ્રતિમા અને ઉપનિષદ મુજબ મનુષ્ય દિવ્ય પ્રકૃતિનો હોઈ આત્મસાક્ષાત્કારની આવશ્યકતા છે.

માટે ધર્મ (Religion) નો અર્થ છે ઈશ્વર જે પરમ તત્ત્વ (Supreme Being) છે, અવ્યક્ત ગુણ (Inginite qualities) યુક્ત છે અને જે વિવિધ નામો- બ્રહ્મ, પરમાત્મા, ભાગવત, God વગેરેથી ઓળખાય છે. તેની સાથે સંબંધ સ્થાપિત કરવો.

મનુષ્ય માટે પ્રાર્થના કરવી (To pray), પરમતત્ત્વ (supreme Being) સાથે વ્યવહાર કરવો (To deal with), એ સાહજિક અને ઉપયુક્ત (natural and proper) છે. બધી જ પ્રાચીન સભ્યતામાં આ સત્ય મળી આવે છે. ઈશ્વરને નકારવા (rejection) એ મનુષ્ય સ્વભાવની વિરુદ્ધ છે.

૨. ધર્મ (Religion) અને પૌરાણિક કથાઓ (Mythology) વચ્ચે ભેદ

ધર્મ અને પૌરાણિક કથાઓનો ભેદ સમજવો જરૂરી છે. તે સાચું છે કે આપણે ઈશ્વરથી અજાણ છીએ, કારણ કે તે લૌકિક જ્ઞાનનો વિષય નથી. તેથી પૌરાણિક વાર્તાઓમાં ઈશ્વરને વિશિષ્ટ નામ, રૂપ, આભૂષણ, વસ્ત્રોમાં વર્ણવાય છે. તે મનુષ્યને તેની (ઈશ્વરની) ઉપાસના કરવા માટેની આધ્યાત્મિક પ્રક્રિયા છે, કારણ કે આપણે આપણી ઇન્દ્રિયો દ્વારા અનુભૂતિ મેળવીએ છીએ જ્યારે તે તો આત્મસ્વરૂપ (spirit) છે. જોકે ઈશ્વર મનુષ્ય અવતાર ધારણ કરી શકે છે. જેમ ખ્રિસ્તી ધર્મ (christianity) માં ઈશુ ખ્રિસ્ત (Jesus christ) એ અવતાર રૂપે હતા, તે જ મુજબ ભાગવતમાં બતાવ્યા અનુસાર ઇશ્વરના અનેક અવતાર થયા છે.

ઈશ્વર એ સૃષ્ટિનું કેન્દ્રબિન્દુ છે. ઇતિહાસના 'Lord' છે. તે મનુષ્યની સ્વતંત્રતાને માન્ય રાખીને સૃષ્ટિનું નિયંત્રણ કરે છે.

૩. પાપની સમસ્યા (The problem of Sin)

પાપ એ ઈશ્વર પરત્વેથી મનુષ્ય પરત્વે ઢળવાની પ્રક્રિયા છે. કેટલાક એવું વિચારે છે કે ઈશ્વર મૃત્યુ પામ્યો છે અને મનુષ્ય જ ઈશ્વર છે. મુખ્ય સમસ્યા સાચા અને ખોટા વચ્ચેના કાયમી દ્વન્દ્વની સમસ્યા છે. પાપનો દૃષ્ટિકોણ એટલે નાસ્તિકતા (ઈશ્વરને નકારવા). ખ્રિસ્તી સિદ્ધાંત મુજબ મનુષ્યે આચરેલા પ્રથમ પાપને કારણે પ્રત્યેક મનુષ્ય પાપ તરફ ઢળે છે.

૪ સ્વસ્થ અને અસ્વસ્થ ધર્મનિરપેક્ષતા - (Healthy and unhealthy secularism)

ઓગણીસમી શતાબ્દીના પાશ્ચાત્ય વિચારો- માર્ક્સ (Economic reasons); ડાર્વિન (evolution without supreme intelligence- પરમતત્ત્વની આવશ્યકતા વગર ઉત્ક્રાંતિ), ફ્રોઈડ (Panpsycologism). દ્વારા પ્રગટ કરવામાં આવ્યા હતાં. તે દરમિયાન ઈશ્વર વગર જીવનની સંભાવના સમજાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. આ એક ધર્મનિર્પેક્ષતા વિશે ગંભીર અને ક્રાંતિકારી વિચારો હતા.

'Secularism' શબ્દ 'saeculam' ઉપરથી આવ્યો છે. (Secular, secularity- the manner of being proper to secular or this- wordly rightful autonomy), secularism એટલે પવિત્રતા- sacredનો ત્યાગ કેવળ એ શબ્દ - saeculam અસ્તિત્વ ધરાવે છે તે તેનું તાત્પર્ય છે-

(૧) 'શાશ્વત' (eternity)થી અલગ 'અસ્થાયી' (temporality)નો અર્થ સૂચવે છે.

(૨) 'દુન્યવી'- secular (temporal life) અને પવિત્ર ઈશ્વર સંબંધી (sacred) વચ્ચેનો તફાવત સૂચવે છે. પ્રથમ એ બીજા પર આધારિત (subordinate) છે.

પહેલાં સત્તરમી શતાબ્દીમાં 'Deism' (યુરોપમાં વિકસેલી એક પ્રકારની ઈશ્વર વિદ્યાનો સિદ્ધાંત) ઉદ્‌ભવ્યો જે ઈશ્વરી શક્તિને નકારતો હતો. ઈશ્વર એક 'મહાન સર્જક' (Great Architect) છે, પરંતુ ઈશ્વરી શક્તિ (concept of providence)ને નકારતો મનુષ્ય એકલો જ છે તેવી માન્યતાથી 'secularism'નો વિચાર આગળ વધ્યો, જે મનુષ્યના મનને કેદ કરી લેતો અને ઈશ્વરીય સર્વોચ્ચતા (transcendance)ને નકારતો. આના કારણે

સર્જનાત્મકતા ઈશ્વર આધારિત ન હતી. અર્થાત્ સર્જક વગર સર્જન એ વિચાર લુપ્ત થઈ જાય છે. (“without the creator, the creature disappears”) ઈશ્વરનો અહેસાસ પ્રકૃતિમાં છે. આમ જ્યારે ઈશ્વર ભુલાઈ ગયો તો પ્રાણીમાત્રનો અબૌદ્ધિક (unintelligible) વિકાસ થયો.

ઈશ્વર, મનુષ્ય અને સૃષ્ટિને યથાસ્થાને રાખવાં આવશ્યક છે.

માનવ (Man) એ પ્રાણીતત્ત્વ (Person) છે જે સ્વયં વિકસિત થાય છે. અર્થાત્ I-હું - પોતાપણું જાગૃત થાય છે. જેમાં

(૧) બીજા મનુષ્યો સાથેના સંબંધમાં ‘હું-પણું’ અથવા સ્વાર્થ પ્રગટે છે.

(૨) જગતને જીતવાની તેનામાં હોડ જાગે છે. અર્થાત્ અહં- pride જાગૃત થાય છે.

માટે ભૌતિકવાદ (Materialsm) અથવા નાસ્તિકવાદ (Atheism) નો ભય ઉદ્ભવે છે -

(૧) સૈદ્ધાંતિક અર્થમાં માર્ક્સિઝમ- જે બધા પ્રકારની આધ્યાત્મિક શક્તિઓને નકારે છે અને

(૨) વ્યવહારિક રૂપે સુખ એટલે આનંદ અથવા દુઃખનો અભાવ (hedonism)

૫. વર્તમાન ભારતમાં પ્રવર્તતી સ્થિતિ (Present Situation in India)

ભારતમાં ઝડપી વિકાસ થઈ રહ્યો છે- સાંસ્કૃતિક બદલાવ (cultural change), ક્ષમતા (power) એ બન્ને રીતે તથા - આર્થિક તેમજ ઉપભોગ એ બન્ને પ્રકારે.

પ્રગતિ ખૂબ સારી છે પરંતુ નિરીશ્વરવાદ એ ભૂલ છે, તે અજ્ઞાન છે. જો પ્રગતિનો અર્થ સર્વ સમર્થતા સમજવામાં આવે તો તે મહાદુઃખ (anguish)નું કારણ બની શકે છે. પશ્ચિમી દેશોમાં ઓગણીસમી શતાબ્દીમાં વિજ્ઞાનનો વિકાસ થયો (Positivism), જે માનતું થયું કે મનુષ્ય ભૌતિક પદાર્થોથી સુખ પ્રાપ્ત કરી શકે છે. આ વિચારધારા બીજા વિશ્વયુદ્ધથી અને તેના દ્વારા થયેલ સંહારથી ખંડિત થઈ ગઈ. શૂન્યવાદ (NIHILISM) તેમજ તત્વજ્ઞાની ‘સાર્ત્ર’નો અસ્તિત્વવાદ, એ દુઃખદ વિચારો તેનું કારણરૂપ છે. ‘હું કાંઈ જ નથી (Nothingness) અને હું પાછો શૂન્યતા (Nothingness)માં સરકી રહ્યો છું.’

માટે પ્રગતિ, ભૌતિક વિકાસ એ આત્માનુભવનું સાધન છે. અહીં નિષ્કામ ભાવે કરેલ કાર્ય (Human Action) મહત્ત્વનું છે.

૬. ધર્મ (Religion) સામે આધુનિક પડકારો કયા છે? (Which are the modern challanges to religion?)

- પાપ (Sin) : પાપના સાતત્ય (reality) નો ઈન્કાર, પાપ વિશે ચેતના (consciousness)નો અભાવ.
- Dichotomy between આધ્યાત્મિક (spiritual) અને ભૌતિક (material) મૂલ્યો (values), તેને જોડવા (to integrate).
- ક્રિયાકર્મ (rituas) ને વ્યક્તિગત આરાધના (personal devotion) થી જોડવી (to integrate) અર્થાત્ ઈશ્વરની પ્રાર્થના.
- લાગણી અને ભાવનાનો ત્યાગ (To avoid emotionalism and sentimentalism). વિવેકબુદ્ધિ સામે ભાવનાનો ટકરાવ થાય છે. તેને વશમાં કરવા- ધર્મ (Religion) આવશ્યક છે જે બન્નેનો સમન્વય કરે છે. આપણી ઈશ્વર પ્રત્યેની ભક્તિ કેવળ લાગણીવશ હોવી જોઈએ નહીં.
- ધર્મ (Religion) માટે તેને પોષે તેવા સંસ્કાર (culture) આવશ્યક છે. મૂલ્યોનો બચાવ (Defence of values) જીવનનાં મૂલ્યો, કુટુંબનાં મૂલ્યો, શૈક્ષણિક મૂલ્યોની આવશ્યકતા છે.
- સાંસારિક શક્તિ (temporal power) અને આધ્યાત્મિક શક્તિ (spiritual power) વચ્ચે સ્વસ્થ સંબંધઃ ધર્મ અને સમાજ, સ્વાધિકાર (Autonomy) અને તાબેદારી (subordination), ધર્મ ને રાજનીતિ વચ્ચે ભેદ, ઈશ્વર વિહીન સમાજ કે અસહિષ્ણુ (intoerant) સમાજ નહીં, બન્ને શક્તિઓને મનુષ્યના ઉત્કર્ષ (well being) માટે યોજવી જરૂરી છે.

૭ આખરી મૂલ્યાંકન (Final Assessment)

મૂલ્યો વગરનો સમાજ વ્યક્તિઓ વિરોધી (hostile) હોય છે. 'Devil' શબ્દ 'dia-bolos' અર્થાત વિભાજિત કરનાર (seperator) પરથી આવ્યો છે. તેનું કાર્ય વિભાજન (to disintegrate) છે. પરંતુ માનવ મન ઐક્ય ઈચ્છે છે.મનુષ્ય સાતત્ય (reality-truth) તરફ ઢળે છે. સૃષ્ટિના ઈન્દ્રિયગમ્ય સાતત્ય (sensible reality)ને જાણવાથી આપણે ઈન્દ્રિયાતીત સાતત્ય (suprasensible reality) તરફ જઈ શકીએ છીએ.

પ્રાચીન સાહિત્ય જે 'Plato's Republic'ના સાતમા પુસ્તકમાં મળે છે તે પ્રખ્યાત 'allegory of the caves' ઉપરથી આપણે ઉપસંહાર કરી શકીએ. તે બતાવે છે કે મનનું નીચેના સ્તરથી ઉર્ધ્વિકરણ થઈ ઉચ્ચતર જ્ઞાનમીમાંસા તરફ પ્રગતિ કરે છે. આ એક સતત આગળ વધતી પ્રગતિ નથી પરંતુ થોડાથી વધુ જ્ઞાનપ્રાપ્તિના સ્તર તરફના તબક્કાઓ છે.

Allegory of Caves નું ચિત્રણ

તેમાં કેદીઓનું વર્ણન છે. (અહીં કેદીઓ એ માનવજાતિનો નિર્દેશ કરે છે જેઓ સત્યના પડછાયાને જુએ છે.

કેદીઓ એક ગુફામાં પ્રવેશ કરે છે, જેમાં આગ છે. અંદર ઊંચો રસ્તો (perseveres) છે, એન સામે એક દીવાલ અથવા પડદો છે. ગુફામાં પ્રવેશેલી કેદીઓની હાર - તે દીવાલ અથવા પડદા પર પ્રકાશના પડછાયાને જુએ છે.

હવે જો એક કેદી ભાગી જાય તો તે પ્રકાશથી પરિચિત થાય અને ચોક્કસ વસ્તુઓને જોઈ શકે. જો તે પ્રયાસ ચાલુ રાખે (perseveres) અને ગુફાની બહાર આવે તો દુનિયાની સૂર્ય પ્રકાશિત વસ્તુઓને જોઈ લેશે. જો તે થોડો વધુ પ્રયત્ન કરશે તો સૂર્યને પણ નિહાળી શકશે. (અહીં અભ્યાસનું મહત્ત્વ બતાવ્યું છે). આ રૂપક દ્વારા અભ્યાસ દ્વારા પ્રગતિનું મહત્ત્વ સમજાવ્યું છે.

મનુષ્ય દિવ્યતા તરફ વળી શકે છે પરંતુ તે પ્રગતિ કરવા આગળ વધે છે કે પોતાની જાતને બંદી બનાવી રાખે છે તેના ઉપર નિર્ભર કરે છે.

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. P ૫૨૨